Vol. 43, No. 4
August 2022
ISSN 2455 - 4162

નવનીત સમર્પણ

Rs: 30

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક



અનહદ બાની



☐ સુભાષ ભટ્ટ

પ્રેમ અને મરમના અનન્ય ગાયક કવિવર ટાગોર કહે છે કે પરમ અસ્તિત્વને પોતાનાં તારામંડળો અને આકાશગંગાઓ કરતાં માનવીએ પેટાવેલાં કોડિયાં વધુ વહાલાં છે.

કદાચ મનનું મૌન અને મોકળાશ, જીવનનો હકાર અને સ્વીકાર આવાં કોડિયાં જ છે. એન્થૉની દ' મેલોની આસ્થા અંગેની એક કથા છે.

સદીઓ પૂર્વે એક નાનકડા ટાપુ પર જાજરમાન મંદિર હતું. તેમાં નાનાં-મોટાં અસંખ્ય ઘંટ હતા. લહેરખી કે સુસવાટા મારતો પવન હોય ત્યારે તેનો ઘંટારવ સાંભળનારને સમાધિનો સ્વાદ આપતો. સમય જતાં ટાપુ અને મંદિર દરિયામાં સમાઈ ગયાં. આસ્થાવાન કહેતા કે ઘંટારવ અવિરત થાય છે અને સંભળાય પણ છે. એક યુવાન વિસ્મય અને જિજ્ઞાસાથી માઈલો દૂરથી આ સાંભળવા આવે છે. અલોપ ટાપુના સામેના તટે આવી બેસે છે, દિવસોના દિવસો પ્રતીક્ષા કરે છે. દરિયો સંભળાય છે, પણ ઘંટારવ નહીં. તેને થાય છે :

કાં તો કથા સાચી નથી અથવા તેનાં નસીબ નથી; અરે પંડિતો પણ સમજાવે છે. આખરે થાકીહારીને દરિયે જાય છે. તેને થયું કે ચાલો, દરિયો, આકાશ, પવન, નાળિયેરી અને પંખીઓને આવજો કહી દઉં, આભાર માની લઉં.

તે તટ પર આવ્યો અને ઘંટારવ સાંભળવા પેલું આતુર મન અને બુદ્ધિ રજા પર ઊતરી ગયાં છે. તે રેતી પર આડો પડ્યો, આકાશ તાકતો. તેની અંદર ભાડે રહેતા જ્ઞાની, ખોજી, સાધક, સંદેહી, કુતૂહલવાદી બધા જ ઓસરી ગયા. તે એક પ્રગાઢ મૌન બની રહ્યો અને ધીમે-ધીમે ઘંટારવ આરંભાયો.

અધ્યાત્મ એટલે પરમનો પગરવ અને અજ્ઞાતનો ઘંટારવ સંભળાય તેટલી સંભાવનાની બારી ખુલ્લી રાખવી.

❑❑❑

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।

દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૩ અંક : ૪, ઓગસ્ટ ૨૦૨૨

સંસ્થાપકો :

કનૈયાલાલ મુનશી

શ્રીગોપાલ નેવટિયા

સમર્પણ : સ્થા. ૧૯૫૯

નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ

દીપક દોશી

સહાયક સંપાદકઃ

અવની સોલંકી

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :

પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,

કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.

E-mail : deepsamarpan@yahoo.com

website : www.navneetsamarpan.com

રવાનગી વિભાગ :

૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

આવરણ :
વૃંદાવન સોલંકી

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.
❑ ઓનલાઈન લવાજમ માટે www.navneetsamarpan.com



મુનશીવાણી

ઑગસ્ટ ૧, ૧૯૬૩
બેંગ્લોર કેન્દ્ર, પ્રાચીન મૂલ્યોનું સમર્થન

મારા નવયુવાન મિત્ર,

તાજેતરમાં ભવનના બેંગ્લોર કેન્દ્રે ભવનની રજતજયંતી ઊજવી હતી અને મને ૭૫ વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે મારું પણ સન્માન કર્યું હતું. આ સન્માનનો ઉત્તર વાળતાં મેં કહ્યું હતું, મને આટલા ઔદાર્યથી અભિનંદન આપનાર મિત્રોનો હું હૃદયથી ઋણી છું. આ અભિનંદનને પાત્ર હું હોત તો કેટલું સારું એમ મને થાય છે, પરંતુ હું જાણું છું કે આ મિત્રોના શબ્દો મેં જે કાંઈ કર્યું છે એના સંદર્ભમાં નથી, પરંતુ ભારતીય વિદ્યા ભવન જે કાર્ય કરી રહ્યું છે એના સંદર્ભમાં તેમ જ જે મૂલ્યોને ભવન પુરસ્કારે છે એ સત્યમ્, શિવમ્, સુંદરમ્ અને શ્રદ્ધાના સમર્થનમાં છે.

હું હંમેશાં કહેતો આવ્યો છું કે ભારતીય વિદ્યા ભવન એ કેવળ સંસ્થા નથી, એ તો ભગવાનની ઇચ્છા અનુસાર સમૃદ્ધ થતું ગયેલું આંદોલન છે. એ હવે એક જ સ્થળમાં સીમિત નથી રહ્યું. એની શાખાઓ ભારતના વિવિધ ભાગોમાં ઊઘડી છે, ઊઘડી રહી છે. ભવનનો સંદેશો કેવળ ભારતના જ નહીં, પણ દુનિયાના બીજા ઘણા ભાગોમાં વસતા લાખો લોકોનાં હૃદય સુધી પહોંચ્યો છે.

એક વાતની મને ખાતરી છે કે જો આપણને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે સ્નેહ હોય તો આપણે એને કેવળ અમૂર્તરૂપે ન જોવી જોઈએ, આપણા પૂર્વજોએ જે કંઈ કહ્યું કે કર્યું છે તેના સંદર્ભમાં જ કેવળ ન ઉપલક્ષવી જોઈએ; ભારતીય સંસ્કૃતિ એ ચોતરફથી સીમિત એવું જલાશય નથી, એ તો કાળના પ્રવાહમાં અવિચ્છિન્ન રીતે આગળ વધતો પ્રવાહ છે. ભારતીય સંસ્કૃતિની પ્રાણશક્તિ યુગે યુગે નવી પરિસ્થિતિને સાનુકૂળ બને એવાં અભિગમ, શિસ્ત અને વલણોને ઘાટ આપતી રહી છે.

[ક્રમશઃ]



શિકોતર, શિકોતરી

□ હેમન્ત દવે

શિકોતર અથવા શિકોતરી એ બન્ને નામ સમાંતરે પ્રયોજાય છે. એમનાં અપરનામ વહાણવટી અને હરસિદ્ધિ પણ છે. આમ તો એમની ગણના વ્યંતર દેવતાઓમાં કરવામાં આવે છે. *સાર્થ જોડણીકોશ*માં એ શબ્દને દેશ્ય મૂળનો ગણાવ્યો છેઃ 'સિકોતરી = સ્ત્રી.' એ સિવાય 'વળગેલું છૂટે નહીં તેવું ભૂત' અને 'શિકોતરા જેવી ભૂતડી' એમ અર્થ પણ આપ્યા છે. કોશમાં 'શિકોતરા'ની પ્રવિષ્ટિ નથી એટલે 'શિકોતરા જેવી ભૂતડી'નો શો અર્થ કરવો એ સ્પષ્ટ થતું નથી.

હરિવલ્લભ ભાયાણીએ આ શબ્દની નોંધમાં મધ્યકાલીન ગુજરાતી કૃતિઓમાંથી કેટલાક સંદર્ભ નોંધ્યા છે તે જોઈએ. ચૌદમી સદીની કૃતિ *હંસાવલી*માં શક્તિની સ્તુતિ કરતાં પ્રધાન એને અનેક નામે સંબોધે છે, તેમાંનું એક નામ 'સિકોત્તરી' છે. જેનો વિષય જ દરિયાઈ વેપારનો છે તે *શ્રી શ્રીપાલકથા*માં કૌશામ્બીના ધવલ નામના વેપારીના ભરુચ બંદરેથી ઊપડેલાં ચારસો વહાણો દરિયામાં થંભી જવાથી એ સિકોત્તરીને પૂછે છે કે કેમ કરી આમાંથી નીકળાય એથી એ દેવી એને બત્રીસ લક્ષણાનો ભોગ આપવાનું સૂચવે છે. ભાયાણી અહીં સૂચવે છે કે શિકોતરી 'કોઈ એક દેવીનું નામ નહિ પણ ''ભૂત'' ''ડાકણ'' વગેરેની માફક આખા વર્ગનું નામ હતું.' શામળની *વેતાળપચ્ચીશી*ની એક વાર્તામાં આ શબ્દ ડાકણ, વ્યંતરી, જક્ષણી જેવા અપકર્ષયુક્ત શબ્દો સાથે શિકોતરી શબ્દ પ્રયુક્ત થયો છે. ભાયાણી લખે છે તેમ 'દેવીના સ્વરૂપનો વાચક શબ્દ કાળે કરીને ડાકણ ને ચૂડેલ જેવા અનિષ્ટ સત્ત્વનો

અર્થ ધરાવતો થયો' (*કુમાર* ૪૬૨, પૃ૦ ૨૩૭). આ ઉપરથી જ ઊર્મિ દેસાઈએ એમના *ભાષાકીય પરિવર્તન*માં નોંધ્યું છે કે '''શિકોતરી'' શબ્દ મૂળે કોળીઓની કુળદેવીનું નામ છે. કાળક્રમે તે ''ડાકણ, પિશાચિણી, ચૂડેલ, ભૂતડી'' જેવાં અનિષ્ટ તત્ત્વો માટે વપરાતો થયો' (૨૦૧૯: ૨૮૫). ભાયાણી લખે છે કે આ શબ્દના 'મૂળ વિશે કશું જણાયું નથી.'

કે૦ કા૦ શાસ્ત્રીના *બૃ૦ ગુ૦ કોશ*માં 'એ નામની દુર્ગાની કોટિની એક દિવ્ય શક્તિ-દેવી, એ નામની કોળીઓની ઇષ્ટ-દેવી' એમ બરાબર અર્થ આપ્યો છે, પણ એના હીનાર્થ મૂક્યા નથી. ત્યાં એમણે એની વ્યુત્પત્તિ અરબી સમુદ્રમાંના 'સોકોત્રો' ટાપુ ઉપરથી બતાવી છે અને શિકોતરીને એ ટાપુની અધિષ્ઠાત્રી દેવી ગણાવી છે તે નોંધવાલાયક છે. સ્વતંત્ર રીતે મારું પણ આવું અનુમાન હતું. યમન પાસે આવેલો આ સોકોત્રા ટાપુ ભારતના રાતા સમુદ્ર સાથેના વેપારમાં મોકાનું સ્થાન ધરાવતો હતો. મોસમી પવનોની શોધ નહોતી થઈ ત્યારે અને એ શોધ થયા પછી પણ અખાતી દેશો, ઇજિપ્ત અને ભૂમધ્યપ્રદેશ સાથે વેપાર કરનાર ભારતનાં જહાજો એ ટાપુ ઉપર આરામ માટે, ચીજવસ્તુઓની આપ-લે માટે, રોકાતાં અને પછી આગળ વધતાં. *પેરિપ્લસ અવ ધી ઇરિથ્રીઅન સી*માં એનો ચોખ્ખો નિર્દેશ મળે છે (§૩૧). આ ઉપરથી એ યુગના સાગરખેડુઓ માટે એનું મહત્ત્વ સ્વયંસ્પષ્ટ છે.

આ શબ્દની વ્યુત્પત્તિને લગતા અનુમાનને ટેકો આપતા અકાટ્ય પુરાવા તાજેતરમાં મળ્યા છે એ જોઈએ.

સોકોત્રા ખાતે આવેલી હોક ગુફા સમુદ્રતટથી ખાસી ઊંચાઈએ આવેલી છે; એટલે કે સમુદ્રમાં ઘણે દૂરથી એ જોઈ શકાય એવી છે. સામાન્ય રીતે શિકોતરીનાં અર્થાત્ વહાણવટીનાં સમુદ્રકિનારે આવેલાં મંદિરો ટેકરા ઉપર કે ડુંગર ઉપર જોવા મળે છે કેમ કે એનું એક કામ દીવાદાંડી તરેકીની ગરજ સારવાનું હતું. ખંભાત પાસેના રાલજમાં અને વડગામમાં આવેલું શિકોતર વહાણવટીનું કે પોરબંદર પાસે કોયલા ડુંગર ઉપરના હરસિદ્ધિનું મંદિર એનું પ્રમાણ છે.

આ ગુફામાં જુદા જુદા સમયના ને જુદી જુદી ભાષામાં લખાયેલા અભિલેખો મળ્યા છે, જેમાં તેંતાળીસ જેટલા ભારતના છે. કદાચ, ભારતના એમ કહેવા કરતાંયે ગુજરાતના છે એમ કહેવું વધારે સયુક્તિક છે. આ અભિલેખોમાં પ્રયુક્ત બ્રાહ્મી લિપિના અક્ષરના આકાર પશ્ચિમી ક્ષત્રપોના સમયની (=બીજી સદીના અંતથી ચોથીની પ્રથમ પચીસી) બ્રાહ્મી લિપિને બિલકુલ મળતા આવે છે (સ્ટ્રાઉખ અને બુખારિન ૨૦૦૪: ૧૩૫) એ ઉપરથી આ અભિલેખ લખનારા ગુજરાતના હતા એમ માનવામાં કોઈ બાધા નથી. એ સિવાય આ ટાપુથી સાવ નજીક દક્ષિણી

યમનમાંથી પાંચમી સદીના આરંભથી લાલ ઓપદાર મૃત્પાત્રો (રેડ પોલિશ્ટ વેર) મળવા બંધ થાય છે એ હકીકત આ વેપાર બંધ પડ્યો હોવાનું સૂચવે છે. આ માટીનાં વાસણો ભારતમાં બીજેથી પણ મળતાં હોવા છતાં એનું મૂળ વતન અને વિસ્તાર ગુજરાત છે એ જાણીતું છે. સમયની રીતે આ વાસણો ઈસ્વીસનની આઠમી સદી સુધી, બલકે કેટલાક કિસ્સામાં દસમી સદી સુધી પણ જોવા મળે છે. અહીં મળતા મોટા ભાગના અભિલેખો સાવ ટૂંકા છે અને એમાં આ ગુફાની મુલાકાત – પૂજા અર્થે કે આરામ હેતુ – માટે આવનારનાં નામ જોવા મળે છે. એક નમૂનો જોઈએ: शिवघोषपुत्रो रुद्रनंदि प्राप्तः (શિવઘોષનો પુત્ર રુદ્રનંદી અહીં આવ્યો). આ પ્રકારનાં નામ લખવાની પરંપરા છેક હમણાં સુધી હતી તે આપણે ખંભાત પાસેના વડગામ ખાતે આવેલા વહાણવટીના મંદિર ઉપર લખાયેલાં નામ ઉપરથી જાણીએ છીએ: 'કાવીના માછીમારો અને વહાણમાલિકો રણછોડ સોના, મંગા ભીખા, જીવણ નાના અને ભગવાન આશા શિકોતરના આ મંદિરે માથું નમાવવા આવ્યા' (ચંદરવાકર ૧૯૬૩: ૪૫). જેમ અહીં મુલાકાત લેનારનાં નામ સાથે એમનું પદ લખેલું છે બિલકુલ તે રીતે હોક ગુફામાં પણ આવનારાઓનો 'નાવિક' અથવા 'નિર્યામક' તરીકે ઉલ્લેખ કરાયો છે (સ્ટ્રાઉખ ૨૦૧૨: ૩૪૬-૩૪૮; ૩ં સૅલમન ૨૦૧૪:૨૭૮).

એ સિવાય અહીંથી મળેલી ધૂપદાની અને એક મૃદા-તકતી ઉપર 'દેવતા, જે અહીં રહે છે' જેવા લખાણ ઉપરથી આ સ્થળ 'un sactuaire à vocation maritime' (વહાણવટા સાથે સંબંધિત ઉપાસનાસ્થળ) હોવાનું સટીક તારણ કાઢવામાં આવ્યું છે (સ્ટ્રાઉખ અને બુખારિન ૨૦૦૪: ૧૨૪). વળી, આ સમય દરમ્યાન અહીં કોઈ ઇસ્લામી- કે ખ્રિસ્તી-ધર્મી પુરાવા મળ્યા નથી એ પણ નોંધીએ. એટલે આ ધર્મસ્થળ હિન્દુ હોવાની પૂરી શક્યતા છે. અગાઉ જણાવ્યું તેમ આ ગુફા સમુદ્રતટથી ઊંચે હોવાથી દૂરથી જોઈ શકાય તેવી છે, જે શિકોતરનાં અન્ય મંદિરો સાથે સરખાવવા જેવી બાબત છે.

પણ સૌથી અગત્યનો પુરાવો હોક ગુફાથી પાંત્રીસ કિમી દૂર રાસ હવ્લફ ખાતેથી પાંચ જૂની ગુજરાતીમાં લખાયેલા અભિલેખ મળ્યા છે તે છે. એમાંના બે અભિલેખ વિક્રમ સંવત ૧૬૭૨ અને ૧૭૧૮ના છે અને એમાં આ દ્વીપનો ઉલ્લેખ શ્રી શાકતર, શ્રી શીકોતર ઇત્યાદિ તરીકે કરાવામાં આવ્યો છે. આ ઉપરથી હવે વહાણવટી દેવીનું અપરનામ 'શિકોતર' અથવા 'શિકોતરી' નામ આ ટાપુના નામ ઉપરથી જ ઊતરી આવ્યું છે એ વિશે કોઈ જ શંકા રહેતી નથી. આ સંદર્ભમાં હેમચંદ્રાચાર્ય એમના દ્વયાશ્રય કાવ્યમાં सैकोत्तर (૪.૪૯) એ નામ આપે છે તે

નોંધીએ. આ કાવ્યના ટીકાકાર અભયતિલક ગણિ એની સમજૂતી 'સમુદ્રમાંહેનો પર્વત' એમ આપે છે તે આ ગુફાની ઊંચાઈથી પ્રેરિત છે એમાં શંકા નથી.

સ્ટ્રાઉખ સ્કંદપુરાણમાં 'શિકોત્તરથી લાવવામાં આવેલાં દુર્ગા'નો સંદર્ભ ટાંકે છે એ પણ ઉપયોગી છે (સૅલમન ૨૦૧૪: ૨૮૦).

આ ઉપરથી આ દેવીની ઉપાસના બે હજાર જેટલાં વર્ષોથી થાય છે એમ આપણે માની શકીએ. સમાજના નીચલા વર્ગોમાં આ દેવીની ઉપાસના પ્રચલિત હતી એમ પુષ્કર ચંદરવાકર લખે છે (૧૯૬૩: ૪૪), પણ એ સાચું લાગતું નથી. પેટલાદમાં પાંડવ તળાવ પાસે ૧૬૯૯માં નિર્મિત એક વાવ શિકોતર માતાને સમર્પિત કરવામાં આવી હતી અને એ વાવનો કારાપક ભીમજીસુત રામજી નામનો નાગર બ્રાહ્મણ હતો (સાંડેસરા ૧૯૭૯: ૨૪૯).

સોકોત્રા નામની પોતાની વ્યુત્પત્તિ સ્પષ્ટ નથી; એ માટે 'દ્વીપ સુખાધાર' કે 'સુખતર' જેવી લૌકિક વ્યુત્પત્તિઓ સૂચવાઈ છે પણ એ નિરાધાર અટકળથી વિશેષ નથી.

ભાયાણી, હરિવલ્લભ. શબ્દકથા: શિકોતરી. *કુમાર* ૪૬૨: ૨૩૭.

સાંડેસરા, ભોગીલાલ જયચંદ. સામાજિક સ્થિતિ: હિન્દુ. રસિકલાલ છોટાલાલ પરીખ અને હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી (સંપા.), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ ૬, મુઘલ યુગ, પૃ. ૨૪૩–૨૫૨. અમદાવાદ: શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન.

Chandervaker, Pushker. 1963. Vahanvati Shikotari. *Midwest Folklore* 13 (1): 43-50.


Kathavate, Abaji Vishnu. 1915. The *Dvyasrayakavya by Hemachandra with a Comemmentary by Abhayatilakagani.* Bombay: Bombay Sanskrit and Prakrit Series.

Saloman, Richard. 2014. Review of Ingo Strauch, *Foreign Sailors on Socotra: The Inscriptions and Drawings from the Cave Hoq. Indo-Iranina Journal* 57 (3): 277-282.

Strauch, Ingo (ed.). 2012. *Foreign Sailors on Socotra: The Inscriptions and Drawings from the Cave Hoq.* Bremen: Hempen Verlag. (આ પુસ્તક મેં જોયું નથી; મેં એ માટે સૅલમનના અવલોકનનો આધાર લીધો છે.)

Strauch, Ingo and Michael D. Bukharin. 2004. Indian Inscriptions from Cave Ḥoq on Suquṭrā (Yemen). *Annali* 64: 121-138.

❑❑❑



ૐ નમો ભગવતે રામકૃષ્ણાય - ૧૦

☐ કૂપમંડૂક

દક્ષિણેશ્વરનું સંકુલ તો તૈયાર થઈ ગયું, પરંતુ રાણી રાસમણિ માટે સમસ્યા એ ઊભી કરવામાં આવી કે તમે તો જન્મે પછાત જાતિનાં, દલિત વર્ગનાં છો એટલે મા જગદંબાની અમુક પૂજાવિધિ તમારાથી ન થાય કે કરાવાય. એમાંયે માને અન્નભોગ તો ન જ ધરાવાય. આ વાહિયાત અને અમાનવીય ધાર્મિક-સામાજિક પ્રથાને ફગાવી દેવાની રાણીમાં હિંમત અને પોલાદી ઇચ્છાશક્તિ બન્ને પ્રચૂર માત્રામાં હતી, પરંતુ પ્રશ્ન એ હતો કે બ્રાહ્મણો અને રૂઢિચુસ્ત સામાન્યજનો જ જો પ્રસાદ ગ્રહણ ન કરે તો એ એક મોટી ટ્રૅજેડી કહેવાય.

એટલે આ સમસ્યાનો હલ કેમ કાઢવો એ માટે રાણીએ એ સમયના પ્રખર પંડિતોનો અભિપ્રાય માગ્યો. બધેથી નકારાત્મક અભિગમ ધરાવતા પ્રતિસાદ

આવ્યા. માત્ર કલકત્તાના ઝમરપુકુરની વિખ્યાત સંસ્કૃત પાઠશાળામાંથી એવો મત આવ્યો કે અગર જો રાણી આ આખી સંપત્તિનું કોઈ બ્રાહ્મણને દાન કરી દે અને પછી એ ભૂદેવ દેવીની મૂર્તિને મંદિરમાં સ્થાપે અને અન્નભોગની વ્યવસ્થા પણ કરે તો શાસ્ત્રોના ફરમાનોનું ઉલ્લંઘન નહિ થાય.

ઝરમપુકુરની આ પાઠશાળાના સ્થાપક અને મુખ્ય શિક્ષક હતા શ્રી રામકુમાર ભટ્ટાચાર્ય, જેઓ ભગવાન શ્રીરામકૃષ્ણના મોટા ભાઈ હતા. ઠાકુર મોટા ભાઈને શિક્ષણના કામમાં મદદ કરવા કલકત્તા આવી એમની સાથે રહેતા હતા. રામકુમારે વિકટ સમસ્યાનો સરળ ઉપાય કાઢી આપ્યો.

રામકુમારના સૂચન પ્રમાણે રાણીએ તાત્કાલિક પોતાના કુળગુરના નામે સમગ્ર સંપત્તિ ચઢાવી દીધી. ગુરુએ સત્તાવાર રીતે બધો જ કારોબાર રાણીને સોંપી દીધો. વિરોધ કરનારા ઘણા પંડિતો આ વ્યવસ્થાથી ખફા થયા અને યજ્ઞમાં હાડકાં હોમવા ભરપૂર કોશિશો કરી પણ નીડર - તેજસ્વી રાણીએ એમની બધી ચાલને નાકામ બનાવી દીધી.

૧૮૫૫ના મે મહિનાની ૩૧મી તારીખે મા કાલીને નવા મંદિરમાં પ્રતિષ્ઠિત કર્યાં. સમગ્ર ભારતના અનેક પ્રદેશોમાંથી પંડિતો અને મહાનુભાવો આવ્યા. ભક્તિ અને આનંદના સાગરો ઊમટ્યાં. ઠાકુર કહેતા કે સમગ્ર કાર્ય શરૂ થયું ત્યારથી અને પૂરું થયું ત્યાં સુધી રાણીએ કઠોર તપસ્યા કરેલી. સ્નાન-પૂજા, એક જ વારનું સાદું જમણ, જમીન પર સૂવું વગેરે. રાણીના આગ્રહથી રામકુમાર કાલીમાના મંદિરના પૂજારી બન્યા.

ભગવાન રામકૃષ્ણે કહેલું: ‘‘રાણી રાસમણિ દેવીમાની આઠ નાયિકાઓમાંની એક હતી. લોકોની દેવીમા પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિને વધુ મજબૂત બનાવવા એ માનવીની આ દુનિયામાં પધારેલાં.’’

કલકત્તાથી ૩૦ માઈલ દૂર આવેલા કોના ગામમાં ૧૭૯૩ના સપ્ટેમ્બરમાં રાણીનો જન્મ થયેલો. જન્મનું નામ રાસમણિ, પરંતુ મા રામપ્રિયાદાસી એને લાડમાં રાણી કહીને બોલાવતાં. એમને થોડી ખબર કે એક દિવસ એમની આ દીકરી સાચે જ રાણી બનશે. મા અને પિતા હરક્રિષ્ણદાસ ગરીબ મજૂર. ખેતમજૂરી, નળિયાંના છાપરાનું સમારકામ વગેરે કામ કરી પેટ ભરે. એકદમ પછાત ગણાતી દલિતોની મહિશ્યા જાતિનાં એટલે સામાજિક જુલમો સહન કરવા એ રોજની વાત. ગરીબોનાં બાળકો કિશોર અવસ્થાથી જ મજૂરી કરે. રાણી પણ ઘરનાં બધાં કામો કરે, પિતાને ખેતમજૂરીમાં મદદ કરે. ધાર્મિક ને શ્રદ્ધાળુ કુટુંબ. હરક્રિષ્ણદાસ રાણીને બંગાળી શીખવે. મા વેદ-પુરાણોની વાર્તાઓ સંભળાવે. રોજ સાંજે પિતા રામાયણ-મહાભારત જેવા ગ્રંથોમાંથી ગ્રામજનો સમક્ષ વાંચન કરે. સત્ય, સંતોષ,

સાદાઈ, નીડરતા વગેરે બચપણથી જ રાણીનાં સાથી. રાણી અત્યંત ખૂબસૂરત.

રાણી સાત વર્ષની હતી ને માનું અવસાન થયું. એ સમયે બાળવિવાહ એ રોજની ઘટના હતી. રાણી ૧૧ વર્ષની હતી ત્યારે એક દિવસ સહેલીઓ સાથે ગંગામાં સ્નાન કરવા ગઈ. ત્યાં બોટમાં ફરવા નીકળેલા રાજચંદ્ર દાસે એને જોઈ. એને પસંદ પડી ગઈ. ઘરે જઈ પિતા પ્રીતરામ દાસને વાત કરી. બે પત્નીઓના એક પછી એક અચાનક અવસાન પછી ફરી પરણવાની સાફ ના પાડનાર યુવાન દીકરાની આ વાત સાંભળી પિતા રાજીના રેડ થઈ ગયા. ગરીબીમાંથી સંઘર્ષ કરી ધનવાન બનેલા અને આખા બંગાળમાં સુવિખ્યાત એવા ધનવાન શેઠ. લાખોનો કારોબાર. બેસુમાર જમીન-જાગીર. ઊંચી જાતિના મહાનુભાવ. છતાં એમને આભડછેટ ન નડી. એમની સામે બોલવાની કોઈની હિંમત ન હતી. એ જ વર્ષમાં એટલે કે ૧૮૦૪માં જ લગ્ન લેવાઈ ગયાં.

ગરીબ અને કહેવાતી નીચી જાતિની રાણી રાતોરાત શેઠાણી બની ગઈ, પરંતુ વૈભવ એના ઉપર કોઈ પ્રભાવ ન પાડી શક્યો. રાણીની જીવનશૈલી સાદી જ રહી. જન્મજાત બાહોશ, નમ્ર અને નિખાલસ રાણીનું વ્યક્તિત્વ સોળે કલાએ ખીલી ઊઠ્યું. ઘરનો બધો કારભાર એણે સંભાળી લીધો. વૃદ્ધ સાસુ-સસરાની સેવા કરવાની જવાબદારી પણ પોતાના હાથમાં લઈ લીધી. બધાંની એ વહાલી બની ગઈ. પતિનો એના પર, એની બુદ્ધિ પર એવો વિશ્વાસ બેસી ગયો કે દરેક અગત્યની બાબતમાં એ રાણીની સલાહ લેતો.

૧૮૧૭માં સસરા ગુજરી ગયા. એમની અઢળક સંપત્તિ ને જાયદાદની માલિકી અને જવાબદારી રાજચંદ્રને શિરે આવી પડી. રાણીની મદદથી એણે કારોબાર એટલો સરસ ચલાવ્યો કે લક્ષ્મી માની કૃપા બેને બદલે ચાર હાથે વરસવા માંડી. બંને દયાળુ હતાં. ગરીબો પ્રત્યે ખૂબ સહાનુભૂતિ ધરાવતાં. ૧૮૨૩માં રાણીના પિતા અવસાન પામ્યા. એ જ વર્ષે બંગાળમાં મોટી રેલ આવી. હજારો લોકો બેઘર અને બેસહારા બની ગયા. રાણી અને રાજચંદ્રે લાખો રૂપિયા ખર્ચી લોકોને રાહત પૂરી પાડી.

રાણી ખૂબ જ શ્રદ્ધાળુ ને ધર્મિષ્ઠ. ગંગા ઉપરના કેટલાક ઘાટોનું સમારકામ કરાવડાવી બીજા નવા ઘાટો બનાવડાવ્યા. કલકત્તામાં મરણપથારીએ પડેલા લોકો માટે મોટું ઘર ઊભું કર્યું. સરકારી લાઇબ્રેરીને આધુનિક બનાવવા ૧૦ હજાર રૂપિયા ખર્ચ્યા. ગરીબો માટે મફત હોડીઓની વ્યવસ્થા કરી. પાણી માટે પરેશાન થતા તાલપુકુર ગામમાં મસમોટું તળાવ ખોદાવ્યું. દરમિયાન એમની રોજિંદી દાનપ્રવૃત્તિ તો ચાલુ જ હોય.

રાણી અને રાજચંદ્ર એકબીજાં માટે જ બનેલાં. રાજચંદ્ર પણ ઉદાર ને દયાળુ

તો ખરો જ, પણ એટલો જ સત્યનિષ્ઠ. એક ઉદાહરણ લઈએ. એક વખત એના બનેવીના કહેવાથી રાજચંદ્રે એક અંગ્રેજી વેપારીને એક લાખ રૂપિયા ધીરવાનું વચન આપ્યું. એ જ રાત્રે સમાચાર આવ્યા કે આ વેપારીની કંપની ફડચામાં ગયેલી હતી. એક લાખ રૂપિયા પાછા આવવાના ન હતા. છતાં પેલો વેપારી નિર્ધારિત સમયે જ્યારે આવ્યો ત્યારે રાજચંદ્રે એના એક લાખ રૂપિયા આપ્યા. એના મિત્રે એને પૂછ્યું કે આવી મૂર્ખાઈ કરી તેં!? રાજચંદ્રે જવાબ આપ્યો, ''એક વાર હા કહ્યા પછી ના કહેવાનું હું શીખ્યો નથી.''

૧૮૩૩માં બ્રિટિશ સરકારે રાજચંદ્રને એમનાં પ્રામાણિકતા, ઉદારતા અને પરોપકારી કાર્યો માટે 'રાય બહાદુર'ના ઇલકાબથી નવાજ્યો. કલકત્તાના સમાજનો એ એક અગ્રણી બની ગયો. ગુરુદેવ ટાગોરના દાદા પ્રિન્સ દ્વારકાનાથ ટાગોર, અક્રૂર દત્તા, સર રાજા દેવ જેવા ધુરંધરો એની દોસ્તી કેળવવા પ્રયત્નો કરવા લાગ્યા. એ સમયના ભારતના બ્રિટિશ ગવર્નર જનરલ લૉર્ડ ઑકલૅન્ડ એના નજીકના દોસ્ત બન્યા.

રાણી-રાજચંદ્રને ચાર દીકરીઓ હતી : પદ્મમણિ, કુમારી, કરુણા અને જગદંબા. મોટી થતાં કુટુંબ માટે રાજચંદ્રે સાત ભાગમાં વહેંચાયલું અને ૩૦૦ ઓરડાવાળું ઘર બનાવ્યું, જેની પાછળ એણે ૨૫ લાખ રૂપિયા ખર્ચ્યા. એક દિવસ એને મળવા એક સાધુ આવી ચઢ્યા. એમણે રઘુવીરની અતિઆકર્ષક ટચૂકડી મૂર્તિ રાજચંદ્રને આપી અને કહે : ''એમની પૂજા-સેવા કરજે. તારું કલ્યાણ થશે. હું ખૂબ દૂર જઈ રહ્યો છું, જ્યાંથી પાછો ફરીશ કે નહિ એની મને ખબર નથી.'' રાજચંદ્રે એને કશુંક આપવાની

ઑફર કરી, તો કહે, ''હું ભિક્ષા માગતો સાધુ નથી.''

૧૮૩૬ના જૂનની પહેલી તારીખે ૪૯ વર્ષના રાજચંદ્ર ઘોડાગાડીમાં જઈ રહ્યા હતા ત્યાં એમને સ્ટ્રૉક આવ્યો ને ગુજરી ગયા. ૪૩ વર્ષનાં રાણી વેદનાથી ભાંગી પડ્યાં. ત્રણ દિવસ ને રાત એ અન્ન-જળ વગર જમીન પર પડી રહ્યાં. સ્વસ્થ થયાં પછી બધી જ જરૂરી ધાર્મિક વિધિઓ કરી હજારો રૂપિયાનું દાન ગરીબોમાં કર્યું. ગરીબો આવતા જ ગયા પણ કોઈ ખાલી હાથે પાછું ન ગયું.

વિધિઓ પૂરી થવાની તૈયારીમાં હતી કે પેલા રઘુવીરની મૂર્તિવાળા સાધુ અચાનક આવી ચઢ્યા. કહે કે મારે મારા ભગવાનનાં દર્શન કરવાં છે, ત્યાં ટૂંકી પૂજા કરી સાધુએ રાણીને આશીર્વાદ આપ્યા. રાણીએ એમને ભેટસોગાદ આપવાની તૈયારી કરી, પણ સાધુ માત્ર પાણીનો લોટો અને ધાબળો લઈ ચાલી નીકળ્યા. રાણીમાં કોઈ ગજબ શાંતિ અને હિંમતનો સંચાર થયો અને આ મહાન મહિલા ફરી પાછાં પોતાની ફરજો બજાવવા મંડી પડ્યાં.

[ક્રમશઃ]

ગુજરાતી કવિઓને ધાકધમકી

□ ચંદ્રકાન્ત શાહ

શબ્દોને ખેડો, ઉખેડો, ધબેડો, ફંગોળો, પછાડો
પણ ખબરદાર!
હાથ જો લગાડ્યો છે - ઝાકળ, ભીનાશ કે પતંગિયાને, પાંખોને,
                    દરિયા કે મોજાં કે ફીણ અને ખુલ્લા આકાશને તો-

અને-
ઊંચી કરીને આંખ જોયું છે - ફૂલો, વરસાદ, સાંજ, બગીચોને બાંકડો,
                    બુઢાપો, એકાંત વળી એકલતા, એકલા હોવાપણાને તો-
શબ્દોને સિક્કાની જેમ છો ઉછાળો, રમાડો, ઘૂંટાડો, ભૂંસાડો, ભટકાડો

પણ ખબરદાર!
બત્રીસી તોડી નાંખીશ જો વતાવ્યાં છે -
                    વૃક્ષો, પડછાયાઓ, સૂર્યોદય, સૂર્યાસ્તોને,
                    આંખો, અરીસા કે બિંબ પ્રતિબિંબને તો -
છઠ્ઠીનું ધાવણ યાદ કરાવી દઈશ - જો અડ્યા છો -
                    જળ કમળ, મિથ્યાજળ, મૃગજળ, નદીઓનાં ખળખળને,
                    ધુબાકા મારતા કિશોરોના કલબલને,
                    કોઈ મુગ્ધાનાં સોળસોળ વરસોનાં કામણને તો -
શબ્દોને ઘાસ જેમ કૂણાં ઉગાડો કે રેશમની શાલ જેમ વીંટાળો -

પણ ખબરદાર!
ખો ભુલાવી દઈશ લખવાની - છંછેડ્યાં છે જો -
                    લીલાંછમ ખેતરો, તળેટીઓ કે ટેકરા કે ડુંગરો કે જંગલને, કેડીઓને,
                    પંખીઓના આછા કલરવને, રખડપટ્ટીના અલ્લડ આનંદને તો -

ને બુડથલમાં પડશે, વિચારોમાં પણ લાવ્યા છો -
                    ગુલાબ, ખ્વાબ, અત્તરની શીશી, ખુશબોઈ પ્રેમપત્રોને,
                    ખેંચાણ સામસામું, બંધાણ એકબીજાનું,
                    ભંગાણ હો હૃદયના શુદ્ધ પ્રેમીઓનું,
                    સંધાણ પછી એમનું ના થયાને - તો

ગઝલ

□ અનિલ ચાવડા

ભીંસ લાગી જેમને સંસાર નીચે,
જઈ ચડ્યા એ સાધુતાના ભાર નીચે.

જેમ કોઈ ટ્રેન, ટ્રક કે કાર નીચે,
એમ કચડ્યો તેં મને ઉપકાર નીચે.

જોયું નહિ મેં સ્વાદના શણગાર નીચે,
કાંકરા રાખ્યા હતા કંસાર નીચે.

દુ:ખ પછી સુખવાળી વાતો કેમ માનું?
નીકળે અંગાર જો અંગાર નીચે.

ધોધ પણ થીજી ગયો બસ એ જ વખતે,
હું ઊભો જ્યાં બે ઘડી જળધાર નીચે.

આપણાં જોખમની ના સરખામણી કર,
છે તું, બસ કાગળની એક તલવાર નીચે.

દર વખત મારા બુકેને બૉમ્બ સમજ્યા,
દુશ્મને મૂક્યાં જ નહિ હથિયાર નીચે.

આજ પાછું શ્હેર ચર્ચાએ ચડ્યું છે,
સત્ય ઢંકાઈ જશે ચકચાર નીચે.

વહીવંચાઓ

□ યોગેશ વૈદ્ય

આપણ કેવળ વહીવંચાઓ, લખ્યું વાંચીએ સાધો
બતલાવો પોતીકો અક્ષર લખ્યો હોય એકાધો

એ અક્ષર જે નક્ષત્રોએ પાડ્યો નભમંડળમાં
એ અક્ષર જે ગુંજે ખગગણ, વહેતો કલકલ જળમાં
એ અક્ષર જે સચરાચરમાં વ્યાપ્યો, પૂગ્યો તળમાં
એ અક્ષર બસ ભણવા મથીએ, ઉકલ્યો છે જે આધો
આપણ કેવળ વહીવંચાઓ, લખ્યું વાંચીએ સાધો

ગજું અમારું તસુએકનું, અક્ષર બાવન ગજનો
લાયમાં લઢીએ, કાકુ ભરીએ, દઈએ પુટ ષડજનો
ખોબામાં ભરવાનો આખો અબ્ધિ આ અચરજનો
એ અચરજને આંજી જાણે, આંખો અમને લાધો
આપણ કેવળ વહીવંચાઓ, લખ્યું વાંચીએ સાધો

બહુ ખરાબ લાગત

☐ ભાવેશ ભટ્ટ

જો સાથ તું નિભાવત, તો બહુ ખરાબ લાગત
હું આંસુઓ વહાવત, તો બહુ ખરાબ લાગત

તારા સિવાય પણ છે બીજું ઘણું ભીતરમાં
છાતી ચીરી બતાવત, તો બહુ ખરાબ લાગત

કેવી નવાઈ છે કે તારા જ રંગ લઈને
તારી છબી બનાવત, તો બહુ ખરાબ લાગત!

થઈ જાય જે સહન, ક્યાં છે દર્દ એવું કોઈ?
પણ જો હું ચીસ પાડત, તો બહુ ખરાબ લાગત

ખુદનું વજન ઉઠાવી શકવું અશક્ય લાગે
ત્યાં પ્રશ્ન જો ઉઠાવત, તો બહુ ખરાબ લાગત

સ્વીકારી મેં લીધી છે એની જે આદતોને
એને કદી જણાવત, તો બહુ ખરાબ લાગત

મેં માંગણીનો આશય રાખી નથી કહ્યું કંઈ
પણ હાલ જો છુપાવત, તો બહુ ખરાબ લાગત

ગઝલ

☐ ચંદ્રેશ મકવાણા

તોડી પાળ વહે છે પાણી
નાડ તું નીકની લેજે જાણી

ફાટેલામાં ફાંટ પડી ને!
બોલ મળ્યું શું નાહક તાણી?

કો'કના ઘરનો મોભ તૂટ્યો તો!
મોભે જઈને કરી ઉજાણી?

મીઠા જળમાં મીઠું નાખી
કેમ તરસની પત્તર આણી?

આડેધડ ના પાડ બૂમો તું
શોક પ્રગટ જોઈ પ્રમાણી

ગીત

□ ભરત ગોહેલ

રજકણની વારતાયું માંડું ને સૂરજને સાંજ સમું ઢળવા મન થાય તો?
કણ કણ પર કેસરિયા કરચો ઉરેડીને વાયરામાં ભળવા મન થાય તો?

ગાવડીની ખરીઓમાં ખૂંપેલા તડકાને, તેજ તેજ પાંખો પણ હોય છે;
હળવેથી આભલેથી ખરતા આ પીંછાને સૂરમયી શાખો પણ હોય છે;
માછલીઓ સપનામાં દેખે જો ઊંટ અને રેતીમાં બળવા મન થાય તો?

કાંઠે પડેલ ઓલ્યા કાંકરામાં કોણ જાણે, વમળો હો કેટલાંય છાનાં;
માટીમાં ભળવાને પાંદડાંઓ કરતાં શા, વાયરા રીઝવવાનાં વાનાં?
કીડીને કીડીની આંખોથી ભાળવાની, આરતને ફળવા મન થાય તો?

પિંજરમાં પૂરેલું પંખી કોઈ સળિયાઓ, સુવડાવી તક દેખી ઊડે;
નીર ભરી વાટકી, ધાન તણા ઢગ અને હીંચકાઓ અંધારે બૂડે;
આકાશે પાછા જે વાળવાને જાય એને, પાછા વળવાનું મન થાય તો?

વરસાદ આવે

□ ગૌતમ જાની

કોઈ રાગ એવો ન છેડો કે મનમાં ફરી ટીસ ઊઠે ને એ યાદ આવે,
પછી શું? નયનથી, અધરથી, સમજથી બધેથી પ્રણયનો જ વરસાદ આવે!

નજરની આ બેઠકમાં બેસો મહાશય! થતો સ્થિર આખોય મેળો નિહાળો!
ઊઠે પાંપણોમાં અજબની કરામત ઇલમને વટાવીને સંવાદ આવે!

કસર કો'ક પૂરે છલોછલ ભરીને નહીંતર અમે સાવ અડધા જ મૂઆ
કદમ લડખડે, હોશ ખોવાઈ જાયે ને ભટકી પડું તો તરત સાદ આવે!

હવે શેર ઘસવા પડે ના કદીયે કહેવાઈ જાતા - એ વાચા મળી છે
કરમ એટલો એક મિસરા કહું ત્યાં મુકર્રર બનીને બધી દાદ આવે!

આ વરસાદની રાત ગોરંભ ઊઠે અને મોર મારાં જ દર્દો પુકારે
નસેનસ હો પુલકિત ને આંખો ચમકતી, હવાની મહેકથી જ ઉન્માદ આવે!

બે ગઝલ

☐ શૈલેશ ગઢવી

હું ઊભો છું સત્યના આઈને...

હું ઊભો છું સત્યના આઈને, મને દશ્ય ચિંતા નડી નથી,
હું તો મારી મોજનો દરિયો છું, મને વાદળાંની પડી નથી.

ભલે મોક્ષની કરું કલ્પના, છતાં મોત પણ નથી જામતું,
નથી છોડવું હજી પીંજરું, મને પાંખ મારી જડી નથી.

આ ખુમારી કોરી રહી મને, નથી મારતી, નથી તારતી,
હા, રતાશથી ભરી છે છતાં હજી આંખ મારી રડી નથી.

કોઈ સ્વપ્ન જેવી છે જિંદગી, જરા સ્પષ્ટ છે, જરા ધૂંધળી,
ઘણી વાત છાની રહી નથી, ઘણી વાત જીભે ચડી નથી.

મળી છે તો જીવી જવાની છે, સુખથી ભરી, દુ:ખથી ભરી,
છે કમાલ કેવો! દરેકની કદી એક સરખી ઘડી નથી!

મારી નિશાળમાં છે

માણસ થવાનો અવસર મારી નિશાળમાં છે,
વિદ્યા સ્વરૂપે ઈશ્વર મારી નિશાળમાં છે.

ઊઘડે છે દ્વાર જ્યારે, કુદરત કરે છે કલરવ,
મંદિરની મીઠી ઝાલર મારી નિશાળમાં છે.

વડલો, કરેણ, પીપળ, આંબાની છાંયડી છે,
થોડાં ઘણાં કબૂતર મારી નિશાળમાં છે.

અક્ષરની વાવણીથી અર્થો ફૂટી નીકળશે,
બારાખડીનું ખેતર મારી નિશાળમાં છે.

ચોરસ, ત્રિકોણ, વર્તુળ મેદાનમાં જીવે છે,
પ્રજ્ઞા પ્રયુક્ત ભણતર મારી નિશાળમાં છે.

પૃથ્વીનું સ્વર્ગ જોવા ક્યારેક તો પધારો,
ચકલીનું ઝૂલતું ઘર મારી નિશાળમાં છે.

ચાર ગઝલો

□ હેમંત ધોરડા

અમારા શ્વાસ જ લિપિ અમારી અમારો નખશિખ ચિતાર લખશું
તમારી ઝંઝાય ખાળશું ને હવા પરે પણ ધરાર લખશું

અમે ટકોરો જો મારશું તો અમારા માટે દિશા ઊઘડશે
તમે શું અટકાવી શકશો અમને તમારી ભીંતે દ્વાર લખશું

જો લાલ લખશું સૂરજમુખી પર સૂરજમુખી આખું લાલ થાશે
તમે ન કેમેય ભૂંસી શકશો અમે જે બસ એકવાર લખશું

લખી લખીને તમે શું લખશો સિવાય કાળો તમારો ફેલાવ
અમે દિશા સહુ પૂરવ કરીને અમારી ઊજળી સવાર લખશું

તમે ઉવેખો છો અવગણો છો અમારાં પગલાંની રીતભાતો
છે રીત રીતે ને ભાત ભાતે અમે ફરી એ નિખાર લખશું

(છંદવિધાન: લગાલગાગા લગાલગાગા લગાલગાગા લગાલગાગા)

□

અમને ભૂંસ્યા તમે પડછાયા અમારા દોર્યા
ક્યાંયના રહેવા ન દીધા તો કશે કાં દોર્યા

એક પણ રેખા અમારી નથી સારીસરખી
અમને દોર્યા તમે તો આવા તે કેવા દોર્યા

લીલો ઘેઘૂર હતો રંગ અમારો ઘેરો
આમ અમને તમે શું જોઈને આછા દોર્યા

કદી ઊગતો નથી સૂરજ શું અમારા માટે
તમે અમને ફરી ઝાંખા ફરી ઝાંખા દોર્યા

કોરા કાગળ પરે રાખ્યા તમે અમને ધોળા
કોઈ વાતે ન લખ્યા ને કદી પણ ના દોર્યા

(છંદવિધાન: ગાલગાગા/લલગાગા લલગાગા લલગાગા ગાગા/લલગા)

□

રોપો જેવું તમે એવું અમારેય શું ઊગવાનું
આ પથરા સમું ખીલવાનું ને પથરા સમું કરવાનું

સ્મિત જોડ્યુંય અમારું તો આ કેવું તમે જોડ્યું છે
ભાંગેલું અહીં હસવાનું તૂટેલું તહીં હસવાનું

સંતાકૂકડી અમને તમે આ કેવી રમાડો છો
સંતાવાનું અમારે ને તમારે ન પકડવાનું

દીધાં કેવાં પગથિયાં તમે અમને ન ઉપર લઈ જાય
ડગલે પગલે અમારે સદા નીચે જ ઊતરવાનું

કીધી રેત તમે ઝીણી સુંવાળી ને વળી કોરી
ઢૂવા પરથી અમારે હવે રેલા સમું ઢળવાનું

(છંદવિધાન: ગાગાગાલ લગાગાલ લગાગાલ લગાગાગા)

□

તમે છેકો ને ભૂંસો ને પડે ડાઘા ગણાવો એને રૂપાળા
ઉપરથી મારા અક્ષરને કહો છો વાંકા ને ચૂકા ને ગડબડિયા

તમે ચીંધોય મારું સાચ તો નાખીને એને ક્યાંક ઝાડીમાં
તમારાં દ્રાક્ષનાં ઝૂમખાં સમાં જુઠ્ઠાણાં રસવંતા અને મીઠ્ઠાં

તમે તો પથ્થરો વચ્ચેય જગ્યા રાખીને લીલેરું ઊગો છો
મને દીધી તો દીધી એક ક્યારી પાથરીને રેત પાંગરવા

લપસણા ઢાળ જેવા સહુ નહીં દે તક મને ઊભા રહેવાની
તમારી પાસે ઉત્તર મારા સઘળા પ્રશ્નના તૈયાર હોવાના

તમે કંઈ કેટલીયે રીતે મારી સાથે સારાસારી રાખો છો
તમારા શબ્દ હસતા ને તમારા સો સવાસો મહોરાં પણ હસતાં

(છંદવિધાન: લગાગાગા લગાગાગા લગાગાગા લગાલગા લગાગાગા)

પુસ્તકોને જીવવા દો

☐ આશુતોષ આપટે ☐ અનુ.: ઉષા શેઠ

અરે ઉઘાડ રે પેલું કબાટ
આપ મોકળાશ પુસ્તકોને
જરા લેવા દેને મોકળો શ્વાસ
ખૂબ ગૂંગળામણ થાય છે અંદર ને અંદર

પુસ્તકો અમે
અમારામાં જ મશગૂલ
બંધ કબાટમાં બાજુ બાજુમાં

પણ નજર ન મળે ક્યારેય
એકબીજા સાથે.
જરા બહાર આવવા દો
બીજાં પુસ્તકોનાં પાનાંમાં
પણ જરા ડોકાવા દો.

પેલા જાડા જાડા પ્રબંધો જોડે
બાળસાહિત્યને પણ બોલવા દો
વિજ્ઞાનની છાતી ઉપર
ધર્મગ્રંથોને નાચવા દો.

અટપટા શબ્દોને
ડિક્શનરી બહાર છૂટથી ફરવા દો
પુસ્તકમાંની કવિતાને
બીજાં પુસ્તકોની કવિતા સાંભળવા દો.

આંકડાબંધ અર્થશાસ્ત્રને જરા
વનસ્પતિશાસ્ત્ર પ્રાણીશાસ્ત્રમાં જીવવા દો
સમાજશાસ્ત્રને ચટાકેદાર વાનગીઓ
માણવા દો.

છૂટાં કરો બધાં પાનાંને ફાડી ફાડીને
પુસ્તકોને પુસ્તકોમાં ભળવા દો.
કેટલા અને કેવાએ વિચાર કર્યા.

તોયે
બધાંના અક્ષરો તો સરખા જ રહ્યા
છતાંયે,
પુસ્તકના માણસોને
પુસ્તકમાંથી સમજવા દો.

વંચાય નહિ
તો અમે પુસ્તકો એટલે
વિચારોનું ગમેતેવું તોયે કબ્રસ્તાન
જ્યારે ઊઘડશે એ, ત્યારે
ભૂતની જેમ વળગશે
એટલે કહું છું

કબાટમાં સડવા કરતાં ભલે ફાટી જાય
પણ અમારા જીવવાનું
સાર્થક થવા દો.
પુસ્તકમાં મરી જવા કરતાં
અમને વાચકોના મગજમાં જીવવા દો...!





પક્ષાઘાત

□ મેધા ત્રિવેદી

એવું એ શું બન્યું હતું કે પાણીના વહેણ સાથે વહેણ બની જવાયું હતું. પાણીમાં વળતા પરપોટા કંઈ હંમેશાં પારદર્શક તો નથી હોતા ને, ક્યારેક કોઈક આખેઆખું અસ્તિત્વ એમાં હંમેશ માટે પુરાઈ ગયેલું નજરે ચઢે પણ ખરું, ભલે ને એના જીવવાનું કારણ ટૂંકું હોય તોય એની નિયતિ જ પાણીની પાતળી દીવાલો. એ પાતળી દીવાલો પર પડતાં મેઘધનુષો એના અસ્તિત્વનું સંવર્ધન કરી શકે તોય કેટલું? નહીં જેવી જરાક નખની ધાર અને દીવાલો બધીયે ચૂરેચૂરા થઈને ફીણ-ફીણ થઈ જાય. એટલે જ તો પરપોટા કિનારે વળતા હોય છે ને. હવા સાથે હવા થઈ ગયેલ એના અસ્તિત્વના વજૂદનો પરપોટો, ત્યારે તો સાવ બેસી ગયો હતો. તોય પરપોટાની દીવાલો સાથે એ સજ્જડ ચોંટી રહી હતી.

એણે પોતાની આંખોને ફેરવી નજર

મંડાય ત્યાં સુધી માંડવાનો પ્રયત્ન કર્યો. એની જાણ બહાર જ એની આસપાસ ઊગી નીકળેલાં મકાનોએ એમની ડાળીઓને એટલી તો ફેલાવી હતી કે એની સામે દેખાતા ઘરની દરેકેદરેક હિલચાલ એ સાંભળી શકતી હતી અને જોઈ પણ શકતી હતી. એવું કરવામાં એને સુગમતા પડતી હતી. આવી પડેલી સરળતાને એણે અપનાવી લીધી હતી. સ્થગિત થઈ ગયેલા બેડરૂમની હિલચાલમાં - એક, બે, ત્રણ, ચાર સમયની સાંકળને જોડીને હૂંફાળો રાખવાની મથામણે એ સામેના ઘરની દોડધામમાં સામેલ થઈ જતી હતી. હશે પાંત્રીસ કે છત્રીસની... હવે ઊઠવાની તૈયારીમાં હશે, લો આ ઊઠી ગઈ અને સીધી કિચનમાં આવી, સ્વિચ ઑન કરી. ટ્યૂબલાઇટનો શેરડો છેક એના સુધી લંબાયો. હવે અજવાળેલી તપેલીને કિચનના કપડાથી બરાબર લૂછશે, તપેલી ગૅસ પર ચઢાવશે, દૂધની તાજી આવેલી થેલીના ખૂણાને પહેલા બરાબર નીરખશે અને ખૂણાને એવી રીતે કાપશે કે પ્લાસ્ટિકનું પતંગિયું છૂટું પડીને સીધું કિચનના પ્લૅટફૉર્મ પર પડે. એક હાથના હડસેલાથી એ એને દૂર કરશે. ચાના ઊકળતા પાણીમાંથી નીકળતી વરાળને એ જરાક મોઢું નીચું રાખી શ્વાસમાં ભરશે. પ્યાલા-રકાબીને સ્ટૅન્ડ પરથી ઉતારશે, કાચના આવતા રણકાર પરથી એ અનુમાન કરી શકતી હતી કે સાઇડમાં પડતા બંધ દરવાજા પાછળ શું બન્યું હશે. એમાં પડેલા પડછાયાને એ ગણી શકતી હતી. પડછાયા સવારે એની સાથે કિચનમાં આવી પહોંચ્યા હશે, બંધ ઓરડાની બદલાતી જતી મોસમોને એ સૂંઘી લેતી હતી. આજે રસોડામાંથી જોશભેર આવતો રણકાર એની છેક અંદર સુધી ભળી જવાની કોશિશ કરે એ પહેલાં એણે નજરને પાછી ખેંચી લીધી. અસ્તિત્વ વિનાના અસ્તિત્વમાં કેટલું જીવી શકાય.... માથું અઢેલા તકિયાને એણે સરખો કર્યો. પ્યાલા-રકાબીમાં ચા ગાળવાનો અવાજ આવ્યો, એનો ચૂંથારો છેક ગળા સુધી આવીને અટકી ગયો.

એના બરડામાં સણકો ઊપડ્યો. રમાબહેનને આવવાની હજુ વાર હતી. દવા તો હંમેશાં રમાબહેન જ આપતાં. એણે કમ્મર પર હાથ ટેકવ્યા અને જોર કરીને ઊભા થવાનો પ્રયત્ન કર્યો, પરંતુ એમ કરવા જતાં એના નિર્જીવ થયેલા પગ લબડી પડ્યા, એ હતાશ થઈ ગઈ અને એણે માથું ફરી તકિયા પર ગોઠવ્યું, હવે કશું થઈ શકે એમ નહોતું. એના શરીરે પણ એનો સાથ છોડ્યો હતો. જીવનનો છેલ્લો તબક્કો શું આવો રંગહીન થઈ જતો હશે?

થિયેટરના સ્ટેજની બધી જ શક્યતાઓને એ વીંધી ચૂકી હતી. સીડીનું છેલ્લું પગથિયું એને હાથવેંત લાગી રહ્યું હતું, પરંતુ એ જ સીડીની

ઠોકર વાગતાં એનો અંગૂઠો ચિરાયો હતો. એના મોઢામાંથી સિસકારો નીકળી ગયો. સ્ટેજ ડેકોરેટર, સ્ટેજનો શણગાર ઉતારી નાખ્યા પછી સીડીને હટાવવાનું ભૂલી ગયો હતો. માંડ પચાસ જણ પણ નહીં. શ્રી નિવાસન હાંફળોફાંફળો એની આગળ-પાછળ ફરી રહ્યો હતો. "નહીં ચાલી શકે હવે, બદલાવું પડશે, આખું સ્ટેજ બદલવું પડશે. સ્ટોરી, સંવાદો, ભાવ અને..." છેલ્લું વાક્ય એ ગળી ગયો હતો. લોકોને મનોરંજન જોઈએ છે, મનોરંજન. મજાક, તરત જ આવી મળે એવી સસ્તી મજાક, સસ્તું, સસ્તું... બધું જ સસ્તું. એને શ્રીનિવાસનની વાતની નવાઈ લાગી હતી. એને કહેવું હતું, "શ્રીનિવાસન આપણું જીવન ક્યારનુંય આગળ નીકળી ગયું છે, જે હવે દેખાય છે એની સાથે આપણો મેળ ખાતો નથી. જે મેળ ખાય છે એ પીરસવાની હિંમત ક્યાં રહી છે, તોય આપણે એમાં જરાય બાંધછોડ વિના બદલાવ લાવી શકીએ, આપણી રીતે." પરંતુ એ સાંભળવાની કે સમજવાની શ્રીનિવાસનની અત્યારે સ્થિતિ નહોતી. શ્રીનિવાસન હજુય બબડી રહ્યો હતો, "સંવાદો બદલવા પડશે, હવે ચહેરા પરના ભાવોમાં શૃંગારના રંગ ભરવા પડશે. આંખના ઉલાળા સાથે હાથ-પગની છટા..." આ શ્રીનિવાસન બોલે છે, એના બોલમાંથી બૂ આવતી હતી, સસ્તી બૂ. કેટલી મહેનત કરી હતી એણે ચહેરાના ભાવોમાં વાસ્તવિકતા લાવવા માટે, જરાય ઉછાંછળાપણું આવી જાય નહીં એનું સતત ધ્યાન એણે રાખ્યું હતું. મિસરની સમ્રાજ્ઞીના આત્મવિલોપનનું દૃશ્ય ભજવવાનું હતું. શ્રીનિવાસન સૂચનાઓ આપે જતો હતો: "ફક્ત તું જાજરમાન કપડાંઓથી શોભતી મહારાણી નથી કે નથી તું પેલી મધ્યમ વર્ગમાંથી આવતી સામાન્ય યુવતી જેની ગરીબાઈએ તને સ્ટેજ પર ફંગોળી દીધી હતી, ભૂલી જા એ હકીકત! હવે તું ફક્ત પોતાના રાજ્યને બચાવવા જીવન સાથે ઝઝૂમતી અને બબ્બે વાર સમજૂતી કરી લેતી સર્વોચ્ચ પદ પામેલી મહારાણી છે." આ કંઈ સરળ હતું, કોઈકના જીવંત ચરિત્રને અંગત બનાવી લેવાનું? અભિનય કંઈ સત્યથી વેગળો તો નથી હોતો ને? કહેવાતી મહારાણીની લાગણીઓની કોને પરવા હતી? સમ્રાજ્ઞી હોવા ઉપરાંત એ એક વ્યક્તિ હતી, એક સ્ત્રી હતી; સામાન્ય સ્ત્રીને હોય એવી બધી એષણાઓ એને પણ હતી. એમ છતાંય અત્યારે એ નાટકની મહારાણી હતી અને સૌથી ઉપર એના જીવનની એ માલકણ હતી અને એના પર એનો અધિકાર હતો, ફક્ત એનો જ; અને એ જતાવા, નવો રાજા એના પર હક જતાવવા આવે એ પહેલાં મૃત્યુને ભેટી એ અધિકાર સ્થાપિત કરવાનો હતો. બિલકુલ એક પૃથ્વી પરની અતિસુંદર

મહારાણીને શોભે એ રીતે. ના કોઈ મોઢા પર ખચકાટ, ના મૃત્યુનો ડર કે ના કોઈ વિરોધ કે કોઈ ઉતાવળ! ગર્વથી છલકતો ચહેરો તોય પરમ શાંતિનો અનુભવ કરાવતું દૃશ્ય. ભજવી શકી હતી એ, અને ઑડિયન્સનો ગળચટ્ટો રિસ્પૉન્સ પેટ ભરીને કેટલાય દિવસો સુધી માણ્યો પણ હતો. શ્રીનિવાસન એના પર ઓળઘોળ થઈ ગયો હતો. એણે તકિયાની બાજુ પર મૂકેલું ચાટલું હાથમાં પકડ્યું. એના નિશ્ચેત ચહેરાથી ચાટલું આખું ભરાઈ ગયું. ચાહીને પણ ત્યાં કોઈ ભાવ હવે આવી શકતા ન હતા. શ્રીનિવાસને કહ્યા હતા એવા કોઈ આંખના ઉલાળાના ભાવ કે હાથ-પગની છટા, એ પછી એના અભિનયમાં એ લાવી શકી નહોતી.

ધડ લઈને સામેના ઘરના રસોડાનું જાળિયું ખૂલ્યું. એની આંખોમાં હાશ જન્મી. એણે ચાટલું બાજુમાં મૂકી દીધું. આંખો એના જાળિયા પર ઠેરવી. ચા-પાણીથી પરવારી ગઈ લાગે છે, હસીને એણે એના પતિને ઑફિસ વિદાય કર્યો હશે, સાંજ સુધી તારી રાહ જોઈશ એવો મીઠો વાયદો એણે આપ્યો હશે, એ પછી અસ્તવ્યસ્ત ઘરને ઠેકાણે કર્યું હશે. એક પછી એક દૃશ્યોના ભાવને એની આંખો ઝીલી રહી હતી.

રોજની ટેવ પ્રમાણે ગૃહકાર્યથી પરવારી એક હાથમાં મોબાઇલ અને બીજા હાથમાં વરાળ નીકળતો ચાનો કપ, એણે બાલ્કનીમાં આવી તુલસી રોપેલા કૂંડાની બાજુમાં મૂક્યો. મોબાઇલના બટનો દબાવ્યાં. સામેથી અવાજ આવતાં એના ચહેરા પર નરમાશ આવી ગઈ, હસીને વાતોની શરૂઆત થઈ. આડીઅવળી વાતો કરતાં-કરતાં એ કપાળ પર ગમથી ચોંટાડેલા ચાંલ્લાને જાણે હમણાં પડી જશે, હમણાં પડી જશે એવી બીક સાથે વારે-વારે અડી લઈ; વાતો કરતી જતી હતી. છેલ્લે એના નિમાણા થઈ ગયેલા ચહેરાને ઠીકઠાક કરી સામેના છેડાને ધરપત આપતી હોય એમ મોઢા પર સ્મિત લાવી કહે જતી હતી : "બધું સારું છે, કશી ચિંતા નથી, તારી તબિયત સાચવ, કહે તો થોડા દિવસ આવી જઉં. તો ફોન મૂકું." ખરેખર બધું સારું જ હતું કે ફક્ત સંવાદો હતા અભિનયના, કશુંક ખૂટતું હતું. શું? એણે આ દૃશ્યને પોતાની રીતે લંબાવ્યું અને પૂર્તિ કરી લીધી. સામે રહેતી સ્ત્રીએ મોબાઇલને ઑફ કરી મોબાઇલને તુલસીના કૂંડાની બાજુમાં મૂક્યો. કોની સાથે વાતો થતી હતી, ચોક્કસ એની મા હશે નહીં તો આવી આત્મીયતા આવી શકે નહીં. બાકીની ચા હવે પિવાશે નહીં એમ માની સ્ત્રીએ કાચના મગને એના અંગૂઠામાં ભરાવ્યો, બીજા હાથમાં મોબાઇલ લઈ ઘરમાં ગઈ.

એના ઓરડાની કોરી દીવાલો એની આંખોમાં આવી બેસી ગઈ. એણે આંખો

ફેરવી લીધી. બરડાની ચસક વધી હતી. રમાબહેન હજુ આવ્યાં ન હતાં. રમાબહેન બહારના વિશ્વ સાથેની એક જ કડી હતાં, જે આવતાંની સાથે જાત-જાતના સમાચારોનો પસ્તીનો કોથળો એની આગળ ઠાલવી દેતાં. એ થોડી બેચેન થઈ ગઈ. રમાબહેન કહેતાં રહેતાં હતાં - ચિંતા નહીં કરવાની, થોડું મોડું થાય તો! તમને શું ખબર પડે બહારની ભીડની, કેવી દોડાદોડી હોય છે અને એક દિવસ એમની થેલીમાંથી માળા કાઢી ભક્તિ ભાવથી એની સામે ધરી દીધી હતી, જુઓ ભગવાનનું નામ લેવાનું અને માળા ફેરવવાની, ત્યાં સુધીમાં આવી લાગીશ. સાચી વાત હતી રમાબહેનની, એ એમ જ કરતી હતી. શરીરનો નીચલો ભાગ આખો લાકડું થઈ ગયો હતો. પડ્યું રહેતું હતું શરીર એક જ જગ્યાએ હલનચલન વિના, એક જ સ્થિતિમાં. તોય એક ઝનૂન પાળીને રાખ્યું હતું. આખરે લાકડું તો હતું. જીવંત, ગમે તે પરિસ્થિતિમાં હોય પાણી અડતાં જ અંકુરિત થઈ ઊઠતું હતું. સામેના ઘરનો દરવાજો ખૂલતાં, હલનચલન વધી પડતી અને લાકડું હજુ રાખ થયું નથી એની ખાતરી એને કરાવી દેતું હતું.

એણે અને શ્રીનિવાસને ચાહીને બનાવેલી દુનિયા હતી. બિલકુલ એક થિયેટરમાં ચાલતા નાટકના જેવી જ. શ્રીનિવાસન કહેતો રહેતો હતો : "આપણી દુનિયા. બધી દુનિયાથી અલગ દુનિયા, આપણી રીતે ચાલતી દુનિયા. આપણાં ચઢાણો અને આપણા ઢાળ સંજોગોવશાત્ આવી પડેલાં દુઃખ કે સુખ નહીં, આપણી રીતે ઊભાં કરેલાં અને સંવારેલાં સુખ કે દુઃખ! રોજ-રોજ એક નવો ઘરસંસાર, નવો વ્યવહાર, બીબાઢાળ નહીં, પરંતુ સજાવેલ અને આંકેલો, જેમ આપણે ઇચ્છીએ એ રીતે. આપણે ચલાવીએ. એક દૃશ્ય અને એમાં પલટાતાં જતાં અનેક દૃશ્યો. એ દૃશ્યો એ જ આપણું જીવન. સ્વીકારી લીધો હતો આવા અભિનયને. અભિનય અને જીવન વચ્ચેની પાતળી રેખા ક્યારનીયે ભૂંસાઈ ગઈ હતી અને એ જ જીવન બની ચૂક્યું હતું. સંવાદો હાથમાં આવતાં જ એ થનગની ઊઠતી, સ્ટેજ પર જવા માટે. થિયેટર હતું, નાટક હતું, ક્યાંક ક્યારેક ખરેખર ભજવાઈ ચૂકેલું; ફક્ત પાત્રો બદલાતાં હતાં, એ પાત્રમાં એને ઢળી જવાનું હતું. વાસ્તવ એ જ અભિનય હતો અને એ જ જિંદગી. એટલે જ તો સીડીની વાગેલી ફ્રાચર એને છેક નીચે લઈ ગઈ હતી અને થિયેટરના સ્ટેજના ખૂણામાં ધકેલાઈ ગઈ હોવા છતાં એને મળેલાં નજીવાં પાત્રોમાં જાન રેડી દેતી હતી. એ ઓળખી શકી નહોતી દુનિયાદારીના અભિનયને અને સ્ટેજ પર રચાતાં સાચાં દૃશ્યોના અભિનયને. એની જાણ તો શ્રીનિવાસન પાર્ટનરશિપના દસ્તાવેજો લઈ એની પાસે સહી કરાવવા આવ્યો ત્યારે જ થઈ હતી. "જો હું...

હવે તો આપણે ખરેખરા ભાગીદાર બનવાનાં, મારી સાથે ને સાથે તારે કાર્ય કરવાનું રહેશે. આયોજનની કેવી મોટી જવાબદારી હોય છે, એ કંઈ તને સમજાવવાનું હોય? સ્ટોરીની પસંદગી, સંવાદો રચવાનાં, ગોઠવવાનાં, સ્ટેજના ઍંગલો અને લાઇટિંગ, સ્ટેજ ડેકોરેશન, ઓહો... કેટલાં બધાં કાર્યો સાથે તારે સંકળાવાનું રહેશે. અને નવી હીરોઇનોને તારો અનુભવ કેટલો તો ખપનો રહેશે એનો અંદાજ છે તને? એમને તૈયાર કરવાની, સંવાદો કેવી રીતે બોલાવા જોઈએ, ટાઇમિંગ કેવી રીતે સાચવવાનો, એ તારા સિવાય કોણ સારી રીતે શીખવી શકે? મેક-અપ પણ તારા જ માથે. કરી શકીશ ને?" હાથમાંના કાચના પ્યાલામાં રહેલા પીણાની એક પછી એક ચૂસકી ભરી રહેલા શ્રીનિવાસનનો બોલતાં-બોલતાં શ્વાસ ફૂલી રહ્યો હતો. હજુ એના મોઢામાંથી ફૂસ-ફૂસ જેવો બબડાટ સંભળાઈ રહ્યો હતો કે અચાનક એ જોરથી હસી પડી, એટલા જોરથી કે એની આજુબાજુ ઊભી કરેલી થર્મોકૉલની દીવાલો એકસાથે ધ્રૂજી ઊઠી. શું હતું આ, શ્રીનિવાસન દૃશ્યનો અભિનય સમજાવી રહ્યો હતો કે એમણે ઘડેલા જીવનનું સત્ય. શ્રીનિવાસન હજુ બોલી રહ્યો હતો, પરંતુ એને કશું સંભળાઈ રહ્યું નહોતું. અભિનયના પાત્રમાંથી શું આમ સાવ જ ઊતરી પડવાનું? ઘડીક એક ઉછાળ આવીને વળગી પડ્યો. ફગાવી દે આ આધાર વિનાની દીવાલોને, એક જરા સરખો ઘસરકો અને બધું જ વેરવિખેર કરી નાખે. પરંતુ એવું કશું થાય એ પહેલાં વીજળી પડી હતી, પહેલાં મન પર અને પછી એના દેહ પર. સામે બેઠેલો માણસ એની ઉતાવળમાં એટલો તો વ્યસ્ત હતો કે એનું છેલ્લું સ્મિત પણ જોઈ શક્યો ન હતો.

ક્યાંકથી આવી ચઢેલ જીવડું પટકાઈને ફર્શ પર ઊંધું પડ્યું. એમણે ઘડેલી દુનિયા પૂરી થવાની ઘડીઓ આવી જ પહોંચી છે, એવું કણસતું છેલ્લે સુધી પાંખો ફફડાવતું રહ્યું. ચાર પાતળા પગને હલાવી ચત્તા થવાની કોશિશ છેવટે નાકામ રહી. મોતને સૂંઘતું કીડીઓનું એક ઝુંડ ઊતરી આવ્યું અને જીવડાને ઊંચકી ચાલવા લાગ્યું. જીવડાની પાંખો હજુ જરાતરા હાલી રહી હતી એ જોવાની તમા કે ધીરજ કોઈનામાં નહોતી. હૉસ્પિટલમાં મહિનો રહેવું પડ્યું. પક્ષાઘાતમાં અડધા અંગો નિષ્ક્રિય થઈ ચૂક્યાં હતાં. વાચા હંમેશ માટે ચાલી ગઈ હતી. ચહેરો જડ થઈને રહી ગયો. શ્રીનિવાસન આવતો હતો; પહેલાં રોજ, પછી એકલાં ફૂલોને મોકલતો અને ત્યાર બાદ, ક્યારેક નવા નાટકની વધામણી લઈને... એ જોઈ રહેતી, સામે બેઠેલા શ્રીનિવાસનને આંખોની ચમક સાથે અને એનું મન હસી પડતું જાણે એને કહી રહ્યું હતું: "શ્રી નિવાસન, આખાય દેહમાં જીવંત

તો ફક્ત આંખો જ હોય છે અને એ મારી પાસે હજુય સલામત છે." મૂંગો સંવાદ શ્રીનિવાસન સમજી શકતો નહીં અને થોડી વાર બેસી, રમાબહેનને સૂચનો આપી ચાલ્યો જતો.

ઓરડામાં પંખો ફરી રહ્યો હતો, હવાના જોરે એક જાળું ચકરાવો લેતું ફર્શ પર પડ્યું અને ક્યાંય સુધી હાલતું રહ્યું. એને તરસ લાગી. એણે આજુબાજુ જોયું. પાણી એ જાતે લઈને પી શકે એમ નહોતું. ત્યાં જ ઘરનો દરવાજો ખોલી રમાબહેન એના ઓરડામાં પ્રવેશ્યાં : "શો ટ્રાફિક છે, માણસને ટાઇમ પર પહોંચવું હોય તોય એના હાથ બંધાઈ જાય. બધુંય ટ્રાફિક પર નિર્ભર. આ તમારે સારું ક્યાંય આવવાનું નહીં કે જવાનું નહીં. લો જરાક ટેકો કરું બેઠાં થાવ, સૂતાં-સૂતાંય કંટાળી તો જવાય." રમાબહેન એમને સોંપાયેલું કામ પૂરી નિષ્ઠાથી કરતાં રહેતાં હતાં. "જુઓ હં... બજારમાં ફળ સારાં આવ્યાં છે, લેતી આવીશ, ખાજો જરા તો શક્તિ રહે. હવે જીવન આપ્યું છે તો જીવવું તો પડે ને... આ સાંજના પેલાં બહેનને ત્યાં રસોઈ બનાવવા જાઉં છું, એને શું જીભના સ્વાદ! એ ખાય ને પછી ઍસિડિટી કે' મારું કામ, આખી રાત પીડાય!" રમાબહેન લહેકો કરી એને કહેતાં જાય. "જુઓ હં... સૂપ તો આટલો પી જ જવાનો છે. શ્રીનિવાસનભાઈએ ખાસ સૂચના આપી છે પીવડાવી જ દેવાનો, નહીં તો વળી તાકાત કેવી રીતે આવે?" વળી એની આંખોમાં આંખો પરોવી વાત આગળ ચલાવતાં. હમણાં તો નવા નાટકની તૈયારી ચાલે છે, વ્યસ્ત છે, શું વાત કરું તમને? કશુંય પહેલાં જેવું નથી રહ્યું. નવી હીરોઇનોનાં નખરાં છે નખરાં. રમાબહેન આખો દિવસ કંઈ ને કંઈ બોલતાં રહેતાં હતાં, એને એ ગમતું હતું. એમની એક તરફની વાતો, એમના હાવભાવ. વાતમાં મોણ નાખી રજૂ કરવાની રીત. શું હતું એમાં? એક સુખ દોડીને એની પાસે આવતું હતું. રમાબહેનના ગયા પછી એ એમના બોલાયેલા શબ્દોને મમળાવતી રહેતી હતી. આખો તક્તો એનો હતો. નિજી, અંગત, જે સામે દેખાતું એને એ જોતી હતી, સાંભળતી હતી, જે નહોતું દેખાતું એ એનું પોતાનું હતું. એમાં એના સિવાય કોઈને પ્રવેશ નહોતો. રમાબહેનના ગયા પછીનાં અને પહેલાંનાં દૃશ્યો એને સાવ અલગ દેખાતાં હતાં. ગોઠવેલી દીવાલોમાં બારી પાડી, અભિનયને બદલી નાખી રમાબહેનનો પાઠ એ ભજવી લેતી હતી. એક એવી નિશ્ચિત જગ્યા એણે પોતાના માટે બનાવી રાખી હતી જેમાં એને સરકવાનું ગમતું હતું, ભલેને પછી વાસ્તવ સાવ વિપરીત જ કેમ ના હોય? એટલે જ તો સામે રહેતી પેલી સ્ત્રીની અને રમાબહેનની રાહ જોવામાં એ એની રાહ શોધી લેતી હતી. એને થાક લાગ્યો. તતડીને

સુકાઈ ગયેલી ચામડી પર એણે હાથ ફેરવ્યો, રમાબહેને લગાડેલું માલિશનું તેલ એની ચામડી ઘડીકમાં ચૂસી લેતી હતી. એને એક નિરાશા ઘેરી વળી. પાણીના વળેલા પરપોટાને તોડી નાખવા માટે એની પાસે સબળ કારણ તો હતું, પરંતુ એ એમ કરવા માગતી નહોતી, ક્યારેક એ પાણીની દીવાલો અચાનક તૂટી જશે અને એમાંનું પાણી એની મેળે રેલાઈને પ્રવાહમાં ભળી જાય ત્યાં સુધી એ રાહ જોશે.

એની સામેના ઘરનું એનું સ્ત્રી પાત્ર બે દિવસથી શાંત હતું. એના રસોડામાંથી કશો જ અવાજ આવી રહ્યો ન હતો. એ બેચેન બની ગઈ હતી. શું થયું હશે? કશુંક અજુગતું તો નહીં બન્યું હોય ને? ક્યાંક બહાર ચાલી ગઈ હશે. કાલે પણ નહોતી દેખાઈ; પણ આમ અચાનક કશો અણસાર આપ્યા વિના આમ જ ચાલી ગઈ હશે. પતિ સાથે ઝઘડો થયો હશે, રિસાઈ હશે કે કંઈક ના બનવાનું બન્યું હશે ક્યાં ગઈ હશે? બીજે ક્યાં જવાની હશે, ચોક્કસ મા પાસે ગઈ હશે. લીલી સળીઓ ભેગી કરીને બાંધેલો માળો આમ વેરવિખેર થયો હશે! એ માળામાં એનું પણ ઈંડું તો હતું ને, સેવાઈને કોચલું તૂટ્યું હતું. આગળ લટકતી ડોક કરચલીઓવાળું સાવ નાનું શરીર, બોડું માથું, અશક્ત રાંટા પગ, ખુલ્લી ચાંચ અને બોખું મોઢું; આતુરતાથી એનું ખાણું માગી રહ્યું હતું. એની નજર એ સ્ત્રીના ઘર તરફથી જરાય હટતી નહોતી. એના ઘરનું અજવાળું તો હજુય એના સુધી લંબાતું જતું હતું. એટલામાં જ ખૂબ ધીરેથી રસોડાનું જાળિયું ખૂલ્યું. હમણાં જ નાહીને આવી હશે એની સુગંધ એના ખુલ્લા વાળમાંથી આવી રહી હતી. આજે ચાના પ્યાલાની જગ્યાએ થાળીમાં પ્રગટાવેલો દીવો હતો. મોઢા પર પરમ શાંતિની પ્રસન્નતા હતી. દીવો એણે તુલસીના કૂંડા પાસે મૂક્યો. હાથ જોડી પ્રાર્થના કરી અને મોબાઇલ જોડ્યો : હા, હા, કન્ફર્મ, એકદમ, કાલે જ ડૉક્ટર પાસે જઈને આવ્યાં, બધું બરાબર છે. ખાવાપીવામાં ધ્યાન રાખવાનું. હાસ્તો, તારા જમાઈ તો ખુશ જ હોય ને. થોડા દિવસ રહેવા આવી જજે. ચાલ ફોન મૂકું હોં. હા, ફોન કરતી રહીશ. અચાનક એ સ્ત્રીની નજર એના પર પડી, કદાચ રોજ એને જોતી હશે, પરંતુ આજે ખાસ કારણ હતું, બંનેની આંખો મળી અને સામે ઘરે રહેતી સ્ત્રી હસી પડી. એ કશા ભાવ એના ચહેરા પર લાવી શકી નહીં, પરંતુ એની આંખો એ સ્ત્રીની સાથે હસી રહી. એ જ સમયે, પક્ષાઘાતથી પીડાતી સ્ત્રીમાંથી છૂટી થયેલી સ્ત્રી એને મૂકી રસ્તો ઓળંગી ગઈ. પાણીના પરપોટાની પાતળી દીવાલો તૂટી. એની અંદર ગૂંગળાતો જીવ એના જીવંત પાત્ર સાથે એક નવા જન્મ લેનાર પાત્રની આશામાં વહેવા લાગ્યો.

❑❑❑



પીટર બ્રુક : અવકાશના જાદુગર

❑ અશોક વાજપેયી
❑ અનુ.: દીપક દોશી

પીટર બ્રુક ભારતમાં તેમના 'મહાભારત'ના યાદગાર નાટ્યનિર્માણ માટે જાણીતા છે, જેનો પ્રીમિયર ૧૯૮૫માં ફેસ્ટિવલ ડી'આવિન્યોંમાં નવ કલાકની થિયેટર પ્રસ્તુતિ તરીકે થયો હતો. આ પ્રીમિયર માટે મને આમંત્રિત કરવામાં આવ્યો હતો એથી મારી જાતને ભાગ્યશાળી માનું છું. આ પ્રીમિયર એક પથ્થરની ખાણમાં યોજવામાં આવ્યો હતો, જેને લીધે નાટકને એક પ્રાગૈતિહાસિક પરિવેશ મળ્યો હતો.

નાટક પોતે જ પૌરાણિક અને યથાર્થને સહજતાથી સાંકળી લે છે. એ સમગ્ર માનવજાતની શાશ્વત ગાથા તરીકે રજૂ કરવામાં આવ્યું હતું, ભલે ભારતમાં એને ભાવાત્મક રીતે રજૂ કરવામાં આવતું હોય. માત્ર આ અદ્‌ભુત પ્રસ્તુતિએ જ એક ભારતીય તરીકે મને અહેસાસ કરાવ્યો કે મહાભારતમાં ખરેખર સમગ્ર માનવ ઇતિહાસનો સમાવેશ થાય છે; જે મહાભારતમાં નથી તે બીજે ક્યાંય નથી!

ખંડિત સમયમાં, સંધાનની રંગભૂમિ: ૧૬ દેશોના ૨૧ કલાકારો, કેટલાક એક કરતાં વધુ ભૂમિકાઓ ભજવતા, મહાકાવ્યનાં પરિમાણોની માનવકથા રજૂ કરે છે. જેમાં માનવીય નિયતિ અને મૂઢતાઓ, આકાંક્ષાઓ અને નિષ્ફળતાઓ, ભવ્યતા અને સૌંદર્ય, વિશ્વાસઘાત અને વિરોધાભાસ, હિંસા અને નિરર્થકતા, માનવીના તમામ જય અને પરાજયનો સમાવેશ છે.

ખંડિત અને ગંભીર રીતે ઘાયલ થયેલા સમયમાં પીટર બ્રુકે એક રંગમંચ દ્વારા આપણી સારવાર કરી અને ગૌરવભેર ટકી રહેવાની ખાતરી આપવાનો પ્રયાસ કર્યો છે, જ્યારે એક મહાન કવિ

વિલાપ કરી રહ્યા હતા કે "કોઈ એનું સાંભળતું નથી" ત્યારે બ્રુકે એક રંગમંચ વિકસાવવાનો પ્રયાસ કર્યો જે આપણા સાંપ્રતને ભૂતકાળ સાથે, ઇતિહાસને પુરાણકથા સાથે, નિષ્ફળતાને સાર્થકતા સાથે જોડે.

એક મહાકાવ્યાત્મક આયામ: એમણે આ રંગમંચ દ્વારા માનવસ્થિતિના મહાકાવ્યાત્મક સંસ્કરણ પર ભાર મૂકવાનો પ્રયાસ કર્યો. મહાકાવ્યનાં આયામો, પ્રભાવ અને એની ઊંડાઈના પરિપ્રેક્ષમાં. એમાં શેક્સપિયરથી સમર અત્તાર સુધીનાં નાટકીય સાહિત્યની વિશાળ શ્રેણી આવરી લેવામાં આવી હતી. એમનો રંગમંચ વૈશ્વિક હતો.

બ્રુક માટે વાસ્તવિકતા બહુવિધ, જટિલ અને સરળીકરણ તેમજ સામાન્યીકરણ માટે જવાબદાર ન હતી. કોઈ પણ સંજોગોમાં, તમામ રંગમંચ માનવીય વિશિષ્ટતાઓની આકાંક્ષા રાખે છે અને આશા રાખે છે કે વિશિષ્ટ, નાટ્યપ્રક્રિયા દ્વારા, વૈશ્વિકતા પ્રાપ્ત કરશે. બ્રુકે સ્થાનિક, પરંપરા, પ્રણાલી, સ્મૃતિ વગેરેની વિશિષ્ટતાઓ પર ખંતપૂર્વક કામ કર્યું, પરંતુ તેમની અનિર્દિષ્ટ, ક્યારેક સહેલાઈથી ન દેખાતી, માનવીયતા જાળવી રાખવાની પણ કાળજી લીધી. માનવ, તેની તમામ વર્ણછટા અને રંગો તેમની નાટ્યદૃષ્ટિનું સાચું કાર્યક્ષેત્ર હતું.

લગભગ ૪૦ વર્ષ પહેલાં તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધી દ્વારા ભારત ભવન, ભોપાલના ઉદ્‌ઘાટન પ્રસંગે એ એકમાત્ર વિદેશી અતિથિ હતા. એમણે શંભુ મિત્રા, હબીબ તનવીર, વિજયા મહેતા, એન. સી. જૈન અને બી. વી. કારંથ સહિત અનેક ટોચના ભારતીય રંગમંચ ક્ષેત્રની વ્યક્તિઓ સમક્ષ થોડા દિવસો માટે થિયેટર વર્કશૉપનું આયોજન કર્યું હતું.

બ્રુક અદ્‌ભુત ધૈર્ય ધરાવતી વ્યક્તિ લાગતા હતા. એમણે ક્યારેય ઉતાવળ ન કરી અને જ્યાં સુધી સંતોષ ન થાય ત્યાં સુધી ધીરજપૂર્વક રાહ જોતા! એ વર્કશૉપમાં મને તેઓ એક ગ્રીક સાધુ પ્રતીત થયા. એમના ચહેરા પર સંઘર્ષ, સહાનુભૂતિ અને જ્ઞાનના રસાયણરૂપ એક અનોખી ચમક હતી.

પૅરિસમાં એક બ્રિટિશર : એક વિશિષ્ટ પ્રકારની બેઅદબી અને હઠાગ્રહ બંને સાથે એમણે તે સમયના સંકુચિત છતાં અત્યંત સફળ બ્રિટિશ થિયેટરમાં હસ્તક્ષેપ કર્યો અને તેને ઝડપી વૈશ્વિકીકરણની દુનિયા સંદર્ભે ઉઘાડવાનો પ્રયાસ કર્યો. આખરે એ ફ્રાન્સ ગયા અને પૅરિસમાં તંબુ નાખ્યા.

બ્રુક અવકાશ પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ હતા. એમણે પોતાનાં નાટકો ભજવવા માટે તમામ પ્રકારના પરિસરનો ઉપયોગ કર્યો. પ્રોસેનિયમ થિયેટરથી લઈને જંગલ અને ખાણ સુધી. એ માનતા હતા કે રંગમંચ દ્વારા કોઈ પણ જગ્યાને ઊર્જસ્વી કરી શકાય છે. એમના માટે ભજવણી પોતે અવકાશી ઉપસ્થિતિ હતી, અવકાશનો

પદ્મશ્રી પીટર સ્ટીફન પૉલ બ્રુક

(૨૧-૦૩-૧૯૨૫ / ૦૨-૦૭-૨૦૨૨)



સુવિખ્યાત અંગ્રેજી નાટક અને ફિલ્મ નિર્દેશક પીટર બ્રુકનો જન્મ ૨૧ માર્ચ ૧૯૨૫માં ઇંગ્લેન્ડમાં થયો હતો અને ૨ જુલાઈ ૨૦૨૨ના રોજ પેરિસમાં અવસાન થયું. ૯૭ વર્ષનો દીર્ઘ આયુષ્યકાળ એમના અનેક કાર્યોને લીધે સન્માનીય રહ્યો. પેરિસમાં એમના દિગ્દર્શન તળે થયેલી 'ધ મહાભારત'ની રજૂઆત સતત ૯ કલાક સુધી પ્રેક્ષકોને જકડી રાખે એવી પ્રેરણાદાયી નીવડી. માત્ર ૧૬ વર્ષની ઉંમરે જ એમણે શાળા છોડીને ફિલ્મ જગતમાં પ્રવેશ કર્યો હતો. ૧૯૪૩થી ટૉર્ચ થિયેટર, ૧૯૪૫થી બર્મિંગહામ રેપર્ટરી થિયેટર, ૧૯૪૭થી રૉયલ ઑપેરા હાઉસ, ૧૯૬૨થી રૉયલ શેક્સપિયર કંપની અને ૧૯૬૪માં જર્મન નાટ્યલેખક પીટર વેઇસ સાથે પ્રથમ અંગ્રેજી દિગ્દર્શન (Marat/Sade)'મારત/મરત' કર્યું જે ૧૯૬૫માં બ્રોડવે થિયેટરમાં પ્રદર્શિત થયું જેને શ્રેષ્ઠ નાટક માટે ટૉની પુરસ્કાર મળ્યો. ત્યારબાદ તો અનેક પુરસ્કારોથી નવાજવામાં આવ્યા. ૧૯૭૦માં એમણે ફ્રાન્સમાં આંતરરાષ્ટ્રીય થિયેટરની સ્થાપના કરી. શેક્સપિયરનાં લગભગ બધાં જ નાટકોને મંચ આપવાનું કામ પીટર બ્રુકે કર્યું છે. ફિલ્મ નિર્માણ અને નાટ્ય દિગ્દર્શન પ્રત્યેનાં અમૂલ્ય પ્રદાન બદલ પીટર બ્રુકને ૨૦૨૧માં પદ્મશ્રી એનાયત થયો હતો.

સક્રિય ધબકતો આયામ હતી.

એક વાર પૅરિસમાં ગ્યાર ડુ નોર્ડ પાસેના એમના પોતાના નાટ્ય - ઘરની મધ્યમાં બનાવેલાં પાણીના કુંડ સાથે એમનું નાટક જોતાં, મને એવું લાગ્યું કે પીટર બ્રુક અવકાશના જાદુગર છે, તે કોઈ પણ સ્થળને મંચન-સ્થળમાં બદલી શકે છે.

એમનાં નાટકોમાં હંમેશાં સૌંદર્યલક્ષી સંપૂર્ણતા હતી, પરંતુ તેઓ હંમેશાં આપણી સમક્ષ નૈતિક મુદ્દાઓ ખુલ્લા છોડી દે છે. માનવજાતની નૈતિક મૂંઝવણો હંમેશાં, દુર્ભાગ્યવશ કદાચ અનંત છે, ત્યાં કોઈ અંતિમ સત્ય નથી અને હોઈ શકે નહીં એવું માનવું એમના દૃષ્ટિકોણને અનુરૂપ હતું.

બ્રેખ્ત વિરોધી : અન્ય થિયેટર દૂરંદેશી બર્ટોલ્ટ બ્રેખ્તથી વિપરીત તેમની ચિંતાઓ કદાચ રાજકીય કરતાં વધુ આધ્યાત્મિક હતી. રાજકારણ દ્વારા વિભક્ત કરવામાં આવી રહી હતી એવી દુનિયામાં બ્રુકે માનવસ્થિતિ વિશે નૈતિક રીતે સમાવેશક, પરંતુ અનિર્ણીત દૃષ્ટિકોણ લેવાનું પસંદ કર્યું. એમના રંગમંચની તપસીલ સ્પષ્ટપણે નૈતિક હતી અને રાજકારણ માનવીય સ્થિતિને અસર કરતું માત્ર એક પરિબળ હતું.

અમુક અર્થમાં, એમનો દૃષ્ટિકોણ દુ:ખપ્રધાન હતો. તેઓ ઘાને રૂઝવવા, મૂંઝવણોને ઉકેલવા, વિરોધાભાસોને ઓળંગવા ઇચ્છતા હતા, પરંતુ કઠોર વાસ્તવિકતા એ છે કે રંગમંચ ફક્ત પ્રયાસ અને સંઘર્ષ કરી શકે છે જે મોટા ભાગે હંમેશાં નિષ્ફળતાને વરે છે. પીટર બ્રુક, મહાભારતના વ્યાસની જેમ, બન્ને હાથ ઊંચા કરીને નિરાશામાં રડી શકે છે, 'મારું કોઈ સાંભળતું નથી.' તેમ છતાં ૯૭ વર્ષની ઉંમરે, તેઓ સંપૂર્ણ સમૃદ્ધ જીવન અને કારકિર્દી માણ્યા બાદ મૃત્યુ પામ્યા છે. એમના નિધનથી રંગભૂમિની દુનિયામાં એક ખાલી અવકાશ રચાયો છે.

લેખક, લલિત કલા અકાદમીના ભૂતપૂર્વ અધ્યક્ષ, કવિ અને વિવેચક છે. હિન્દીમાં તેમની સંપૂર્ણ રચનાઓ તાજેતરમાં પ્રકાશિત થઈ છે.

(પ્રસ્તુત લેખ 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'માંથી લેખકની અનુમતિ સાથે સાભાર.)

બા નો રેડિયો



☐ કિશોર વ્યાસ

અમારાં બા દીકરીને ત્યાં ચાતુર્માસ કરીને ઘરે આવવા તૈયાર થયાં ત્યારે દીકરીને દસ હજારનું કવર પકડાવેલું. રિટર્ન ગિફ્ટ કંઈક આપવી જોઈએ એમ માનીને જમાઈ બજારમાંથી બા માટે રેડિયો લઈ આવ્યા.

રેડિયો બાનો સદાસંગાથી. આ અગાઉ તે બે રેડિયો વાપરી ચૂકેલાં. બંને બરાડીને થાકી જઈ ખરાબ થઈ ગયેલા. એકમાં તો બે-ત્રણ સ્ટેશન સાથે હાજરી પુરાવતાં. વળી, બાને કાનનું સાવ કાચું થવા માંડેલું એટલે ફૂલ વૉલ્યૂમ સિવાય તે સાંભળવાનું ઓછું પસંદ કરતાં. આ બે-ત્રણ સ્ટેશનો એકસાથે વાગવાથી મને મળવા આવેલા એક સગા ફળિયેથી જ પાછા ફરી ગયેલા. મળ્યા ત્યારે કહે, 'અલ્યા! તારા ઘરમાં બુધવારે શી રામાયણ હતી?'

મેં મનમાં જ કહ્યું કે : બુધવારે જ નહીં, મારે તો સાતેય વાર રામાયણ હોય છે! પણ મનને કોઈ સાંભળી શકતું ન હોવાથી મારે પૂછવું પડેલું કે 'કેમ? તમને એવું શા ઉપરથી કહેવું થયું?'

'અરે, મેં તારા ફળિયે પગ દીધો ત્યારે બે-ચાર જણ મોટે-મોટેથી બૂમો પાડતા હતા. પારકા ઝઘડામાં માથું ઘાલવાની મારી આદત નહીં એટલે હું તો પાછો વળી ગયેલો.'

મેં હસીને કહ્યું, 'એ તો બાનો રેડિયો. એમાં બે-ચાર સ્ટેશન સંપીને કામ આપે છે. થોડીવાર તમે બેઠા હોત તો ભજન અને ફિલ્મ-ગીતની જુગલબંધી પણ સાંભળવા મળત!'

એ સગાને મારી વાત ગળે ઊતરી નહોતી. તેમણે મારા ઘરમાં મોટો ઝઘડો ચાલે છે એ વાતનો ઘણો પ્રચાર કરેલો.

બીજો રેડિયો બાને ઘણો વહાલો હતો. સૂતાં-સૂતાં છાતી પર એને રાખીને મોટાભાગે વગાડતાં. ભજનના બોલ છાતીથી હ્રદય સુધી તરત પહોંચે છે એમ તેઓ માનતાં હશે. આ રીતે રેડિયો વગાડતાં બાને ઊંઘ આવી ગયેલી. રેડિયોનું આ પણ એક પુણ્યકાર્ય છે કે એને સાંભળતાં ઊંઘ પણ સારી આવી જાય છે! બા સૂતાં રહ્યાં અને રેડિયો બોલતો રહ્યો. અંતે એ કંટાળ્યો હશે એટલે એમણે બાની છાતી પરથી પડતું મૂક્યું. અવાજથી બા જાગી ગયાં ને અવાજ કરવા લાગ્યાં, પણ અવાજ કરતો રેડિયો સદાને માટે મૂંગો થઈ ગયેલો!

હવે આ ત્રીજો રેડિયો હોંશે-હોંશે લઈને બા ઘરે આવી પહોંચ્યાં એટલે ઘરનાં છોકરાંઓને થયું કે ચાલો, હવે ક્રિકેટની કૉમેન્ટરી અને એફ.એમ. બૅન્ડ પર ફિલ્મી-ગીતોની ધમાચકડી મચાવીશું, પણ બાએ વીટો પાવર વાપરીને સૌને કહી દીધેલું કે આ રેડિયોમાં સમાચાર, ભજન ને લોકગીત સિવાય કંઈપણ વગાડવાનું નથી. એથી છોકરાઓ નિરાશ થઈ ગયાં. વહેલી સવારે ઊઠીને બા રેડિયો પર ભજનની રમઝટ બોલાવતાં, સાંભળીને મોડે સુધી પથારીનો ત્યાગ ન કરતાં છોકરાંઓ બાને કહેવા લાગ્યાં :'બા, રેડિયો ધીમો કરો કે બંધ કરો, નહીંતર અમારી આંખો બંધ કેમ થશે? બા રેડિયો ધીમો કરતાં ત્યારે એ અવાજ પણ અમારા કાનને વધારે પડતો લાગતો. થોડા દિવસોમાં તો અમારા ગળામાં ભજન ને લોકગીતની સરવાણી વહેવા લાગી. એલાર્મની પણ જરૂર ન રહી.

ઘરમાં કોઈ છાપાંનાં પાનાં ફરફરાવતું હોય, બાળગોપાળ તેની મનગમતી સિરિયલોમાં મશગૂલ હોય ત્યારે બા ધીરે-ધીરે ઊભાં થઈ રેડિયો પકડવા તરફની ગતિનો આરંભ કરે કે બધાનું ધ્યાન એ તરફ ખેંચાઈ જાય. પોતપોતાનામાં ગુલતાન થઈ બેઠેલા સૌ એકી અવાજે બાને કરગરવા માંડે : 'બા! હમણાં નહીં, હમણાં નહીં.'

એનું કારણ એટલું જ કે રેડિયોનો કોઈપણ કાર્યક્રમ હોય એ બધું બાને ખપે. જીરુંના પાકમાં થતી ઇયળ અંગે ખેડૂતભાઈઓને માર્ગદર્શન હોય કે અસંગઠિત કામદારોને મળવાપાત્ર વેતન સંબંધિત વાર્તાલાપ હોય. બા માથું હલાવતાં એને ધ્યાનથી સાંભળવાનો પ્રયત્ન કરે. ઘરની આજુબાજુના પડોશીઓ આ કારણે જંતુનાશકોની,

કાનજી ભુટાની જીંથરો ભાભો જેવી વાર્તાઓની સવાર પડ્યે છૂટથી વાતો કરતા. એમાં અમારાં બાના રેડિયોનો જ પ્રભાવ હતો.

આ રેડિયોનો અકલ્પનીય પ્રભાવ શેરીમાં એવો પડ્યો કે 'એ તો ઑલ ઇન્ડિયા રેડિયો છે, તમને સ્ટેશન ઝટ પકડાતું નથી, આકાશવાણીની જેમ બોલ-બોલ ના કરો' જેવા સાવ નવાનક્કોર રૂઢિપ્રયોગો શેરીમાં ફરતા થઈ ગયા. વળી, એવા પ્રયોગ વેળાએ 'આ તમારાં બાના રેડિયોના પ્રતાપે' એમ કહેવાની પણ હવે જરૂર ન રહી. એવી વાત વેળાએ એકબીજા આંખ નચાવીને, અમારા તરફ હાથ કરીને કહે એટલે પત્યું. સૌ સમજી જ જાય કે આ તો બાના રેડિયોની જ વાત.

બાને કોઈ મરણપરણના પ્રસંગે ફરજિયાત જવાનું થાય ત્યારે એની તૈયારીના એક ભાગરૂપે રેડિયોને સંભાળીને મૂકવાનો હોય. એના પાવરને પસંદ કરેલા કાગળમાં લપેટાય. કાપડની થેલીમાં રેડિયોને વીંટાળાય ને એ પછી જ મુસાફરીની બીજી બધી તૈયારીઓ થાય, પણ આ વેળાએ ઉતાવળે જવાનું બનતાં રેડિયોમાંથી પાવર કાઢવાનું તેને સ્મરણ ના રહ્યું. રેડિયો પણ બાના સ્પર્શ વિના ઘરના એક ખૂણે કોઈ યોગી સરખો પડ્યો રહ્યો. બાની સફર પણ એક જગ્યાએથી બીજી જગ્યાએ લંબાતી ગઈ. ઘરમાં ને આસપાસમાં પ્રવર્તી રહેલી શાંતિથી થાકી જઈ સૌ બા અને તેના રેડિયોને યાદ કરતા રહ્યા.

છએક માસ થયા ત્યારે તેઓ આવ્યાં. બાને રેડિયો વિના એક પળ પણ ચાલશે નહીં એમ ધારીને નાનો ભાઈ રેડિયો શોધી એને શરૂ કરવાની મથામણ કરવા લાગ્યો. રેડિયોના પાવર ભેજથી કટાઈને સજ્જડ ચોંટી ગયા હતા. ભવોભવના બંધનમાંથી એને મુક્ત કરવા ને બહાર ખેંચી કાઢવા નાનાએ હતું એટલું જોર અજમાવ્યું. હાથમાં પાવર આવી જતાં રેડિયો છટકીને કબાટમાં અફળાયો. એનો એક ખૂણો બટકી ગયો. બધા એકબીજા સામે જોઈ 'શું નવો રેડિયો લેવો પડશે?' એમ આંખોથી જ પૂછવા લાગ્યા.

રેડિયોના અવશેષને ભેગા કરવા મથતા નાનાભાઈની સામે બા ફરીને બોલ્યાં, 'હવે રહેવા દે ભાઈ! છેલ્લા બે મહિનાથી આ બીજા કાનને પણ કાંઈ સંભળાતું નથી. હવે એને કઈ રીતે સાંભળું? જોઈ લે, વાગે તો આ છોકરાંઓ ભલે વગાડતા.'

છોકરાંઓ આ સાંભળીને કૂદી ન પડ્યાં. બાના કાન ગયા એની સાથે હંમેશનો અવાજ પણ ચાલ્યો ગયો. ઘરમાં પ્રસરી રહેલી આ શાંતિ કોઈને જાણે ગમી જ નહીં. પાવરને લાગેલો કાટ ધીમે-ધીમે ઘરના સૌ સુધી ફેલાયો હોય એવું અનુભવાયું.

❑❑❑



ભારતીય દ્રવ્યગુણ વિજ્ઞાન

☐ ડૉ. ભાલચન્દ્ર હ. હાથી

આયુર્વેદના અમુક ખાસ સિદ્ધાંતો છે, તે દરેકનો આછો પણ ખ્યાલ હોય તો સ્વાસ્થ્ય માટે બહુ અનુકૂળ રહે છે. આનાથી કેટલીક ભ્રામક માન્યતાઓનું પણ નિવારણ થાય છે. આયુર્વેદ એક વ્યવસ્થિત વિજ્ઞાન છે અને તેની ભાષા સંસ્કૃત છે, કેમ કે ભારતીય વિજ્ઞાન છે. કેટલીક હાસ્યકથાઓએ સંસ્કૃત ભાષાને હાસ્યાસ્પદ બનાવી દીધી હશે, પણ તે તો કથાના રચયિતાઓ દ્વારા અજાણતાં જ થયેલું કૃત્ય હશે. એ તો જે હોય તે, પણ જે સંસ્કૃત ભાષા - સાહિત્યમાં આયુર્વેદ છે, તે આરોગ્ય માટે અદ્વિતીય અને અનુપમ છે.

આધુનિક તબીબી શાસ્ત્રમાં જેમ 'ફાર્મેકોલૉજી', (દવાઓ, તેના પ્રકારો, તેની રોગ તથા શરીર ઉપર થતી અસરો કે આડઅસરો વગેરેનું વિજ્ઞાન) છે તેમ જ દ્રવ્યગુણ વિજ્ઞાન એ આયુર્વેદની 'ફાર્મેકોલૉજી' છે.

મુખ્ય રૂપે તો દ્રવ્ય, ગુણ, અને ગુણમાં સમાવેલાં રસ, વિપાક, વીર્ય, પ્રભાવ અને કર્મ આ સાત વિષય છે. દ્રવ્યગુણશાસ્ત્રમાં તે સાતેય વિષયોનો વિચાર અને વર્ણન કરવામાં આવ્યાં છે. આ સાતેયને આયુર્વેદના મૂળભૂત સિદ્ધાંત તરીકે માન્ય ગણ્યા છે. આ સિદ્ધાંતોને સૌપ્રથમ બરાબર સમજી લેવાથી સમગ્ર દ્રવ્યગુણવિજ્ઞાન

ગ્રંથને સમજવામાં સરળતા રહે છે. આ સાતેય બાબતો ક્રમશ: આ મુજબ છે.

(૧) દ્રવ્ય:- यत्राश्रिता कर्म गुणाः कारणं समवायी यत् तद्‌द्रव्यं ।

કર્મ, ગુણો અને કારણ જેમાં અતૂટ રીતે જોડાયેલાં છે, તેને દ્રવ્ય કહે છે. અહીં 'ગુણો'માં રસ, વીર્ય, વિપાક, કર્મ અને પ્રભાવનો પણ સમાવેશ થઈ જાય છે.

દ્રવ્યના બે પ્રકાર છે : (૧) કારણદ્રવ્ય, (૨) કાર્યદ્રવ્ય.

(૧) કારણદ્રવ્ય - खादिनि आत्मा मन कालो दिश्च द्रव्य संग्रह । આકાશ, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આત્મા, મન, કાળ અને દિશા. આ નવને આખી સૃષ્ટિનાં મૂળદ્રવ્યો - કારણદ્રવ્ય માન્યાં છે. એટલે કે સમગ્ર સૃષ્ટિ આ નવ દ્રવ્યોના સંયોગથી બની છે. પૃથ્વી વગેરે નવ દ્રવ્યોથી 'ચેતનસૃષ્ટિ' તથા આત્મા અને મન સિવાયનાં સાત દ્રવ્યો 'અચેતન સૃષ્ટિ' બનાવનારાં છે.

(૨) કાર્યદ્રવ્ય - કાર્યદ્રવ્યના બે પ્રકાર છે: ૧. ચેતન ૨. અચેતન. ચેતનદ્રવ્યના પણ બે પ્રકાર છે : ૧. બહિરન્તશ્ચેતન - જેમ કે મનુષ્ય, પશુ વગેરે તથા

૨. અન્તશ્ચેતન - જેમ કે વૃક્ષ. ચેતનદ્રવ્યના જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌ભિજ્જ. આ ચાર ભેદ માનવામાં આવ્યા છે, જે જીવિત છે. અચેતનદ્રવ્યના સોનું, ચાંદી વગેરે અનેક પ્રકાર છે, તો પણ તેમાં અચેતનતત્ત્વરૂપ સામાન્ય હોવાથી તેનો એક જ પ્રકાર માન્યો છે અને શાસ્ત્રમાં તેને 'પાર્થિવ (ભૌમ) દ્રવ્ય' નામથી લેવામાં આવે છે.

ચેતન અને અને અચેતન પ્રકારનાં બધાં જ દ્રવ્યોનો રોગની ચિકિત્સામાં પથ્યાહાર અને ઔષધ તરીકે ઉપયોગ થાય છે. ચેતનદ્રવ્ય પૃથ્વી વગેરે નવ કારણથી બને છે અને અચેતન દ્રવ્ય તે નવ કારણોમાંથી આત્મા અને મન સિવાયનાં સાત કારણોથી બને છે. ચિકિત્સાકાર્ય માટે તેનો નિર્જીવાવસ્થામાં જ ઉપયોગ કરવામાં આવે છે. આ સ્થિતિમાં આત્મા અને મન તો તેમાં હોતાં નથી, કારણ કે તે નિર્જીવ હોય છે અને કાળ તથા દિશા કાર્યદ્રવ્યની ઉત્પત્તિમાં સમવાયી કારણ (ઉપાદાનકારણ) નથી, પણ નિમિત્તકારણ છે. તેથી દ્રવ્યગુણશાસ્ત્રમાં જણાવેલાં બાકીનાં પૃથ્વી વગેરે બધાં જ દ્રવ્યો પંચભૂતોથી બનતાં હોવાથી 'પાંચભૌતિક' ગણવામાં આવે છે. દ્રવ્યગુણશાસ્ત્રમાં 'દ્રવ્ય' શબ્દનો અર્થ 'આહાર અને ઔષધના સ્વરૂપે ઉપયોગમાં આવતાં નિર્જીવ પાંચભૌતિક ‘કાર્યદ્રવ્ય' એમ થાય છે. કાર્યદ્રવ્ય તરીકે પ્રસિદ્ધ, સ્થૂળ, જળ, અગ્નિ અને વાયુ પણ પંચીકૃત એટલે પંચમહાભૂતોથી ઉત્પન્ન પાંચભૌતિક દ્રવ્ય જ છે. અને તેથી આયુર્વેદમાં તેનાં પણ ગુણ - કર્મ દર્શાવ્યાં છે. આ સાતમાંથી દ્રવ્યને મુખ્ય ગણ્યું છે. બાકીનાં છ દ્રવ્યને આશ્રિત હોય છે, તે સ્વતંત્ર નથી. દાખલા તરીકે 'આમળું' દ્રવ્ય છે, (દશ્યમાન છે) તે જોવાથી ખબર પડે છે, પણ તેનો

સ્વાદ, ગુણ, કર્મ, વિપાક, વીર્ય અને પ્રભાવ દેખાતાં નથી, પણ તેને અજમાવવાથી ખબર પડે છે, તેથી તે છએ દ્રવ્યને આશ્રિત છે.

(૨) ગુણ - ગુરુ વગેરે ગુણો પણ દ્રવ્યના આશ્રિત હોય છે, તે નિષ્ક્રિય હોવાથી તે કાર્ય નથી કરી શકતા, તે સાધનરૂપે હોય છે, જેમ હથિયાર નિષ્ક્રિય હોય છે, પણ તે સાધન તરીકે કામ આપે છે, પણ કારીગર જ કર્તા છે. તેથી હથિયાર અપ્રધાન કે ગૌણ છે ને તેથી જ (ગૌણ હોવાથી) તેને 'ગુણ' કહેવાય છે (क्रियाहीनत्वेन् कर्तृत्वाभावादप्राधान्येन गौणत्वाच्च तस्य 'गुण' ईति संज्ञा). આયુર્વેદમાં શબ્દ વગેરે પાંચ ગુણ દરેક મહાભૂતના વિશેષ ગુણો હોવાથી તેને વૈશેષિક ગુણ અને ગુરુ વગેરે વીસ ગુણોને શારીરગુણ કહે છે, કારણ કે તેને શરીર અને શરીર ઉપર વપરાતાં દ્રવ્યો સાથે વિશેષ સંબંધ છે. બુદ્ધિ, ઇચ્છા, દ્વેષ, સુખ, દુ:ખ અને પ્રયત્ન - આ છ ગુણો આત્માના ગુણો હોવાથી તેને આત્મગુણ કહે છે અને શરીર, મહાભૂત તથા શારીરેત્તર બધા માટે સામાન્ય હોવાથી તેને સામાન્ય ગુણ કહે છે. દ્રવ્યગુણવિજ્ઞાનમાં ૪૧ ગુણોમાંથી ગુરુ વગેરે વીસ શારીરિક ગુણોનું જ વર્ણન આવે છે.

(૩) રસ - અવિરત રીતે શરીરમાં ગતિ કરે છે તેને આયુર્વેદમાં રસ કહ્યો છે. આથી તે સાત ધાતુઓની અંદરની રસધાતુમાં લીન કરી દે છે, જે આખા શરીરમાં તરત જ ફેલાઈ જાય છે તે રસ કહેવાય છે. તે ધ્યાનમાં લેતાં સ્વરસ વગેરે કલ્પોમાં તથા ('यो रस्यते आस्वाद्यते रसनेन' स रसः) જે જિહ્વા - ઇન્દ્રિયથી ગ્રહણ કરવામાં આવે છે તે 'રસ' કહેવાય છે. આ નિરુક્તિથી મધુરાદિ એ છ રસોમાં ગણવામાં આવે છે. 'રસ'ની નિરુક્તિ ધ્યાને લેતાં દ્રવ્યગુણાધિકારમાં 'રસ' શબ્દ મધુરાદિ છ રસોના અર્થમાં જ માનવામાં આવે છે. રસનું લક્ષણ આમ આપવામાં આવ્યું છે.

આયુર્વેદશાસ્ત્ર અનુસાર બધાં જ દ્રવ્યો પાંચભૌતિક હોવાથી કોઈ પણ દ્રવ્ય એક જ રસવાળું નથી હોતું, પણ તે 'ષડ્રસ' હોય છે, તો પણ તેનો જે રસ વ્યક્ત થાય છે તે પ્રધાન રસથી જ, આ દ્રવ્યને મધુર છે કે અમ્લ છે વગેરેથી ઓળખાય છે. આયુર્વેદશાસ્ત્રમાં દ્રવ્યોના ગુણ, આ મધુર છે કે અમ્લ છે વગેરે રસ બતાવ્યો છે, ત્યાં માત્ર આ મધુર છે કે આ અમ્લ છે એવો અર્થ ન લેવો જોઈએ, પરંતુ મધુરાદિ રસોનાં જે ગુણકર્મો બતાવ્યાં છે તે ઓછાં કે વધતાં પ્રમાણમાં તેમાં છે અને એટલું જ નહીં, પણ મધુર વગેરેના જ વિપાક અને વીર્ય પણ રસને અનુકૂળ હોય તો તેમાં ઘણું કરીને હાજર હોય છે એવા વ્યાપક અર્થમાં જોવું જોઈએ.

(૪) વિપાક - ખાવામાં આવેલાં દ્રવ્યોના બે પ્રકારના પાક થાય છે: (૧) 'અવસ્થાપાક' અને (૨) 'નિષ્ઠાપાક'. તેમાં નિષ્ઠાપાકને વિપાક કહે છે. અવસ્થાપાક કરતાં જે વિશિષ્ટપાક છે તેને 'વિપાક'

કહે છે. પાક એ પાચનક્રિયાને સૂચવે છે, પણ 'વિપાક' એ આહારના અંતિમ પાક વખતે રસ ધાતુમાં ઉત્પન્ન થતા (ગૌરવ કે લાઘવયુક્ત) મધુર, અમ્લ કે કટુ, આ ત્રણે રસોમાં લાક્ષણિક છે. મોઢાથી લઈને મોટા આંતરડા સુધીના મહાસ્રોતસમાં તે તે સ્થાનમાં મળતાં, મધુર, અમ્લ અને કટુ રસવાળાં દ્રવ્યો, પ્રાણ અને સમાન વાયુ અને શરીરની ગરમીથી મહાસ્રોતસનાં જુદાં-જુદાં સ્થાનોમાં જે આહારપાક થાય છે તેને 'અવસ્થાપાક' કહે છે. તેને 'આહારપાક' કે 'જઠરાગ્નિપાક' પણ કહેવાય છે. અવસ્થાપાકની પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ અવસ્થા હોય છે. છ રસવાળું દ્રવ્ય પ્રથમ પાકમાં મધુર, દ્વિતીય પાકમાં અમ્લ અને તૃતીય પાકમાં કટુ હોય છે. આ ત્રણેય અવસ્થાપાકમાં ક્રમશ: મળરૂપ - કફ, પિત્ત, વાત, મૂત્ર અને પુરીષની ઉત્પત્તિ થાય છે. આ ત્રણે અવસ્થાપાકોના અંતમાં જ્યારે આહારપ્રસાદરૂપ રસ ધાતુની ઉત્પત્તિ થાય છે અને 'ધાત્વગ્નિપાક' થાય છે, ત્યારે મધુર અને લવણ રસનો મધુર, અમ્લ રસનો અમ્લ અને કટુ, તિક્ત અને કષાય રસનો કટુ વિપાક થાય છે. મધુર વિપાકથી કફ, અમ્લ વિપાકથી પિત્ત અને કટુ વિપાકથી વાયુની ઉત્પત્તિ થાય છે. આ પ્રસાદભૂત વાત, પિત્ત અને કફ સૂક્ષ્મ રૂપે ધાતુમાં તેમ જ શરીરમાં રહીને પોતપોતાનાં કાર્યો કરે છે. ધાત્વગ્નિપાકમાં પણ રસના કીટાંશ રૂપે કફની અને રક્તના કીટાંશ રૂપે પિત્તની ઉત્પત્તિ થાય છે. અવસ્થાપાક પ્રત્યક્ષ હોય છે, જ્યારે વિપાક તેનું ફળ જોઈને અનુમાન કરવામાં આવે છે.

(૫) વીર્ય અને પ્રભાવ - દ્રવ્ય જે શક્તિથી કાર્ય કરે છે તે શક્તિને વીર્ય કહે છે. આ અર્થને ધ્યાનમાં રાખીને મહર્ષિ ચરકે દ્રવ્યોના પાંચભૌતિક સંગઠન, રસ, વિપાક અને ગુર્વાદિ ગુણ, આ બધાની ક્રિયા કરવાની જે શક્તિ છે તેને વીર્ય (શક્તિ) કહે છે. તે શક્તિ બે પ્રકારની છે : ૧. 'ચિન્ત્ય' અને 'અચિન્ત્ય'. ચિન્ત્ય શક્તિને 'વીર્ય' અને અચિન્ત્યશક્તિને 'પ્રભાવ' કહે છે. દ્રવ્યોમાં પૃથ્વ્યાદિ મહાભૂતોનો અતિશય સાર ભાગ, જેમાં ક્રિયા કરવાની શક્તિ હોય, પાંચભૌતિક સંગઠન રૂપે હોય, રસ રૂપ હોય, વિપાક રૂપે હોય કે ગુરુ વગેરે ઉત્કૃષ્ટ શક્તિસંપન્ન ગુણો તરીકે હોય, તેને 'વીર્ય' કહે છે. રસાદિમાં 'વીર્ય' શબ્દ પ્રયોગધર્મ (શક્તિ) અને ધર્મી એમ અભેદ રૂપે થાય છે. તેથી દ્રવ્યમાં રહેતો જે ક્રિયાજનસમર્થ સાર ભાગ જેને આધુનિક વૈજ્ઞાનિકોએ 'ઍક્ટિવ પ્રિન્સિપલ' નામ આપ્યું છે તેને જ 'વીર્ય' કહેવું જોઈએ. આયુર્વેદમાં દ્રવ્યોની શરીર ઉપર જે ક્રિયા થાય છે તેની ઉત્પત્તિ, તેનાં પંચભૂતાત્મક સંગઠન, રસ, ગુણ, વીર્ય, વિપાક અને પ્રભાવથી જ કરવી જોઈએ. આયુર્વેદમાં વીર્યને શક્તિરૂપ, ઉત્કૃષ્ટ શક્તિસંપન્ન ગુણ રૂપ કે કર્મલક્ષણ એમ ત્રણ અભિપ્રાય છે, તો પણ દ્રવ્યોના માટે તો શીત, ઉષ્ણ વગેરે પારિભાષિક શબ્દો

જ વપરાય છે. સુશ્રુતે 'પ્રભાવ' નામના પદાર્થનો 'પ્રભાવ' તરીકે ઉલ્લેખ કર્યો નથી, પણ 'અમીમાંસ્ય' અને 'અચિન્ત્ય ભેષજ' અને નાગાર્જુને 'અચિન્ત્ય વીર્ય' કહ્યા છે, જે પ્રભાવ જ છે.

(૬) કર્મ - કર્મનો શબ્દપ્રયોગ દ્રવ્યગુણવિજ્ઞાનની પરિભાષામાં આ રીતે કર્યો છે. 'દ્રવ્યોથી શરીર પર થતી વમન-વિરેચન વગેરે ક્રિયા એટલે કર્મ.' તેમાં બૃહણ, લેખન, રસાયન વગેરેને ઔષધકર્મ માન્યાં છે. પ્રાચીનકાળમાં દ્રવ્યગુણવિજ્ઞાન એક જીવંત શાસ્ત્ર હતું, તેમાં વખતોવખત બહુ લાંબા સમયનાં પરિશ્રમ, સંશોધન અને અનુભવથી આધારભૂત સિદ્ધાંતો પ્રસ્થાપિત કર્યા હતા. કોઈ પણ નવું દ્રવ્ય તેમની સમક્ષ આવે તેને પોતાના સિદ્ધાંત અનુસાર મનુષ્ય શરીર ઉપર તેનું પરીક્ષણ કરીને તેના પાંચભૌતિક સંગઠન રસ, વીર્ય, વિપાક, પ્રભાવ અને કર્મ નિશ્ચિત કરતા હતા અને તે સિદ્ધ થયા બાદ જ તે દ્રવ્યને ગ્રંથોમાં સ્થાન દેવાતું હતું. આખી તેની સંશોધનપદ્ધતિ હતી, પરંતુ આજે આ શાસ્ત્રને સુષુપ્ત કરી દેવામાં આવ્યું છે. કોઈ પણ ઉપયોગી દ્રવ્ય, નવું હોય તેને ઋષિપ્રણિત પદ્ધતિથી પૂરેપૂરું ચકાસીને તેને દ્રવ્યગુણના ગ્રંથમાં આજે મૂકવામાં આવતું નથી કે એવો પ્રયાસ પણ કરવામાં આવતો નથી. તેથી નવીન દ્રવ્યોને પણ પુરાણી ભારતીય પદ્ધતિથી પરીક્ષણ કરી લેવાં અને તેનાં પરિણામોની સત્યાસત્યતા મુજબ તેને દ્રવ્યગુણશાસ્ત્રમાં યોગ્ય રૂપે મૂકવાં જોઈએ અને તે શાસ્ત્રને અદ્યતન બનાવવું જોઈએ.

જ્ઞાન માટે ત્રણ પદ્ધતિઓ ગણી છે.

(૧) પ્રત્યક્ષ - જે શરીરની ઇન્દ્રિયોથી પ્રત્યક્ષ જ્ઞાન કરવામાં આવે તે 'પ્રત્યક્ષ પ્રમાણ'.

(૨) અનુમાન - અગાઉના અનુભવથી જે જ્ઞાન નક્કી કરવામાં આવે તે 'અનુમાન પ્રમાણ'.

(૩) આપ્તોપદેશ - ગુરુ, તજ્જ્ઞ કે રેફરન્સ બુકના આદેશથી થતું જ્ઞાન તે 'આપ્તપ્રમાણ'. આ પરિભાષા દ્રવ્યગુણવિજ્ઞાનમાં ધ્યાનમાં લેવાથી, તે સરળ બને છે.

આયુર્વેદમાં જે દવાઓ બને છે તેનો આધાર પણ દ્રવ્યગુણવિજ્ઞાન છે. દ્રવ્યો બધાં ષડ્‌રસ અને પાંચભૌતિક હોવાથી ક્રૂડ ફોર્મમાં હોય છે, જેથી રોગોપચારમાં પણ તે સર્વનો યોગ્ય ઉપયોગ થઈ શકે. જ્યાં ઉષ્ણ અને તાજાં જ દ્રવ્યોની જરૂર હોય ત્યાં તરતનો બનાવેલો ક્વાથ વપરાય છે. આસવ અને અરિષ્ટ 'ફર્મેન્ટેડ' હોવાથી લાંબો સમય સાચવી શકાય છે. એવી રીતે અન્ય ઔષધોની કલ્પનાઓનું પણ છે, પરંતુ તેમાં વપરાતાં દ્રવ્યો પૂરતાં સત્ત્વશીલ અને ગુણયુક્ત હોવાં અત્યંત જરૂરી છે.

દ્રવ્યગુણવિજ્ઞાનમાં જે વિગતો આપી છે, તેનો તો આ પરિચય જ માત્ર છે. બાકી સાતેય બાબતો એટલી વિશાળ છે કે તે દરેકના અલગ-અલગ પ્રકરણ થાય.

❑❑❑



નિરંજનાબહેન કલાર્થી : એક મુલાકાત

□ આરાધના ભટ્ટ

સાંપ્રત ગુજરાતને અને ભારતને સાંપડેલાં નારીરત્નો પૈકી એક આદરપાત્ર અને અગ્રણી વ્યક્તિત્વ તે બારડોલી સ્વરાજ આશ્રમનાં સંચાલક અને ૨૦૨૨માં ભારતના રાષ્ટ્રપતિ દ્વારા નારીશક્તિ ઍવૉર્ડથી સન્માનિત નિરંજનાબહેન કલાર્થી. આ ઍવૉર્ડ એમને અંતરિયાળ વિસ્તારમાં મહિલા શિક્ષણની એમની આજીવન પ્રવૃત્તિ બદલ એનાયત થયો. નિરંજનાબહેનની જન્મભૂમિ અને કર્મભૂમિ આ આશ્રમ છે. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ સ્થાપિત આ આશ્રમ પહેલાં પચાસ વર્ષ સુધી સરદારના સાથી અને નિરંજનાબહેનના પિતા ઉત્તમચંદભાઈ શાહે સંભાળ્યો અને પછી આશ્રમનું રખોપું એમનાં સૌથી નાનાં સંતાન નિરંજનાબહેન કરી રહ્યાં છે. 'નાની'ના પ્રેમાદારભર્યા નામે સમગ્ર બારડોલી પંથકમાં ઓળખાતાં નિરંજનાબહેન આપણા ઉત્તમ સાહિત્યકાર મુકુલભાઈ કલાર્થીનાં પત્ની છે. આજે ૮૩ વર્ષની વયે એમની ઊર્જા, જીવંતતા અને કર્મશીલતા સૌ કોઈને પ્રેરે એવાં છે. આ સંવાદમાં તેઓ આશ્રમનો ઇતિહાસ, સરદારસાહેબ સાથેનાં સંસ્મરણો અને પતિ મુકુલભાઈના વ્યક્તિત્વ અને કર્તૃત્વ વિષે માંડીને વાતો કરે છે.

-આ.ભ.

પ્રશ્ન : ભારતના રાષ્ટ્રપતિએ ૨૦૨૨ના વર્ષનો નારીશક્તિ ઍવૉર્ડ આપને અર્પણ કર્યો એ બદલ આનંદ વ્યક્ત કરું છું અને આપને અભિનંદન આપું છું. આ સન્માન બદલ આપનો પ્રતિભાવ જાણવો છે.

આ સન્માનની કોઈ પૂર્વ જાહેરાત પણ નહોતી કરી, કોઈ ફૉર્મ નહોતું ભરાવ્યું અને સીધી જ અમને ચૌદ બહેનોને ખૂણે-ખૂણેથી બોલાવવામાં આવી. મને એ વખતે એક જ લાગણી થઈ કે દક્ષિણ ગુજરાતમાં અનેક લોકો પ્રસિદ્ધિથી દૂર, અંદરના પ્રદેશમાં બેઠા છે. એ લોકો કોઈ દિવસ બહાર આવતા નથી, સેવાની વાત કરતા નથી, પણ એમની એક સુગંધ પ્રસરેલી છે. એટલે મને મનમાં એવું થયું કે અનેક લોકો જે પ્રસિદ્ધિથી દૂર રહીને કામ કરે છે એમનું પ્રતિનિધિત્વ કરવાનું પ્રભુએ મને આપ્યું છે. એવા નમ્ર વિચાર લઈને હું ત્યાં ગઈ અને મને અમારે ત્યાં ભણી ગયેલી આદિવાસી દીકરીઓનું પણ સ્મરણ થયું. એ લોકોનું પણ હું પ્રતિનિધિત્વ કરું છું એવો એક ભાવ લઈને હું રાષ્ટ્રપતિ પાસે ગઈ.

પ્રશ્ન : સ્વરાજ આશ્રમ બારડોલીની સ્થાપના સરદાર પટેલે કયા સંજોગોમાં અને કયા લક્ષ્ય સાથે કરેલી એની વાત અમને કરો. વળી બારડોલીથી જ વલ્લભભાઈ પટેલને સરદારનું બિરુદ પણ મળેલું. આ આશ્રમ આપની જન્મભૂમિ પણ છે અને કર્મભૂમિ પણ



બન્યો છે.

અહીંના ખેડૂતોએ ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના પહેલા સત્યાગ્રહમાં ભાગ લીધેલો, ત્યાર પછી એમને એમ થયું કે અચાનક આ અંગ્રેજ સરકારે આટલો બધો કર નાખી દીધો છે તો લાવોને આપણે ગાંધીજી પાસે જઈએ, તો પાંચ ખેડૂતો બાપુ પાસે ગયા અને એમણે એવું કહ્યું કે બાપુ આપ અમારે ત્યાં સત્યાગ્રહ કરવા ચાલો, કારણ કે અંગ્રેજ સરકારે આ બહુ મોટો અન્યાય કર્યો છે. એટલે બાપુએ કહ્યું કે મેં હમણાં જ સાબરમતી આશ્રમ ઊભો કર્યો છે એટલે મારા મિત્ર જે અમદાવાદમાં પ્રૅક્ટિસ કરે છે એ વલ્લભભાઈ પટેલને તમે લઈ જાઓ. એ લોકો સીધા વલ્લભભાઈ પાસે ગયા અને એ ધીકતી પ્રૅક્ટિસ છોડીને આવ્યા. એમણે દક્ષિણ ગુજરાતમાં આવીને બધાં થાણાંમાં તપાસ કરી અને એ વખતે બારડોલીનું એક થાણું એવું કે એમાં એક પણ ખૂનકેસ નહીં. એટલે એમણે બારડોલી પસંદ કર્યું, કેમ કે આ સત્યાગ્રહ અહિંસાથી કરવાનો હતો. સવિનય કાનૂનભંગનો સત્યાગ્રહ કરવા જતાં એમણે ચૌરીચૌરાનો હિંસક બનાવ જોયેલો એટલે આ સત્યાગ્રહ અહિંસક હોવો જોઈએ અને એ કરવા માટે એમણે બારડોલીની અહિંસક ભૂમિ પસંદ કરી. એ રીતે બારડોલી એ અહિંસાની પ્રયોગભૂમિ તરીકે પસંદ થયું. આ સત્યાગ્રહ માર્ચ મહિનાથી શરૂ થયો તે છ મહિના, એટલે કે ઑગસ્ટ સુધી ચાલ્યો. એ છ મહિનામાં એમના અદ્‌ભુત નેતૃત્વનું દર્શન થયું. એમણે કહ્યું કે ચાલો ખેડૂતમિત્રો આપણે સત્યાગ્રહ શરૂ કરીએ અને એ શરૂ કરતાં એમણે એક મોટી શરત મૂકી, જે અત્યારે પણ આ પ્રદેશની બહેનોને અને ભાઈઓને બહુ જ કામ લાગે છે. એમાં નારી સશક્તીકરણનું અદ્‌ભુત



શાળાના બાળકો સાથે ધ્વજવંદન સમારોહ

કામ સરદાર વલ્લભભાઈ પટેલે કર્યું. સત્યાગ્રહ માટે પહેલી મિટિંગ જ્યારે કરી ત્યારે એમાં એમણે એવું કહ્યું કે તમે એકલા ભાઈઓ આવ્યા છો એ ન ચાલે, તમે બહેનોને પણ લાવો. પછી બહેનોએ પણ એ સત્યાગ્રહમાં ભાગ લીધો અને સ્ત્રી સશક્તીકરણનું અદ્‌ભુત ઉદાહરણ પૂરું પડ્યું. એ બધી અભણ બહેનો, કોઈ વખત બહાર ન આવી હોય એવી બહેનો, એમણે એમાં બહુ જ સુંદર કામ કર્યું. બારડોલી પાસેના એક ગામમાં સત્યાગ્રહને ચાર મહિના થયા પછી એક મિટિંગ કરી. એમાં એક અભણ બહેન ઊભાં થયાં. એમનું નામ હતું ભીખીબહેન. એ ભીખીબહેને કહ્યું કે વલ્લભભાઈ, આજથી અમે તમને વલ્લભભાઈ નથી કહેવાનાં, આજથી અમે તમને સરદાર કહીશું. એટલે એક બહેને આ સત્યાગ્રહમાં એમને સરદાર નામ આપ્યું, જે પછી જગતમાં પ્રસિદ્ધ થયું અને આ સત્યાગ્રહ એવો સફળ થયો કે ભારતના બીજા પ્રદેશોના લોકોમાં એક આત્મવિશ્વાસ ઊભો થયો. એમને વિશ્વાસ આવ્યો કે અહિંસાના માર્ગે પણ આપણે લડી શકીશું. એ બહેનો અને ભાઈઓએ એક નારો ઊભો કર્યો 'બારડોલી ઇઝ ઇન્ડિયા'. આ આખી બિના આપણને સૌને ગૌરવ આપે એવી હતી. આ વાત કરતાં આજે પણ મને ગૌરવ થાય છે કે વલ્લભ જન્મ્યો નડિયાદમાં, પણ સરદાર જન્મ્યો બારડોલીમાં. એ ભૂમિ પર આજે આ વાત તમારી સાથે કરવાનો અત્યંત આનંદ છે.

પ્રશ્ન : નિરંજનાબહેન, આપના પિતા ઉત્તમચંદભાઈ શાહ, સરદારના નિકટના

સાથી હતા. આથી આપે સરદારને નિકટથી જોયેલા અને જાણેલા. એમની સાથેનાં કોઈક અંગત સંસ્મરણો પણ હશે. એમની બાળકોની વાનરસેનામાં આપ પણ સામેલ હતાં. બાળકો પ્રત્યેનો એમનો ભાવ કેવો હતો, એ પણ કહો.

આ સત્યાગ્રહમાં મારા પિતાજીએ બહુ મોટો ભાગ લીધો હતો. પૈતૃક સંપત્તિ એમણે છોડી દીધી, કુટુંબનો વિરોધ વહોરી લીધો અને આ સત્યાગ્રહમાં આવી ગયા. એ સીધા મહાત્મા ગાંધી પાસે ગયા અને પ્રણામ કરીને કહ્યું કે બાપુ, મારે તમારી સાથે આ આઝાદીના જંગમાં જોડાઈ જવું છે. એ જોડાયા તો જોડાયા, પણ મારી મા સંતોકબહેન શાહ પણ એમાં જોડાઈ ગયાં. એટલે એ બંને આઝાદીના સૈનિકો અને એમને ત્યાં ૧૯૩૯માં મને જન્મવાનું મળ્યું, એ મારું પરમ સદ્‌ભાગ્ય છે. આ સત્યાગ્રહમાં બાપુએ પસંદ કરીને સરદાર વલ્લભભાઈને કહેવડાવ્યું કે આ ઉત્તમચંદ શાહ છે, એમનો ભાષા પરનો કાબૂ બહુ સારો છે, તેથી એ પ્રકાશન સમિતિમાં બહુ કામ લાગશે. એટલે મારા ત્યાગમૂર્તિ પિતાજી બધું જ ત્યાગીને બે જોડ ખાદીનાં કપડાં લઈને અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠમાં સ્નાતક થવા ગયા. બાપુએ એમને પ્રેરણા આપી અને કહ્યું કે પહેલા સ્નાતક થઈ જા અને પછી એ સત્યાગ્રહમાં જોડાયા. એમણે દેશ માટે આ સમર્પણ કર્યું એટલે મને પણ એક સરસ લાભ મળ્યો. શું લાભ મળ્યો? તો સાદાઈથી કેમ જિવાય, ત્યાગ કેમ કરાય અને કોઈ પણ પ્રસિદ્ધિની ખેવના વગર આપણે મહાત્મા ગાંધી અને વલ્લભભાઈ પટેલ સાથે કેવી રીતે જઈ શકીએ? હું મારા પિતાજીનું સૌથી નાનું સંતાન એટલે મારું નામ નાની. પિતાજી

ગાંધી મેળો સંમેલન





પર્યાવરણ હિતકારક ગણેશ ચતુર્થીની ઉજવણી

મને કહે કે નાની, જો સરદારસાહેબ આવ્યા છે, તેથી હું દોડતી-દોડતી જાઉં. સરદારસાહેબ અમને કહે કે જુઓ, બાપુ આવવાના છે, એ પગમાં ખડાઉ પહેરે છે. ખડાઉ એટલે જેને આપણે પાવડી કહીએ. તો એમના પગે કાંકરા વાગે, તમે સફાઈ કરી નાખો, બાપુને સ્વચ્છતા બહુ ગમે છે. એ તો અમે મોટાં થઈને સાંભળ્યું કે સરદાર તો લોખંડી પુરુષ. અમને તો એ નાસ્તો તો કરાવે, પણ અમારી પાસે નવાં ફૂલ-છોડ રોપાવે. પછી એને ફૂલ આવ્યું કે નહીં એવી વાતો એ વ્યસ્ત હોય તો પણ અમારી સાથે કરે. એટલે છોડ તો રોપાવે, બાગવાની કરાવવાની સાથે, સ્વચ્છતાની સાથે એમણે અમારામાં એ પણ રોપ્યું કે આપણે કેવા સારા માણસ થઈ શકીએ. એટલે અમને નાનાં બાળકોને સરદાર મા જેવા લાગતા. અમારી મા બાજુમાં ઊભેલી હોય તો પણ અમને પ્રેમથી બાજુએ લઈને, માથે હાથ ફેરવીને સરસ કામ કેવી રીતે કરાય એ એમણે અમને શિખવાડેલું. એટલે સરદારસાહેબની સ્મૃતિ આ બાગમાં અમારી સાથે ઊગી ગઈ છે અને અત્યારે પણ એમનાં રોપેલાં વૃક્ષો અને એ વૃક્ષોની સાથે એમની સ્મૃતિ અમારી સાથે ઊભેલી છે. તમારી સાથે વાત કરતાં પણ એમની સ્મૃતિનો બગીચો મારા મનમાં ખીલેલો છે. એટલે સરદારસાહેબ વજ્રાદપિ કઠોરાણી, મૃદુનિ કુસુમાદપિ. એ મારે માટે તો કઠોર નથી, પણ આનંદમય જીવન કેમ જિવાય તે શિખવાડેલું, એવા સરદાર મારી સ્મૃતિમાં અકબંધ છે.

પ્રશ્ન : કન્યા કેળવણીનું આપનું કાર્ય, એ આપને મળેલા આ નારીશક્તિ સન્માનનું નિમિત્ત છે. આશ્રમમાં અનેક રચનાત્મક કાર્યક્રમો ચાલે છે એ પૈકી કન્યા કેળવણી વિષે પહેલા વાત કરીએ. આશ્રમમાં જે શિક્ષણ આપવામાં આવે



માર્ચમાં એન.એસ.એસ. વિદ્યાર્થીઓ સાથે

છે એનાથી બહેનોનાં જીવન કેટલી હદે બદલાયેલાં આપ જોઈ શકો છો?

મારે પાછું થોડું ઇતિહાસમાં જવું પડશે. અમને એવા શિક્ષણમાં પળોટ્યાં અને જુગતરામ દવે જે મહાન કેળવણીકાર, નયી તાલીમને જીવી બતાવનાર. સણોસરામાં અત્યારે જે સંસ્થા ઊભેલી છે એના નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોલી 'દર્શક' એ બધાએ એક વિચાર અમારામાં રોપ્યો. અમે જ્યારે સ્નાતક થવા ગૂજરાત વિદ્યાપીઠમાં ગયાં ત્યારે એ ત્રણ વર્ષમાં પહેલા છ મહિના અમને ભણાવ્યાં નહીં, પણ ગામડે-ગામડે ફેરવ્યાં. પગપાળા ગામડે-ગામડે ફેરવી એ લોકોએ મને એ દર્શન કરાવ્યું અને મેં એ જોયું કે આ અંતરિયાળ વિસ્તારોમાં કન્યા કેળવણી કેટલી ઓછી છે. હું એ પણ કહેવા માગું છું કે દક્ષિણ ગુજરાતની પૂર્વ પટ્ટીમાં કેવી આદિવાસી પ્રજા વસેલી છે. વચ્ચે એ પણ યાદ કરી લઉં કે સરદારસાહેબ શું વાત કરતા. એ કહેતા કે ગરીબોની સેવા એ જ પ્રભુસેવા છે. એટલે એ બધું જોતાં-જોતાં મેં નક્કી કર્યું કે ખૂણામાં બેસીને પેલું સર્વોદયનું પુસ્તક રસ્કિનનું 'અન ટુ ધિસ લાસ્ટ', છેક છેવાડાના માણસ સુધી આપણે જઈએ અને એમાંય જેના હાથમાં પારણું છે, જે પારણું ઝુલાવે છે, એક આખી પેઢીને તૈયાર કરનાર સ્ત્રી કેવી દશામાં છે! તો ચાલોને આપણે એ દીકરીઓને અહીં લઈ આવીએ અને એમને શિક્ષિત કરીએ અને એ રીતે અજ્ઞાનતામાં આપણે પણ એક દીવો જલાવીએ. દીપ સે દીપ જલે, એ વાત મનમાં સ્પષ્ટ થઈ અને પછી ૧૯૬૬માં મેં એમાં કૂદી પડવાનું નક્કી કર્યું. એટલે હું બી.એડ. થઈ એટલે સીધી અહીં સ્વરાજ આશ્રમ, બારડોલીમાં આવી અને એમાં મને જે ત્રણ જણે સૌથી વધુ સાથ આપ્યો એ ત્રણ જણાનાં

નામ અત્યારે પણ મોઢે છે. એક તો પૂજ્ય શ્રી મોટા-હરિઓમ્ આશ્રમ, બીજા સવાયા ગુજરાતી કાકાસાહેબ કાલેલકર અને મારું આખું કુટુંબ એટલે કે જે આશ્રમમાં હું મોટી થઈ ત્યાંના બધાએ મને ભેગા થઈને કહ્યું કે જરૂર તું આ કર અને સાવ અંદરના પ્રદેશોમાંથી, જ્યાં કોઈ સગવડ નથી, અત્યારે પણ એ દીકરી ટ્રેનમાં નથી બેઠી, એણે સમુદ્ર નથી જોયો, એણે દુનિયા નથી જોઈ એવી દીકરીઓને શિક્ષણ આપવાનું કામ શરૂ કર્યું. આ વાત આજે હું છ હજાર છોકરીઓને ભણાવ્યા પછી પણ કહી શકું છું. હું તો એમ પણ કહું છું કે અમે સુરતથી ૩૫ કિલોમીટર દૂર છીએ, પણ એણે સુરત નથી જોયું, એવી દીકરીઓને બારડોલી લઈ આવું અને અમે બધાં ભેગાં થઈને એમને ભણાવીએ, એમને તૈયાર કરીએ અને એમનામાં આત્મવિશ્વાસ આવી જાય એવું કરીએ. મારે જે નવી પેઢી આવે એને માટે આ દીકરીઓને તૈયાર કરાવી છે. મેં આ વાક્ય રામાયણમાં વાંચ્યું છે કે 'પુત્રી પવિત્ર કરે કુલ દોઉ'. આપણો સમાજ અંધશ્રદ્ધાથી ભરેલો છે. એ સ્ત્રીઓ કદાચ ડૉક્ટરની દવા કરવામાં ન માને, પણ એ આજે પણ ભૂત-ભૂવા પાસે જવાનો આગ્રહ રાખતી હોય છે. એ બધામાંથી મુક્ત કરીને એને અહીં લાવવી, એને ભણાવવી અને એનામાં એક હિંમત પેદા કરવી. એક વાત કહેવી છે કે અત્યાર સુધીમાં આમાંની એક પણ દીકરીએ આત્મહત્યા નથી કરી. એટલે મને આ શિક્ષણમાં બહુ રસ પડે છે અને અત્યારે આ વયે પણ મને એમ જ થાય છે કે આ કામ કર્યા જ કરું.

પ્રશ્ન : નિરંજનાબહેન, બારડોલી આશ્રમ ખાદી-ગ્રામોદ્યોગ માટે પણ પ્રખ્યાત છે. આજે જ્યારે કાપડ અને બીજી જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ ખૂબ ઓછી કિંમતે, ખૂબ સરળતાથી ઑનલાઇન ખરીદીને ઘેરબેઠાં મેળવી શકાય છે એવા સમયમાં સરદાર ખાદી ગ્રામોદ્યોગ ભવનની પ્રસ્તુતતા કેટલી અને જનસામાન્યને આવી ગ્રામોદ્યોગની ચીજવસ્તુઓ ખરીદવામાં રસ કેવો અને કેટલો છે?

હમણાં કામ થોડું ઓછું થયું છે, પણ અર્થશાસ્ત્રને જો માનવ અર્થશાસ્ત્ર બનાવવું હોય તો એક જ જગ્યાએ મૂડીરોકાણ કરતાં અનેક હાથોને રોજી મળે એવું અર્થશાસ્ત્ર આપણે ઊભું કરીએ તો સારું, અને એ ખાદી ગ્રામોદ્યોગની પ્રવૃત્તિમાંથી થઈ શકે, પણ યંત્રયુગ છે અને લોકો એ તરફ વળ્યા છે એ પણ સાચું. આપણને આઝાદી મળી, તો કેટલીક એની સફળતા પણ હોય અને કેટલીક એની નિષ્ફળતા પણ હોય. એટલે કામ થોડું ઓછું થયું છે છતાં આ ભવન ખાદી વેચવાનું તો બહુ જ કામ કરે છે. એટલે ક્યાંક ને ક્યાંક સૂતર કંતાય છે, ક્યાંક ને ક્યાંક ખાદી



શાળાના વિદ્યાર્થીઓ સાથે સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાત

વણાય છે અને ઘણી બધી જગ્યાએ એ પહેરાય છે. આ ગ્રામોદ્યોગની પ્રવૃત્તિ અહીં ચાલે છે એને વેગ આપવાના સરકારના પ્રયત્નો પણ સારા છે, પણ સરકારના પ્રયત્નો કરતાં પણ મારે તો સમાજના પ્રયત્નોની વાત કરવી છે, તો અનેક સ્થળે કંતાતું સૂતર હવે ઓછું થઈ ગયું છે. અતિવસ્તીવાળા આ દેશમાં ખાદી અને ગ્રામોદ્યોગની પ્રવૃત્તિ બહુ જ ઉપયોગી છે અને આશ્રમમાં પણ એનો વપરાશ વધે અને મારા મિત્રો અને સ્નેહી વર્તુળમાં અને સમાજમાં પણ આ સંદેશો જાય એ માટે આપણે પ્રયત્નો કરીએ જ છીએ. અહીં ઘાણીનું તેલ, ચરબી વગરના સાબુ એવા કેટલાક વિભાગ હમણાં બંધ થઈ ગયા છે, પણ આ બધાની પાછળ જે દૃષ્ટિ છે એને પુનર્જીવિત કરવા અમે પ્રયત્નશીલ છીએ. પ્લાસ્ટિકની ઝભલા કોથળીઓને વળ આપીને એમાંથી પ્લાસ્ટિકની શેતરંજીઓ અમે બનાવી છીએ, જેથી કચરો ઓછો થાય અને આ વસ્તુઓ તૈયાર થાય. વળી જરૂરિયાતમંદોને રોજગાર પણ મળી જાય. આ જ કામો અમે બધાં પેઢી દરપેઢી કરતાં આવ્યાં છીએ અને અમે ગામડાંમાં જઈને આ વાત કરવા માંડી છે. હવે અમે ઑર્ગેનિક ખેતી પણ કરવા માંડી છે. એને માટે અમે ગુજરાતી શબ્દ સજીવ વાપરીએ છીએ. સજીવ ખેતી, સજીવ અન્ન, સજીવ ગોળ, આ બધું અમે શરૂ કર્યું છે અને એની પ્રવૃત્તિઓ સરસ ચાલે છે.

પ્રશ્ન : આપના પતિ તે આદરણીય મુકુલભાઈ કલાર્થી, ગુજરાતી સંસ્કાર જગતનું આદરપાત્ર વ્યક્તિત્વ. એમની સાથેના જીવનના પ્રસંગો તાજા કરીને તમારા સાયુજ્ય વિષે અમને કંઈક વાત કરો. આપ બંનેનું મિલન ગૂજરાત

વિદ્યાપીઠમાં, જેનો ઉલ્લેખ આપે અગાઉ કર્યો. એમની સુદીર્ઘ સર્જનયાત્રા દરમ્યાન એમણે અસંખ્ય પ્રેરક પુસ્તકો આપ્યાં. એમની સર્જનયાત્રાનાં આપ સાક્ષી રહ્યાં છો. એ વિષે પણ વાત કરો.

એમનો ઉછેર તો મુંબઈ ખાતે અને એલ્ફિન્સ્ટન કૉલેજમાં ભણેલા, પણ કિશોરલાલ મશરૂવાળાએ એમને ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાવા સૂચન કરેલું અને એ ગુજરાતીના અધ્યાપક તરીકે વિદ્યાપીઠમાં જોડાયા. આઝાદી પછી, એટલે કે ૧૯૪૭-૪૮માં એ ત્યાં જોડાયા, ત્યારથી એમણે ભણાવવાનું કામ તો ચાલુ કર્યું, પણ એમણે સાથે જ લેખનનું કામ પણ ચાલુ કર્યું. પહેલું પુસ્તક લખીને એમણે કિશોરલાલકાકાને બતાવ્યું અને કહ્યું કે મને આ બધા ગુણવર્ધક, ગુણપોષક પ્રસંગો બહુ ગમે છે અને એ પુસ્તકનું નામ પણ એમણે આપ્યું 'બોધક ટીકડીઓ'. કિશોરલાલકાકાએ કહ્યું કે આ તો સમાજને શોધક પણ બનાવે એવી ટીકડીઓ છે. હું ૧૯૫૮માં મુકુલભાઈ પાસે ગુજરાતી ભણવા ગઈ ત્યારે મેં જોયું કે એમનું લખાણ સરળ અને બાળકો તેમ જ પ્રૌઢો સુધી પહોંચી શકે એવું છે. મને થયું કે મારે જો આગળ જીવન જીવવું હોય તો એમને જ પસંદ કરવા જોઈએ અને એમણે પણ એવું કહ્યું કે આપણે બંને સાથે સારું જીવન જીવી શકીએ એટલે ૧૯૬૧માં પૂજ્ય શ્રી મોટાની હાજરીમાં અમે જોડાયાં અને એમણે ૧૯૮૮માં દેહ છોડ્યો ત્યાં સુધીમાં એમણે ૩૫૦ પુસ્તકો લખ્યાં હતાં. એમની અનેક ચોપડીઓને ઇનામો મળ્યાં, પણ એમને પ્રસિદ્ધિ ગમે નહીં. જે ઇનામો મળ્યાં તે એમણે ગૂજરાત વિદ્યાપીઠને અર્પણ કર્યાં અને એમણે જે સાહિત્યનું સર્જન કર્યું એ એક પણ પુસ્તકની રૉયલ્ટી એમણે ન લીધી. એટલે એમનું સાદગીભર્યું જીવન, સાહિત્યમય જીવન. રાગદ્વેષથી મુક્ત, વિનમ્રપણે એમણે જે જીવનયાત્રા અને સર્જનયાત્રા કરી એમાં હું અને અમારી દીકરી પ્રજ્ઞા જે ગાયનેકૉલૉજિસ્ટ છે, એ પણ સાક્ષી બન્યાં અને સાથે જોડાયાં. એમણે વિદ્યાપીઠમાં ભણાવીને તૈયાર કરેલા વિદ્યાર્થીઓ પણ એમના સમાજસેવાના જીવનમંત્ર પ્રમાણે તૈયાર થયા અને અત્યારે પણ એમના વિદ્યાર્થીઓ દેશના અંદરના પ્રદેશોમાં, બહાર આવ્યા વગર, સેવા કરી રહ્યા છે. બીજું એ કે એમના કારણે અમને અનેક સંતોનાં દર્શન પણ થયાં. શાંતિનિકેતનમાં રવીન્દ્રનાથ ટાગોર પાસે રહેતા ગુરુદયાળ મલ્લિક, હરિઓમ્ આશ્રમના પૂજ્ય શ્રીમોટા, રંગ અવધૂતજી, આ બધાના એમને કારણે અમને દર્શન થયાં અને એથી અમારું જીવન આ તરફ એમણે વાળ્યું અને નિર્ભય કર્યું. અત્યારે એ સદેહે તો અહીં નથી, પણ અમે જે કરીએ છીએ તે એમની સમર્પણની ભાવનાથી પ્રેરાઈને

થાય છે.

પ્રશ્ન : આપ શું માનો છો, અત્યારે ભારતીયો સરદાર વલ્લભભાઈને ભૂલી રહ્યા છે? ભારતના એકીકરણ માટે સરદાર જે રીતે ઝઝૂમ્યા એ ભારતની પ્રજા આજે અનેક રીતે વિભાજિત થતી દેખાય છે.

સરદાર ૧૯૫૦માં ગયા, પણ ૧૯૪૯માં છેલ્લે અહીં આવેલા ત્યારે હું એમની આંગળી પકડીને એમની બાજુમાં જ ઊભેલી, ત્યારે મેં એમને મારા પિતાજીને સંબોધીને એવું કહેતાં સાંભળ્યા કે આ આશ્રમ ભવિષ્યમાં ઐતિહાસિક તીર્થસ્થળ બનશે, તો બેટા તું આ બરાબર સંભાળજે અને મારા બાપુજીએ પચાસ વર્ષ આ આશ્રમ સંભાળ્યો. મારા બાપુજી જ્યાં સુધી હતા ત્યાં સુધી આ આશ્રમનું રૂપ બરાબર મૂળ આશ્રમનું જ હતું. સરદારસાહેબે રાજ્યોનું જે એકીકરણ કરેલું એ મેં પણ જોયેલું. ૨૪૦૦ વર્ષ પછી એમણે જે અખંડ ભારત નિર્માણ કર્યું એ અદ્ભુત હતું, પણ મને એક બાબત ખૂંચતી હતી કે ક્યાં-ક્યાં માણસ ગુજરી ગયેલા એમની સમાધિ બનાવીને દિલ્હીમાં કેટલો મોટો વિસ્તાર ઊભો કર્યો છે, પણ મારા સરદારસાહેબને મુંબઈમાં અગ્નિદાહ અપાયો અને એમની કોઈ જગ્યાએ સમાધિ નથી, પણ એક વસ્તુથી બહુ ખુશી થઈ. દેશને વહેંચાઈ જતો જોઈને નિરાશા તો લાગે છે, પણ હજારો નિરાશામાં એક આશા ઊભેલી છે. તે છે અત્યારે યુવાનોથી ભરેલો આપણો દેશ. આજે આ યુવાનો અમારી પાસે આવે છે અને કહે છે કે આ આશ્રમ એ સરદારે સ્થાપેલો એકમાત્ર આશ્રમ છે અને અમારે પણ આ રસ્તે વળવું છે. ભલે યુવાની આમ વળી છે અને તેમ વળી ગઈ છે અને બૂમબરાડા છે, પણ એમાં મને એક આશાનું કિરણ અત્યારે દેખાય છે. આ સ્ટેચ્યુ ઑફ યુનિટી ઊભું કર્યું છે એનાથી લોકોમાં એક નવું જોમ આવ્યું છે. એને જોઈને યુવાનો અહીં આવે છે. એટલે આ આશ્રમ એ ગામડામાં ટમટમતો એક નાનકડો દીવો છે. ગુરુદેવ રવીન્દ્રનાથે કહ્યું છે ને કે આથમતો સૂર્ય પૂછે છે કે મારું આ અજવાળું કોણ ફેલાવશે, ત્યારે પેલો નાનકડો દીવડો કહે છે કે તમારા જેટલું અજવાળું તો નહીં ફેલાવી શકું, પણ મારાથી જેટલું ફેલાવાશે એટલું તો ફેલાવીશ. યુવાનો અમને ઘેરી વળીને કહે છે કે અમારે તમારા જેવું કામ કરવું છે, અમારે સરદારસાહેબ જેવું કામ કરવું છે. અમને આવું કામ કરતાં શીખવાડો, અમારે ગામડાંમાં જવું છે, અમારે સમાજમાં જવું છે. એટલે મને લાગે છે કે દીપસે દીપ જલે. મેં એક વખત મોરારજીભાઈને પ્રશ્ન પૂછેલો કે તમને આ દેશનું ભવિષ્ય કેવું લાગે છે? ત્યારે એમણે એવો જવાબ આપેલો કે 'નાની, આ દેશ જ્યારે એની સંસ્કૃતિના

પાયા ઉપર ઊભો થશે ત્યારે આ દેશ આખી દુનિયાને સંદેશ આપી શકશે.' ત્યારે મેં મનોમન સરદારસાહેબને યાદ કરેલા. એમણે સમજાવટથી, ક્યાંક જોરથી, ક્યાંક કુનેહથી રજવાડાંને એક કર્યાં, તો આજે ભલે દેશ વીંખાઈ જતો લાગે, પણ એને એક રાખવામાં આપણે મંડી પડીએ, આપણાથી શરૂઆત કરીએ. એટલે નિરાશા આવે છતાં હજારો નિરાશા વચ્ચે એકાદ આશા છુપાયેલી છે એવી મને બહુ દૃઢ શ્રદ્ધા છે.

પ્રશ્ન : આજે ગાંધીવિચાર એક વાદ બન્યો છે, જ્યારે કોઈ પણ વિચારધારા એક વાદ બને ત્યારે એમાં શું પરિવર્તન આવે છે?

ગાંધીવિચાર જગતને બહુ જરૂરી છે. ગાંધીવાદ જરૂરી નથી, વાદમાંથી તો વિવાદ થાય. એટલે જે લોકો વાદ લઈને બેઠા છે એ તો ખોટું કામ કરે છે. આપણને એ વાદમાં અને એ વિવાદમાં રસ નથી. એટલે મને તો થાય છે કે હું એ વિચારને અનુસરું અને મારી સાથેના બધાં પણ એને અનુસરે તો આપણે બધાં મળીને આ યુક્રેન અને રશિયા જેવાં યુદ્ધો અને હિંસા ટાળી શકીએ. મને યાદ છે એ એક પ્રસંગ તમને કહી શકું. હું વેડછી નારાયણ દેસાઈ પાસે રહેતી હતી અને નારાયણભાઈ 'મારું જીવન એ જ મારી વાણી' ગાંધીજીના એ વિચાર પર કંઈક લખાણ કરતા હતા. ઉમાશંકરભાઈનું એ વાક્ય. એ વખતે એક ટોળી એમની પાસે વેડછીમાં આવી અને કહે કે 'અમે ઉત્તર ધ્રુવ પાસે રહીએ છીએ, નોર્વે-સ્પેઇનની ઉપરના ભાગમાં એક ટોચ પર રહીએ છીએ'. અને એમણે નારાયણભાઈને કહ્યું કે 'તમે અમારે ત્યાં એક વર્ગ લેવા આવો ને. અમે આ અશાંતિથી થાકી ગયા છીએ'. હું પૅરિસ ગઈ હતી ત્યાં પણ મેં એ જોયું કે એ લોકોને શાંતિ જોઈએ છે. એટલે અત્યારે દુનિયામાં ગાંધીવિચાર પ્રવર્તે તો આ રશિયા અને યુક્રેન વચ્ચે જે થઈ રહ્યું છે એ શમી જાય, પણ એ વિચાર કરનારા એક બાજુ છે અને વાદવાળા લોકો બીજી બાજુ છે. મારે આ માર્ગ છોડવો નથી, કારણ કે આ શાંતિનો માર્ગ છે, જગતને જિવાડે એવો આ માર્ગ છે. આ વિચારને પકડી રાખવો જોઈએ એવું માનનારો, રચનાત્મક માર્ગે ચાલનારો એક મોટો સમૂહ છે. એટલે એ શ્રદ્ધાના બળથી હું ગાંધીવિચારને પકડી રાખવામાં માનું છું.

પ્રશ્ન : નિરંજનાબહેન, આજે બહુ મોટી સંખ્યામાં ભારતીયો વિદેશોમાં જઈને વસ્યા છે. બારડોલી પંથક તો એન.આર.આઇ.નો પંથક છે. આપનાં પુત્રી પણ અમેરિકા જઈને વસ્યાં હતાં. એક સમય એવો હતો જ્યારે આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓ વિદેશોમાં અભ્યાસ કરીને દેશની સેવા કરવા દેશ પાછા ફરેલા. આજે પ્રવાહ જુદી દિશામાં છે. તમે આને કઈ રીતે જુઓ છો? દેશ



સરદાર પટેલ અંજલિ સંગોષ્ઠિ

માટે આ પરિસ્થિતિ ચિંતાજનક છે?

હા, આ ચિંતાનો વિષય જરૂર છે અને તમે મને આ પ્રશ્ન પૂછ્યો છે એ પ્રશ્ન મેં વિનોબા ભાવે પાસે જઈને કરેલો અને એમણે કહેલું, 'નિરંજના, હા, આ આપણું બૌદ્ધિક ધોવાણ છે.' આ 'સવર્ણ' શબ્દ વાપરવો સારો નથી, છતાં હું વાપરું છું. સવર્ણ લોકો માટે આગળ વધવાની કોઈ શક્યતા નથી એ પરિસ્થિતિ દેશમાં છે તેથી આ બૌદ્ધિક ધોવાણ થઈ રહ્યું છે એમ મને લાગે છે. મને એમ થાય છે કે આપણે વાળેલા તો નહીં વળીએ, પણ હારીને પછી જ વળીશું, પણ જુઓને એક જ દાખલો લઈએ તો યુક્રેનથી કેટલા વિદ્યાર્થીઓ પાછા આવ્યા અને કેવી પારાવાર મુશ્કેલીઓ પડી. તમને જે પ્રશ્ન થાય છે એ મને પણ થાય છે. એને માટે આપણે બધાંએ કંઈક વિચાર કરવો પડે. અમે આ વિષે ગામડાંમાં જઈને પણ વાતો તો કરીએ છીએ. અમે લોકોને કહીએ છીએ કે પછી આ દેશનું સુકાન કોણ સંભાળશે? અને ત્યાં એની અસર દેખાય પણ છે. પણ સમય લાગશે, કારણ કે એટલું બધું બૌદ્ધિક ધોવાણ થઈ ચૂક્યું છે કે એને માટેના ઉપાયો શોધવાની જરૂર છે. લોકો માટે બહાર જઈને જે શક્યતાઓ ઊભી થાય છે એ શક્યતાઓ આપણે ત્યાં ઊભી થાય તો આ બૌદ્ધિક ધોવાણ અટકે, પણ આ બહુ મોટો વિચાર માગી લે એવું છે.

પ્રશ્ન : આપનો જન્મ સ્વતંત્રતા મળી એ પહેલાં થયો. આ વર્ષે આપણી સ્વતંત્રતાને ૭૫ વર્ષ થાય છે, ત્યારે સ્વતંત્ર ભારતના ૭૫ વર્ષના ઇતિહાસને આપ કઈ રીતે મૂલવો છો અને આજે દેશ સામે આપની દૃષ્ટિ સૌથી મોટો પડકાર કયો છે?

અજ્ઞાનતા, ગરીબી, વ્યસન એટલાં બધાં વધ્યાં છે, વિશ્વ આખામાં પણ વધ્યાં છે. અમૃત મહોત્સવમાં કંઈક વલોવીને એમાંથી અમૃત નીકળે તો

દેશને વધારે ફાયદો થાય. મારો જન્મ ગુલામીના સમયમાં ખરો, પણ આઝાદી મળી એની પાસે-પાસે જ. સરદારસાહેબે અને ગાંધીજીએ અમને બધાંને આ બાજુ વાળી લીધાં. એવો કોઈક પ્રવાહ ફરી ચાલુ થાય અને આપણે બધાં સામૂહિક પ્રયત્નો કરીએ તો એ ધીમો પ્રવાહ પણ કોઈક દિવસ ઝરણામાંથી નદી બની શકે. એવી એક વિચારધારાને પકડીને અમે બેઠાં છીએ, એટલે આ અમૃત મહોત્સવને ખરેખર મહોત્સવ બનાવી શકીએ અને આપણા દેશને બીજી દિશામાં વળતો અટકાવીએ એ વાત સામૂહિક પ્રયત્નોથી જ શક્ય બને. મેં જ્યારે ઇતિહાસ વિષયમાં એમ.એ. કર્યું ત્યારે મને અહીં લોકો કહેતા હતા કે 'તું મડદાં ઉકેલવાનું કામ કરે છે, આ ઇતિહાસ ભણીને તું શું કરવાની?' ત્યારે હું એમને કહેતી કે 'આ માત્ર મડદાં ઉકેલવાનું કામ નથી, ઇતિહાસ આપણને પ્રેરણા પણ આપી શકે છે.' એટલે અમે અમારાં કામ માટે ગામડાંમાં જઈએ, ધરમપુર જઈએ, બનાસકાંઠા જઈએ, ક્યારેક મધ્ય પ્રદેશ પણ જઈએ અને અમારા વિદ્યાલયમાંથી કેટલીક દીકરીઓ તૈયાર થઈ છે એ આસામના ચાના બગીચામાં પણ જાય છે અને ત્યાંના મજૂરો સાથે વાત કરે છે. નવયુવાનો પણ જગતમાં ક્રાંતિ કરી શકે છે અને નવી શક્યતાઓ ઊભી થાય તો આપણે અમૃત મહોત્સવ ઊજવ્યો સાર્થક થાય. મારી આ પાકી શ્રદ્ધા છે અને તેથી આ વાત તમારી સમક્ષ મૂકવાની હિંમત કરું છું.

પ્રશ્ન : આ વાર્તાલાપનું સમાપન કરીએ ત્યારે આપના જીવનમાં આપને સરદારસાહેબ ઉપરાંત અનેક મહાપુરુષોનો સત્સંગ સાંપડ્યો. એમની પ્રસાદીરૂપ આપને ઘણું મળ્યું જે આપના જીવનઘડતરના પાયારૂપ બન્યું. જીવનના નિચોડરૂપે આવું કંઈક અમને આપના સંદેશ સ્વરૂપે આપી શકો?

બહુ જ બધા સંત પુરુષો મળ્યા, જેમ કે ગુરુદયાળ મલ્લિક, સ્વામી આનંદ, કાકાસાહેબ કાલેલકર, પૂજ્ય શ્રી મોટા. એમની પાસેથી એ શીખ્યા કે આપણને ભલે બધું ખબર છે અને આવડતું હોય પણ વિનમ્રતાથી જે પ્રયાસ થાય એ કરવા અને આપણા વિચારને આપણા જીવન થકી બતાવી શકીએ તો આ જરૂર શક્ય બને અને બીજું એ કે આપણે બાહ્ય આનંદમાં જ અટવાઈ જઈએ એના કરતાં રાષ્ટ્ર માટે અને આપણા વિશ્વ માટે કંઈક કરતાં થઈએ કારણ કે આપણે તો 'જય જગત'ને પણ માનનારા લોકો છીએ અને આપણી સંસ્કૃતિ તો સત્યમ્, શિવમ્, સુન્દરમ્ વાળી છે. તો જો ઘણા બધા લોકો આ વિચારને અનુસરે તો આપણા દેશનું અને વિશ્વનું ભાવિ સારું થઈ શકશે એની મને શ્રદ્ધા છે.

❑❑❑



નાળ

□ પન્ના ત્રિવેદી

લક્ષ્મી શો-રૂમમાં આજે વહેલી સવારથી જ ભીડ હતી. આમેય લગ્નગાળામાં છેક પગથિયાં સુધી ‘ઘઈ-ઘઈ’ થઈ જતી. આરસની ફર્શ પર પાથરેલાં પોચાં-પોચાં, સફેદ-સફેદ ગાદલાંઓ પર રંગબેરંગી ટોળાં બેઠાં હતાં. ઝીણો મોટો ગણગણાટ એક એક કાઉન્ટર પર સંભળાતો હતો. પંદર-સોળ વર્ષની બિંદી થપ્પાઓમાંથી એક પછી એક સાડીઓ કાઢી-કાઢીને ગ્રાહકોને બતાવતી હતી. કોઈક ગ્રાહકની આંખ એકાદ સાડી પર અડધીપડધી ઠરતી દેખાય કે તરત બિંદી પોતે જ વીંટાળીને દેખાડવા માંડતી. તેના નાના-નાના હાથમાંથી સાડીની પાટલીઓ સરી પડતી. ઠીંગણી હોવાથી પાલવ છેક ઢીંચણ નીચે લંબાઈ જતો. સવારથી પોતાના ખભાને હેન્ગર બનાવી-બનાવી એ થાકી ગઈ, પણ સામેના એન.આર.આઇ. ગ્રાહકોની નજર એકેય સાડી પર પૂરેપૂરી ઠરતી નહોતી.

અકળાયેલા શેઠે બાજુના કાઉન્ટર પર બેઠેલી નિમ્મીને ઇશારો કર્યો. નિમ્મી ક્ષણિક ચમકી પણ બીજી જ ક્ષણે પગ તરત બિંદી ભણી વળી ગયા. એકાએક પગમાં બાવીસ વર્ષ પહેલાંનું જોર પાછું ફર્યું. લાકડા જેવા હાથે બિંદીને હડસેલતી દબાતા અવાજે ‘ખસ આઘી’ બોલી ને પછી ગ્રાહકો સામે ફૂલઝર જેવું હાસ્ય વેર્યું.

જોકે નિમ્મી હવે તો છેલ્લાં કેટલાંક

વરસોથી મુખ્ય કાઉન્ટરની બાજુમાં જ બેસે છે. પહેલાં તેણેય બિંદીની જેમ વરસો લગી સાડીઓ દેખાડી પણ જેમ-જેમ નવી-નવી છોકરીઓ આવતી ગઈ તેમ-તેમ તેનું પ્રમોશન થતું ગયું. એટલે છેક આટલા વખતે બિંદીની જગ્યાએ જવાનું થયું એટલે તે જરાક ચમકી ગયેલી.

તેણે ઉપરનાં ખાનાંઓમાંથી, નીચેના થપ્પાઓમાંથી એક પછી એક સાડીઓ ખડકવા માંડી. 'કાંજીવરમ, સિલ્ક, બનારસી, પટોળાં, ભાગલપુરી... એ સાથે જ વર્ષોથી ગોખાયેલા શબ્દો ધાણીની જેમ તડ-તડ ફૂટવા માંડ્યા - કપડાંમાં તો તમારે જોવાનું જ નહીં. એ-વન કપડું છે. આંખ મીંચીને લઈ જાવ. કલર જાય તો પૈસા પાછા. કંઈ આજનો થોડો જ છે આ શો-રૂમ? શેઠના દાદાના ટાઇમનો છે ને હવે તો આ શેઠેય દાદા થવા આવ્યા. જો ભઈ, ભરોસા પર જ ધંધો ટકે! ખોટું કશું આપવાનું જ નહીં અમારે. આ રંગ શરીરે અડકાડો તો જરા! ખીલી ઊઠશે બરાબરનો. જોકે તમારો પોતાનો રંગ જ એવો છે કે તમારા પર તો કોઈ પણ રંગ ખીલવાનો. સવાલ તો ચૉઇસનો જ છે બસ, ને તમારી ચૉઇસ જ કંઈક અલગ છે, એકદમ યુનિક. ઘરાક હાથમાં સાડી ઝાલે કે ખબર પડી જાય કઈ કૅટેગરીનું ઘરાક છે. એટલે જોયું ને તમે, હું જાતે જ ઊભી થઈને આવી કે નહીં? આ જુઓ..' કહેતાં-કહેતાં નિમ્મીએ ગુલાબી રંગની સાડી લઈને ફટાફટ ગડી ઉકેલી નાખી ને પોતાના ખભે પાલવ ગોઠવી ગ્રાહકની આંખમાં જોઈ રહી. પછી ડાબી-જમણી બાજુએ બે ચાર વાર અર્ધ ગોળાકાર ફરી-ફરી પાછળના આદમકદના અરીસામાં પોતાને જોઈ. તે બે ઘડી ભૂલી જ ગઈ કે સામે ગ્રાહકો ઊભા છે. અરીસામાં દેખાતી બે આંખો સામે તેણે ધારી-ધારીને જોયું. તેની પાંપણ શરમથી ઝૂકી ગઈ. સાડીનો ગુલાબી રંગ તેના રુક્ષ ગાલોમાં ઠલવાઈ ગયો. તેની આંગળીઓ કાન પાછળ દાબી દીધેલી લટને શોધવા માંડી. આંગળીએ વીંટળાઈને લટ આગળ તો આવી પણ બીજી જ પળે અરીસાની એ આંખો સામે ફરી પોતાની આંખ મળી કે તરત જ સફેદ રંગની એ લટ કાન પાછળ દબાઈ ગઈ.

'સાવ ભડકીલો ગુલાબી રંગ નથી આ. આ તો તમને લાઇટમાં એવું લાગે છે. ત્યાં, પે...લ્લા... બારણા પાસે જઈને જુઓ.. ઇંગ્લિશ પિંકીશ છે કે નહીં? પહેરશો તો સો જણ પૂછવાના, ગૅરંટી મારી. અરે, મારા પોતાના ઘરના પ્રસંગ માટે આમાંની જ લીધી છે મેં. સાચું ના લાગતું હોય તો બિલ બતાવું તમને? લાલ રંગ તો જે ઊઠે છે! પણ આ તો એવું ને કે લાલ તો મને જરીકેય ગમતો નથી એટલે. મેં તો મારા પોતાના માટે આ જ રંગની રાખી લીધી. તમારે કોના માટે લેવાની છે, તમારા માટે કે આ છોકરી માટે? છોકરી તો હીરોઇન છે ને કંઈ!'

ગ્રાહકની આંખો એક નહીં ચાર પર ઠરી. સાડીઓ પૅક થઈ ગઈ. રૂપિયા કૅશ કાઉન્ટરમાં મુકાઈ ગયા.

પોતાની જગ્યાએ પાછાં જતી વખતે તેણે બિંદી સામે કોઈ અનુભવી વિજેતા ખેલાડીની જેમ નજર નાખી. ઘણા વખતે ભીતરની જૂની નિમ્મીને આમ આકસ્મિક મળ્યાની ચમક તેની આંખોમાં પથરાઈ ગઈ.

તેણે ઘડિયાળ સામે જોયું. ચહેરાની રેખાઓ સહેજ-સહેજ તંગ થવા માંડી, પણ તરત જ બનાવટી હાસ્યથી હળવા દેખાવવાનો પ્રયાસ કર્યો : 'તમેય શું શેઠ, આવી ઢીંચકીઓને કામે રાખી લીધી ભૈ શા'બ... અં... દેખાડતી વખતે સાડીઓ તો છેક નીચે લગી ઢસડાય છે ને એં, પાલવ જોયો હોય તો છેક તેની પાનીને અડવાનું જ બાકી રાખે.. ખરી ડિઝાઇન જોવા ઘરાક ટેબલ ઉપર આખો લાંબો થઈ જાય. હા... હા... હા... પૂરા બે મહિના થયા તોય હજી પાટલી પકડતાં ફાવતું નથી લો બોલો. શું કરવાનું આ ઢોચકીનું?'

નિમ્મીએ જોયું કે શેઠ હજીય બરાબર મૂડમાં નહોતા, પણ દાણો ચાંપવો જરૂરી હતો : 'શેઠ, આજે જરાક વહેલા ઘેર પહોંચવું છે. ચાર દહાડાનું કહેલું આમ તો, પણ કાલની રજા જોઈશે જ હોં. ના ના કરતાં છેલ્લી ઘડીએ આ સંગીત સંધ્યા રાખી દીધી. બોલો! મારા ગટ્ટુની ઢબુનું લગન છે ભઈ! એક જ તો ભત્રીજી છે, મારા વિના તો મૂઈ આંખનું મટકુંય મારે એવી નથી. ફોઈ તો જોઈએ જ તેને. પચ્ચીની થઈ પણ તેની મા પાસે પાંચ મિનિટેય નથી રહી. પેટની જણી નથી એટલું જ. બાકી જણીથીય વધારે છે એ. મારા વિના બધું જ અટકી પડવાનું ને મારાં ભાભીને જાણો ને તમે, બે માણસ આવી જાય ઘરમાં તોય ઘાંઘી-ઘાંઘી થઈ જાય. કંઈ વેતો જ નહીં ને! આ તો આખો પ્રસંગ ઉકેલવાનો. ગજા બહારની વાત. અ'તારે ઊંચીનીચી થતી હશે. ગટ્ટુ તો ઢબુને ના જ પાડતો હતો, પણ પછી કે' બધું ફોઈ પર. જા, જઈને પૂછ. ફોઈ કે' તે ફાઇનલ. તે ઢબુ ને એની માએ જે રીતે મારી સામે જોયું કે મને થયું હશે, ઢબૂડી મારે પેટે જન્મી હોત તો કર્યું જ હોત ને મેં. ગયા જનમનાં લેણાં બાકી હશે બધાંયનાં, પાછું વાળવા આવી હશું. બીજું શું! તે વળી મેં જ કહ્યું કે માંડવો ચાર દા'ડા પે'લ્લા બંધાઈ જવો જોઈએ. માંડવો તો કાલ રાતનો બંધાઈ ગયો છે. સસ્પેન્સ ખૂલી ગયું, ભાઈ-બે'નોની છોકરીઓને ખબર પડી ગઈ કે એક જમાનામાં હું બહુ ગાતી'તી. સુરીલું. બધી બોનોનાં લગનોમાં જે ગાયું છે મેં... લોક આમ અધ્ધર-અધ્ધર થઈને સંભાળતા'તા. એમની હાહરીમાંય લોકો હગેવ્હાલે લઈ જાય. બધાંય એમ જ કે'તાં'તાં કે તારું નામ ખોટું નિમ્મી રાખ્યું, લતા કે કોકિલા જ રાખવાનું હતું. લતાના

વ્હેમમાં ને વ્હેમમાં પાછી બે ચોટલા વાળતી થઈ ગયેલી. બળ્યું, શાસ્ત્રીય સંગીત શિખાયું હોત તો અ'તારે કંઈની કંઈ હોત હું. પણ ગટ્ટુ... હશે, ભાગમાં જ નહીં તે! અતારે તો એય ખબર નથી કે ગળામાં ગાણું જવાનું કે નહીં, પણ ઘર આખું કે'કે મારા બોલે ઢોલ વાગવાનો ને મારા જ ગાણે એ લોક નાચવાના. મારી રાહ જોતાં બધાંય આંખ ખોડીને બેઠાં હશે.'

'લે, તે આ ઉંમરે તારું ત્યાં શું કામ છે? ને આ તો સંગીત સંધ્યા. સંગીતનાં નામે જવાનિયાઓ નાચેકૂદે! તારી ચચ્ચાર બે'નો પૈણાવી ત્યારેય તું આમ જ કહેતી'તી! તારી કાકીનો બહુ જીવ બળે કે'કે જાત ઘસી-ઘસીને એમનાં ભાગ ઊજળાં કર્યાં તેં. વહેવારો કર્યા, બધીયો ખોળા ભરી-ભરીને આવી, છોકરાં જણી પાછી વળી ગઈ, પણ તને ખાલી કરતી ગઈ. ને જે ગટ્ટુ માટે તું આટલું ઊછળે છે તે ગટિયાએ શું ઉકાળ્યું? પીધાં કર્યું, રમી ખાધું. બે-ચાર જગ્યાએ ઉચાપત કરી ખાધી ને ખાનદાન ઘરના એ નબીરાએ રાત આખી જેલમાં કાઢી તોય લાજ-શરમ જેવું હતું કશું? ઉપરથી ઘરનાએ તને મણ-મણની ચોપડાવી તે જુદી કે એકના એક ભાઈની વેરી બની છે તું. ખરી બે'ન હોત તો મારા સાત ખોટના છોકરા માટે અબઘડી રૂપિયા આલી જમાનત કરાવી લાવી હોત, તે ખરી બે'ન બનીને એય કર્યું. ઘરનાએ શું કર્યું તારા નામે દેવું કરવા સિવાય? ઉપરથી હારતોરા પહેરીને લઈ આવ્યો બે છોકરાની માને. એ મરાઠણેય જબરી? બે છોકરા આંગળીએ વળગાળી બારણે આવીને સીધી ઊભી રહી ગઈ! ને તારી માએ પાછું ગટ્ટુનાં પોતાનાં તો નઈ-નઈ કરતું ત્રીજું કરાવ્યું, તે તારા સારુ? ને તું તારી આંખે જ તો જુએ છે કે કેટલું કામ રહે છે આ દહાડાઓમાં. સિઝનમાં જ વળી ચાર-પાંચ દિવસ લાગલગાટ એક માણસની ઘટ પડી કે થઈ 'યું. ને તેમાં વળી પ્રસંગના નામે પૂરા પાંચ દા'ડાની રજા કામ આટોપવાના નામે લઈ લીધી.'

'રાત ગઈ ને વાત ગઈ શેઠ. હવે દિવસો ફરી ગયા છે. મારા વિના એક કોળિયોય કોઈના ગળેથી ના ઊતરે. કશું લાવવાનું હોય તો નિમ્મી, કંઈક નવું કરાવવાનું હોય તો નિમ્મી, વહેવાર કરવાનો હોય તો નિમ્મી...'

શેઠની ક્ષણિક ચુપ્પીથી નિમ્મીના પીળા પડી ગયેલા મોં પરનું બનાવટી હાસ્ય ધીમે-ધીમે સંકેલાતું ગયું. જેટલા ઉત્સાહથી તે શેઠ ભણી આવી હતી તેથીય બમણી માંદલી ચાલે તે તેના પોતાના કાઉન્ટર ભણી વળી. ત્યાં જ શેઠે સહેજ મોં બગાડીને થોડીક નારાજગી સાથે કહ્યું : 'જા, કમને દુકાને બેસી રહેવાનોય શો અર્થ છે? કંઈ બરકત ન વળે તે કરતાં તો... આ તો તું આટલાં વરસોથી છે અહીં. એમને

એમ તને આટલાં ઍડ્વાન્સ આપી દીધા હશે મેં? આ વખતે જ નહીં, જેટલી વાર માગ્યા એટલી-એટલી વાર આંખ મીંચીને આપ્યા તને. તારી બે'નોના પ્રસંગોમાં, ભાઈના પ્રંસગોમાં, તેમનાં છોકરાંઓનાં પ્રસંગોમાં, સાજે-માંદે હોય કે ઘરનો ઉપલો માળ ખેંચવાનો હોય... તું જ કે' આપ્યા છે કે નહીં? તને ઘરની સમજીને જ સ્તો! એટલે જ તારે ભરોસે ગલ્લો સોંપીનેય બજારમાં બે જગ્યાએ નીકળી શકાય છે. તારા આવ્યા પછી જ તો ખોલકી જેવી દુકાન લક્ષ્મીમાં ફેરવાઈ ને તારું ઘરેય ઊભું થયું. લક્ષ્મી જ વળી... જા, તારો જીવ કેમનો બાળવો. કંઈ ભલી વાર નહીં થાય, જા ત્યારે...'

જોકે નિમ્મીના કાને બસ આટલું જ ઝીલ્યું : 'જા...' બાકીના શબ્દો ત્યાં જ મૂકીને તે ખભે પર્સ લટકાવતી ફૂલઝર વેરતી સડસડાટ દાદર ઊતરી પડી.

આખા રસ્તે ઘરનાએ મગાવેલી ને બીજી બાકી રહી ગયેલી ઝીણામાં ઝીણી વસ્તુઓ યાદ કરી જોઈ. મુખ્ય બજારની પહેલી ગલીમાંથી બે ને બે, બે ને ચાર ને બે ને છ આનીના ગણી-ગણીને દસ જોડી લાખના ચૂડલા લઈ લીધા, દરજીને ત્યાં જઈને છોકરીઓ માટે સીવવા આપેલા નાના-નાના ફૅશનેબલ બટવા અને ડિઝાઇનર બ્લાઉઝ મોડાં આપ્યાંના ઠપકા સાથે લઈ લીધો, હુસ્નાની દુકાનેથી નીલગીરીનું તેલ અને મેંદીનાં કોન લઈ લીધાં, નાની બજારમાંથી આણામાં આપવાની સાડીઓના પૅકિંગની સજાવટમાં મૂકવાના થર્મોકોલના પમપમ ને ગુલાબગોટીઓ લઈ લીધી. ચાલતાં-ચાલતાં જ તે ચાંદની બ્યૂટીપાર્લર ભણી વળી. મેકઅપ માટે તેને પૂરા ત્રણ દિવસના બુકિંગનું યાદ અપાવી આવી. લેડીઝ સંગીતના દિવસે પોતાના માટે બુકલેટમાંથી જોઈને ફ્રેંચ અંબોડાવાળી હેરસ્ટાઇલ ને મેકઅપ નક્કી કરી લીધો. પોતે પોતાને તૈયાર થયેલી કલ્પી લીધી કે ચહેરો આખો ઝળહળા થવા લાગ્યો. એ જ ગલીના નાકે મુસ્તાકની દુકાનેથી સુખડ-ચંદનના અત્તરની શીશીઓ લીધી.

નિમ્મી પગથી માથા લગી મઘમઘ થઈ ઊઠી.

અને કેમ ન મઘમઘે? તેના જીવનમાં આવું મઘમઘવાનું કેટલાં વર્ષો પછી આવેલું! જોકે મઘમઘવાનાં નોતરાં તો પગલે ને પગલે મળતાં પણ માંદલી મા અને તેણે જણેલી જણસોને સાવ રેઢી મૂકી જવા માટે તે તૈયાર નહોતી. બાપા મર્યા પછી માની છેલ્લી જણસ નવ વર્ષની હતી ને જણસ વધારે કીમતી હતી – છોકરો હતો ને! નક્કી જ કરી લીધું આ જણસોની ચમક ઓછી ના થાય પોતે એવું કવચ બનીને જીવશે. ભલે એ કવચ કપડાનું હોય ને કપડું છો ને મખમલનું હોય તો મખમલ ઘસાઈ જશે, પણ જણસો સચવાઈ જશે.

'આ છોકરી તો જીવતેજીવ મરશે ને આખા કુટુંબને મારશે. એમ કંઈ આવા મોંમાથા વિનાના નિર્ણયો લેવાતા હશે? સહુ પોતપોતાનાં ભાગ્ય લઈને આવતા હોય છે. લે ને, આ કેદારનાથમાં બન્યું તેવું કંઈક બની ગયું હોત તો શું કરી લેવાનું હતું કોઈ? માની લો કે તું જ ગઈ હોત ને સાફ થઈ ગઈ હો તો? એમની મેળે જીવત જ ને પાછળના લોકો! બહુ વિચારવાનું જ નહીં. જીવન એમ વિતાવવાનું સહેલું છે કંઈ? ઉપરથી ધોળું ચામડું લઈને જન્મી છે, ઘરને કાળું કરવાની, નક્કી! જમાનો જોયો છે જ કંઈ તે!' નજીકના કુટુંબીઓએ સમજાવટની સભા ભરી ત્યારે માંડ તેણે મનની એક બારી જરીક ખોલી, 'સાવ ના નથી, પણ જો કોઈ આ બધાં માટે મારો ટેકો બનીને હા પાડતું હોય તો...' સાંભળીને કોઈકે વળી બહુ ભરોસાથી એવું એક ઘર દેખાડ્યું. જોકે એ વાત જુદી હતી કે તેનેય ભોંઠા પડવાનું જ થયેલું. એ સાંજે પહેલી વાર તે મઘમઘેલી ત્યારે માથામાં મોગરાની વેણી નાખેલી ને માનું સેલું પહેર્યું હતું. સફેદ સફેદ મીણની એક પૂતળી અરીસા સામે ઊભી-ઊભી જાતને જોતી જ રહી ગઈ – આ હું? ને પોતાના જ રૂપથી અંજાઈ ગઈ ઘડીભર. 'એ' જોવા આવ્યા ત્યારે અંદર ઝીણી-ઝીણી શરણાઈ વાગતી હતી ને જોર-જોરમાં ઢોલ બજતા હતા. તે લોકોએ જે જોવાનું હતું તે જોયું ને કહેવાનું હતું તે કહ્યું : 'છોકરી તો મીણની પૂતળી છે, રૂપ કોને ન ગમે હેં ભઈ! પણ રૂપ લેવા જતાં કોલસાની જફાય વળગવાની. બાપ નથી, મા માંદલી તે તેનો ખરચ, ચચ્ચાર છોકરીઓ ને પાછળ ભાઈનું ભણતર. ને ભાઈ તો જુઓ, હાવ ભોંયમાં છે હજી! ક્યારે મોટો થાય ને ક્યારે ખભે ઘર ઊંચકે? છોકરી લેવા આવેલા અમે, તેના બાપનું લાવલશ્કર નહીં.' અને એટલા જોરમાં 'ના' બોલાયેલી કે મોગરાની વેણીનાં ફૂલ થથરીને ખરી પડ્યાં.

જોકે આ પહેલાં થથરાવી નાખતી આવી જ એક 'ના' બાપાના મોંએ સાંભળેલી. જ્યારે એમનો ધંધો સાવ પડી ભાંગ્યો ત્યારે બાપાએ ચોખ્ખેચોખ્ખું કહી દીધેલું : 'ના હવે આગળ નથી ભણવું. રણછોડને ત્યાં એક લેડીઝ સ્ટાફની જરૂર છે. મેં તો કહ્યું તું કોઈ બીજાને લે તે કરતાં આપણી નિમલી શું ખોટી? દોસ્તારની જ દુકાન છે, ઘર જ સમજ. કરવાનું કશું નથી, સાડીઓ દેખાડવાની છે. બૈરાં જોડે જ માથાં ફોડવાનાં છે. એટલે બીજી કોઈ ઝંઝટ જ નથી. તું જાય તો ટેકો રે વળી!' સ્કૂલના માસ્તરે કેટલું સમજાવેલું : 'છોકરી સંગીત ને ગણિત બેયમાં હોશિયાર છે. છોકરી અને ગણિતનું જોડકું આમ તો જરીકેય બંધબેસતું નથી, પણ આ તો સંયોગ વળી. તેને ભણવા દો ને?' પણ બાપાએ જોરમાં કહી

નાખેલું : 'ના' બાપાની એક 'ના'એ તેને સ્કૂલમાંથી ઉઠાડી દુકાને બેસાડી દીધેલી ને 'એ'ની 'ના'એ તેને મંડપમાંથી ઉઠાડી ઘેર બેસાડી દીધેલી. તે દિવસે સફેદ-સફેદ મીણની એક પૂતળી આરસ બની ગઈ!

બજારની ભીડ વચ્ચે વહેતી તીખી-ખાટી હવામાં પણ અંદરની નિમ્મીના અવાજની ખંજરી તેને ચોખ્ખી સંભળાતી હતી : 'કાલે તે ઢબુને શણગારશે. ઢબુ રડતી-રડતી સોડમાં લપાશે. આગ્રહ કરી-કરીને એકાદી સિલ્કની હેવી સાડી પહેરવાનું કહેશે ને ત્યારે? પોતે તેને ચણિયાચોળી પહેરીને એકદમ ચોંકાવી દેશે. 'તે' વેળાએ પહેરેલો તે હાર 'આ' વેળાએ ડોકમાં નાખશે, ત્યારે કદાચ આ વખતેય મોગરાની વેણીમાં ભટકી ગયેલી એક સુગંધ ઘડીક થંભી જશે. એક સંન્યાસણ બે ઘડી અત્તર ગલીમાં ભૂલી પડશે. તેના સુકાઈ ગયેલાં કંઠકુંડમાં મીઠાં-મીઠાં ગીતોના ઝરા ફૂટશે. લાકડું બની ગયેલા હાથ ઢોલકી પર થાપ મારશે ત્યારે હથેળીની રેખાઓમાં ભૂલી પડી ગયેલી જુવાની પાછી ફરશે. પોતે ગીત ઉપાડશે, સ્ત્રીઓ ઝીલશે. સુરીલા આલાપને ટેકે-ટેકે ચઢીને તે વર્ષોનાં પગથિયાં ઊતરી પડશે, ગીત ગણગણતી 'પેલી' નિમ્મીને મળશે. ગીતોની રમઝટ જામશે. પોતેય ઝૂમશે, ઠેક લેશે. વગર દીકરીએ ઢબુની સાસુની વેવાણ બનીને હાથ લાંબા કરી-કરીને જાતભાતનાં ગીતો સંભળાવશે. ફટાણાં ગાશે ને ગાતી વખતે એવી જાન ફૂંકશે કે ફટાણાંમાંય વન્સ મોર... વન્સ મોર... થઈ જશે. રંગ રહી જશે. ઢબુનો વર ફોઈ-ફોઈ કરતો ગળગળો થઈને હાથ પકડીને વર્તુળમાં લઈ જશે ને પછી તો જે સાસુ-જમાઈની જોડી ઠેક લેશે કે... ઢબુય નાચતાં-નાચતાં તેનો હાથ પકડી લેશે ને પછી ડુમાયેલા અવાજે ભેટી પડશે. ગટ્ટુ અને તેની વહુની આંખો ભીની થશે ત્યારે તે આંખોમાંથી વહેતી ભીનાશમાં પોતે તે લોકોએ આપેલી બધી જ રુક્ષતા વહાવી દેશે. ઝાંય વળી ગયેલી માની આંખોમાં દીકરી દેહે દીકરો જણ્યાનું ગુમાનભર્યું એક અનોખું તેજ ઝળહળશે. એક પછી એક બહેનો આવી-આવીને પગે લાગશે, ઘરસંસાર વસાવવા ને સુખી કરવા માટે આભારથી ભારઝલ્લી બની ગયેલી તેમની આંખો મૂંગી-મૂંગી વરસી પડશે. કહેશે કે બહુ કર્યા ઢસરડા આખી જિંદગી. પારકાંને તો એ જ દેખાશે કે બે'ન ભાઈને આશરે છે, પણ જેને ખબર છે તેને ઇંચ-ઇંચની ખબર છે કે ઓશિયાળું ખરેખર કોણ હતું? કોઈનોય રોટલો બેઠો-બેઠો ખાવો એ તારા હાડમાં જ નથી ને! પણ હવે આરામ કરો, સુખ લો. બસ હવે બહુ થયું.'

'બસ હવે બહુ થયું.' તેણે મનોમન રટણ કર્યું. તે ઉતાવળે-ઉતાવળે ચાલતાં દોડતાં મુખ્ય રસ્તા પર આવી પહોંચી.

એકાએક ઘોડાના ડાબલાના અવાજે તે સહેજ ચોંકી. ઘોડાગાડી હતી. શહેરમાં માંડ ગણીગાંઠી બચી ગયેલી ઘોડાગાડીઓ હવે બાળકો માટે 'આંટા'ની મજા લેવા પૂરતી જ કામની હતી. છગનાની ઘોડાગાડીમાં બેઠેલાં ભૂલકાંઓ આનંદથી ચિચિયારીઓ પાડી રહ્યાં હતાં. સફેદ રંગના ઘોડા એક ધારી ગતિએ દોડ્યે જતા હતા. એક ઘોડાની પાંપણ સહેજ-સહેજ સફેદ લાગતી હતી. ઘોડાગાડી તેની એકદમ નજીકથી પસાર થઈ ગઈ. ઘોડાના પગમાં લગાડેલી નાળના અવાજો નિમ્મીના કાનને અથડાયા. નિમ્મીથી એકાએક તેના પગ ભણી જોવાઈ ગયું - પગના તળિયે નાળ તો નથી ને?

ઘેર પહોંચી કે 'ફોઈ-ફોઈ'નું એક વંટોળ ધસી આવ્યું. ઢબુએ દોડીને ભીંસી લીધી : 'કેટલી વાર કરી ફોઈ? તમને કહ્યું તો હતું કે આજે વહેલાં આવજો! ખરાં છો તમે તો. મેંદીનાં કોન લાવ્યાં?' કહેતાં-કહેતાં તેણે થેલીઓ ઠાલવવા માંડી : 'આ બ્લાઉઝ? કોનું? ચાંદની બ્યૂટીપાર્લર વાળીને કહ્યું ને કે ટાઇમ પર આવી જાય... અહીં કંઈ બે-પાંચ નથી હોં, વણજાર છે આખી વણજાર. ઉપરથી મારી કૉલેજની બે-ચાર ખાસ બે'નપણીઓને તો મેં કાલથી જ આવવાનું કહી દીધું છે.'

ઢબુ અંદર ચાલી ગઈ, પણ તરત 'માસી-માસી' કરતું એક બીજું વંટોળ ઊડ્યું. રેણુએ પ્રેમથી નાની ભાણીને ઊંચકી લીધી. હીરા, વૃંદા, વંદના અને જીનાનું ખડખડાટ હાસ્ય સંભળાતું હતું. પોતપોતાના ધણીઓ સાથે ચડસાચડસીમાં ઊતરી હતી. દૂર બેઠી-બેઠી મા બોખા અવાજમાં હી હી કરતી ભળતી હતી. ગટ્ટુ અને ગટ્ટુની વહુ નવા-નવા ધનવાન બનેલા ત્રીજા નંબરના જમાઈની સરભરામાં ખડેપગે હતાં. હીરાએ હાથ ઊંચો કર્યો. જીના નજીક આવી. ભેટી : 'હજીય એ જ? લક્ષ્મી... જોકે સારું જ છે, ઘેર બેઠાં-બેઠાં ટાઇમ ના જાય. ને ત્યાં કરવાનુંય શું. હડીઓ થોડી જ કાઢવાની છે કંઈ? મજા આવે ટાઇપ ટાઇપના લોકોને મળીને. ને લેટેસ્ટ ફૅશનના ટ્રેન્ડ્સ જણવા મળે તે જુદા! લગે રહો મુન્નીબાઈ, હા હા હા...'

એકાએક ગટ્ટુની વહુની નજર નિમ્મી પર ગઈ કે તરત તે નિમ્મી પાસે આવી. હાથ પકડી રસોડા ભણી ખેંચી ગઈ. નિમ્મીની થાકેલી આંખોમાં કંઈક ભીની-ભીની નજરે જોયું અને લાકડા જેવા એ હાથ પર હૂંફાળો હાથ મૂકતી ધીમે-ધીમે બોલી : 'પેલા...ઍડ્વાન્સ?'

નિમ્મીની આંખે ભીનાશ ફંફોસવા માંડી. તેણે બમણી ત્વરાથી જવાબ વાળ્યો : 'લે, ક્યારના વળી! તેની જ તો આ ઝાકઝમાળ! ગટ્ટુએ યાદી આપેલી જ મને. પહેરામણીની સાડીઓ ને ઢબુના આણાની સાડીઓનું હું મારી મેળે લક્ષ્મીમાંથી પતાવી દઈશ. એ

હિસાબ મારા પર છોડી દે. ને માએ કહેલું કે રોકડા હાથમાં હશે તો મારા ગટ્ટુને દસ કામમાં આવશે તો પછી મેં મારો ચેન ભંગાવીને ઉપરના ઉમેરીને ઢબૂડીના મંગળસૂત્રનું બિલેય ચૂકતા કરી નાખ્યું છે. ગટ્ટુએ કહ્યું નહીં?'

'ઓહહહ... લે, એમણે કહેવું જોઈએ ને મને? હે... હે... હે... હે... હું તો અમથી અમથી જ. અરે, આજે ફલ્લી કેમ દેખાતી નથી? આજની નહીં, કાલની દેખાતી નથી. આમ નિમ્મી નિમ્મી કરતી દિવસમાં દસ આંટા મારી જાય ને ખરે વખતે જ... આવત તો જરા કામ આવત ને!'

'ફલ્લી'નું નામ સાંભળતાં જ નિમ્મીને એકદમ ફલ્લીનો વિચાર આવ્યો. તેનું મૂળ નામ તો ધની, પણ આંખમાં જન્મથી ફૂલું તે ફળિયું આખું ફલ્લી જ કે'તું તેને. નિમ્મી ને ધની બંનેની ઉંમર એક સરખી ને હથેળીની રેખાઓય એકસરખી. તેની આંખના ફૂલાએ તેના જીવનમાંથી ફૂલોની સુગંધ ખૂંચવી લીધેલી. નિમ્મીએ તરત

કહ્યું : 'આજે તો નવરી હશે. બે દિવસ ટ્યૂશન આવતાં ટાબરિયાંને રજા આપી દીધી છે. જોકે નવરી શાની? તેય 'ફોઈ ફોઈ'ના વંટોળમાં એ...ય...ને અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં ઊડતી હશે. એક ઘડીની નવરાશ નહીં હોય બાપડીને. કાલની સાંજ માટે આજે કેકનો ઑર્ડર આપવા જવાનું કહેતી તો હતી.. મેં ભાર દઈ-દઈને કહેલું કે સંગીત સંધ્યામાં તો આવવાનું જ છે. બર્થડેનું જલદી આટોપીને આવી જજે, અમારે તો મોડે લગી ચાલવાનું બધું.'

બીજા દિવસની સાંજની રમ્ય કલ્પનામાં રાત વીતી ગઈ.

સંગીત સંધ્યાના દિવસે 'ઘઈ ઘઈ'માં 'ઘઈ' બનીને નિમ્મી આખો દિવસ ઘૂમતી રહી. તેણે ઘરના-ઘરનાની રસોઈ કરી, ઘરના-ઘરનાનાં વાસણ કર્યાં. બહારના-બહારનાની આગતાસ્વાગતા કરી, ચા-પાણી કરાવ્યાં. બાકી રહી ગયેલી કે ખૂટતી ચીજવસ્તુઓ માટે બે-એક વાર બજાર દોડવું પડ્યું ને સાંજે પાછી આવી ત્યારે ઓરડા અત્તરથી મઘમઘતા હતા. તૈયાર થયેલી ઢબુ બહેનપણીઓથી ઘેરાયેલી હતી. બે-ચાર છોકરીઓ કોરિયોગ્રાફર બનીને સ્ટેપ્સ કરી દેખાડતી હતી.

અચાનક ઘરનો હૉલ ગુંજવા માંડ્યો. મ્યુઝિક સિસ્ટમ ઑન થઈ ગઈ. માથાં ધૂણ્યાં. પગ થિરક્યા. કાયાઓ ડોલી. ચિચિયારીઓ પડી. હુલ્લારિયો થયો – હો-હા... હા... હા... ઓય... હોય... ઉલાલાલાના અવાજો વચ્ચે નિમ્મી તરડાયેલા અવાજે પૂછતી હતી : 'મારાં ચણિયાચોળી ક્યાં?' નાચતાં-નાચતાં જ વૃંદાએ ખભો ઉલાળ્યો. હીરાએ હાથ હલાવી નકાર ભણ્યો. જીનાએ ફુદરડી ફરતાં-ફરતાં જ કહ્યું : 'મારી ચકુડીને તો એ ચણિયાનું ભરત એટલું ગમ્યું કે

તેણે ઠઠાડી દીધું, જોને પણે. મેં કહ્યું કે માસીના છે'લી પણ તે તો હસી વાંદરી, કે' કે ઢળતી ઉંમરે માસી શું પહેરવાનાં હવે!' ત્યાં જ એકાએક ઢબુના હાંફતાં-હાંફતાં શબ્દો સંભળાયા : 'જરા આઘાં ખસો તો ફોઈ... જાવ ને, પેલી બાજુ જઈને બેસી જાવ. અહીં કંઈક વાગીબાગી જશે તો ઉપાધિ.'

નિમ્મી ધીમે-ધીમે બારણાં ભણી વળી.

એકાએક મ્યુઝિક બદલાયું. નાગિન બીન વાગ્યું. ચિચિયારીઓ... હૈશો... હૈશો... ટેએએએ નેએએ... હાથની ફેણ કરતી 'નાગિનો' જમીન પર આળોટવા માંડી. 'નાગો'ને તાન ચઢ્યું. નાગિનો સાથે નૃત્યના તાલે તેય ભળ્યા.

નિમ્મીના હતાશ પગ મંડપ ભણી વળી ગયા. નિમ્મીએ ઉપર નજર કરી. તેની આંખોએ ચંદરવો જોયો, પણ તેને લાગ્યું કે એક સામટી સહસ્ર ફેણો તેના માથે મંડાઈ રહી છે. તેનું ચિત્ત ઉકેલવા મથી રહ્યું - નાગની આ કઈ પ્રજાતિ છે?

તે દૂર મંડપના એક ખૂણે પ્લાસ્ટિકની ખુરશીમાં ગોઠવાઈ ગઈ. સંગીત બરાબર તાનમાં હતું. થોડી વારે પ્લાસ્ટિકની બીજી ખુરશી પણ ભરાઈ ગઈ. ધનીએ જાતને ખુરશીમાં ફંગોળી : 'કેમ'લી, તું તો ગાવાની હતી ને આજે? તું તો કે'તી'તી ને કે...'

'તે તુંય ક્યાં આવાની હતી? તું તો કે'તી'તી કે...'

'ના.. ના... મારા ભાભી કે'કે બહારનું નહીં, તારા જ હાથનું ભાવશે બધાંને. ચટાકેદાર... રાંધી નાખ ને હવે... ને પછી જ્યાં જવું હોય ત્યાં જજે તું તારે.' છેલ્લા શબ્દો ભીના બની ગયા. 'તે પછી હું વીસ જણનું રાંધીને આવી, એકલા હાથે.' બોલતાં-બોલતાં તેનો અવાજ ફાટી ગયો : 'પણ જોજે ને, હમણાં પેલો આવ્યો સમજ. ફોઈને મૂકીને કેકનો એક કટકોય નહીં નાખે મોંમાં! મીણબત્તીને ફૂંક મારશે તે પહેલાં ફોઈને બૂમ મારશે, જોજે ને!'

એકાએક ઢબુ અંદરથી બહાર આવી. મંડપની ચારે બાજુએ ફાંફાં માર્યાં. ફોઈ બેઠી હતી તે દિશામાં ઉતાવળા પગે ગઈ.

નિમ્મીની આંખોમાં જરાક ચમક પથરાઈ. પગ સહેજ આગળ લંબાયા. હાથની નસેનસમાં અજાણી ઊર્જા દોડવા માંડી. તે ધીમું-ધીમું બબડી : 'હું ના કહેતી'તી, મારી ઢબૂડીને ચાલે જ નહીં ને મારા વિના! મને નહીં જુએ તો ક્યાંયથીય શોધી, તાણીને લઈ જ જવાની.' તેનું મોં હસું-હસું થઈ રહ્યું.

લાલ રંગની ચણિયાચોળી પહેરેલી ઢબુ એકદમ નજીક આવી ગઈ. લાલ રંગ નિમ્મીની આંખોમાં થઈને ભીતર ઊતરવા માંડ્યો. ઢબુ હાંફતી હતી. હસતી-હસતી તે બોલી : 'ફોઈ...'

'હો... હવે આવી છેક... વાલી મૂઈ... ના હો હું નહીં... ભૈ'શાબ... તમારા આવા ઢંગધડા વિનાનાં ડાંસમાં હું નહીં હોં ભૈ'શાબ!' ભીતરના મોરલાના

ટહુકાને, થનગનાટને માંડ-માંડ સંતાડતી નિમ્મીએ બનાવટી રીતે તોબા કર્યું.

'તે તને બોલાવે છેય કોણ? હું તો સેફ્ટીપિન લેવા આવી છું. મને ખબર છે તારી બંગડીમાં કાયમની એક-બે ભેરવેલી હોય છે. પેલીનો ફોલ અટવાય છે પગમાં.' બંગડીમાંથી સેફ્ટીપિન કાઢી ઢબુ આવી હતી એ જ ઝડપે અંદર જતી રહી.

ધનીની આંખો હજી તેના ઘર તરફ હતી. લાઇટો બંધ થઈ. મીણબત્તી સળગી. મીણબત્તી ઓલવાઈ. ફુગ્ગા ફૂટ્યા.

ખુરશીમાં જ બેઠાં-બેઠાં ધની ધ્રૂજી ઊઠી - કોઈકે ફૂંક મારી કે શું?

ઘોંઘાટભર્યું સંગીત ચાલુ હતું હજી. બહાર ચાર સ્તબ્ધ આંખો આકાશ તરફ તાકતી તારા જોવા લાગી.

-'લાલ રંગ...'

-'તારા લાલ...'

-'ચાંદો લાલ...'

-'લાલ આકાશ...'

-'લાલ ફળિયું...'

-'લાલ સિંદૂર'

-'લાલ ચૂડી'

-'લાલંલાલ'

-'દુનિયા આખી લાલંલાલ...'

નિમ્મી ભુલાયેલું કોઈ ગીત યાદ કરતી હતી. તે ગીતની ધૂન ગણગણવા લાગી. તેણે ધની સામે જોયું : 'તને લાલ રંગ ગમે?'

'અહં...' ધનીએ લાલ રંગના ચંદરવા સામે જોતાં કહ્યું : 'અને તને?'

'ઊહું...'

સંગીતના તીવ્ર ઘોંઘાટમાં નિમ્મીનું ગીત ક્યાંય દબાઈ ગયું. મંડપ નીચે બેઠેલી બે ફોઈઓ એકબીજા સામે જોઈને ખડખડાટ હસી પડી. હસતાં-હસતાં બંનેની આંખો ભીની-ભીની થઈ ગઈ.

એકાએક નિમ્મીએ પૂછ્યું : 'તને મંડપ દેખાય છે?'

ધનીએ શુષ્ક જવાબ આપ્યો : 'હા... ને તને?'

'ના... મને તો એવું લાગે છે કે હું છાવણી નીચે છું. મને તો બે નિમ્મી દેખાય છે, બાવીસ વર્ષ પહેલાંની ને બાવીસ વર્ષ પછીની. તને શું લાગે છે, કોણ જીતશે?'

બંને પોતપોતાનાં ઘર ભણી અને પછી આકાશ ભણી જોઈ રહ્યાં.

સંગીતના એ કર્કશ અવાજો વચ્ચે પણ નિમ્મીને ઘોડાની નાળ લગાડેલા ડાબલાનો અવાજ ક્યાંય સુધી સંભળાતો રહ્યો.

❑❑❑

તમે ઈશ્વરને પ્રેમ કર્યા વિના કોઈ વ્યક્તિને પ્રેમ કરતા હો,
જ્યારે ખરેખર ઈશ્વર તેની અંદરની સારાઈ જ છે,
તો તમે તેવા પ્રેમથી ભવિષ્યની નિરાશા અને દુઃખ માટેનાં બીજ વાવી રહ્યા છો.

- લિયો ટોલ્સટોય



અંતરિક્ષના આગિયા

(નભે ટમટમતી કથાઓ)

☐ ધ્રુવ ભટ્ટ

॥ પ્રકરણ - ૦૩ કૃત્તિકાની વાર્તા ॥




ભારતીય કૅલેન્ડર પ્રમાણે કારતક માસ વર્ષનો પહેલો માસ ગણાય છે, એટલે આપણે આકાશ જોવાનું અને તેની વાર્તા કરવાનું કારતક માસથી શરૂ કરીએ. આ માસની પૂનમનો ચંદ્ર કૃત્તિકા નક્ષત્ર સાથે ઊગે છે.

ભારતીય મહિનાઓનું સમયમાપન ચંદ્ર પર આધાર રાખે છે એટલે તિથિના ક્ષય, વૃદ્ધિ, દર અઢી વરસે આવતા અધિકમાસ વગેરે ગણતાં દિવાળી મોટે ભાગે ઑક્ટોબરના ત્રીજા અઠવાડિયાથી નવેમ્બર મધ્ય સુધીમાં આવતી હોય છે અને તે પછીના દિવસથી આપણું નવું વર્ષ શરૂ થતું હોય છે. એટલે કારતક મહિનો લગભગ આ સમયગાળામાં બેસે છે.

અહીં સરળતા ખાતર આપણે કારતક નવેમ્બરમાં આવ્યો છે એમ ગણીને નવેમ્બર માસના આકાશનો નકશો લઈને આકાશદર્શન અને કથન શરૂ કરીએ.

આપણે નવેમ્બર મહિનામાં રાતે આઠથી દસ વચ્ચે આકાશની સ્થિતિ દર્શાવતો નકશો લઈએ. નકશો જોતાં રહીને તેને આકાશ સાથે સરખાવીશું તો પૂર્વ ક્ષિતિજેથી

એક બહુ જ સુંદર અને એટલું જ જાણીતું તારકજૂથ બહાર આવી રહ્યું છે.



તેનાથી જરાક ઉપર જોઈએ તો સહેજ ઉત્તર તરફ ઢળતો એક ચમકદાર લાલ તારો અને બીજા પાંચ પ્રમાણમાં ઝાંખા તારા મળીને અંગ્રેજીના મૂળાક્ષર

V જેવો આકાર રચે છે. એ છે રોહિણી નક્ષત્ર. આપણે ચંદ્રની વાર્તામાં રોહિણી વિશે જાણ્યું છે એટલે તે નક્ષત્રની લાંબી વાત નથી કરવી.

હા, આ આકારમાં જે મોટો લાલાશ પડતો ચમકતો તારો રોહિણી છે તેની થોડી વાત કરી લઈએ. સામાન્ય રીતે નક્ષત્ર એક કરતાં વધારે તારાઓની આકૃતિ રચીને નામ પામેલું હોય છે. આમ છતાં કેટલાંક નક્ષત્રો એવાં છે જે માત્ર એક જ તારાનાં બનેલાં છે, એમાંનું એક તે રોહિણી છે.

આવા, એક જ તારાને આખાં નક્ષત્રોનો દરજ્જો શા કાજે મળ્યો હશે તે આપણે આગળ જોઈશું. અત્યારે રોહિણીથી સહેજ મધ્યાકાશ તરફ, જરા ઉપરનું આકાશ જોઈએ તો ત્યાં મીન અને મેષના તારાથી ઘેરાયેલું એક સરસ મજાનું તારકમંડળ ઝગમગતું દેખાશે. બીજા ચમકતા તારાઓ કરતાં જરાક ઝાંખું પણ નરી આંખે તરત જોઈ શકાય એવું આ ઝૂમખું છે.

જરાક ધારીને જોઈએ તો એ મંડળમાં નરી આંખે છ તારા તો દેખાશે જ. આકાશ સાફ હોય અને આંખ સારી હોય તો સાત કે આઠ જેટલા પણ ગણી શકાય છે.

ઉત્તર તરફથી જોઈએ તો રાજાના મુગટની કલગીમાં બિરાજતી રત્નકણીઓ લાગે, બીજી તરફ રોહિણી સાથે પાંચીકે રમવા બેસેલી સખીઓ લાગે એવું આ તારકજૂથ, મૃગમંડળ પછીનું સૌથી વધુ જોવાતું નક્ષત્ર છે.

કાને પહેરવાનાં ઝૂમખાં જેવા ખુલ્લા આ તારકજૂથ (ઓપન ક્લસ્ટર)માં આપણે આંખના સ્વાસ્થ્ય પ્રમાણે છ, સાત કે આઠ તારા જોઈ શકીએ છીએ, પરંતુ હકીકત એ છે કે આપણાથી આશરે ૪૧૦ પ્રકાશવર્ષ દૂર આવેલા આ તારકજૂથમાં ૮૦૦ કરતાં વધારે, બ્લૂ ગરમ તારાઓ છે.

આ ઝૂમખાનું નામ કૃત્તિકા છે. સૌરાષ્ટ્રમાં કાતિડો તરીકે પણ ઓળખાય છે. કૃત્તિકા તો વાર્તા સાંભળ્યા વગર પણ યાદ રાખી શકાય તેવું નક્ષત્ર છે, પરંતુ વાર્તા સાંભળીને તેને જોઈએ તો તેને નીરખવાની મોજ જુદી હોય. પોતાપણાના ભાવ સાથે, આપણે જાણે આપણી પોતાની પરિચિત, આકાશગામી જ્યોતિઓને જોતાં હોઈએ એવું લાગે. એટલે ભારતીય પુરાણકથામાં આપણે કૃત્તિકાઓને શોધીએ.

ભારતીયોમાં દેવ એક હોઈ શકે, પરંતુ દેવીઓને એક કરતાં વધારે સંખ્યામાં સાથે જોવા, પૂજવાના રિવાજ છે. દા.ત. ગણેશપૂજામાં રિદ્ધિ-સિદ્ધિ, નવરાત્રિઓમાં નવદુર્ગા, દેવીનાં આશાપુરા જેવાં અન્ય સ્વરૂપોને પણ જોડિયાં બહેનો તરીકે પૂજાય છે. યોગિનીઓ પણ ચોસઠ ગણાય છે. આમ દેવીઓને જૂથમાં જોવા, સમજવાનો રિવાજ ભારતમાં ઘણા લાંબા સમયથી હશે. જોકે વેદમાં કેટલીક દેવીઓને એકલી

બતાવી છે, જેમ કે ઉષા, વાક્, અરણ્યાયિની અને અન્ય કેટલાંક સ્વરૂપો.

આપણી કૃત્તિકા પણ સાત બહેનોનું જૂથ ગણાય છે. કૃત્તિકાનો ઉલ્લેખ ઋગ્વેદમાં છે, જેમાં સાતમાંથી છ બહેનોને (સપ્તર્ષિના સાતમાંથી) છ ઋષિઓની પત્નીઓ ગણાવી છે, જે પહેલાં ઉત્તર દિશામાં, પોતાના પતિઓ પાસે રહેતી હતી. અગ્નિદેવે આ ઋષિપત્ની પર મોહી જઈને તેમને પોતાની સાથે રહેવા વિનંતી કરી. બધી જ સ્ત્રીઓએ અગ્નિનો અનાદર કરીને તેને હાંકી કાઢ્યો.

બિચારો અગ્નિ સૌંદર્યવાન સ્ત્રીઓથી નકારાયેલો, દુઃખી થઈને વનોમાં ભટકતો હતો, ત્યાં તેને સ્વાહા મળી. સ્વાહા અગ્નિને જોતાં જ તેના પ્રેમમાં પડી ગઈ અને પોતાની મનોદશા અગ્નિ સામે પ્રગટ પણ કરી, 'હે દેવ! હું સ્વાહા, આપને જોઈને મોહ પામી છું...'

'હે સ્વાહા! હું પણ કોઈને જોઈને તેના મોહમાં પડેલો છું અને તેની સ્મૃતિમાં દુઃખી છું, એટલે હું તારો સ્વીકાર કરી શકું તેમ નથી.' અગ્નિદેવે કહ્યું.

સ્વાહાએ કહ્યું, 'દેવ, આપ મને એ કહો કે આપનો અનાદર કરનારી તે સ્ત્રી કોણ છે? હું તેને આપની પાસે લઈ આવી શકીશ. મારી પાસે હું કોઈને પણ લઈ આવી શકું તેવી શક્તિ છે.'

અગ્નિએ પોતાની આખી વાત સ્વાહાને કરી.

હવે સ્વાહા પાસે તે કોઈને ઉઠાવી લાવી શકે એવી કોઈ શક્તિ હતી જ નહીં. તેણે તો અગ્નિ સાથે રહેવાની પોતાની મનસા પૂરી થાય તે માટે ખોટું કહ્યું હતું.

જોકે સ્વાહા છદ્મવિદ્યા જાણતી હતી. એટલે તેણે એક પછી એક એમ છયે ઋષિઓની પત્નીનાં રૂપ લીધાં અને અગ્નિ સાથે રહી. એક અરુંધતીનું રૂપ સ્વાહા લઈ શકી નહીં.

સમય જતાં સ્વાહા માતા બની. અતિસુંદર બાળક તરત જ પ્રખ્યાત થયું. અગ્નિને તો પોતે ઋષિપત્ની સાથે રહેતો હતો એવી ભ્રમણા હતી જ, બીજે પણ વાત ફેલાઈ કે આ બાળકની માતા પેલી છ ઋષિપત્નીઓ છે.

વસિષ્ઠ સિવાય બધા ઋષિઓએ પોતાની પત્નીને એમનાથી દૂર કરી દીધી. આમ છ ઋષિઓની પત્ની ઉત્તરમાંથી મધ્યાકાશ તરફ આવીને વસી અને છ કૃતિઓ તરીકે ઓળખાઈ.

આપણા સહુથી મોટા પુરાણ સ્કંદપુરાણમાં પણ કૃત્તિકાનો ઉલ્લેખ છે. અહીં કૃત્તિકાઓને મૂળે ભગવાન શંકરના, પરંતુ અગ્નિ અને કુટિલાએ ધારણ કરીને છોડી દીધેલા બાળક સ્કંદની પાલક માતાઓ તરીકે ઓળખાવાઈ છે.

શંકર ભગવાનના તેજથી હેરાનપરેશાન થયેલા અગ્નિએ એ તેજ નદી સ્વરૂપ

દેવી કુટિલાને સોંપ્યું. કુટિલા પણ એ તેજને સહન કરી શકી નહીં એટલે એણે બ્રહ્માની સલાહ લીધી.

બ્રહ્માએ કુટિલાને કહ્યું, 'હે દેવી, તું ઉદયાચલ પર્વત પર જા. આ પર્વત પર શરવણ (બરુ) નામે વનસ્પતિનું ગાઢું વન છે. આ તેજને તું ત્યાં વિસર્જિત કરી દે તો તે શરવણ (બરુ) વચ્ચે ઢંકાઈ રહેશે.'

નદી કુટિલા બિચારી ઉદયગિરિ પહોંચી અને શંકરના તેજને ત્યાં મૂકીને નીકળી ગઈ.

થોડા સમયે પર્વત પર, બરુના વનમાં નાનકડા તેજોમય બાળકનો જન્મ થયો. મોઢામાં અંગૂઠો નાખીને રડતા બાળકને ત્યાંથી પસાર થતી કૃત્તિકાઓએ જોયો અને બધી જ તેના પર વારી ગઈ. બાળકને દૂધ પાવા માટે છયે છ જણી એક સાથે દોડી.

છ કૃત્તિકાઓ બાળકને પોષણ આપવા માટે અંદર-અંદર ઝઘડવા માંડી એટલે બાળકે પોતે જ છ મુખ કરીને બધી કૃત્તિકાઓનું દૂધ એકસાથે પીવા માંડ્યું અથવા બાળક છ સ્વરૂપ ધારણ કરીને છયે કૃત્તિકા પાસે ગયો.

હવે આખી સૃષ્ટિના સર્જનહાર એવા પ્રજાપિતા બ્રહ્માને પેલા બરુના વનમાં જન્મેલા પુત્રની જાણ તો હોય જ. એટલે બ્રહ્માએ અગ્નિને પૂછ્યું, 'તમારો પુત્ર ગુહ કેવડો થયો?'



અગ્નિ તો આભો બની ગયો, 'ક્યો પુત્ર, આ ગુહ કોણ છે?'

'કેમ?' બ્રહ્માએ કહ્યું, 'તમે કુટિલાને સોંપ્યો અને કુટિલા તેને ઉદયગિરિ પર મૂકી આવી છે તે પુત્ર.'

અગ્નિએ પોતાના પુત્રને જોવા ઉદયગિરિ તરફ દોટ મૂકી, તેને જતો જોઈને કુટિલા પણ દોડી. બન્ને સાથે બરુના વને પહોંચ્યાં તો બન્નેએ છ મુખવાળા તેજસ્વી એવા એક બાળકને જોયો.

અગ્નિ અને કુટિલા 'આ બાળક મારું છે.' કહીને એકબીજા સાથે ઝઘડવા માંડ્યાં. એ સમયે વિષ્ણુ ત્યાંથી નીકળ્યા અને અગ્નિ તથા કુટિલાને કહ્યું, 'આમ અંદર-અંદર ઝઘડવા કરતાં તમે મહાદેવ પાસે જાઓ. એ તમારા ઝઘડાનું તમને યોગ્ય નિરાકરણ કરી આપશે.'

અગ્નિ અને કુટિલા શંકર પાસે ગયાં અને બધી વાત કરીને પૂછ્યું, 'હે મહાદેવ! કહો, આ પુત્ર કોનો કહેવાય?'

શંકરે પાર્વતીને વાત કરી અને કહ્યું, 'આપણે તે બાળક પાસે જ જઈએ અને તે બાળક જે યુગલને પોતાનાં માતા-પિતા તરીકે સ્વીકારે તેનો તે પુત્ર ગણાશે.'

આમ બધાં બરુના વનમાં પેલા બાળક પાસે પહોંચ્યાં અને તેને કૃત્તિકાઓની ગોદમાં સૂતેલો જોયો.

વામનપુરાણમાં લખ્યા પ્રમાણે છ મોંવાળા બાળકે શંકર, પાર્વતી, અગ્નિ અને કુટિલાના મોં પર વહાલ અને પ્રશ્નનો ભાવ જોઈને ચાર રૂપ ધારણ કર્યાં. (યોગી, ચતુર્મૂર્તિઃ અભૂત્ ષણ્મુખઃ સ શિશુસ્ત્વપિ - વામનપુરાણ ૫૭-૩૯)

આ ચારેયમાંથી એક સ્વરૂપ કુમાર નામ ધરીને શંકર પાસે ગયું, બીજું, વિશાખ નામ ધારણ કરીને પાર્વતી પાસે, ત્રીજું, શાખ નામધારી સ્વરૂપ કુટિલા પાસે અને ચોથું, મહાસેન નામધારી સ્વરૂપ અગ્નિ પાસે ગયું. આમ ઝઘડાનો અંત આવ્યો.

શંકર ભગવાને ચાર ઉપરાંત બે બીજાં નામ પણ આપતાં કહ્યું, 'કૃત્તિકાઓએ ઉછેરેલો આ પુત્ર કાર્ત્તિકેય નામે ઓળખાશે અને શરવણના વનમાં જન્મેલો હોઈ તે શારદ્વત તરીકે પણ ઓળખાશે.'

આમ અનેક નામધારી સૂર્યસમ કાંતિ ધરાવતો, નાનકડો, છ મોંવાળો બાળક તે ભગવાન કાર્ત્તિકેય. જે સદા યુવાન છે અને ઐશ્વર્યોના સ્વામી ગણાય છે, જેણે પૃથ્વી અને સ્વર્ગ પર ત્રાસ ફેલાવતા અસુર તારકાસુરનો વધ કર્યો.

તારકાસુરને વરદાન હતું કે સાત દિવસથી વધારે ઉંમરનું કોઈ તેને મારી શકે નહીં. એથી છ પાલક માતાના પુત્ર એવા કાર્ત્તિકેયે જન્મના છઠ્ઠા દિવસે જ તારકાસુરનો અંત કર્યો (એટલે જ ભારતમાં જન્મના છઠ્ઠા દિવસનું મહત્ત્વ ખૂબ જ છે).

ભારતીય પુરાણોની જેમ ગ્રીક પુરાણોમાં પણ કૃત્તિકાઓની કથા છે. ગ્રીક પુરાણોમાં કૃત્તિકાઓને પ્લેઇડીઝ (Pleiades) નામ અપાયું છે અને તેમને મહાબલી ઍટલાસની પુત્રીઓ દર્શાવાઈ છે.

આકાશને તોળી રાખનાર અને પૃથ્વીને પોતાના મજબૂત ખભા પર ટેકવીને સ્થિર રાખનારો ઍટલાસ ઘર-ઘરમાં જાણીતો છે. શાળાએ જતાં બાળકો પણ ઍટલાસને તો ઓળખે છે, કારણ કે એના નામ પરથી પૃથ્વીના નકશાને આજે પણ ઍટલાસ તરીકે ઓળખાવાય છે.

આ ઍટલાસની સાત પુત્રીઓ એટલે પ્લેઇડીઝ. સાતેય બહુ જ સુંદર અને સુશીલ. સાથે હસતી, રમતી મોટી થતી ગઈ. સમય જતાં પ્લેઇડીઝ બહેનો યુવાન થઈ ત્યારે નાના બાળક એવા આસવોના દેવતા ડાયોનિસસની પાલક માતા બની. ડાયોનિસસની પરિચારિકા (નર્સમેઇડ્ઝ) અને શિક્ષિકા તરીકે પણ

પ્લેઇડીઝ બહેનોએ કામ કર્યું.

એ સમયમાં ઓરાયન નામનો એક શિકારી પ્લેઇડીઝ બહેનોનાં રૂપ પર મોહી પડ્યો તેની કથા આગળ જોઈશું.

પ્લેઇડીઝ ઑક્ટોબરથી આકાશમાં દેખાવા માંડે છે અને એપ્રિલથી દેખાતી બંધ થાય છે. એટલે તેને રેઇનર્સ પણ કહે છે.

ભારતીય પુરાણોની કૃત્તિકા પાસે અગ્નિએ પ્રેમ યાચ્યો હતો. ગ્રીક કથાની પ્લેઇડીઝને ઓરાયને પજવી હતી.

પ્લેઇડીઝ બહેનોએ ડાયોનિસસનું પાલન કર્યું તો કૃત્તિકાઓ કાર્તિકેયની પાલક માતા બની. પુરાણની કથાઓ મૌખિક કથન અને શ્રવણની પદ્ધતિથી આગળ વધતી રહે છે અને તેમાં સમયાંતરે પાઠભેદ થતા જ રહે છે.

ભારતીય પુરાણો વિશે જ્ઞાનીઓએ આપેલા ખુલાસા મુજબ, કૃત્તિકાની આ વાર્તાના અનેક ગૂઢાર્થો છે. એની ચર્ચા કરવા બેસીએ તો અનેક ભાષ્યો રચાય. એટલે આપણે તો આકાશમાં તરતું છ-સાત તારાનું ઝૂમખું, જે કાર્તિકેય જેવા પરાક્રમી બાળકની છ માતાઓ તરીકે અંતરિક્ષમાં સ્થાન પામેલું છે તેને કે પછી પ્લેઇડીઝ તરીકે ચમકે છે તે ખુલ્લા તારકસમૂહ (ઓપન ક્લસ્ટર)ને યાદ રાખવાનું છે.

આવા સરસ ઝૂમખાને એક વાર નીરખીએ પછી આપણે તેને ભૂલવાના પણ કઈ રીતે? એમાં પણ દૂરબીનથી કે બાઇનોક્યુલરથી કૃત્તિકાની અઢળક તારા-સંપત્તિ જોઈએ તો બસ જોયા જ કરીશું.

આમ પણ રાતના તારાઓથી ભરેલા આકાશનું નિયમિત દર્શન કરનારાને ક્યારેક અચાનક છાંદોગ્ય ઉપનિષદના રચયિતાને થયો હશે તેવો અનુભવ થાય કે એવો વિચાર સૂઝે તેમ બને પણ ખરું...

યાવાન્ વા અયં આકાશઃ તાવાન્ એષઃ અંતર્હૃદય આકાશઃ
ઉભે અસ્મિન્ દ્યાવાપૃથિવી અંતરેવ સમાહિતે ઉભૌ અગ્નિઃ
ચ વાયુઃ ચ સૂર્યાચન્દ્રમસૌ ઉભૌ વિદ્યુત્ નક્ષત્રાણિ યત્ ચ
અસ્ય ઇહ અસ્તિ યત્ ચ ન અસ્તિ સર્વં તત્ અસ્મિન્ સમાહિતમ્
તં ચેત્ બ્રૂયુઃ અસ્મિન્ ચ ઇદં બ્રહ્મપુરે સર્વં સમાહિતમ્...॥ (છાંદોગ્ય ઉપનિષદ ૮.૧.૩-૪)

(આ આકાશ જેટલું વિશાળ છે એટલું જ વિશાળ અંતરનું આકાશ છે. તેમાં સ્વર્ગ અને ધરતી બેઉ રહેલાં છે. અગ્નિ, વાયુ, સૂરજ-ચંદ્ર, નક્ષત્રો, વીજળી એ આ લોકમાં છે. તે 'ત્યાં છે અને અહીં નથી' તેવું નથી. જે કંઈ છે તે સઘળું તેમાં છે. અંતરલોકમાં આ બધું જ સમાયું છે.)

[ક્રમશઃ]



એવી ને એવી જ

☐ ગિરિમા ઘારેખાન

બહુ વિચાર કર્યા પછી જ મેં મારા બધા વાળ કપાવી નાખવાનો નિર્ણય લીધો હતો. બધા એટલે બધા જ - સાવ મુંડન જ. મારે માટે એ નિર્ણયને અમલમાં મૂકવાનું મુશ્કેલ તો હતું જ. નાનપણથી મારા વાળ બહુ સુંદર હતા, લાંબા, લીસા અને ભરાવદાર. બહેનપણીઓ મારા વાળની મીઠી ઈર્ષા

કરતી. લગ્ન પછી સુમિત તો હું માથું ઓળતી હોઉં ત્યારે મારા વાળ સામે જોઈ રહેતો અને પછી કહેતો, 'લોકો ચોટલાને નાગ સાથે કેમ સરખાવતા હશે એ તો તારો ચોટલો જોઈએ ત્યારે સમજાય.' મારો દીકરો નમન પણ ક્યારેક મસ્તીમાં મારી પાછળ-પાછળ મારો ચોટલો પકડીને ચાલતો. સ્વાભાવિક છે કે હું પણ મારા વાળને ખૂબ જ પ્રેમ કરતી હતી, પણ ડાબા સ્તનમાં દેખાયેલી એક ગાંઠ અને પછી ચાલુ થયેલી કેમોથેરપીની સારવારે મારા વાળને મારી જેમ જ મૂળમાંથી હલાવી નાખ્યા હતા.

ડૉક્ટરે સમજાવ્યું હતું કે મારો રોગ બહુ જલદી પકડાઈ ગયો હતો એટલે સો ટકા મટી જ જવાનો હતો, તો પણ એક અજાણ્યો ભય મને રાતોની રાતો સુધી સૂવા નહોતો દેતો. પાછું જેટલી વાર હું પથારીમાંથી ઊઠું એટલી વાર ઓશીકાની ઉપર મારા ખરેલા વાળની ચાદર પથરાયેલી જોતી. એ વખતે તો કેમો કરતાં પણ મારી પીડા વધી જતી. છેવટે હું એકસાથે જ બધા વાળ કઢાવી નાખવાના નિર્ણય ઉપર આવી હતી. આ રોજરોજની પીડામાંથી તો છૂટું! ડૉક્ટરે આશ્વાસન આપ્યું જ હતું કે અમુક સમય પછી યોગ્ય સારવારથી વાળ પાછા ઊગી જતા હોય છે.

હું વાળ કપાવીને ઘેર ગઈ ત્યારે મને સહુથી વધુ ચિંતા મારા નમનની હતી. એની લાંબા વાળવાળી મમ્મીને આમ સાવ વાળ વિનાની જોઈને એને કેવું લાગશે? એનો પ્રતિભાવ કેવો હશે? ચાર વર્ષનું બાળક, એને સમજાવી પણ શું શકાય?

હું ઘેર ગઈ ત્યારે નમન કમ્પાઉન્ડમાં જ રમતો હતો. મને જોઈને એ હંમેશની જેમ મને વળગી પડ્યો. હાશ! ઓળખી તો લીધી! બાકી પાર્લરમાં તો અરીસામાં જોઈને જાણે હું જ મારી જાતને નહોતી ઓળખી શકી. ચૂમીઓથી નવડાવતી હું નમનને તેડીને ઘરમાં લઈ ગઈ અને સોફામાં બેસીને એને મારા ખોળામાં બેસાડી દીધો. હું ધીરે-ધીરે એના વાળમાં હાથ ફેરવતી રહી. થોડી વાર પછી એણે મારી ડોકમાં એના હાથ પરોવી દીધા અને મારા ગાલ ઉપર મસ્ત પપ્પી કરીને એકીટસે મારી સામે જોઈ રહ્યો.

આ જ તો એ પળ હતી જેનો મને ડર હતો. એ કંઈ બોલે એ પહેલાં મેં જ નમનને કહ્યું, 'મમ્મી પાછી હતી એવી જ થઈ જશે હોં બેટા!'

એની આંખોમાં આશ્ચર્ય ડોકાયું. પછી બોલાયેલા એના શબ્દોમાં પણ એટલું જ આશ્ચર્ય હતું, 'પણ મમ્મી, તું હતી એવી ને એવી જ તો છે!'

ક્યાંકથી ઠંડી હવાની લહેરખી આવી અને મારા ન ઊગેલા વાળ હવામાં લહેરાવા માંડ્યા.

❑❑❑



બાબુલાલ મેઘજી શાહની સાથે વેલજીભાઈની પ્રતિમાનું અનાવરણ કરતા મોરારિબાપુ

મરુભૂમિનો હેત્વંતર લોકગાયક : વેલજી ગજ્જર

☐ હસમુખ અબોટી 'ચંદન'

૧૯૭૦માં મુંબઈ પાર્લાસ્થિત ભાઈદાસ હૉલમાં ડાયરો યોજ્યો. કરણીદાન અહીં એક નવો ચહેરો લાવ્યા. એ ગાયકની સપ્રમાણ ઊંચાઈ, કસાયેલું શરીર, મોહક સ્મિત અને ચહેરા પર લાલાશ, એમાં પણ જ્યારે એ ગાતા હોય ત્યારે ચહેરા પર વધુ લાલાશ પ્રસરતી. લોકો અવાજથી ઠીક-ઠીક પરિચિત હતા. આ ડાયરામાં પ્રાણલાલ વ્યાસ, લાખાભાઈ ગઢવી, દિવાળીબહેન ભીલ, ભીખુદાન ગઢવી, કનુ બારોટ, કાનજી ભુટા બારોટ, લલિતાબહેન ત્રિવેદી, સરોજબહેન ગુંદાણી, શાહબુદ્દીન રાઠોડ, વાલેરા બ્રધર્સ જેવા દિગ્ગજ કલાકારો ઉપસ્થિત થયા. સ્ટેજ પર આ સર્વેને લોકોએ જોયેલા, પણ એક નવા, આકર્ષક, ગોરા-રૂપાળા કલાકારને જોયેલા નહિ. મુંબઈગરા માટે હજુ નવા હતા, પણ જ્યાં વેલજી ગજ્જરનું નામ બોલાયું ત્યાં આખો હૉલ તાળીઓથી ગુંજી ઊઠ્યો!

આ ડાયરાની ખૂબી ગણો તો એ

હતી, ગુજરાતી ફિલ્મોના કલાકારો, નાટ્યકારો, સંગીતકારો, દિગ્દર્શક અને સાહિત્યપ્રેમીઓ હાજર હતા. કલ્યાણજી વીરજી શાહ, ઉપેન્દ્ર ત્રિવેદી, અરવિંદ ત્રિવેદી, અવિનાશ વ્યાસ, રવીન્દ્ર દવે, પુરુષોત્તમ ઉપાધ્યાય, વિનાયક વોરા, શિવકુમાર પુંજાણી, ડૉ. સી. ટી. ચૂડગર, બાબુ મેઘજી શાહ, પૂ. સવિતાદીદી, જેવા અનેક ગાયનના મર્મી ઉપસ્થિત હતા. એક પછી એક કલાકાર પોતાની આભા પાથરી રહ્યા હતા. હવે વારો હતો વેલજીભાઈનો. સૌને એક નવી જ અપેક્ષા હતી; કંઈક નવું અને કંઈક અનેરું સાંભળવાનું. આ કલાકાર અષાઢ મહિનામાં ઘનઘોર વાદળ ચઢ્યાં હોય અને એને દેખી જેમ મયૂર ગહેકી ઊઠે તેમ વેલજીભાઈએ 'હોથલ પદમણી'ની વાત કરતાં દુહો એવો તો ઉપાડ્યો કે સૌ શ્રોતાઓના મુખમાંથી વાહ... વાહ... શબ્દો સરી પડ્યા. રજૂઆત એટલી આકર્ષક કે રવીન્દ્ર દવે અને અવિનાશ વ્યાસનું દિલ જીતી લીધું.

ડાયરો પૂરો થયો. કરણીદાને મુંબઈમાં આગામી ક્યાં અને ક્યારે આયોજન છે એની વાત મૂકી. શ્રોતાઓએ વાતને વધાવી લીધી. આગામી 'ષણ્મુખાનંદ હૉલ'માં છે એવી જાહેરાત થઈ. આ પછી બે ડાયરાઓ થવાના હતા. એમાં સૌ હાજર રહેવાના હતા. કલાકારો એ જ રહેવાના હતા. ફરી એ જ વાત બની. વેલજીભાઈ ફરી અવ્વલ. વિદાયવેળાએ ખુદ અવિનાશ વ્યાસ તેમને મળવા સ્ટેજ સુધી ગયા. ત્યાર બાદ એક પછી એક નામાંકિત વ્યક્તિઓ મળવા લાગી. અનેક ડાયરાઓ અને કાર્યક્રમો થયા. હવે એક જાજરમાન કલાકાર તરીકે ગણના થવા માંડી હતી.

એ સમયે એક બાજુ કરણીદાનના ડાયરાઓ યોજાય તો અમુક અંતરે ઉપેન્દ્રભાઈનાં નાટકો મુંબઈમાં થાય. મૈત્રીના નાતે એકબીજાના કાર્યક્રમોમાં જાય. સારા-નરસાની વિશદ ચર્ચા થાય. એ થકી પ્રલંબ રિયાજ મળતો રહ્યો.

દરમિયાન રવીન્દ્ર દવેની એક ફિલ્મ અટકી પડી હતી. કામ સાવ ગૂંચવાઈ ગયું હતું. સૌ નવરા પડી ગયા હતા. હવે શું કરવું એ જાતની મથામણ ચાલી રહી હતી, ત્યાં વેલજીભાઈને કચ્છની લોકકથા પરથી ફિલ્મ બનાવવાનું સૂચન કર્યું. રવીન્દ્ર દવે પૂછ્યું, ''કઈ ફિલ્મ?''

વેલજીભાઈએ સહસા ઉત્તર વાળ્યો, ''જેસલ-તોરલ.''

ગુજરાતી ફિલ્મ માટે આ એક તદ્દન નવો વિષય મળ્યો, પણ એના માટેનું લોકેશન, સાધનો, સગવડો, કલાકારો ઇત્યાદિની મૂંઝવણ! રવીન્દ્ર દવેને વેલજીભાઈએ કહ્યું, ''કલાકારોની પસંદગી સિવાય બધી વ્યવસ્થા મારી પર છોડી દો.'' આખરે સૌને વાત ગળે ઊતરી. તમામે-તમામ વ્યવસ્થા કરી આપી. ફિલ્મનું શૂટિંગ ખેડોઈ-અંજાર-ભુજ મધ્યે ગોઠવાયું. આ ફિલ્મમાં તેમણે પણ નાની એવી ભૂમિકા



ભારતીય વિદ્યા ભવન ખાતે ડાયરો

'વાણિયા-વેપારી'ની ભજવી. 'જેસલ-તોરલ' ફિલ્મ રજૂ થતાં જ ગુજરાતી લોકો પર છવાઈ ગઈ. ખરા અર્થમાં ગુજરાતી ફિલ્મનો પૂર્ણકાલીન કહી શકાય એવો યુગ અહીંથી શરૂ થયો. આનું શ્રેય રવીન્દ્રભાઈ અને ઉપેન્દ્રભાઈએ વેલજીભાઈને આપ્યું, કેમ કે તેઓ જ ચાવીરૂપ રહ્યા હતા. એ પછી ગુજરાતી ફિલ્મો માટે વેલજીભાઈ નસીબવંતા સાબિત થતા રહ્યા. ફિલ્મ ક્ષેત્રે તેમની એન્ટ્રી ધમાકેદાર થઈ.

કચ્છનું ઐતિહાસિક શહેર અંજારની પૂર્વે સાત કિલોમીટરે આવેલું વરસામેડી વેલજીભાઈનું ગામ. બાપ-દાદા સુથાર. ગુર્જર સુથાર જ્ઞાતિના હોઈ ગજ્જર કહેવાયા. અવટંકે દુધૈયા.

કાનજીભાઈને ઈ.સ. ૧૯૩૨માં મધ્યપ્રદેશ જવાનો મોકો મળ્યો. ખૂબી ગણો તો એ કે ગમેતેવું લાકડું હોય પણ નકામું જવા ન દે અને એનો વ્યય થવા ન દે. એ વાસ્તે મધ્યપ્રદેશના રેલખાતાએ તેમને સિકંદરાબાદ બોલાવ્યા. સિકંદરાબાદમાં રેલવેનું વિવિધ કામ હાથ પર લીધું. ખાતા અને કાનજીભાઈને એનાથી સંતોષ હતો.

૧૯મી ડિસેમ્બર, ૧૯૩૪ના દિવસે કાનજીભાઈને ત્યાં દીકરાનો જન્મ થયો. દીકરાને માતા નાનુબહેન જરાય ન છોડે. દીકરો માતાના ખોળામાં રમે અને માતા હાલરડાં ગાય તો સાથે ઊંકારા ભરે. નાનુબહેને દીકરાનું નામ પાડ્યું - વેલજીએ.

બાળ વેલજીને રમાડતાં-રમાડતાં કે કામ કરતી વખતે ઘોડિયામાં સૂવડાવી નાનુબહેન સુરીલાં લોકગીતો, લગ્નગીતો, ભજનો ગાય. અવાજ તેના કાને પડઘાય. આમ સ્વરસુધાનું પાન મળ્યા કરે અને બાળમાનસમાં શબ્દો અંકાતા જાય.

કાનજીભાઈનું સિકંદરાબાદમાં કામ પૂર્ણ થતાં ઘર પાછું વરસામેડીમાં આવી ગયું.

વેલજી ધૂળમાં રમે એટલો મોટો થઈ ગયો. ધીરે-ધીરે આડોશપાડોશનાં છોકરાંઓ સાથે રમવા લાગ્યો. દાતણ કે ઝીણી લાકડી લઈ ગંબેલા, ડબ્બા અને ટાંકીઓ વગાડે.

વેલજીને છઠ્ઠું બેઠું. આંગળી પકડવાનું છૂટી ગયું. નિશાળે જવા જેટલો થયો. ગામની ગામઠી શાળા 'શેઠ લાલજી

ડુંગરસિંહ'ની પ્રાથમિક શાળામાં ભણવા ગયો.

એક દિવસની વાત. સમૂહ પ્રાર્થના ગવાતી હતી. સૌ નાનાં ટાબરિયાં આંખો બંધ અને હાથ જોડી ગાઈ રહ્યાં હતાં. એક છોકરાનો અવાજ બીજા છોકરાઓ કરતાં અલગ તરી આવતો હતો. હેડમાસ્તર પ્રાગજી નાનજી સોમૈયાની નજર પડી. છોકરામાં કંઈક છે એ સમજ સાથે દરરોજ તેના અવાજની ચકાસણી કરે. પ્રાગજીમાસ્તરને હાર્મોનિયમ સારું વગાડતા આવડે, કયો છોકરો સૂરમાં ચાલે છે એ ખબર પડી જતી. ગાયનની તાલીમ આપતા રહ્યા. દસમા વર્ષે અવાજની ઊંડાઈ-ખૂબી પકડાઈ. માસ્તરે નાડ પારખી લીધી. છોકરાની બુદ્ધિ એવી કે એક વખત સાંભળે કે જુએ એ પછી ક્યારે ન ભૂલે. વારંવાર સમજાવવાની જરૂર ન પડે. આવી પ્રતિભાના કારણે નાટક અને ઇતર લલિતકલાઓમાં પણ રસ લેતો કરી દીધો. આ ટાબરિયો હતો, વેલજી કાનજી ગજ્જર.

કિશોરાવસ્થાના કમાડ ખખડ્યાં. મૂછનો દોરો ફૂટ્યો. શરીર કસાયેલું બનતું ગયું. અરમાનોએ વધુ ઊંચાઈ પકડી. ગામમાં હરિકથાકારો, રામલીલાવાળા કે ભાંગવાડી થિયેટરના નામાંકિત કલાકારો આવે એટલે તેમની સાથે હાર્મોનિયમ અને ગાયનમાં સંગત કરે. ગામમાં નામ થઈ ગયું. ગામ આખામાં એના જેવો કોઈ યુવાન ન મળે. જ્યારે-જ્યારે ઉત્સવ, પ્રસંગ કે અવસર આવે એટલે વેલજીનું નામ બોલાય. પોતાના વ્યક્તિત્વનો ખ્યાલ આવી ગયો. કિંમત સમજાઈ. નાટકોમાં નાનાં-મોટાં પાત્રોને ન્યાય આપે. શ્રાવણ માસ તેમનાં ભજનો વિના અધૂરો રહે, નવરાત્રિમાં ગરબા, દુહા, છંદ વિના ચાચરચોક સૂનો ભાસે; એ પ્રકારનો વ્યસ્ત કલાકાર બન્યો.

સોળમા વર્ષે ખેડોઈના પ્રાગજીભાઈ સુંદરજી સુથારની દીકરી શાંતાબહેન સાથે ધામધૂમથી લગ્ન લેવાયાં. છ સંતાનોમાં દમયંતી, લીલાવંતી, સૂર્યકાંત, રસીલા, અનિલ અને યોગેશ.

પિતાનો ધંધો ન ફાવ્યો. 'સુથારનું મન બાવળિયે' એ કહેવત અહીં સાવેસાવ જુઠ્ઠી સાબિત થઈ. સુથારનું મન યંત્રે ફર્યું. આગળ જતાં ફળ્યું પણ ખરું. કંડલામાં એશિયાનું મોટામાં મોટું મીઠાનું કારખાનું બન્યું. મહારાવ શ્રીમદનસિંહજી અને કાવશજી શેઠના (પારસી) સંયુક્ત સાહસથી 'યુનાઇટેડ સૉલ્ટ વર્કસ' એવું નામ અપાયું. આ કારખાનામાં ઘરના બોજાતળે વેલજીએ સાવ નાની પાયરીએ નોકરી સ્વીકારી. ઇલેક્ટ્રિક હેલ્પર તરીકે કારકિર્દીની શરૂઆત કરી. મૂળભૂત રીતે વધારે મગજ યંત્રોમાં દોડે. ઇલેક્ટ્રિકની સાથે મિકૅનિક હેલ્પર તરીકે પણ કામ કરે. સંયોગે બધા સાથીદારો 'વી.કે.'થી સંબોધન કરે. યુવાન વેલજી પોતાને સામાન્ય જણ તરીકે નહિ, પણ મોટા



વેલજીભાઈ સાથે માધવસિંહ સોલંકી અને ઉપેન્દ્ર ત્રિવેદી

માણસ તરીકે જોવા લાગ્યો. એના માટે પોતાને સજ્જ બનાવવા પ્રયત્નો કરતો રહ્યો. સાતમા વર્ષે ચાવીરૂપ ઘટના ઘટી.

કંપનીનું ઑઇલ એન્જિન બગડી જાય છે. સમારકામ કરી શકે તેવી કોઈ વ્યક્તિ કંપનીમાં નથી. છેવટે જાપાન મોકલવાનું નક્કી થાય છે. વેલજીભાઈએ જાપાન બનાવટના આ એન્જિનનો સંપૂર્ણ અભ્યાસ આદર્યો. સમારકામની સતત ચિંતા સેવ્યા પછી પોતાની કાર્યકુશળતા થકી કામમાં લાગી ગયા. રાત-દિવસ એક કરી દીધાં. ઊંઘમાં પણ એના જ વિચારો. અંતે કાર્યકુશળતા કામે આવી અને એન્જિન ચાલુ થઈ ગયું.

આ જોઈ કંપનીના હેડ કે. એમ. ઠાકોરે (ગુજરાતી સાહિત્યના દિગ્ગજ કવિ બ. ક. ઠાકોરના પરિજન) તેમને આખા સૉલ્ટ વર્ક્સના ફોરમૅન બનાવી દીધા. આ કંપનીમાં કામ કરતા લગભગ ૨૦૦ માણસોથી વધારે માણસોના ઉપરી બનાવી દીધા.

યંત્રમાં તેમની સમજ અને આવડત ગજબની હતી. કોઈ એવું લઘુ કે મહાકાય યંત્ર નહીં હોય, જેની રચના અને સમારકામ કરવામાં જાણકારી ન ધરાવતા હોય, અને વાત પણ સાચી હતી. એનાં બે પ્રમાણો આ રહ્યાં. એક, ટાટા કંપનીનું મીઠું બનાવવાનું અત્યાધુનિક કારખાનું (દેશનું સૌથી પહેલું, મીઠાપુર, દ્વારકા) અને એની 'સૉલ્ટ ક્રસિંગ મિલ' મીઠું દળવાની ઘંટીની તમામ મશીનરી સહિત ઊભું કરનારા તેઓ પહેલા હતા. બીજું, કંડલા ખાતે સ્ટીમર બોર્ડિંગ કરવા માટેની મશીનરી બેલ્ટ કન્વેયર સિસ્ટમ જાતે ઊભી કરી હતી.

આની સાથોસાથ પોતાની ગાયનકલાને પણ આગળ વધારી રહ્યા હતા. ૧૯૬૦-૬૧ની રાજકોટ આકાશવાણી કેન્દ્રની ભૂમિકા ચરિતાર્થ સાબિત થવાવાળી હશે એટલે સ્વર પરીક્ષા આપવા નવલખીથી વહાણમાં બેસી રાજકોટ

ગયા. આત્મવિશ્વાસ છલોછલ હતો. પરીક્ષા લેવાવાળાઓમાં હેમુ ગઢવી અને ભાવનગરવાળા ઉપેન્દ્રભાઈ ત્રિવેદી (ફિલ્મી કલાકાર નહીં) હતા. તાનપુરા સાથે તાલ-સ્વર મિલાવ્યો. કંઠ ઝળક્યો. સ્ટુડિયોમાં ત્રણેય સ્કેલની સરવાણી વહેતી થઈ. પહેચાન મુજબ હેમુ ગઢવી ઓળખી ગયા. આખરે કઠિન પરીક્ષા પછી ઘરબેઠે ટપાલમાં પરિણામ આવ્યું. એ પરિણામ હતું : 'બી પ્લસ.'

એકાએક નોકરી છોડવાનો નિર્ણય કર્યો. ૧૯૬૬-૬૭માં અંજાર સ્થાયી થયા પછી ડાયરાઓમાં જવાની શરૂઆત અવિરત રાખી હતી.

કચ્છ-ભુજમાં બીજી ઑક્ટોબર, ૧૯૬૫ના દિવસે આકાશવાણીનું કેન્દ્ર સ્થપાયું. ભુજ સ્ટેશન બનતાં કેન્દ્ર નિયામક તરીકે ચંદ્રકાંતભાઈ આવ્યા. રાજકોટના સમયથી એકબીજાને સારી રીતે ઓળખતા. આ ઓળખ સંબંધીમાં પરિવર્તિત બની. વેલજીભાઈએ પોતાની દીકરી તેમના પુત્રને પરણાવી.

એ અરસામાં હેમુ ગઢવી પછી ઈસ્માઈલ વાલેરાનું નામ ખૂબ ગુંજતું થયેલું. તેમની સાથે વેલજીભાઈની પ્રથમવાર મુલાકાત આ રીતે થઈ. વેલજીભાઈ ઍમ્બેસૅડર ગાડી રિપેર કરાવવા રાજકોટ ગયા. રિપેરિંગ માટે 'વડગામા મોટર ગૅરેજ' ખ્યાત હતી. તેના માલિક માધવજીભાઈ. બધા માધુબાપા તરીકે ઓળખે. તેઓ પણ ગુર્જર સુથાર જ્ઞાતિના હતા. ગૅરેજની બાજુમાં મક્કમ ડ્રાઇવિંગ સ્કૂલ ચાલે. એમાં મિકૅનિક તરીકે ઈસ્માઈલ વાલેરા કામ કરે. માધુબાપા કહે, ''જેમ તમે ગાયક છો એમ ગાડી પાસે ઊભેલ પણ મોટો ગાયક છે.''

''શું નામ છે એમનું?''

''ઈસ્માઈલ વાલેરા.''

૧૯૭૧માં બીજી એક સરસ ઘટના ઘટી. 'હિઝ માસ્ટર વૉઇસ' (HMV) કંપનીએ ગુજરાતી લોકગીતોની ત્રણ ઈ.પી. રેકર્ડ બનાવી. પ્રત્યેકમાં ચાર એમ બાર ભજન-લોકગીતો લેવાયાં, જ્યારે પાંચ એલ.પી. રેકર્ડમાં 'રામનાં બાણ વાગ્યાં હરિનાં બાણ વાગ્યાં...' અને 'આઉં રે હલીસેં ભેણ નગર ભજાર...' શીર્ષક તળે પ્રસિદ્ધ કરી. લોકગીતો તથા ભજનો મુદ્રિત થયાં. તેમની સાથે ઈસ્માઈલ વાલેરાનો કંઠ પણ લેવાયો. આ બે રેકર્ડે ધૂમ મચાવી દીધી. બીજી ત્રણમાં હરિઓમ્ શરણ, હરિહરણ, મહેન્દ્ર કપૂર આનંદકુમાર સી. અને અન્યો સાથે મુદ્રિત થઈ.

૧૯૭૩ની સાલ હતી. ગુજરાતી ફિલ્મના અન્ય મેધાવી દિગ્દર્શક રામ બહોરા તો તેમની રેકર્ડ્સ સાંભળી આફરીન પોકારી ગયા. તેઓ 'કાદુ મકરાણી' ફિલ્મ બનાવી રહ્યા હતા. સંગીતકાર અને ગીતકાર અવિનાશ વ્યાસ રહ્યા. તેમની વચ્ચે કયો ગાયક યોગ્ય રહેશે એવી વાત નીકળતાં એક મતે સહમતી સધાઈ. એ નામ આવ્યું વેલજી ગજ્જરનું.

'ડુંગરે ડુંગરે કાદુ તારા ડાયરા...'



રમેશ મહેતા, ઉપેન્દ્ર ત્રિવેદી, અવિનાશ વ્યાસ, રામકુમાર બોહરા અને વેલજીભાઈ

ગીત વેલજીભાઈ સાથે અવિનાશ વ્યાસનાં પત્ની સુલોચના વ્યાસે ગાયું. બીજું ગીત 'હાલો ધીંગાણે મરદ મૂછાળો...' હતું. આ બંને તેમની ગાયનક્ષેત્રની પહેલી ફિલ્મ હતી. આ ગીત ગુજરાતી પ્રજાના હૈયે બેસી ગયું. આ ગીત અને કંઠને ગુજરાત સરકારે બેસ્ટ પ્લેબૅક સિંગરનો ઍવૉર્ડ આપ્યો. પ્રવેશની સાથે જ ઍવૉર્ડ! ચિત્રલોક સિને સર્કલ દ્વારા અમદાવાદ ખાતે દિનેશ હૉલમાં તેમને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો. આ સમારંભમાં શ્રીમતી મૃણાલિની સારાભાઈના હસ્તે 'કાદુ મકરાણી'ના ગીત માટે સન્માન થયું.

આ જ વર્ષમાં બાબુભાઈ મિસ્ત્રીએ ફિલ્મ 'રાણકદેવી' બનાવી. ગીત 'હે ગરવા ગિરનાર તારા શિખરની...' ગાયું. ગીત બરોબરનું જામ્યું. આ કલાકાર એક જ ઍવૉર્ડમાં સંતોષ માને તેવો ક્યાં હતો? મંજિલ હજુ દૂર દેખાતી હતી. ગાયનની તાલાવેલી યા એને ઘેલછા પણ કહી શકો, એ પ્રત્યેની અદમ્ય ઝંખના એ પાછળ સતત રહ્યા કરતી. પછીના વર્ષે ૧૯૭૪માં રવીન્દ્ર દવે 'હોથલ પદમણી' બનાવી. એનું ગીત 'છેલ હલકે ઈંઢોણી માથે હેલ લેવી છે...' સુલોચના વ્યાસ સાથે ગાયું. આ ગીતના ગાયક પોતે અને પડદા પાછળ પણ પોતે અભિનય આપ્યો. લગાતાર ગીતો લોકપ્રિયતા હાંસલ કરતી જતી હતી. આ ગીત રેડિયો અને ગ્રામોફોન રેકર્ડ પર સતત ગુંજતું રહ્યું. ફરી ગીત માટે શ્રેષ્ઠ પાર્શ્વગાયક તરીકે ગુજરાત સ્ટેટ પારિતોષિક પ્રાપ્ત થયો. આ ઍવૉર્ડ પ્રાપ્ત થતાં મુંબઈ દૂરદર્શને 'આવો મારી સાથે' અંતર્ગત ત્રીસ મિનિટની મુલાકાત ગોઠવી. આ મુલાકાત સુહાગ દીવાને લીધેલી, જેમાં અનેક રસપ્રદ અને કારકિર્દીની વાતો થયેલી

મુંબઈ દૂરદર્શન પર અન્ય કાર્યક્રમ યોજાયો. તેના સંકલનકાર બાબુલાલ મેઘજી શાહ હતા. 'કચ્છડો કામણગારો' શીર્ષક હેઠળ વેલજીભાઈએ ગીતો, લોકગીતો અને એની વચ્ચે સંવાદથી સમગ્ર મહારાષ્ટ્રમાં વસતા કચ્છી-ગુજરાતીઓ લોકસાગરમાં બિરાજમાન થયા.

૧૯૭૫માં લગાતાર છ ફિલ્મોની નામાવલિ આ મુજબની રહી – 'શેઠ સગાળશા', 'જોગીદાસ ખુમાણ', 'લાખો લોયણ', 'જય રણછોડ', 'સંત સુરદાસ'



બિરલા માતુશ્રી હૉલ, વેલજીભાઈનું સન્માન; કલ્યાણજીભાઈ, અમૃત ઘાયલ, ડૉ. સી. ટી. ચુડગર

અને 'શેતલના કાંઠે'. આ પ્રકારની ચરિત્રાત્મક અને ઇતિહાસને જોડતી ફિલ્મોએ ગુજરાતી દર્શકોને ખૂબ જાણકારી સાથે મનોરંજન પૂરું પાડ્યું. મનહર રસકપુરે 'જય રણછોડ' બનાવી. ઉષા મંગેશકર સાથે ગીત ગાઈ પોતાની કાબેલિયત પુરવાર કરી આપી. રામ બોહરાની 'જોગીદાસ ખુમાણ' દુહા સાથે 'આપા હમીર'નું ગીત 'ધડાકા ભડાકા તોપના બંદૂકના...', 'જોગી તારા યુદ્ધ જોવા આભે અપ્સરા' અને પારંપરિક ગીત 'ચાંદો ઊગ્યો ચોકમાં...' ગીતે ખૂબ નામના અપાવી. આ ફિલ્મમાં વેલજીભાઈ ગઢવીની ભૂમિકામાં દેખાય છે, જે કિરદાર આરંભથી અંત સુધી નિભાવે છે.

'શેતલને કાંઠે'માં કવિદાદનું ગીત 'કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગ્યો...' કરુણાસભર રીતે રજૂ કર્યું. આ ગીતે એવી છાપ છોડી કે લગ્નમાં કન્યાવિદાય વખતે આ ગીતનો આજ સુધી કોઈ પર્યાય બની શક્યું નથી. એવું હલકભેર ગવાયું છે.

ફિલ્મ 'સોન કંસારી'નું ગીત 'તમે કિયા તે ગામનાં ગોરી રાજ, અચકો મચકો કારેલી...' વેલજીભાઈના કંઠનું સોળવાલી સોનાનું ઘરેણું હોય એમ શોભી ઊઠ્યું. આ ગીતે ગુજરાતી તો ભલે, પરંતુ ગેરગુજરાતીઓને પણ દીવાના બનાવી દીધા. આ વાસ્તે, તથાપિ આ ગીત વાસ્તે ૧૯૭૮નો રજતજયંતી મહોત્સવનો ફિલ્મ ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો.

રજતજયંતી મહોત્સવમાં વેલજીભાઈને સન્માનવા મુંબઈ મધ્યે કાર્યક્રમ યોજાયો. બિરલા ક્રીડા કેન્દ્ર સ્થિત હિન્દી ફિલ્મના જગમશહૂર અદાકાર દિલીપકુમારના હસ્તે ટ્રૉફી એનાયત થઈ. આવો રંગારંગ કાર્યક્રમમાં હિન્દી-ગુજરાતી સિને અને નાટકની અનેક હસ્તીઓ સાથે કલારસિકો હાજર હતા. એના પ્રત્યુત્તરમાં વેલજીભાઈએ કચ્છ તેમ જ ગુજરાતી પરિવેશની વાતો કરી એની લોકસંસ્કૃતિ તેમ જ લોકગાયનની વિશેષતા અંગે પ્રકાશ પાથર્યો હતો. આ કાર્યક્રમમાં દિલીપસાહેબના મિત્ર અને કચ્છ-ગુજરાતના લાડીલા સંગીતકાર કલ્યાણજી-આણંદજી.

'હોથલ પદમણી', 'સંતુ રંગીલી', 'જેસલ-તોરલ', 'હાલોને માડી ગરબે

રમાડું', 'જોગીદાસ ખુમાણ', 'માનવીની ભવાઈ', 'જય રણછોડ' અને 'શેતલના કાંઠે' ફિલ્મોમાં અભિનય અને અઠ્યાવીસ ફિલ્મો - 'કાદુ મકરાણી', 'સોરઠી સિંહ', 'વીર માંગળાવાળો', 'હોથલ પદમણી', 'સોન કંસારી', 'શેઠ સગાળશા', 'જોગીદાસ ખુમાણ', 'લાખો લોયણ', 'વીણા વેલી', 'માણેક થંભ', 'જય ખોડિયાર', 'રંગ રસિયા', 'પાતાળનાં પાણી', 'આશાપુરામાતાની ચૂંદડી', 'જય રણછોડ', 'ઓઝત તારી શાખે', 'સંત સુરદાસ', 'વીર માંગળાવાળો', 'મૂળુ માણેક', 'નારી તું નારાયણી', 'ભક્ત પ્રહ્‌લાદ', 'શેતલને કાંઠે', 'બાબા રામદેપીર', 'સતાધાર તારા સત', 'શ્રી કૃષ્ણ' અને ૧૯૯૧માં ઉપેન્દ્ર ત્રિવેદી નિર્મિત 'હાલોને માડી ગરબે રમાડું' તેમજ 'માનવીની ભવાઈ' સુધીમાં વેલજીભાઈનો ભરતીવાળો, કસાયેલો અને કસૂંબલ અવાજ ફિલ્મોમાં તો ખરો, પરંતુ ફિલ્મની રેકર્ડમાં પણ સ્વર મુદ્રિત થયો છે.

૧૯૭૫ની આસપાસ ઝવેરચંદ મેઘાણીની વાર્તા 'વેવિશાળ'નું નાટ્ય રૂપાંતર થયું. નાટ્ય રૂપાંતર ઉપેન્દ્ર ત્રિવેદીએ કરેલું. જેનું સંગીત વેલજીભાઈએ આપેલું. એ મુંબઈ દૂરદર્શન પર રજૂ થયેલું, આમ સ્વતંત્ર સંગીતકાર તરીકે પણ નામના અંકે કરેલી.

ઉપેન્દ્રભાઈની વાત નીકળી છે તો, સિત્તેરના પ્રારંભિક દાયકામાં સંપૂર્ણ દિગ્દર્શન હેઠળ નાટક 'અભિનય સમ્રાટ' તૈયાર થયું. એમાં વેલજીભાઈએ બે ભૂમિકા અદા કરેલી. સંતના પાત્રમાં અદાકારી પ્રશંસાને પાત્ર બની તો 'કાનુડો શું જાણે મારી પ્રીત...' ગાયન પ્રેક્ષકોને મંત્રમુગ્ધ બનાવ્યું. નાટકના શો મુંબઈ ઉપરાંત કલકત્તા, બૅન્ગ્લોર, ચેન્નઈ, અમદાવાદ જેવા મેઘા સિટીમાં થયા.

કારકિર્દીની છેલ્લી ફિલ્મ 'હાલોને માડી ગરબે રમાડું' હતી.

સંગીતમાં 'તાન' અને 'સમ' પરત્વે

વેલજીભાઈ સાથે રામાનંદ સાગર અને આશા ભોસલે



સંપૂર્ણ સભાન હતા. અન્ય કલાકારની જેમ સ્વવૃત્તિ 'સમ' ત્યજીને ઘણી વખત 'તાન' ભણી વધારે ઢળતી. અલબત્ત, ગાયનમાં ક્યાંય બેસૂરાપણાને પ્રવેશ નિષેધ હતો તેમ જીવન વ્યતીત કરવામાં સદા આનંદિત રહેતા, ખુશમિજાજ રહેતા. તેમના વ્યક્તિત્વમાં, જીવનના કોઈક ખૂણામાં સંતપણું, ઉદારપણું, ભલમનસાઈ, પરોપકાર જેવા આંતરસ્રોતો ઝરતા રહેતા. એક ફકીર જેવું અલગારી જીવે અને વર્તે, છતાંય આધુનિકપણાના વાઘા ઉતાર્યા વગર જિંદગી જીવી.


ઉપેન્દ્ર ત્રિવેદીએ અંજારમાં કહેલું, ''વેલજીભાઈના જતાં ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ આખો વીખરાઈ ગયો છે. મારા દરેક ચિત્રમાં તેઓ એક નાનકડી ભૂમિકા કરે, અમારો એવો આગ્રહ કે અમારો તે લક્કી કલાકાર છે. આ કલાકાર હોય તો ચિત્ર સફળ થાય થાય ને થાય જ. અભિનય તેમનું ક્ષેત્ર ન હતું, પણ જ્યારે અભિનય કરવા ઊતરે, 'જેસલ-તોરલ'માં એક દુકાનમાં વણિકની ભૂમિકા કરે છે ને જેસલ તેમની પાસે કામ માગવા જાય છે, પૂછે છે, ''શું નામ તારું?'' કહે, ''જેસલ.'' ત્યારે કહે, ''માળા... આજકાલ ભિખારી પણ જેસલ નામ રાખતા થઈ ગયા છે!'' જે સંવાદ નીકળે ત્યારે લોકો પણ ખૂબ ઉમંગથી વધાવતા.''

'ત્રિવેણી'માં પૂ. મોરારિબાપુનું પ્રારંભિક કથનામૃત હતું. તેમણે કહેલું, ''આ ધરાના જે અમુક સદ્‌ગુણો છે એ જો કથાકારમાં આવી જાય તો ઉચ્ચ કોટિના કથાકાર તે સિદ્ધ થઈ શકે! જે વેલજીભાઈએ કરી બતાવ્યું છે.''

વેલજીભાઈના જીવનની નાવ મધદરિયે હતી. કોઈ ઝંઝાવાત ન હતો, કોલાહલ ન હતો અને કોઈ આડો વાવડો ઊતરે એમ ન હતો, કોઈ ભય-વિભીષિકા કે દહેશત પણ ન હતી, તેમની નાવડી તો સડસડાટ કચ્છી 'કોટિયા' વહાણની માફક ચાલી રહી હતી. અસંખ્ય ડાયરાઓ, અગણિત ભજનની ઠાકરથાળીઓ અને અમાપ લોકમેળાઓ કરનાર વેલજીભાઈને એવો રંગ લાગી ચૂક્યો હતો કે એમાંથી બહાર નીકળવું અશક્ય હતું. હરિનાં બાણ હૈયા સોંસરવાં લાગી ગયાં હતાં. બારમી જુલાઈ - ગુરુપૂર્ણિમાના દિવસે પત્ની શાંતાબહેન અને મિત્ર એમ. સી. મહેતા સહિત પોતાની ગાડીમાં તલગાજરડા ગુરુબેઠકને વંદન કરવા ગયા. એ વખતે બાપુની કથા નેપાળમાં ચાલુ હતી. ગુરુગાદીને વંદન કરી રાત્રે જ જૈન તીર્થધામ પાલિતાણા પહોંચી ગયા. રાત્રે આરામ કર્યા પછી બીજા દિવસે ગુરુવારે ૧૩મી જુલાઈ, ૧૯૯૫ની વહેલી સવારે છ વાગ્યે હૃદયરોગનો હુમલો આવ્યો. તાત્કાલિક સ્થાનિક હૉસ્પિટલમાં દાખલ કરાયા, પરંતુ સહેજવારમાં હરિકેરો હંસલો ઉડાન ભરી ગયો. કચ્છ-ગુજરાતનો લોકગાયક સાચે જ મરુભૂમિમાં કળા કરતાં-કરતાં રંગબેરંગી પીંછાંઓ વિખેરી ગયો.

❑❑❑

ગૃહસ્થાશ્રમ



☐ ચંદ્રિકા લોડાયા

અનયના ચહેરાનો રંગ ઊડી ગયો, હાથ ધ્રૂજવા લાગ્યા અને આંખો સમક્ષ ઘર ગોળ-ગોળ ફરવા લાગ્યું. સુમા... સુમા આવું કરી શકે? દુનિયાના આટલા લોકોમાંથી સુમા આવું કરી શકે? અકલ્પ્ય. અવિશ્વસનીય. અશક્ય. તેની પ્રાણેશ્વરી, હૃદયેશ્વરી, અધિષ્ઠાત્રી, તેનું સર્વસ્વ! વસંતમાં તરંગિત થતી હવાની મૃદુ લહેરખીઓ જેવી તે જીવનમાં હતી. એ લહેરખીઓના સ્પર્શ જેવો આહ્લાદ તેની હાજરી જિંદગીમાં પ્રસારિત કરતી હતી. સુમાના હાથોમાં પોતાની નાવનાં હલેસાં સોંપી તે સુખની નીંદરમાં સરી પડ્યો હતો. આ મશ્કરી હશે કે પછી કોઈએ કરેલું છળ?

સુમા જ તો તેનું પીઠબળ હતી.

નાનપણથી માંડીને આજ સુધી એણે તેને સંભાળ્યો હતો. જિંદગીના માર્ગ પર આવતાં શિખરો સર કરવા પ્રોત્સાહિત કર્યો હતો, તો એનાથી દસ-અગિયાર મહિના મોટી હોવાના કારણે હંમેશાં તેની પર રાજ કર્યું હતું. એનું ફોઈએ પાડેલું સુષમા નામ, બોલતાં શીખી રહેલા અનયે સુમા કરી નાખ્યું હતું, જે આજ દિવસ સુધી ચાલુ રહ્યું હતું. પડોશના ઘરમાં અવતરેલી સુમાને ઓળખતો થયો ત્યારથી - એટલે કે લગભગ જન્મથી જ - અનય એના પ્રેમમાં પડી ગયો હતો. સુમા હતી જ એવી. પોતાની ચૉકલેટ અને રમકડાં અનય સાથે ખુલ્લા દિલે વહેંચતી. શાળામાં અનયથી એક વર્ગ આગળ હતી, તેથી જરૂર પડ્યે જ્યેષ્ઠ તરીકે અનયની ઢાલ બનીને ઊભી રહેતી. માધ્યમિક શાળા સુધી વિદ્યાર્થીરૂપે સામાન્ય રહેલા અનયને ઘરકામ કરવામાં સુમાની ઘણી મદદ મળતી. સુમાની દોરવણી હેઠળ તે ખંતથી અભ્યાસ કરતા શીખ્યો અને પછી તો ઝળકી ઊઠ્યો. આજે તે એક મલ્ટિનૅશનલ કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર હતો અને સુમાને વૈભવી કહી શકાય એવી જિંદગી આપી શક્યો હતો એનો તેને સંતોષ અને આનંદ હતા.

આ જ સુમા પોતાની પીઠમાં ખંજર ભોંકી શકે? દિલ ના પાડતું હતું, છતાં બુદ્ધિ ચિત્કાર કરીને આંખો પરનો પાટો ખોલવાનું કહેતી હતી. આ સાચું હતું તો જિંદગીમાં હવે શું બચ્યું હતું? બંને હાથમાં મોં છુપાવીને અનય ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. જે વ્યક્તિએ તેને હસવા માટે હજારો કારણો આપ્યાં હતાં તે આજે રાતે પાણીએ રોવડાવી રહી હતી. આક્રોશ, વેદના અને લાચારીએ એકસાથે તેની પર હલ્લો કર્યો. સાંભળ્યું હતું જિંદગીમાં કશું વિનામૂલ્યે મળતું નથી. અત્યાર સુધી ભોગવેલી નિશ્ચિંતતા પોતાનું મૂલ્ય વસૂલ કરી રહી હતી. આવડું મોટું મૂલ્ય ચૂકવવા પોતે અસમર્થ હતો. આ પરિસ્થિતિમાં શું કરી શકાય? શું કરવું જોઈએ?

અનયની રાત ખૂબ મથામણ અને મૂંઝવણમાં વીતી. છેવટે પો ફાટતાં એ ગાડી લઈને ત્રણેક કલાકના અંતરે રહેતાં માતા-પિતાને મળવા નીકળી પડ્યો. એને આમ અચાનક આવેલો જોતાં માતા-પિતાને થયેલા આનંદ પર આશ્ચર્ય આરૂઢ થયું.

''આમ સાવ અચાનક....'' માતાના મોંમાંથી નીકળી પડ્યું.

''આમ અચાનક તને જોતાં બહુ આનંદ થાય છે!'' પિતાએ બાજી સંભાળી લીધી. તેમને લાગ્યું અનય કોઈ કારણસર આવ્યો હતો અને પોતાની રીતે વાત કરે એ વધુ સારું હતું.

''તમે બંને બહુ જ યાદ આવ્યાં અને નીકળી પડ્યો!''

અનયની વાત ખોટી તો નહોતી જ. માતા-પિતા પર એને અપાર હેત હતું. અનયનાં લગ્ન પછી અનયના તીવ્ર

વિરોધની વચ્ચે તેમણે ગામના ઘરમાં રહેવાનું પસંદ કર્યું હતું. ગામ ઝાઝું દૂર નહોતું તેથી શરૂઆતમાં પંદરેક દિવસે અને પછી મહિનામાં એક વખત મળવાનું અવશ્ય થતું જ. અનયને પોતાની દુનિયા માતા-પિતા અને સુમા હોય તો પૂર્ણ લાગતી. જોકે હવે તો એ દુનિયાનો વ્યાપ વધ્યો હતો. પાંચ વર્ષની શરણ્યા અને બે વર્ષનો વ્યોમ એનો હિસ્સો હતાં.

માએ વ્યોમ અને શરણ્યાના ક્ષેમકુશળની પૃચ્છા કરી, જવાબ હકારાત્મક મળતાં તે અનય માટે ચા-નાસ્તો બનાવવામાં ગૂંથાઈ. ચા બનાવતાં તેણે મન સાથે વિમર્શ કર્યો. અનયને ભાવતું બનાવવામાં રોકાવું કે બધું છોડી તેની પાસે બેસી જવું? અનયના પિતા વિનાયકે જાણે તેનું મન વાંચી લીધું હોય એમ તેની પાસે આવ્યા અને બોલ્યા, ''અલકા, તું રસોડામાં સમય ન બગાડતી. જમવાનું પછી જોઈ લેશું. આપણે અનય પાસે બેસીએ.''

અલકા ઝડપથી ચા-નાસ્તો લઈને આવી અને અનયની સામે બધું ગોઠવ્યું. અનયના ચહેરા પરની ઉદાસી ઓળખતાં તેણે તેના માથે હાથ ફેરવ્યો ને પૂછ્યું, ''બધું બરાબર છે ને, બેટા?''

''કાંઈ બરાબર નથી. મારી તો દુનિયા ઊથલપાથલ થઈ ગઈ છે!''

''એવું તે શું બન્યું છે?'' શાંત સ્વરે અલકાએ પૂછ્યું.

જલદીથી મગજનો કાબૂ ન ગુમાવતી માતા પાસે અનયને હંમેશની જેમ તરત શાંતિનો અનુભવ થયો. સો ડિગ્રીએ ખદબદી રહેલા પાણી જેવો સંતાપ એક ડિગ્રી નીચે આવ્યો, પણ માતાની શાંતિ ખળભળી ઊઠે એવો બૉમ્બ તેણે ફોડી જ નાખ્યો, ''મારે સુમાને ડિવૉર્સ આપવા છે.''

મા-દીકરાને વાત કરવાની તક આપવા આટલી વાર ખામોશ રહેનાર વિનાયકે અલકાને પડેલો ધ્રાસકો પારખી વાતનો દોર પોતાના હાથમાં લીધો.

એ બોલ્યા, ''એવું તે સુમાએ શું કર્યું છે? જરા માંડીને વાત કર.''

સુમા બંનેની લાડકી હતી. તેમને દીકરી નહોતી, તેથી નાનપણથી સુમાએ જ એ પદ ભોગવ્યું હતું.

''સુમાને કોઈની સાથે અફેર છે.''

આ વાત જાણે સુમા સાથે બંધબેસતી ન થતી હોય એમ કંઈક અવિશ્વાસ સાથે વિનાયકે અનયે કહેલી વાત દોહરાવી, ''એટલે કે તેના જીવનમાં બીજો પુરુષ છે?''

અનયને પોતાનેય આ વાત સ્વપ્નવત્ લાગતી હતી અને સ્વીકારવા માટે મનને ચાબુક મારીને સાબદું કરવું પડ્યું હતું એથી જવાબ આપતાં જરા વાર થઈ અને અવાજ પણ ઢીલો નીકળ્યો,

''એવું જ છે.''

સુમાએ પોતે કબૂલ્યું હતું એથી મન ઇચ્છતું હતું એવી સમજફેર થયાની કે બીજી કોઈ છટકબારી

મળવાની નહોતી. સુમા અને અનય બંને એકબીજા માટે ખુલ્લી કિતાબ જેવાં હતાં. જિંદગી એટલી તો સાથે જીવ્યાં હતાં કે બચપણથી લઈને અત્યાર સુધીની એકમેકના જીવનમાં બનેલી નાની-નાની વાતોથી માહિતગાર હતાં. આટલી મોટી ઘટના નજર સામે ઘડી રહી હતી ને પોતાને ખબર જ ન પડી! અનયે છેલ્લા આઠ-દસ કલાક દરમ્યાન આ માટે પોતાને વારંવાર કોસ્યો હતો. પહેલા તેને પોતાની જાત પર આશ્ચર્ય થયું, પછી પોતાની પર ખીજ ચડી ને છેવટે સુમા પર બેહદ ગુસ્સો આવ્યો. પોતાનો શો વાંક હતો? સુમા પોતાને બેવફા નીવડે એવો વિચાર તો એને સ્વપ્નમાંય ન આવી શકે! કેવા મુફલિસ માણસ માટે દગો આપ્યો હતો તેણે! સાવ અકિંચન, રહેવાનું ઠેકાણું નહોતું, મિત્રોનાં છાપરાં હેઠળ પડ્યો રહેતો. ક્યારેક ફૂટપાથ પર રાત વિતાવી લેતો. તે સુમાને શું આપી શકવાનો હતો? પોતે સુમાને એક લાઇફસ્ટાઇલ આપી હતી. મોંઘા પ્રવાસો, વાર-તહેવારે પંચતારક હૉટેલોમાં ભોજન, ઘરેણાં, કપડાંલત્તાં, કશાની કમી નહીં, ભલભલાને ઈર્ષ્યા થાય એવી જિંદગી એ જીવતી હતી.

સુમા સાથે પોતે સુંદર જિંદગી જીવી રહ્યો હતો એ પરપોટો અચાનક ગઈ કાલે બપોરે ફૂટી ગયો. સતત કામના દબાણ હેઠળ દટાયેલો અનય ગઈ કાલે ઢળતા બપોરે ખૂબ વહેલો ઘરે પહોંચી ગયો. એનો ઇરાદો સુમાને ખુશ કરવાનો હતો. ઘણી વખત સુમા એને કહેતી, ''અનય, તું તો રવિવારે ઘરમાં દેખાતા મહેમાન જેવો થઈ ગયો છે!'' પછી જાણે તેણે પરિસ્થિતિ સ્વીકારી લીધી હોય એમ કહેવાનું માંડી વાળ્યું હતું. વ્યસ્ત અઠવાડિયાના અંતે મળેલો રવિવાર કંઈક આળસમાં, કોઈકને મળવામાં કે બાળકોને બહાર લઈ જવામાં પૂરો માણી શકાય એ પહેલાં તો પૂરો થઈ જતો!

ઘરમાં દાખલ થતાં અનયને નિરાશા સાંપડી. સુમા બાળકો બાઈને સોંપીને બહાર ગઈ હતી.

''મૅડમ ક્યારે આવશે કહી ગયાં છે?'' અનયે બાઈને પૂછ્યું.

''છ-સાડાછ સુધી આવી જશે એમ કહેતાં હતાં.'' કહીને બાઈએ વણપૂછી માહિતી આપી, ''કોઈ ભાઈ આવ્યા હતા તેમની સાથે ગયાં છે.''

અનયને જરા નવાઈ લાગી. કોની સાથે ગઈ હશે? વાત વધુ વિચાર કરવા જેવી ન લાગતાં તે કપડાં બદલવા ગયો. આજે કુદરતે તેને લપડાક લગાવવાનું નક્કી જ કરી લીધું હોય એમ કબાટ ખોલતાં જ સામે એક રૂપકડું કવર દેખાયું. સહજ ભાવે અનયે કવર ખોલ્યું તો એમાં હાથે લખેલું કાર્ડ દેખાયું. કાર્ડમાંનું સંબોધન વાંચતાં તેનું માથું ચકરાઈ ગયું. પ્રિયતમા સુષમારાણી... શ્વાસ થંભાવીને અનય વાંચવા લાગ્યો.

''આજનો દિવસ મારા જીવનનો

સૌથી મહત્ત્વનો દિવસ છે. તમે મારા જીવનમાં આવ્યાં એને આજે એક વર્ષ થયું. આ વર્ષ મારા માટે અણમોલ હતું. તમે મને ટકી રહેવાની, સંજોગો સામે ઝૂકી ન પડવાની જે હિંમત આપી તેને કારણે હું સીડીનું પહેલું પગથિયું ચડી શક્યો છું. આજે મારું પહેલું ગીત રેકૉર્ડ થઈ રહ્યું છે. મારું દિલ જાણે છે કે કેટલીય અમાસની રાતો પછી ચંદ્રલેખાનાં દર્શન થયાં છે. આજે બધી રીતે ઉત્સવનો દિવસ છે અને આપણે કૉફી અને કેકથી ઊજવશું. એથી વધુ આ નાચીજ હમણાં કાંઈ નહીં કરી શકે, પણ આશા છે કે ભવિષ્યમાં તમારા પદને અનુરૂપ કંઈક કરી શકીશ.''

કાર્ડમાંના લખાણનો મર્મ ગ્રહણ ન કરી શકતો હોય એમ અનયે ફરી વાંચ્યું. અર્થની ગડ બેસતાં મનમાં ઉલ્કાપાત મચી ગયો. ધીમે-ધીમે મન પર કાબૂ આવતાં ખ્યાલ આવ્યો કે અનય વહેલો આવી ચડીને આ કાર્ડ વાંચી લેશે એવો લેશમાત્ર અંદેશો ન હોવાને લીધે સુમાએ એને ઉતાવળમાં સાવ સામે જ મૂકી દીધું હતું. પાછી આવીને સલામત જગ્યાએ મૂકવાની હશે!

અનયના અણુએ અણુમાં આગ વ્યાપેલી હતી, ત્યારે સુમાએ કોઈ યુવક સાથે ઘરમાં પગ મૂક્યો. અનયને સામે જોતાં તે તદ્દન ઓજપાઈ ગઈ. બીજી પળે પોતાને સંભાળતાં સાથે આવેલા યુવકનો પરિચય કરાવ્યો, ''આ મયંક છે. બહુ સારું ગાય છે.''

''મને તો તેં મયંકની કોઈ વાત નથી કરી. તારી ઓળખાણ શી રીતે થઈ?'' અનયે રુક્ષતાથી કહ્યું.

સુમાને કેટલું નુકસાન થઈ ચૂક્યું હતું એનો અંદાજ નહોતો.

તેણે કહ્યું,''નંદિતાની બહેને ગીતોનો એક પ્રોગ્રામ ગોઠવ્યો હતો એમાં મયંકે પણ થોડાં ગીતો ગાયેલાં, ત્યારે ઓળખાણ થઈ.''

સુમાની પરિસ્થિતિ કઢંગી થઈ રહી હતી એવું જણાતાં મયંકે વચ્ચે ઝંપલાવ્યું.

''હું હજી કામ માટે સ્ટ્રગલ કરું છું. સુષમાજીના પ્રતાપે મને આજે એક ફિલ્મનું ગીત ગાવા મળ્યું એથી તેમને ટ્રીટ આપવા લઈ ગયો હતો.'' મયંકે અર્ધસત્ય ઉચ્ચાર્યું અને ઉમેર્યું, ''હવે હું રજા લઈશ, મારે કોઈને મળવાનું છે. મારો કોઈ કાર્યક્રમ યોજાય તો જરૂર આવજો. હું આમંત્રણ મોકલીશ.''

મયંક વિદાય થતાં જ અનયે સુમા સામે કાર્ડ ધર્યું, ''આ શું છે?''

સુમાએ કાર્ડ સામે જોયું, પછી અનય સામે. એના ચહેરાનો રંગ ફિક્કો પડ્યો, પણ જરાયે ગલ્લાંતલ્લાં કર્યા વિના તેણે કહ્યું, ''તું જે વાંચી રહ્યો છે એ.''

સુમા ક્યારેય ડરતી નહીં. જે કાંઈ હોય તે સામી છાતીએ ઝીલતી. અનયને તેની આ ખાસિયત બહુ ગમતી, પણ અત્યારે એનો ગુસ્સો ભભૂક્યો, ''મને અંધારામાં રાખીને તું પ્રણયના ફાગ

ખેલે છે?''

સુમાએ જવાબ ન વાળ્યો. બાઈ તેના ઘરે જવા લાગી એથી તે બાળકોમાં પરોવાઈ ગઈ. અનય પોતાનો ધૂંધવાટ ત્યારે કાઢી ન શક્યો. તેને બાળકો સૂઈ જાય એટલી રાહ જોવી પડી. ત્યાં સુધીમાં તેના ચિત્ત પર ઘેરાયેલું તમસ થોડુંક વિખેરાયું. તર્ક-વિતર્ક કરવાને બદલે સુમા સાથે સ્પષ્ટતા કરવી જરૂરી હતી.

''સુમા, તું મને કહેશે, આ બધું શું ચાલી રહ્યું છે?'' માથું ફાટ-ફાટ થતું હતું છતાં અનયે સ્વર પર કાબૂ રાખ્યો.

''અનય, તને અંધારામાં રાખવાનો મારો કોઈ ઇરાદો નહોતો, પણ તને મારી વાત સાંભળવાનો સમય હોય છે ખરો?'' સુમાનો ધારદાર પ્રશ્ન આવ્યો.

''પણ તોયે સાવ આવું? હું સમય ન આપી શકું તો ગમે તેને પકડી લેવાનો?''

''જિંદગીમાં બધું ઇરાદાપૂર્વક નથી થતું. ચાલતાં-ચાલતાં ક્યારેક અણધાર્યો વળાંક આવી જાય છે!''

સુમાએ પોતાની સખી નંદિતાની બહેને યોજેલા કાર્યક્રમમાં પહેલી વાર મયંકને ગાતાં સાંભળ્યો ત્યારે તેને તરત જ ખ્યાલ આવ્યો કે મયંકમાં વિશિષ્ટ પ્રતિભા હતી. નંદિતા પાસેથી જાણ થઈ કે તે કામ મેળવવા સંઘર્ષ કરતો હતો. નસીબજોગે પછીના અઠવાડિયે જ સુમાના ભાઈના કોઈ ઓળખીતાને નાનકડા મેળાવડા માટે ગાયકની જરૂર હતી. સુમાએ મયંકનો સંપર્ક કર્યો ને તેણે તરત તૈયારી બતાવી. એ પ્રોગ્રામ ખૂબ જ સરસ ગયો, પણ પછી ઘણા સમય સુધી તેને કામ ન મળ્યું. કામ મળવાની રાહ જોતાં તે સાવ ભાંગી પડ્યો હતો અને પોતાને વતન પાછા જવાનું નક્કી કરી લીધું હતું. આવા સંજોગોમાં સુમા અને મયંક ક્યાંક ભટકાઈ ગયાં. સહજતાથી સુમાએ પૂછ્યું, ''હમણાં કોઈ પ્રોગ્રામ કર્યો?''

મયંકે સત્ય કબૂલી લીધું, ''છેલ્લો પ્રોગ્રામ તમારી સાથે કર્યો એ જ. એ પછી કાંઈ કામ મળ્યું નથી.''

''ઓહ!'' સુમાને તેના દીદાર જોતાં લાગ્યું કદાચ તેણે કાલથી કાંઈ ખાધું નહીં હોય. સ્વભાવગત કરુણાથી પ્રેરાઈને તેણે કહ્યું, ''ચાલો, કૉફી પીશું?''

ને તેણે મયંકને પાસે આવેલી ઉડિપી રેસ્ટોરાં ભણી દોર્યો.

કૉફી અને નાસ્તાને ન્યાય આપતાં સુમાએ મયંકને આશ્વાસન આપ્યું, ''તમે બહુ જ સરસ ગાઓ છો. નસીબે સાથ આપ્યો તો એક દિવસ ટોચના ગાયક હશો!''

''આવી આશા લઈને આ શહેરમાં કેટલા લોકો આવતા હશે અને ક્યાં ધકેલાઈ જતા હશે એ કોણ જાણે છે!'' નિસાસો નાખતાં મયંકે કહ્યું, ''હું પણ આવતી કાલે પાછો ઘરે જાઉં છું.''

સુમાનું હૃદય દ્રવી ઊઠ્યું. કેટલી નિરાશાઓ સમેટીને આણે ઘરે જવાનો

નિર્ણય લીધો હશે! ઘરના લોકોનો સામનો કરવાનું તેના માટે કેટલું કઠિન હોઈ શકે! કાંઈ કેટલાય લોકો આમ નાસીપાસ થઈને કાળના ગર્ભમાં વિલીન થઈ જતા હશે! સુમાને ખાતરી હતી કે આ માણસમાં હીર હતું, પરંતુ પ્રતિભા હોવા સાથે આગળ આવવા યોગ્ય સંપર્કો હોવા બહુ જરૂરી હતા. આવો એકાદ સંપર્ક પોતાની પાસે હતો.

''હું જૂનાં ગીતોના પ્રોગ્રામ ગોઠવે છે એવા કોઈને ઓળખું છું. તે સારા ગાયકોને તક આપે છે અને તેમને હંમેશાં સારા ગાયકોની જરૂર હોય છે. તેમને તમારા માટે વાત કરી જોઉં?''

''નેકી ઔર પૂછપૂછ?'' ફિક્કું હસતાં મયંકે કહ્યું ને ઉમેર્યું, ''અત્યારે તમે મને રસ્તા પર ઊભા રહીને ગાવાનું કહો તો ગાઈ નાખું એવી સ્થિતિમાં છું. ગરીબોંકી સુનો વો તુમ્હારી સુનેગા...''

મયંકે ખરેખર ગાઈ નાખ્યું. આવી હાલતમાં પણ તેણે જાળવી રાખેલી રમૂજવૃત્તિ સુમાને સ્પર્શી ગઈ. એણે તરત પર્સમાંથી ફોન કાઢીને વાત શરૂ કરી, વચ્ચે વાત અટકાવી મયંકને પૂછ્યું, ''અત્યારે દોઢ-બે કલાક પછી તેમને મળી શકશો ને?''

મયંકે સંમતિ દર્શાવી એટલે સુમાએ ફોન પરની વ્યક્તિ સાથે પાકું કરી લીધું.

મયંકને શનિ-રવિ અને રજાઓના દિવસે ચાલી રહેલા એક કાર્યક્રમમાં બે ગીતો ગાવાનું કામ મળી ગયું, સાથે મુંબઈ છોડવાનો ખતરો ત્યાર પૂરતો ટળી ગયો. ઓશિંગણ ભાવ દર્શાવવા મયંકે એને એક બપોરે જમવા માટે આમંત્રી, ત્યારે તો સુમાને મયંકમાં રસ નહોતો, પણ એ ના ન પાડી શકી. પછી તો જેમ ફૂલની પરાગરજ વાયુ સાથે વહેતી જાય અને અનાયાસે નવાં સર્જનો થતાં જાય તેમ બંનેને મળવાના પ્રસંગો વિના પ્રયત્ને રચાતા ગયા અને એક નવા સંબંધનો ઉદ્ભવ થવા લાગ્યો. કોઈને સહાય થવાની વૃત્તિ સુમામાં જન્મજાત હતી, વળી કોઈને ઉત્સાહિત તથા પ્રેરિત કરવાની પણ તેનામાં અજબની કુનેહ હતી. મયંકને સુમાની આ શક્તિઓનો ભરપૂર લાભ મળ્યો. તેના માટે તો જાણે મડદામાં પ્રાણ પુરાયા! તે સુમા પર ન્યોછાવર થાય એમાં નવાઈ નહોતી. છ મહિના પછી ગીતોનો શો બંધ થયો ત્યારે નિરાશ થયા વિના મયંકે પ્રયત્નો ચાલુ રાખ્યા.

સામે પક્ષે મયંકની નાની-નાની રમૂજો પર હસતાં સુમા હળવી થઈ જતી. તે તેને જે મહત્ત્વ આપતો, ઝીણી-ઝીણી વાતોમાં તેનો ખ્યાલ રાખતો, તેની જિંદગીમાં સુમાથી વધુ કાંઈ હતું જ નહીં - તેની ગાયકી પણ નહીં - એવો અનુભવ તે સુમાને કરાવતો. કેટલાક સમયથી સુમાને જિંદગીમાં કાંઈક ખૂટતું હતું એવું લાગ્યા કરતું તે ભરાવા માંડ્યું. મયંકની જિંદગીના કેન્દ્રમાં પોતે હતી તે સ્થિતિ તેના માટે મનભાવન બની રહી. પ્રેમમાં પડેલી મુગ્ધા જેવી લાગણીઓનો

પ્રપાત તેને પોતાની સાથે ઘસડવા લાગ્યો. એ પ્રવાહ એટલો સામર્થ્યવાન હતો કે એ સુમાને સારા-નરસા, નૈતિક-અનૈતિક, વિવાહિતા કે માતાના ભેદની ઉપરવટ ખેંચી જતો હતો.

બહુ ગરમી પછી એક દિવસ વરસી પડેલા આકાશની જેમ અચાનક જાહેરાત માટે જિંગલ ગાવાની દરખાસ્ત મયંકને મળી, જે તેણે બે હાથે ઝડપી લીધી. વધુ એક જિંગલ મળી અને એના પગલે ઓછા બજેટવાળી પ્રાદેશિક ભાષાની ફિલ્મ માટે આજે ગીત ગાવા મળ્યું.

સુમાએ અથથી ઇતિ સુધીની વાત કહી દીધી, પણ તેણે જે નહોતું કહ્યું એવા રંગો અનય ભરવા માંડ્યો. પેલા ગવૈયાએ સુમા સાથે શું નહીં કર્યું હોય! તેને ક્યાં-ક્યાં સ્પર્શ્યો હશે? જેમ એ વિચારતો ગયો તેમ તેનાં લમણાંમાં સબાકા નીકળવા માંડ્યા. સુમાની બાજુમાં સૂવાનું અકારું લાગ્યું. સુમા પેલાના વિચાર કરતી હશે ત્યારે પોતે નિશ્ચિંતતાથી તેના પડખામાં સૂતો રહેતો! તે બહારના રૂમમાં સૂવા ચાલ્યો ગયો અને આખી રાત પડખાં ઘસતો રહ્યો. વહેલી સવારે તે નિષ્કર્ષ પર આવ્યો. આ ચલાવી જ ન શકાય. પોતાને પ્રેમ ન કરતી હોય એવી સુમાનું તેના જીવનમાં સ્થાન નહોતું.

કોઈ પણ પ્રશ્નના નિરાકરણ માટે એ સુમા પર અવલંબિત હતો. તેની સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ તેના દિમાગમાં સ્પષ્ટતા આવી જતી, જે પ્રશ્નને ઉકેલવામાં સહાય કરતી. ઉકેલ આપનારે જ પ્રશ્નો પેદા કર્યા હતા ત્યારે કોની પાસે જવું? હવે તો પોતાને સમજી શકે એવાં માતા-પિતા જ હતાં. વધુ વિચાર્યા વિના તે ગાડીમાં બેસીને તેમની પાસે પહોંચી ગયો.

માતા-પિતાને અનયે સુમાના જીવનમાં આવેલા પુરુષનો પરિચય આપ્યો :

''મધ્યપ્રદેશથી ભાગ્ય અજમાવવા મુંબઈ આવી ચડેલો ગવૈયો છે. નાનું-નાનું ગાવાનું કામ મળી જાય ત્યારે થોડા દિવસો માટે તેનું ગાડું ગબડી જાય છે.''

અનયને પોતાને થઈ રહેલી તકલીફોનું મૂળ મયંક લાગતો હતો એથી તેના વિશે તેને કોઈ ઊંચો અભિપ્રાય નહોતો.

''સુમા શું કહે છે? તેને પણ ડિવૉર્સ લેવા છે?'' પિતા વિનાયકે પૂછ્યું.

''વૅલ...'' અનય જરા અચકાયો. ''તેને તો મેં કાંઈ પૂછ્યું નથી!''

સુમાએ જે બન્યું હતું એ કહી દીધા પછી અનયે તેની સાથે કાંઈ વાત જ નહોતી કરી. પોતે આખી રાત ભઠ્ઠીમાં સળગતો રહ્યો ત્યારે એના મનના બે પક્ષ પડી ગયા. મનનો એક ભાગ એની પોતાની સાથે હમદર્દી જતાવતો હતો અને બીજો, સુમા પર ફિટકાર વર્ષાવતો હતો. સુમાને પોતાની ચોરી પકડાઈ ગયા પછી કેવું લાગતું હશે અથવા તે મયંક તરફ શા માટે આકર્ષાઈ હશે એવું પરીક્ષણ કરવાનો વિચાર તેને ભૂલેચૂકેય

આવ્યો નહોતો. આરોપીના પાંજરામાં ઊભેલી સુમાને પોતાનો બચાવ કરવાની પરવાનગી હોઈ શકે એવું એને બિલકુલ લાગ્યું નહોતું.

અનયે માતા-પિતાને જે બન્યું હતું તે અથથી ઇતિ સુધી કહી નાખ્યું. આખી ઘટનાને ઘડ્યે આમ તો ચોવીસ કલાક નહોતા થયા એથી માતા-પિતાને ઉદ્ભવતા અમુક પ્રશ્નોનો ઉત્તર એની પાસે નહોતો. એ તો એક જ વાત વારંવાર દોહરાવતો હતો કે સુમા આવું ઘોર કૃત્ય કરી જ કેમ શકે? અને જો કરી શકતી હતી તો એવી સુમા સાથે એ રહી ન શકે.

ભલે અનય પેટનો જણેલો દીકરો હતો, પણ અલકાને સુમાની માયા ઓછી નહોતી. અરેરે! સુમાની માથેય શું વીતતું હશે! આ સંસાર સાગરમાં ક્યારે કયું મોજું ગોથું ખવડાવી દે એ કહેવું મુશ્કેલ છે. લોકો જાત-જાતની ભૂલો કરી બેસે છે! સુમા પોતાનાં માતા-પિતા પાસે જઈને આવી વાત થોડી કરી શકે? મનમાં સોસવાતી હશે કે પછી મયંક સાથે બહુ ઊંડી ઊતરી ગઈ હશે જ્યાંથી પાછાં ફરવું મુશ્કેલ હોઈ શકે? જે હોય એ, તેને મળવું આવશ્યક હતું. વિનાયકે અલકાનું મન ઓળખી લીધું, તેમને પોતાને પણ એ જ જોઈતું હતું. સુમા આવું બેજવાબદાર વર્તન કેમ કરી રહી હતી? અનયનો આક્રોશ સાચો હોય તો પણ એક પક્ષીય માહિતી પર કોઈ ફેંસલો લઈ ન શકાય.

''અનય, મમ્મી અને હું તારી સાથે આવશું. થોડા દિવસ શરણ્યા અને વ્યોમ સાથે ગાળવા છે.'' વિનાયકે કહ્યું.

અનયને તે બંને સાથે આવે એ બહુ ગમ્યું. એકલો પાછો ફરે તો ઘરમાં તેનું મન લાગવાનું નહોતું ને સુમા સાથે ફેંસલો કરવામાં પણ બંનેની મદદ થશે.

જમીને અલકાએ ઘર આટોપી લીધું. સાંજ ઢળે એ પહેલાં સૌ મુંબઈના ઘરે પહોંચી ગયાં. તેમને જોઈને સુમાને જરાયે આશ્ચર્ય ન થયું. જાણે બંને આવવાનાં હતાં એ તે જાણતી જ હોય એટલી સ્વાભાવિકતાથી એણે તેમના આગમનને આવકાર્યું. જોકે વિનાયક અને અલકાથી એના મનની વ્યગ્રતા છૂપી ન રહી. પાનખરના વૃક્ષ જેવા એના મ્લાન વદન પર અંતરનો ખળભળાટ છતો થતો હતો.

અનય બાળકોને સુવાડતાં પહેલાં વાર્તા કહેવામાં પરોવાયો એટલે સુમા સાથે એકલાં પડતાં જ વિનાયકે વાત શરૂ કરી.

''સુમા બેટા, કાંઈ તકલીફ છે?''

''અંકલ, અનયે તમને બધી વાત તો કરી હશે.'' સુમાએ વિનાયક અને તેમની બાજુમાં બેઠેલી અલકાની સામે જોયા વિના કહ્યું. તે બચપણથી વિનાયક અને અલકાને 'અંકલ-આન્ટી' કહેતી એ શિરસ્તો લગ્ન પછીય ચાલુ રહ્યો હતો.

''તેણે તો અમને એની રીતે વાત

કરી. હવે તું કહે તો સમજ પડે.''

''અનયે જે કાંઈ કહ્યું છે એ ખરું છે.''

સુમાના સ્પષ્ટ એકરારથી વિનાયક જરા મૂંઝાયા, એથી અલકાએ પૂછ્યું, ''અનય સાથે નથી જામતું?''

''એવું નથી આન્ટી, પણ જાણે જિંદગીમાં મજા નથી રહી. બાળકોને મોટાં કરવા જીવતાં હોઈએ એવું લાગે છે. ક્યારેક એકલું-એકલું લાગે છે.''

''અનય બહુ બિઝી રહે છે ને?''

''તેને જે સફળતા જોઈતી હતી એ તેને મળી છે. હવે સફળતાને ટકાવી રાખવા માટે જે કરવું પડે એ બધું તે કરે છે. મોડો ઘરે આવે અને ઘણી વખત રાતે પણ કામ કરતો હોય. એક તો એની પાસે સમય ઓછો, વળી હોય એ અમારા ત્રણેમાં વહેંચવો પડે!''

''અનયને સફળતાના આ પદે પહોંચાડવામાં તારો ફાળો ઓછો નથી, સુમા. તે એને હંમેશાં સહકાર અને પ્રોત્સાહન આપ્યાં છે.'' અલકાએ કહ્યું.

''મને ખબર હતી તેને જિંદગીમાં શું મેળવવું છે, શેમાં તેને જિંદગી અર્થસભર લાગે છે.''

અલકાને કંઈક સમજાયું.

''અનય જાણે છે તને જિંદગીમાં શું જોઈએ છે?''

''તેને લાગે છે તે મને બધી સગવડો આપે, વળી બાળકો હોય એટલે મને બધું મળી ગયું.''

''વ્યોમ બે વર્ષનો થયો. હવે તારે કામ કરવું હોય તો તું પણ કરી શકે છે!'' અલકાએ સૂચવ્યું.

''મારો ઘરે બેસવાનો ક્યારેય વિચાર નહોતો.''

''અલકા પણ અનય નાનો હતો ત્યારે સ્કૂલમાં શીખવવા જતી જ ને!'' વિનાયકે કહ્યું.

''એ જ તો અનયને નથી જોઈતું. એ સ્કૂલેથી ઘરે આવે ત્યારે આન્ટી ઘરમાં ન હોય એ તેને નહોતું ગમતું. તેને લાગે છે ઘરમાં મારા પૈસાની જરૂર નથી. છોકરાંઓ માટે ઘરમાં મારી હાજરી મહત્ત્વની છે.''

''તને શું લાગે છે?''

કહેવું કે નહીં એની ગડમથલમાં હોય તેમ સુમાએ જવાબ આપતાં પહેલાં ક્ષણેક વિચાર કર્યો.

''મોંઘી સાજ-સજાવટવાળું ઘર બનાવીને એને જાળવતાં ઘરમાં બેસી રહેવું એ મને જિંદગી વેડફી નાખવા જેવું લાગે છે. અત્યારે છોકરાંઓ અને ઘરની દેખભાળમાં મારો વ્યક્તિગત વિકાસ ઝીરો છે. આ કામ મને ચૅલેન્જિંગ નથી લાગતું. મારાં બાળકો છે એટલે મને વહાલાં છે, પણ ખરું કહું તો અનયને ગમતાં હતાં તેટલાં બાળકો મને ક્યારેય ગમતાં નહોતાં. શરણ્યા મારા માટે બસ હતી, પણ અનયને બીજા બાળકની ખૂબ જ ઇચ્છા હતી.''

સુમાએ થોડામાં ઘણું કહી દીધું. અલકા અને વિનાયક સાથેના મોકળાશ ભરેલા સંબંધને લીધે એ તેમની પાસે

દિલ ખોલીને વાત કરી શકતી હતી.

''માત્ર અનયનો મનોરથ પૂરો કરવા તે વ્યોમની જવાબદારી સ્વીકારી!'' વિનાયક સ્વગત બોલતા હોય એમ બોલ્યા.

''ને અનયે સુમા શું ઇચ્છે છે એનું ધ્યાન ન રાખ્યું.'' અલકાએ કહ્યું અને પૂછ્યું, ''સુમા, તું હવે શું કરવા માગે છે?''

''આન્ટી, મેં ભવિષ્યનો કે વર્તમાનનો કોઈ વિચાર નહોતો કર્યો. પોતાની મેળે બધું બનતું ગયું અને હું તણાતી ગઈ. મયંકની કંપનીમાં જિંદગી ધબકી રહી છે એવું લાગતું. કૉલેજમાં એકાદ-બે પિરિયડ બંક કરતાં લાગે એવું.''

સુમાએ મર્યાદા જાળવતાં છતાં પારદર્શિકતાથી હકીકત રજૂ કરી.

''મયંકે અનયનું સ્થાન લઈ લીધું છે?'' અલકાએ જે જાણવું એકદમ જરૂરી હતું એ પૂછી લીધું.

''અનયનું સ્થાન કોઈ ન લઈ શકે.'' સુમાએ દૃઢતાથી કહ્યું.

વિનાયક અને અલકાને હવે વધારે ખોદવું જરૂરી ન લાગ્યું. નાનપણથી અનય અને સુમા વચ્ચે કદી કદી નાના ઝઘડા થતા તેમણે જોયા હતા, પણ બંનેનો રોષ લાંબા સમય સુધી ન ચાલે. આ વખતે મામલો જરા ગંભીર બન્યો હતો.

બાળકોને સુવડાવીને અનય બહાર આવ્યો કે સુમા પોતાના ઓરડામાં ચાલી ગઈ.

''મમ્મી-પપ્પા, તમે સુમા સાથે ડિવૉર્સની વાત કરી?'' અનયે પૂછ્યું. તેની અને સુમાની વચ્ચે અચાનક દીવાલ રચાઈ ગઈ હતી, જેને તે લાંઘી નહોતો શકતો એથી એણે અલકા અને વિનાયકના હાથમાં મામલો સોંપી દીધો હતો.

''જરા બેસ અહીં.'' અલકાએ સરકીને સોફા પર જગ્યા કરી. અનય બેઠો એટલે પૂછ્યું, ''છોકરાંઓ કોની પાસે રહેશે?''

''મારી પાસે જ સ્તો. સુમા એમનું ભરણપોષણ શી રીતે કરશે?''

''સુમા બાળકોનું ભરણપોષણ ન કરી શકે એના માટે કોણ જવાબદાર છે? તે ધારત તો તારા જેવી જ કરિયર બનાવી શકત.'' વિનાયકે કહ્યું.

''શરણ્યાના જન્મ પહેલાં તેની પાસે તારા કરતાં સારી જૉબ હતી. એ જૉબ તેણે ચાલુ રાખી હોત તો આજે બાળકોને આરામથી મોટાં કરી શકત. પણ તેણે દરેક બાબતમાં પોતાના કરતાં તારો વિચાર કર્યો. તને જે ગમતું હતું એ કર્યું.'' અલકાએ વિનાયકને ટેકો આપ્યો.

''પણ તેને કામ કરવાની જરૂર ક્યાં હતી? મારી આવક બરાબર છે. સુમા અને છોકરાંઓને જે જોઈએ તે મળે છે.''

''સુમા તારા જેટલું જ કમાઈ શકતી હતી. એ તને ઘરે બેસવાનું કહેત તો તું તૈયાર થાત?'' વિનાયકે તીક્ષ્ણ પ્રશ્ન કર્યો.

''પપ્પા, તમે કેવી વાત કરો છો? ઘરે બેસીને હું શું કરત? મારો કોઈ પ્રોગ્રેસ જ ન રહેત.''

''તો સુમાને પોતાનો પ્રોગ્રેસ નહીં

જોઈતો હોય?'' પૂછીને વિનાયકે ઉમેર્યું, ''જોકે હું એમ નથી કહેતો કે ઘરની બહાર રહેવાથી જ પ્રોગ્રેસ થાય છે. બધું જ તમે જિંદગીમાંથી શું મેળવવા માગો છો એની પર આધાર રાખે છે અને દરેક વ્યક્તિને પોતાની જિંદગી પોતાને ગમે એ રીતે જીવવા મળે તો જિંદગી જીવ્યાનો સંતોષ મળે.''

''મને મારું ભણાવવાનું કામ ખૂબ જ ગમતું હતું. હું ઘરમાં મોટો પગાર નહોતી લાવતી છતાં પપ્પા મારી જરૂરિયાત સમજતા હતા એથી મારે ચાર દીવાલોની વચ્ચે એ જમાનામાં પણ ન રહેવું પડ્યું. સ્કૂલની નોકરી એટલે તને બરાબર સમય આપી શકાતો.'' અલકાએ કહ્યું અને હસીને ઉમેર્યું, ''જોકે તને આખો વખત મારો કબજો જોઈતો હતો, પણ એ આપણા બંને માટે સારું નહોતું. મારી નાની-નાની ગેરહાજરીઓમાં તને સ્વતંત્રતા મળતી. પછી તો તનેય સ્વતંત્રતા ગમવા માંડી હતી.''

વિનાયકે પણ હસતાં કહ્યું, ''મમ્મી ઘરે રહી હોત તો તને એકાદ-બે ભાઈ-બહેનની ભેટ મળત હોં!''

અચંબિત થયેલા અનયે વિચાર્યું, મમ્મી આના કરતાં અલગ હોઈ શકે એવું માની જ ન શકાય. કેવી કુશળતાથી ઘર સંભાળતી અને શાળાનું પોતાનું કામ પણ! વિદ્યાર્થીઓમાં કેટલી પ્રિય હતી અને તેને જ એ પોતાના જીવનની કમાણી સમજતી. મમ્મીને પોતાનું કુટુંબ વહાલું હતું છતાં તેને જીવન સાફલ્ય અનુભવવા પોતાને ગમતું કાર્ય કરવું આવશ્યક હતું.

સુમાએ પોતે અનયને કેટલો ચાહે છે એવા મોટા દાવા ક્યારેય કર્યા નહોતા, પરંતુ અનયની ખુશી તેના માટે સદા અગ્રેસર રહેતી. અનય સુમાને પોતાનું સર્વસ્વ કહેતો, પણ અમરવેલની જેમ તેને વીંટળાઈને અંતે તો પોતાનું ધાર્યું જ કરાવતો. પોતાને જેમાં સુખ અને આનંદ દેખાય એમાં સુમાને પણ દેખાવાં જ જોઈએ એવાં એનાં આગ્રહ અને અપેક્ષા રહેતાં. અનયની સમજણમાં હકીકત સ્પષ્ટ થતાં તેને શરમ ઊપજી. પોતાની ઇચ્છાઓનો ભાર વેંઢારતાં સુમા ક્યારેક થાકી જતી હશે ને!

''કબૂલ કરું છું, મેં સુમાની સ્વતંત્રતા છીનવી લીધી, પણ તેણે તો મને કેવો બદલો આપ્યો!''

વિનાયક અને અલકાએ એકમેક સામે જોયું. ખરી ગાંઠ હવે ખોલવાની હતી.

''તેં ભૂલ કરી અને સુમાએ પણ કરી. બંનેની ભૂલોને મેગ્નિફાઇંગ ગ્લાસથી તપાસીશું તો તારું હસતુંખેલતું કુટુંબ વેરવિખેર થઈ જશે. બાળકોને ન તું છોડી શકીશ ન સુમા. કદાચ કોર્ટમાં લડાઈ ચાલે. સમજૂતી થાય તો બાળકો બંને પાસે વારાફરતી રહેશે. સુમા મયંક સાથે રહેવાનું નક્કી કરે તો બાળકોએ તેને સ્વીકરવો પડશે. તારી જિંદગીમાં બીજી સ્ત્રી આવી તો તેમણે તેને નિભાવવી પડશે.

તારે શરણ્યા અને વ્યોમને આવી જિંદગી આપવી છે?'' વિનાયકે અનયના મનોચક્ષુ સમક્ષ ચિત્ર ધર્યું.

''કે તને જોઈએ છે બાળકો ગૂંચવાડા વિના આત્મવિશ્વાસ સાથે મોટાં થાય?'' અલકાએ પૂછ્યું.

કાંઈ બોલ્યા વિના અનય માતા-પિતાના પ્રશ્નો પર વિચાર કરવા લાગ્યો. માત્ર સાનો સૂર કાઢતા એકતારાની જેમ અત્યાર સુધી તેનું મન એક જ વાત રટ્યા કરતું હતું, ''સુમાએ જે કર્યું હતું તે ચલાવી ન શકાય.'' વ્યવહારકુશળતા તેને સહજસાધ્ય નહોતી ને પરિણામ વિશે તેણે ઊંડો વિચાર કર્યો નહોતો.

''બાળકો માટે તેં સુમાની કારકિર્દીનો ભોગ લેવડાવ્યો તો તેમની ક્ષેમકુશળતા માટે તું કાંઈ નહીં ત્યાગી શકે?'' વિનાયકે તીર સીધું બુલ્સ આઇ પર છોડ્યું.

''મારે શું છોડવાનું છે?''

''તારો પુરુષ સહજ અહમ્.''

અનયે બોલ્યા વિના માત્ર ભવાં ઊંચાં કર્યાં.

''અમે બંને તને ખાતરીથી કહી શકીએ છીએ કે સુમાના જીવનમાં તું જ છે, પણ તને તારું સ્થાન ટકાવી રાખતાં શીખવું પડશે. દાંપત્યજીવન વગર ટિકિટે કરવાની મુસાફરી નથી. ભાગીદારીમાં ચાલતા બિઝનેસ જેવું છે. બંનેએ રોકાણ કરવું પડે.''

''સુમા પાળેલું પક્ષી નથી. તેને ઊડવા દે. તેને પોતાની કુશળતા પુરવાર કરવાની તક મળે એવું કામ કરવું તેના માટે અનિવાર્ય છે.'' અલકા તરફથી દરખાસ્ત આવી.

''તમારું આ સૂચન મને મંજૂર નથી. બાળકોને આખો દિવસ ઘરમાં એકલાં મૂકવા પડે એટલી ખરાબ મારી આર્થિક સ્થિતિ નથી.''

''બાળકો ઘરમાં એકલાં નહીં રહે. અમે અહીં રહેશું ને તેમનું ધ્યાન રાખશું.'' અલકા હુકમનો એકો કાઢતી હોય એવી અદામાં બોલી.

''ખરેખર?'' અનયના ચહેરા પર ખુશી છવાઈ ગઈ.

''સુમા!'' વિનાયકે હાક મારી. ''હલ્દીરામનું રસગુલ્લાંનું ટિન પડ્યું છે એ ખોલ!''

રસગુલ્લાં લઈને આવેલી સુમાને અલકાએ હાથ પકડીને બાજુમાં બેસાડી દીધી. અનય અને સુમા થોડી વાર ઊખડેલાં રહ્યાં, પછી બંને વાતોના પ્રવાહમાં ક્યારે જોડાઈ ગયાં એની તેમને જાણે સુધ્ધાં ન રહી. મોડેથી સૌ સૂવા માટે છૂટાં પડ્યાં ત્યારે બધાંનાં હૈયાંમાં હળવાશ હતી.

સૂવાની તૈયારી કરતાં અલકાએ કહ્યું, ''વિનાયકરાવજી, છોકરાંઓનો ગૃહસ્થાશ્રમ સાચવવા આપણો વાનપ્રસ્થાશ્રમ પાછળ ઠેલવવો પડશે!''

જવાબમાં તેની નજર મળી એક સ્નેહપૂર્ણ નજર સાથે.

❑❑❑

ઘુમોટ : ગોવાનું પ્રાચીન લોકવાદ્ય



રેખાચિત્ર : શ્રી ચંપકભાઈ પાવાગઢી

☐ **વિક્રમ ચૌધરી**

ભારતીય આદિવાસી પરંપરાગત વાદ્યોના અનેક ધ્વનિઓ માનવીના કોલાહલમાં વિલુપ્ત થઈ રહ્યાં છે. કાશ્મીરથી કન્યાકુમારી અને ગુજરાતથી આસામ સુધી ભારતમાં પરંપરાગત રૂપે સંભળાતા આદિવાસી સંગીતની મધુરતા, મોહકતા, કલાત્મકતા, લયાત્મકતાવાળી હાથની થાપ અને ડાંડિયો, આંગળીનાં ટેરવાંનું કંપન, હોઠ પરનાં ગીતસ્પંદનો અને ઉચ્છ્વાસની રિધમ ધીરે-ધીરે મંદ બની રહી એ નિર્વિવાદ બાબત છે.

મંદ થયેલા સૂર તરફ બેસૂરા જ બનીને સાંભળવાની નવી પરંપરામાં આપણી સમૃદ્ધ પરંપરાનો વારસો અને વૈવિધ્યની ગતિ સ્મૃતિભ્રંશ તરફની રહી છે.

કોઈ પણ સમૃદ્ધ કળાનાં બીજ જે ધરતી પર ઊગ્યાં એ કળાસમૃદ્ધ ધ્વનિ હજારો વર્ષોથી એ ધરતી પરના વાતાવરણમાં સહજ રીતે ગુંજતો રહેતો. એ સૂરના નાદે વગાડનાર, સાંભળનાર, ગાનાર, નૃત્ય કરનાર દરેક વ્યક્તિ એમાં લીન રહેતી, ત્યારે વારસા અને

વૈવિધ્યની ચિંતા કરવી એ ગાંડપણની સ્થિતિ કહેવાય, પરંતુ આજે ડહાપણની સ્થિતિએ કળા જ્યાં મૂળ રૂપે વિકસી એ ધરતી પરના સમૃદ્ધ પરંપરાના જૂની પેઢીના વાહકો સાથે વાત કરવાનું થાય છે ત્યારે આ જવાબની ગતિ આ પ્રકારની સાંભળવા મળે છે. "હા, અમે અથવા મેં વાદ્ય બનાવ્યું, વગાડ્યું, નાચ્યા, સાંભળ્યું, જોયું." વગેરે. બીજી પેઢી કહે છે, "અમે અથવા મેં વગાડ્યું, નાચ્યા, સાંભળ્યું અને જોયું." ત્રીજી પેઢી કહે છે, "અમે નાચ્યા, સાંભળ્યું અને જોયું." આમ ક્રમશઃ આજની પેઢીનો જવાબ હોય છે, "અમે જાણતા નથી." સમૃદ્ધ કળા આજે વિલીન થવાની આરે આવી પહોંચી છે.

આ પ્રકારની સ્થિતિના નિર્માણમાં કળાનું મૂલ્ય કરવામાં અને કરાવવામાં કલાકાર, સમુદાય અને રાજ્યની ભૂમિકા નબળી પડી એમ કહી શકાય. કળાનું જતન કરવાના રાજ્યના સ્ટેજ, કૅમેરા અને કાગળ પરના દસ્તાવેજીકરણના પ્રયત્નો થયા ને જે ચિત્ર આજે દેખાય છે એ ઝાંખું ને સૌને ભ્રમિત કરનારું હોય એવું લાગે છે. લોકકળાનો મૂળ પ્રાણ હોય એને મૂળ જગ્યાએ જતન કરવાના પ્રયત્નોને બદલે બજારુ રૂપ આપી, કાગળ, કૅમેરા અને સ્ટેજ પર વાઘા પહેરાવવાની નવી પરંપરાએ કળાને પારાવાર નુકસાન કર્યું છે. આદિવાસીઓ સંગીત અને નૃત્યની મૂળ પરંપરામાં દર્શક લોકસંગીત, લોકગીત અને લોકનૃત્યનો ભાગ હતો ને નિજાનંદ માટેની કળા રહી છે. જ્યારે નવી પરંપરામાં માત્ર દર્શકને કેન્દ્રમાં રાખી દર્શકના આનંદ માટેની બની ગઈ છે. એમાં વ્યક્તિગત આનંદ અને પરંપરાગત રીતિરિવાજ સાથે જોડાયેલાં વાદ્યોને મોટું નુકસાન થયું છે.

પરંપરાગત, વ્યક્તિગત આનંદ અને માત્ર બહેનો દ્વારા જ પ્રસ્તુત થતાં વાદ્યોનું ચિત્ર આ પ્રકારનું જોવા મળે છે. દક્ષિણ ગુજરાત અને ઉત્તર મહારાષ્ટ્રમાં વસતા કુંકણા સમુદાયની બહેનોનું વર્ષમાં બે પ્રસંગોએ વગાડાતા વાદ્ય ડેરાનો છેલ્લો શ્વાસ ચાલી રહ્યો છે. બહેનોનું પ્રિય તંતુ વાદ્ય ટિંગરી-ચૌધરી, મોરચંગ-કોંકણી, ઘાંઘરી-રાઠવા, કાંગલી-વસાવા ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ, કોરાયું કે ઘોડાળિયું - ઘોરાળિયો - ઘુરારિયા - ડુંગરીભીલ રાજસ્થાન અને ગુજરાત, ચંગ-કુંકણા, મોરચંગ-રાજસ્થાન, મુરચંગ-અહેવો, ઠેકું, ગાડી-કંધા ઓરિસ્સા, ગોગોના આસામ અને મેઘાલય, કો-ખિયંગ નાગાલૅન્ડ, એની નાગા, તંગડ્યું લેપ્ચા, બિનાયો-લીંબુ દાર્જિલિંગ, કેન્દ્રરિયા-ભીલ, ઠેકુ-અંગામી નાગા, ભીવો - ભીડો - કોણયાક નાગા, બિનાઈ - ભોટ અથવા ભોટિયા ઉત્તર પ્રદેશ, મીએંગ-ખાસી, કચ ટેહેન્દોર - મુરિયા મધ્ય પ્રદેશ રાજ્યોના આદિવાસીઓ જુદાં-જુદાં નામથી ઓળખે છે. ગોગના આસામની

બહેનોનું વિશેષ ઓળખ આપનારું બની ગયું છે. જ્યારે ગુજરાત જેવાં અન્ય રાજ્યોમાં વડીલ મહિલા કે પુરુષ જ આ વાદ્યને વિશે જાણે છે. બાકી વાદ્યના મધુર અને કામણગારા સૂરની પરંપરા વિલુપ્તિની કતારમાં છે.

ઝારખંડના મુંડા સમુદાયનું તંતુ વાદ્ય ટુહિલા વિલુપ્તિના આરે છે. આ વાદ્યના કામણગારા સૂરસર્જનમાં રેશમના તંતુનો ઉપયોગ થાય છે. આ વાદ્યને જીવંત રાખવાના પ્રયાસ પ્રો. રામદયાલ મુંડા આદિવાસી સંશોધન કેન્દ્ર, રાંચી અને ટાટા સ્ટીલ દ્વારા કરાઈ રહ્યો છે, જેમાં થોડો આશાવાદ દેખાય છે. ઉત્તર પૂર્વમાં વસતા નાગા સમુદાયનું વિશિષ્ટ કહી શકાય એવું ત્રીસ-ચાલીસ ફૂટ લાંબું અને બાથમાં ન આવે એવું એક જ ઝાડના લાકડમાંથી બનતું વાદ્ય '*ખમ-લાકડાનો ઢોલ*'નો સૂર-સંદેશને સમયની ઊધઈ કોતરવા લાગી છે. મધ્ય પ્રદેશ, ઓરિસ્સા, આસામના મુરિયા, બોંડા અને રભા આદિવાસીઓનું તંતુ વાદ્ય તુયુંદાર/બડુંગ/દૂકપા/ ગિટાંગ 'વાંસનો ઢોલ'નો લોકસંગીત તંતુ ધીરે-ધીરે લોકોથી તૂટી રહ્યો છે. ત્રિપુરા અને મણિપુરના કોમ, કુકી સમુદાયનું સાત સૂરવાળું સુષિર વાદ્ય 'રૂસેમ' વિલુપ્તિના આરે છે, તો ઉત્તર પૂર્વ ભારતના મણિપુર, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, આસામ જેવાં રાજ્યોમાં વસતા આદિવાસીઓનું પ્રિય વાદ્ય પેના મણિપુરની ખાસ ઓળખ બની ગયું છે. પેના આકારના અને વગાડવાની પરંપરા પણ સરખી હોય એવું વાદ્ય ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં રાવણહથ્થો કે ખાંગલી, ઝારખંડના મુંડા-મૂંડારી-કેન્દ્રા જેવાં અનેક વાદ્યનો નાભિશ્વાસ ચાલી રહ્યો છે, ત્યારે ચોક્કસ કહી શકાય કે આ પહેલાં સમયકાળમાં ઘણાં વાદ્યો વિલુપ્ત થઈ ગયાં હશે.

સંગીત વાદ્યોની વિલુપ્તિના કપરા કાળમાં દેશ અને રાજ્યોની કળાને ઉજાગર કરતી સાંસ્કૃતિક સંસ્થાઓ સ્ટેજ અને કાગળ પર નહીં, પરંતુ જ્યાં જેનું મૂળ છે એ સમુદાય કે પ્રદેશ સાથે સાર્થક પ્રયત્નો કરે તો ભારતની સાંસ્કૃતિક ધરોહરનું વૈવિધ્ય, એની શોભા અને સુંદરતા કાયમ રહે એવો આશાવાદ કાયમ રાખી શકાય.



સાર્થક પ્રયત્નોમાં રહેલો આશાવાદ ગોવા રાજ્યમાં ફળીભૂત થતો દેખાઈ રહ્યો છે. ગોવા રાજ્ય સરકારે *'ઘુમોટ'* નામના લોકવાદ્યને રાજ્યનું હેરિટેજ લોકસંગીત વાદ્ય ૨૦૧૯માં જાહેર કર્યું છે. *'ઘુમોટ'* ખોલું કે ધ્વનિ

કેન્દ્ર માટીનો ઘડો હોવાથી એને 'માટીનો ઢોલ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પ્રકારના પ્રયત્નો અન્ય રાજ્યો પોતાના રાજ્યની લોકસંસ્કૃતિને ધ્યાનમાં રાખી રાજ્યનું હેરિટેજ લોકસંગીત વાદ્ય જાહેર કરે તો વિલુપ્તિના આરે આવેલાં ઘણાં વાદ્યોનો મધુર સૂર લયાત્મક અને કલાત્મક રૂપે ફરી ગુંજતો થાય એમ છે.

ગુજરાત અને મહારાષ્ટ્રમાં વર્ષમાં હોળી અને વાઘ બારસના બે દિવસોમાં વગાડાતું વાદ્ય *ડેરા* અને છત્તીસગઢમાં જગારની પૂજા વખતે વગાડાતું વાદ્ય *ધનકુલ*માં ઘડાનો ઉપયોગ થાય છે. મધ્ય પ્રદેશના આદિવાસીઓનું *નાહર ઢોકની* નામનું વાદ્યનો આકાર અને વગાડવાની પરંપરા ડેરા જેવી છે. *નાહર ઢોકની*માં ઘડા મુખ પર ચામડાનું પડ મઢવાથી લાંબા ગાળાનું વાદ્ય બની જાય છે. જ્યારે ડેરા પર સાંગના પાંદડાથી મોઢું બંધ કરવામાં આવે છે. સાથે ત્રણ-ચાર દિવસ પછી મુખ ઉપરના પાંદડાને પરંપરાગત રીતે દૂર કરવાથી ઘડાને ફરી ઉપયોગમાં લઈ શકાય છે. ડેરા અને ધનકુલ વાદ્યોની વિશેષતા એ રહી છે કે પરંપરાગત પૂજાવિધિમાં બહેનો દ્વારા જ વગાડવામાં આવે છે.

ઘુમોટ ગાવળે, કોંકણી સમુદાયનું પ્રાચીન લોકવાદ્ય છે. ઘુમોટ વાદ્ય કોંકણી સમુદાયની સાથે સિદ્ધિ, કુડુમિ અને ખારવી સમુદાય પણ ઘુમોટ વગાડે છે. ઘુમોટ બનાવવા માટે એક મોટું અને બીજી બાજુ નાનું એમ બંને બાજુ પોલો હોય એવો ઘડો હોય છે. એક તરફ ઘડાનું મોટું મુખ એક વેંત અને બીજી નાનું મુખ ચાર આંગળ પહોળું હોય છે. કુંભાર આ પ્રકારનું ખોલું બનાવવા માટે ખાસ માટીનો ઉપયોગ કરે છે.

માટીના ખોલાના મોટા મુખ ઉપર ઘો (મોટી ગરોળી)નું ચામડું મઢવાની પરંપરા છે, પરંતુ 'ઘો'નો આજે વન્યજીવ અધિનિયમ ૧૯૭૨ પ્રમાણે સંરક્ષિત જીવમાં સમાવેશ થતો હોવાથી 'ઘો'ના ચામડાની જગ્યાએ બકરીના ચામડાનો ઉપયોગ થાય છે. ઘુમોટના મુખને મઢવા માટે ઘડાના મુખની પહોળાઈ-ગોળાઈ કરતાં ચાર આંગળ મોટા-પહોળા ચામડાના ટુકડાની જરૂર પડે છે. આ ચામડાના પડને ઘડાના મુખ ઉપર બરાબર ગોઠવી મુખની તદ્દન નજીકથી ત્રણ-ચાર દોરીના વેઢા ફેરવીને મજબૂત રીતે ચામડું તંગ ખેંચીને બાંધવામાં આવે છે. જ્યારે મોટું મુખ ખુલ્લું રાખવામાં આવે છે. ઘુમોટ ગળામાં ભેરવીને વગાડાતું વાદ્ય હોઈ ગળામાં ભેરવવા માટે દોરીનો એક છેડો મોટા કાંઠા સાથે અને બીજો છેડો નાના કાંઠા સાથે બાંધવામાં આવે છે.

સામન્ય રીતે *ઘુમોટ*ને ગળામાં ભેરવીને વગાડવાની પરંપરા રહી છે. ગળામાં ભેરવતી વખતે છાતી અને પેટની આસપાસ વાદ્ય હોય, એ કલાકારને વધુ અનુકૂળ હોય છે. ઘુમોટ

નૃત્ય કરતાં, ઊભા રહીને કે કલાકારનો તાલ અને લયને અનુકૂળ રહે એ રીતે અને ખોળામાં મૂકીને પ્રસંગ પ્રમાણે, બંને રીતે વગાડવાની પરંપરા રહી છે. વગાડનાર કલાકાર સામાન્ય રીતે જમણા હાથની આંગળીઓથી ચામડાના પડની વચ્ચે અને કિનારે જુદા-જુદા ધ્વનિ માટે એક હાથની આંગળીઓનો ઘાત કરે છે. ડાબા હાથની હથેળીથી નીચેના ભાગે નાના પોલાણને ખોલ-બંધ, અર્ધ ખુલ્લું કે સંપૂર્ણ ખોલીને મનગમતા ધ્વનિનું સર્જન કલાકાર કરે છે. *ઘુમોટ*ના તાલ સાથે ગીત અને લયની પરંપરાનો પ્રવાહ પ્રાચીન ભારતીય સાંસ્કૃતિક ધરોહરની સમૃદ્ધિનો ધ્વનિ પ્રાચીન રૂપે વહેતો રહે એવી શુભભાવના.

સંદર્ભ:

1. MUSICAL INSTRUMENT, B. C. DEVA

2. Musical Instrument of Tribal India- Dilip Bhattacharya

3. Acoustic analysis and characterization of Indian musical instrument: Ghumot: Sundar Akshay, P. V. Hancel, Singru Pravin, Vathsan Radhika, https://www.jvejournals.com/article/16932

4. Samvad : Mr. Kanta Gavde, Ghumat player, Goa.

5. Documentary- Ghumott : A Traditional Musical instruments

6. Ghumot a popular folk Instrument with rich history, The Hindu, June 8. 2018

7. Drumming up Goenkarponn to the beat of the Ghumat, Herald Sep 1, 2019

8. Ghumot must be declare States musical Instruments : Goa tourism minister, THE TIMES OF INIDAI Aug 24, 2017 by Bindiya Chari TNN.

9. Celebrating the Gaon Ghumot, MyGoa, 4 March, 2017 by Sanjeev Sardesai

10. Ghumot conferred with the status of heritage instrument of Goa. https://www.incrediblegoa.

❑❑❑



જાઝ સંગીતના પ્રણેતા : લુઈ બૅન્ક્સ

☐ અભિજિત વ્યાસ

આપણે ત્યાં જાઝ સંગીત બહુ ઓછું પ્રચલિત છે અને સંગીતની જાઝ શૈલીને પ્રસ્તુત કરનારા સંગીતકારો પણ બહુ ઓછા છે. એમાંના એક લુઈ બૅન્ક્સ છે, જેમના વિશે જાઝ શૈલીના સંગીતનો ખ્યાલ ન હોય તેવા પણ અનેક એમને ઓળખે છે. આ સંગીતકાર અને ભારતીય જાઝના પ્રણેતા એવા લુઈ બૅન્ક્સનો થોડો પરિચય અહીં કરીએ.

આપણે ત્યાં પાશ્ચાત્ય સંગીતના સંદર્ભમાં એક સામાન્ય ઓળખ એ છે કે તેમાં લય-રિધમનું મહત્ત્વ વધુ હોય છે અને તેના વિશિષ્ટ વર્ગીકરણને સામાન્ય શ્રોતા ઓળખવાની તસ્દી નથી લેતો. પાશ્ચાત્ય સંગીતમાં પણ અનેક વૈવિધ્યપૂર્ણ શૈલીઓ છે. દેશેદેશ અને તેની જાતિ અને પ્રજાતિઓનું સંગીત અલગ-અલગ છે, એમ તેની ઓળખ પણ અલગ-અલગ હોય છે.

૧૯૮૦ની સાલમાં લુઈ બૅન્ક્સ અમેરિકાની સફરે રજાઓ માણવા ગયા હતા. એક દિવસ તેઓ વૉશિંગ્ટન હતા ત્યારે સમાચાર મળ્યા કે મશહૂર જાઝ ટ્રમ્પેટર ડીઝી ગીલસ્પાઈનો આ જ

શહેરમાં કાર્યક્રમ છે. આ જાણીને તેઓ એક મિત્ર જોડે કાર્યક્રમના સ્થળે પહોંચી ગયા. પ્રેક્ષકો ખૂબ હતા, પણ ત્યાં કોઈ પિયાનો વગાડનાર નહોતું. લુઈને એવું જાણવા મળ્યું કે ડીઝી ગીલસ્પાઈનો પિયાનોવાદક બીમાર હોવાથી આવી શક્યો નહોતો. ગીલસ્પાઈ જ્યાં બેઠા હતા ત્યાં લુઈ એમને મળવા ગયા અને એમની ઓળખાણ આપતાં કહ્યું કે તે ભારતમાં જાઝના પિયાનિસ્ટ તરીકે કાર્ય કરે છે. આ સાંભળીને ડીઝી લુઈને જોઈ રહ્યા અને બોલ્યા, ''જાઝ પિયાનિસ્ટ ફ્રૉમ ઇન્ડિયા!'' એમને માનવામાં નહોતું આવતું. આ પછી ડીઝી ગીલસ્પાઈ સ્ટેજ પર રજૂઆત માટે આવ્યા અને એમણે ઉદ્‌ઘોષણા કરી કે ''આ કક્ષમાં એક ભારતીય મહેમાન છે, જે જાઝ પિયાનિસ્ટ છે. હું ઇચ્છું છું કે તેઓ અહીં આવીને અમારી સાથે વગાડે.'' અચાનક આ સાંભળીને મને અત્યંત આશ્ચર્ય થયું. કોઈ પણ પ્રકારના રિહર્સલ વગર ડીઝી ગીલસ્પાઈ જોડે વગાડવું? લુઈનું હૃદય એકદમ ધડકવા લાગ્યું. ડીઝી ગીલસ્પાઇને લુઈને પૂછ્યું કે તમે જાઝ સ્ટાન્ડર્ડ 'સ્ટેલા બાય સ્ટારલાઇટ' ('stella by starlight')થી પરિચિત છો? નસીબજોગે લુઈ તેનાથી પરિચિત હતા અને એમણે ડીઝી ગીલસ્પાઈ જોડે તેનો સેકન્ડ સેટ વગાડ્યો અને તે બહુ હિટ રહ્યો.

લુઈ બૅન્કસનો પરિચય આપવો હોય તો એક જ વાક્યમાં આપી શકાય : લુઈ ભારતીય જાઝના ગૉડફાધર છે (The Godfather of Indian Jazz). લુઈની આ ઇમેજ આપણે ત્યાં જ નહીં વિદેશમાં પણ છે. લુઈ બૅન્ક્સ આમ તો એક સંગીતકાર તરીકે પેઢી-ઉતાર પ્રતિભા છે. એમના દાદા અને પિતા બન્ને સંગીતકાર અને વાદક હતા. લુઈનો જન્મ ૧૯૪૦ની મધ્યમાં કલકત્તામાં થયેલો. લુઈના પિતા જ્યૉર્જ બૅન્ક્સ દાર્જિલિંગના જિમખાનામાં બૅન્ડ પ્રસ્તુત કરતા હતા. લુઈના સંગીતના પહેલા પાઠ અહીં દાર્જીલિંગમાં જ આરંભાયા હતા. લુઈ પણ પિતાની જેમ ટ્રમ્પેટ વગાડતા હતા અને એક ટ્રમ્પેટિયર તરીકે આગળ આવવા માગતા હતા, પણ પછીથી લુઈએ ટ્રમ્પેટ વગાડવું છોડીને પિયાનો વગાડવાનું શરૂ કર્યું અને એક પિયાનોવાદક (પિયાનિસ્ટ) તરીકે જ પ્રસિદ્ધ થયા અને ઓળખાયા.

લુઈ ગ્રૅજ્યુએશન બાદ સંગીતને એક બાજુ મૂકીને શિક્ષક તરીકે દાર્જીલિંગમાં કાર્ય શરૂ કરે છે. એ દરમિયાનમાં જ લુઈ જાઝ પિયાનોના દંતકથાસમા વાદક ઑસ્કાર પેટરસનની રેકર્ડ સાંભળે છે અને આ સંગીતથી પ્રભાવિત થઈને સંગીતને કારકિર્દી બનાવવાનું નક્કી કરે છે અને કહે છે, ''મારે એમના જેવા વાદક બનવું છે.'' આમ, ઑસ્કાર પેટરસન લુઈ માટે પ્રેરણાત્મક સંગીતકાર બને છે.

લુઈ બૅન્કસના પિતા જ્યૉર્જ ખાટમંડુ (નેપાળ)ની એક રેસ્ટોરાંમાં બૅન્ડ રજૂ



કરતા હતા ત્યારે એક વખત લુઈ એમને મળવા ગયા, ત્યાં સોલ્ટી હોટલનો મૅનેજર અવારનવાર રેસ્ટોરાંમાં બૅન્ડ સાંભળવા આવતો. એણે લુઈને પોતાની હોટલના હાઉસ બૅન્ડના લીડર તરીકેની ઑફર કરી. પોતાના જાઝની રજૂઆત માટે સોલ્ટી હોટલમાં અનુકૂળતા રહેશે એમ વિચારી લુઈએ તે ઑફર સ્વીકારી. લંચ અને ડિનરના સમયે જ રજૂઆત કરવાની હતી, તેથી બાકીના સમયમાં જાઝની પ્રૅક્ટિસ કરતા. આ રીતે જાઝની એમની કારકિર્દીની શરૂઆત થઈ. હોટલ સોલ્ટીમાં લુઈ બૅન્ક્સે ત્રણ વર્ષ સુધી વગાડ્યું.

કલકત્તાની હિન્દુસ્તાન હોટલે લુઈને ઑફર આપી. ખાટમંડુની હોટલમાં કેબ્રે સિંગિંગ માટે આવતી ગાયિકા લુરી પરેરાએ આ ઑફરના સંદર્ભમાં લુઈને કહ્યું, ''તું સારું વગાડે છે, પણ કલકત્તામાં તારાથી વધુ સારા દસ જેટલા પિયાનોવાદક છે.'' આ સાંભળીને લુઈ કલકત્તા જવાનું નક્કી કરે છે. કલકત્તામાં કેટલોક સમય રહ્યાથી લુઈનું નામ થવા લાગ્યું હતું. દિલ્હીની ઑબેરૉય હોટલમાં પણ લુઈ વગાડતા હતા. બ્લૂ ફૉક્સમાં લુઈએ એ સમયના શ્રેષ્ઠ બૅન્ડનું ગઠન કરેલું અને તે લુઈ બૅન્ક્સ બ્રધરહુડ બૅન્ડ તરીકે ઓળખાવા લાગેલું.

મુંબઈની બ્લૂ ફૉક્સ હોટલમાં એક વખત લુઈ બૅન્ક્સ વગાડતા હતા ત્યારે ત્યાં અચાનક જ સંગીતકાર રાહુલદેવ બર્મન આવી ચડ્યા અને બૅન્ક્સને સાંભળવા બેસી ગયા. લુઈ બૅન્ક્સ આ પહેલાં રાહુલદેવ બર્મનને ક્યારેય મળ્યા તો નહોતા, જોયા પણ નહોતા. તેઓ શાંતિથી એમને સાંભળ્યા અને જોયા કરતા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ રાહુલદેવ બર્મને એમનો સંપર્ક કર્યો અને તેમને એક ફિલ્મના પાર્શ્વસંગીતમાં પિયાનો વગાડવાની ઑફર કરી.


૧૯૭૭માં બનતી એ ફિલ્મ 'મુક્તિ'માં શશી કપૂર અભિનેતા હતા અને એમનું પાત્ર એક પિયાનોવાદકનું હતું. એટલે તેમાં પિયાનોના સંગીતનું મહત્ત્વ હતું.

લુઈ બૅન્ક્સે રાહુલદેવ બર્મનની ઑફર સ્વીકારી અને સામાન બાંધી મુંબઈ આવવા રવાના થયા. એમના સામાનમાં એક મોટો ઇલેક્ટ્રિક પિયાનો અને એક બૅગ હતી અને ખિસ્સામાં ફક્ત ત્રણસો રૂપિયા હતા. ટ્રેનના બીજા વર્ગમાં મુસાફરી કરતા બૅન્ક્સની સાથેના મોટા પિયાનોને લઈને અનેક મુસાફરોએ ફરિયાદ કરી. મુંબઈ પહોંચતાં જ બૅન્ક્સે રાહુલદેવનો સંપર્ક કર્યો અને અન્ય પણ ક્યાંક કામ અપાવવા વિનંતી કરી, જેના પરિણામ રૂપ બૅન્ક્સને મુંબઈની સી રૉક હોટલમાં રાત્રે વગાડવાનું કામ મળ્યું. રાહુલદેવે ફિલ્મમાં વગાડવાના બૅન્ક્સને એટલા સારા પૈસા આપ્યા હતા કે સી રૉકનું કામ એમના માટે બોનસ જેવું હતું.

એ સમયમાં રાહુલદેવનો સાથ તો હતો, પણ પછી બૅન્ક્સે જિંગલ કમ્પોઝ કરવી શરૂ કરી. સૌથી પહેલી ફોર સ્ક્વૅર સિગારેટની મળી, જે ખૂબ સફળ રહી અને પછી તો ઘણી જિંગલો કરી. આ બધી સફળતા વચ્ચે પણ બૅન્ક્સે તેનો જાઝ સાથે નાતો અકબંધ રાખ્યો. ૧૯૭૦થી તેઓ જાઝ યાત્રામાં વગાડતા હતા. એમણે બૅન્ક્સને એક ક્લાસિકલ ફ્યુઝન બૅન્ડ 'સંગમ' સાથે યુરોપની યાત્રા કરવાનું કહ્યું. આ પહેલાં બૅન્ક્સે કદી ભારતીય શાસ્ત્રીય સંગીત સાથે વગાડ્યું ન હતું. એથી એમના માટે આ નવો અનુભવ હતો. પચાસ દિવસની યુરોપની સફર કર્યા બાદ જ્યારે બૅન્ડ પરત ફર્યું ત્યારે તૂટી પડ્યું. બધા વાદકો એમાંથી નીકળી ગયા, પણ આ પ્રોગ્રામોને કારણે બૅન્ક્સનો ઉત્સાહ અનેરો હતો. ૧૯૮૦માં એમણે બીજા એક નવા બૅન્ડની રચના કરી તેને 'સિલ્ક' નામની ઓળખ આપી અને કાર્લ પીટર (બાસિસ્ટ), આનંદન શિવમણિ (ડ્રમર) અને શંકર મહાદેવન જેવા ગાયકને આ બૅન્ડમાં સામેલ કર્યા. આ બૅન્ડે સિંગાપોર અને અમેરિકાની સફર કરી અને એમને ખૂબ સારો પ્રતિભાવ મળ્યો. લોકો સામેથી એમની પાસે આવવા લાગ્યા. આજે તો આ બધા વાદક-કલાકારની એક અલગ અને વ્યક્તિગત ઓળખ બની ગઈ છે, જે બ્રાન્ડ-નેમ જેવી છે.

લુઈ બૅન્ક્સે કેટલાંક વર્ષ મુંબઈના નૅશનલ સેન્ટર ફૉર પર્ફૉર્મિંગ આર્ટ્સ (NCPA)ના ઉપક્રમે જાઝના એક આર્કાઇવ્સને તૈયાર કરવાનું કામ કર્યું છે. આ ઉપરાંત પોતાના પુત્ર જીનોની સાથે મળીને એક નવા બૅન્ડનું ગઠન કરીને તેના દ્વારા રૉક પ્રભાવિત જાઝની રજૂઆત કરે છે. આજે તો એક ઉત્તમ પિયાનોવાદક તરીકે એમની નામના સમગ્ર દેશ અને દુનિયામાં છે.

❑❑❑



બીજી પારી

☐ અલકા ત્રિવેદી

જયંતીલાલે ફ્લૅટની બારી ખોલી. તડકામાં હવે ઓટ આવી હતી. એ હસતો-હસતો વિદાય થઈ રહ્યો હતો. જયંતીલાલે વાંઝિયા આકાશ તરફ દૃષ્ટિ કરી. સાવ કોરું તેમના જેવું! પક્ષીઓનું ટોળું એકધારું એક દિશા તરફ જતું હતું. સામેના ફ્લૅટની દીવાલ પાછળ સૂર્યે સોનેરી રંગ ઉડાડેલો. ખુલ્લી બારીમાંથી રજની ધીરે-ધીરે ઘરમાં પ્રવેશતી લાગી. પારિજાતની સુગંધ શ્વાસમાં ભળી. સાંજ તો સૂની. સ્નેહીજનો વગરની... જયંતીલાલની સંધ્યા ધમણની જેમ હાંફતી. સમય પણ સંધ્યા સાથે સરકતો. દૂર... દૂર... ક્યાંક તુલસી ક્યારે દીવા પ્રગટ્યા. અહીં જયંતીલાલની આંખમાં અશ્રુ ઝળક્યાં. એકલતાના અજગરે ધીરે-ધીરે ભરડો લેવા માંડ્યો. સુધાની ચિરવિદાય પછી રાત-દિવસ બધું

એકાકાર જ હતું. શાંતિના સરવાળા અને મૌનની મિરાત.

સોસાયટીના સેક્રેટરી એટલે થોડી ઘણી ઘરમાં અવરજવર રહેતી, પણ ખપ પૂરતી. 'કામકાજ હોય તો કે'જો કહેતા કર્મનિષ્ઠ મિત્રો દિવસે-દિવસે ઓછા થતા ગયા. આંખો પણ ટીવી જોઈ-જોઈને ઓઝપાઈ જતી હતી.

ત્યાં અચાનક સમી સાંજે સામેના ફ્લૅટની બારી ઊઘડી. મોગરાના ફૂલ સમાન બે મુખડાં મલક્યાં. જયંતીલાલે ચશ્માં લૂછ્યાં. ફરી દૃષ્ટિ સ્થિર કરી. હા, એક નહિ બે બાળાઓ. ફ્લૅટમાં ઝળાહળા થઈ. કોઈ રહેવા આવ્યું લાગે છે. સામેના આંગણામાં પણ ચહલપહલ દેખાઈ. સામેના ફ્લૅટની બાલ્કનીનાં કમાડ પણ ખૂલ્યાં જાણે જયંતીલાલના અંતરનાં દ્વાર ખૂલ્યાં. યુવાનોના અવાજોની સરગમ છેડાઈ. સૂની સાંજ સજીવન થઈ. સ્કૂટરોની ઘરઘરાટી પણ મંદિરની ઝાલર જેવી!

સામે છેડેથી ટહુકો થયો. હાય, અંકલ! ગોધૂલી સમયે જાણે ગાયોના કંઠમાં બાંધેલી મીઠી-મધુરી ઘંટડી રણકી. જયંતીલાલનું મોઢું ખૂલ્યું. હાશ.. એક અઠવાડિયે આજે ફેફસાંમાં પ્રાણ પુરાયો.

"નવાં છો? અહીં રહેવા આવ્યાં?"

"હા, કૉલેજમાં ભણીએ છીએ. પેઇંગ ગેસ્ટ."

પછી તો પ્રશ્નોની વણથંભી વણજાર.

"અંકલ, દૂધ ક્યાં મળશે? શાક? નજીકમાં હૉટેલ ખરી? થૅન્ક યૂ અંકલ."

"કંઈ જોઈતું હોય તો કે'જો." મૌનની મોરલીમાંથી સૂર રેલાયો.

"અંકલ, દૂધ હોય તો આજનો દિવસ આપજો. રાતે વાંચવાનું છે. કૉફી જોઈશે."

જયંતીલાલે ફ્રિજમાંથી કોથળી કાઢી. ઠંડા દૂધની કોથળીએ શીતળતા રેલાવી. બારીઓ બંધ થઈ, પણ અવાજની પડઘમ તો હજુ ગુંજતી જ હતી. સાંજે સુગંધનો દરિયો રેલાયો. એ પણ પડોશમાં. ચાર છોકરા અને ચાર છોકરીઓ! બધું ભર્યું-ભર્યું. જયંતીલાલ મુખ્ય રૂમમાં જ સૂઈ ગયા. બાજુમાં તો હવે રોશનીનો દરબાર હતો જ. સોણલા ભરી સવારે તે સ્ફૂર્તિથી ઊઠ્યા. બારી ઊઘડી પણ સામે કોઈ સંચાર ન હતો. બગીચામાં ચાલવા ગયા, ત્યાં પ્રશ્નો શરૂ થયા. "કોણ રહેવા આવ્યું છે? બહુ ઘોંઘાટ કરે છે. સોસાયટીમાં પેઇંગ ગેસ્ટ! છોકરા છોકરીઓ ભેગાં?"

અગિયાર વાગ્યે ટિફિન જમી જરા આડા પડ્યા ત્યાં તો અવાજો સંભળાયા. બારીમાંથી જોયું તો હારબંધ સ્કૂટર બહાર નીકળ્યાં.

સાંજે બારણે ટકોરા પડ્યા. ફ્લૅટ નંબર A-ત્રણ? મૅકડોનલમાંથી આવું છું. પિત્ઝાનો ઑર્ડર આપેલો ને?"

"આ B-ત્રણ છે, પણ પૈસા લઈ લો. અહીં મૂકીને જાવ. હું બાળકોને અહીંયાં બોલાવીશ. જયંતીલાલે બૂમ પાડી. ટોળું

હસતું-હસતું ઘરમાં આવ્યું. અંકલને પણ પ્રેમથી પિત્ઝા ખવડાવ્યા. સાથે કૉક તો ખરી જ. ઘણા વખત પછી કંઈક જુદું ખાધું. પેટને ઠંડક થઈ.

કોઈક બોલ્યું, "અંકલ, એકલા જ છો?"

જયંતીલાલને જવાબ આપતાં ખચકાટ થયો.

પણ તેઓ જ બોલ્યા, "અમે આવી ગયાં છીએ ને... અંકલ, ટીવી ઉપર શું જુઓ છો?"

"ખાસ કંઈ નહીં."

"અરે, મનન આપણો આઇડી-પાસવર્ડ નાખી આપ. અંકલ, ઓટીપી ઉપર જાત-જાતનાં પિક્ચર જોઈ શકે. તમે Squid Game જોજો. મજા આવશે. અરે, Money Heist પણ સરસ છે." છોકરાઓએ તેમનું હુલામણું નામ આપ્યું 'જેકી'.

ફોનની આપ-લે થઈ. આવજો, કહી બધાં છૂટાં પડ્યાં. જૂઈની વેલ પર કળીઓ ખીલી ગઈ. ખિલખિલાટથી ફ્લૅટ ખીલી ગયો. બસ, પછી તો જયંતીલાલની નિઃશબ્દ સાંજ અને રાત આનંદનો અવસર બની ગઈ. પિત્ઝા, પાસ્તા, બર્ગર, સૅન્ડવિચ... અઠવાડિયે એકવાર બધાં સાથે જમતાં.

"અંકલ, મારું પાર્સલ એમેઝોનમાંથી આવવાનું છે. લઈ લેજો ને..." "મારું મિન્ત્રામાંથી."

સપના બોલી, "મારાં મમ્મીએ પણ પાર્સલ કર્યું છે."

વાતોનો વરસાદ. હેતની હેલી. કોઈ સંબંધ નહીં તોય સ્નેહના સરવાળા. કોઈ ઓળખાણ નહીં, પણ આનંદનો ઉત્સવ. જયંતીલાલનું જીવન બદલાઈ ગયું. હવે સાદા લેંઘા-ઝભ્ભામાંથી તે ટી-શર્ટ અને બરમુડા પર આવી ગયા. સ્માર્ટફોન, સ્માર્ટ વૉચ, હેડફોન્સ તો ખરા જ. મહિને ફરકતાં સગાવહાલાં પણ જયંતીલાલને જોઈને થોડા ઝંખવાતા. નવા જીવને જયંતીલાલને નવો જોમ અને ઉત્સાહ પૂરો પાડ્યો. જીવનમાં મીઠાશ પ્રસરી ગઈ હતી. તે પોતાને અરીસામાં જોતા. તેમને પોતાના પ્રત્યે જ પ્રેમ થવા લાગ્યો.

"અંકલ, જે ફિટ તે હિટ."

જયંતીલાલે જિમ પણ જૉઇન કરી. તાજું જન્મેલું બિલાડીનું બચ્ચું નવી દુનિયાને નિહાળે એમ જેકી નવી દુનિયાને જોવા લાગ્યા. એમાં મહાલવા લાગ્યા. ઘરમાં સુકાઈ ગયેલા બારમાસીના કૂંડામાં ફૂલ ખીલ્યાં. ચારેબાજુ વસંત.

બગીચામાં પુછાતા પ્રશ્નોના જયંતીલાલ જવાબ આપતા કે જુવાનિયા બહુ સરસ અને નિઃસ્વાર્થ છે. મસ્તીખોર અને મિલનસાર. આનંદી અને આડંબર વગરના.

પડોશીઓ મોં મચકોડતા, પણ Who cares... મશ્કરીઓ કરતાં પડોશીઓ કહેતા, "જલસા કરો જયંતીલાલ."

જયંતી બરમુડો... જયંતી ચડ્ડો... જયંતી જોખમ... તો સામાન્ય ટિપ્પણી

થઈ ગયેલી, પણ જયંતીલાલ ફક્ત હસતા. જંયતીલાલ તો ખાબોચિયામાંથી બહાર નીકળીને સુંદર સરોવરમાં વિહાર કરતાં સુખનો આસ્વાદ માણતા. બાજુવાળા હસમુખભાઈ સમજાવતા કે તું આ બધી મોહમાયામાં ક્યાં ફસાયો? આ યુવાનો તને વેચીને ચણા ખાય તેવા હોય.

જયંતીલાલ કહેતા, "તેઓ મારા માટે તો પાવર બૅન્ક છે. હાલતીચાલતી યુનિવર્સિટી. હું તેમની પાસેથી કેટલું બધું શીખ્યો. તેઓ મારો ઉપયોગ નથી કરતાં, હું તેમનો કરું છું."

એક હસમુખભાઈ જ હતા, જે જયંતીલાલની જરા નજીક. હસમુખભાઈએ ટકોર કરી કે આ ઉંમરે શું શીખવાનું બાકી છે? પણ તું ખુશ તો હું પણ ખુશ. જલસા કર.

જયંતીલાલે હસમુખભાઈને પૂછ્યું, "તે રેવોલીની, મેક્સિકન ટાકો ખાધા છે?"

"એ કઈ બલા છે?"

"અરે નવી વાનગીઓ!"

"અલ્યા, તબિયત બગડે નહીં, આ બધું બહારનું ક્યાં ખાય છે?"

"આપણે તો સ્વાદનું આચમન કરવાનું, ચાખવાનું."

જયંતીલાલે નવો મોબાઇલ બતાવ્યો. તેમના સ્પૉર્ટ શૂઝ બતાવ્યા. આ છોકરાઓએ ઑનલાઇન મગાવી આપ્યાં. હું હવે ઓટીપી પર જાતજાતનાં પિક્ચર જોઉં છું.

હસમુખભાઈ બોલ્યા, "તેં તો ઘટાદાર ઘડપણને કેરીઓના મોરથી શણગાર્યું!" જયંતીલાલ ઉર્ફે જેકી તો વાતો કરતાં-કરતાં બ્રાન્ડેડ સ્પૉર્ટ શૂઝ બતાવી, ધબ-ધબ કરતાં ધરા ધ્રુજાવતા આગળ ચાલતા થઈ ગયા, ત્યાં આગળ સિનિયર સિટીઝનનાં ટોળાંએ તેમને ઘેરી લીધા. "અલ્યા, જયંતી તું તો હવે બદલાઈ ગયો! જૂનાં ગીતો સંભળાવતો હતો એ પણ બંધ કરી દીધાં! આજે એક થવા દે.''

જયંતીલાલ બાંકડે ગોઠવાયા. ગીત શરૂ કર્યું. બોલ્યા, "મારી પ્રિય જયા માટે... "જુદા હોકે ભી તુમ... મુજ મેં કહીં બાકી હૈ... આંખો મેં બનકે સપના તૂ ચલી આતી હૈ..."

રશ્મિ બોલ્યો, "આ વળી કયું ગીત?"

"અરિજિત સિંગનું છે."

પત્નીને યાદ કરતાં તેમની આંખોમાં ચોમાસું બેઠું.

તેઓ ધીરેથી ઊભા થઈ ઘેર ગયા.

બસ, પછી આખું વર્ષ ધબકતું, ધડકતું અને મહેકતું જ ગયું. હવે તડકાની ભરતીઓ ચાલી ગઈ હતી. સપ્તરંગી સાંજ તેમને ગમતી. હવે રાતનું અંધારું તેમની ખુલ્લી આંખોમાં તારાની ચમક લાવતું. ચારેબાજુ ઝળહળ રોશની. તે મન ભરીને માણતા.

આ બધામાં અનિરુદ્ધની દુનિયા તો ઑનલાઇન જ હતી.

તે હંમેશાં કહેતો કે બધી વસ્તુ ઑનલાઇન હવે મળે છે. ગો ગૂગલ. જયંતીભાઈએ તેનું હુલામણું નામ જ 'ઑનલાઇન' રાખેલું. એકવાર હસતાં-હસતાં જયંતીભાઈએ અનિરુદ્ધને પૂછ્યું કે ભલભલી વસ્તુ ઑનલાઇન મળે? અનિરુદ્ધ હસી પડ્યો અને બોલ્યો, ''બધું જ મળે, પણ તમારા જેવા પ્રેમાળ જેકી અંકલ ના મળે."

જયંતીભાઈની હૈયાની તલાવડીમાં એકસાથે હજારો કમળ ખીલી ઊઠ્યાં.

થોડા દિવસ પછી અનિરુદ્ધ ખુશખુશાલ થઈ મીઠાઈના પૅકેટ સાથે જયંતીલાલને પગે લાગ્યો. "અંકલ, તમારા આશીર્વાદથી વર્ગમાં પ્રથમ આવ્યો છું. બસ, આવા જ આશીર્વાદ વરસાવતા રહેજો." સાંજે બધાંએ સાથે પાર્ટી કરી. બધાંના ગયા પછી જયંતીલાલ ભૂતકાળના બંધ ખંડમાં પ્રવેશ્યા.

અવાજના પડઘા દીવાલમાંથી સંભળાતા હતા.

તેમની પુત્રવધૂ કહેતી હતી, "હું તમારા જુનવાણી માતાપિતા સાથે નહીં રહી શકું. તેમના જુનવાણી વિચારોની આપણાં છોકરાં ઉપર ખરાબ અસર પડે. જમાનો બદલાઈ ગયો છે. આપણે મારા પિતાએ આપેલા અદ્યતન ફ્લૅટમાં જતાં રહીએ." પુત્રને તો આગળ બોલવાનો કોઈ અવકાશ જ ન હતો. જયા અને જયંતીલાલે તેમને હસતાં-હસતાં વિદાય આપી, પણ આ વિરહ જયા સહી ના

શકી અને છ મહિનામાં જ ચિરવિદાય થઈ. જયંતીલાલ ભૂતકાળમાં ભ્રમણ કરી વાસ્તવિકતામાં પાછા આવ્યા. તેમણે મનને મનાવ્યું કે તારે મઢેલા આકાશમાંથી એક નાનો ટુકડો તો મળ્યો! મેં ક્યાં ખોબો ભરીને ખુશી માગી હતી? મને તો એક પુત્રની સામે આઠ બાળકો મળ્યાં. બીજું શું જોઈએ? તેમણે ગદ્ગદિત થઈને સંવેદનાના સાગરમાં ડૂબકી મારી દીધી.

એકવાર તેમણે જોયું કે માનસી આજકાલ ચૂપચાપ રહેતી હતી. તે સમજી ગયા કે મનન અને માનસીને ઝઘડો થયો છે. તેમણે કારણ જાણી લીધું અને મનનને સમજાવ્યો. મનનને પોતાની ભૂલ સમજાઈ અને માનસીની માફી માગી લીધી. પાછો આનંદ ઉત્સવ શરૂ થયો.

થોડા દિવસથી જયંતીલાલની તબિયત નરમ-ગરમ રહેવા લાગી. આઠમાંથી એક જણ તો મોટેભાગે રાત્રે તેમની સાથે જ સૂઈ જતું. મહિને એકવાર છોકરાંઓ તેમને ડૉક્ટર પાસે પણ લઈ જતા. નિયમિત દવા પણ આપતા. એક સવારે સામે બારીમાંથી માનસીએ જોયું કે જયંતીલાલ બારીમાં માથું ઢાળીને બેઠા છે. તેને અજુગતું લાગ્યું. બૂમ પાડી પણ કોઈ જવાબ ન મળ્યો. બધાં દોડ્યાં. જયંતીલાલનો દરવાજો ખુલ્લો જ હતો. મુખ ઉપર સ્મિત સાથે જયંતીલાલ દુનિયા છોડીને ચાલી ગયા હતા. છોકરાંઓએ સોસાયટીના રહેવાસીઓને ડાયરીમાંથી નંબર જોઈને ફોન કર્યા. સામે છેડેથી જુદા-જુદા જવાબો મળ્યા. આજે ઑફિસ ચાલુ છે. મારી તબિયત સારી નથી. મારા પગમાં દુખાવો છે. બેસણામાં આવીશું વગેરે વગેરે.

છેવટે મૂંઝાયેલાં છોકરાંઓએ રસ્તો કાઢ્યો. છોકરાઓએ મોબાઇલમાં અંતિમ સંસ્કારની વિધિ જોઈ. છેલ્લી વિદાય આપવા જયંતીલાલને તેમણે શણગાર્યા અને તૈયાર કર્યા. આપ્તજન એવાં છોકરાંઓની અંતરમાંથી નીકળતી અશ્રુધારામાં જયંતીલાલ સ્વચ્છ થઈ ગયાં. મોબાઇલમાં ભજન મૂકવામાં આવ્યાં.

ફ્લૅટમાંથી જ્યારે અંતિમયાત્રા નીકળી ત્યારે ૫૦૦થી ૬૦૦ વિદ્યાર્થીઓ સ્મશાનયાત્રામાં જોડાયેલા. કહેવાતા ફ્લૅટના રહેવાસીઓ અને પડોશીઓ બારી અને બારણાંમાંથી ડોકિયું કરતા ઊભા હતા. તે બધા ચમકી ગયા. આવી અદ્ભુત અંતિમયાત્રા! સ્મશાનયાત્રા! હસમુખભાઈ બોલ્યા, "જયંતીલાલ જીવી ગયા." તે મનમાં બબડ્યા, ''જયંતીલાલ સ્વર્ગમાં પણ જલસા કરજો. તમે તો લીલીવાડી મૂકીને ગયા.''

સવારનો કૂણો તડકો વિદાય લઈ રહેલા જયંતીલાલના મુખારવિંદ ઉપર સલામી આપતો હતો.

❑❑❑



જ્ઞાની શ્રી ધીરજરામ શાસ્ત્રીજી અને વિજ્ઞાની ડૉ. પંકજ જોશી, ૧૯૭૧

જ્ઞાની અને વિજ્ઞાની

એક વૈશ્વિક સંવાદ

☐ ડૉ. પંકજ જોશી

૩૪. સાધના અને શરીર:

શાસ્ત્રીજી હંમેશાં શરીરની યોગ્ય અને ઉત્તમ સંભાળ રાખવા પર ભાર મૂકતા. તેઓ ભારપૂર્વક સૂચન આપતા કે આપણે જે કંઈ પણ કરીએ તે એટલું અને એવું બળપૂર્વક કે હઠથી ન કરવું જોઈએ જેથી શરીરને નુકસાન થાય અથવા દેહને વિશેષ પરિશ્રમ જણાય. તમારી સઘળી ક્રિયા અને પ્રવૃત્તિ એવી હોવી જોઈએ કે જેથી શરીર હળવું રહે અને મન હંમેશાં સુખદ અવસ્થામાં રહે.

સાધના માટે એમણે એક વાર મને

પત્રમાં લખેલું કે, ''શરીરને શ્રમ ન થાય અને ચિત્ત પ્રસન્ન રહે તે જ સાધના, આવી સાધના સાધ્ય સુધી પહોંચી જાય છે.''

ઘણી વખત એવું થાય છે કે ભૌતિક સ્તરે અથવા આધ્યાત્મિક સ્તરે કંઈક પ્રાપ્ત કરવા માટે આપણે શક્તિ કરતાં ખૂબ વધુ પડતા અથવા પ્રમાણ બહારના પ્રયત્નો કે મહેનત કરવાનું શરૂ કરીએ છીએ. આવા પ્રયત્નોમાં ઘણી વાર શરીરની યોગ્ય કાળજી લેવાનું ભૂલી જવાય છે. આવી પ્રક્રિયામાં શરીરને નુકસાન થઈ શકે છે. આવું કદી થવું જોઈએ નહિ, તેમ શાસ્ત્રીજી હંમેશાં સ્પષ્ટ અને ભારપૂર્વક જણાવતા. જ્યારે પણ શરીર અથવા મનને કાંઈ પણ બળજબરીથી કે કોઈ બાબતે ત્રાસ આપવામાં આવે છે ત્યારે તે ક્યારેય વાસ્તવિક સાધના નથી હોતી, એમ બાપા હંમેશાં સમજાવતા અને સૂચવતા.

અહીંયાં તેમની વાતમાં એક ભારે રસપ્રદ રહસ્ય છુપાયેલું છે. જે કોઈ પણ કાર્ય હઠપૂર્વક થાય અથવા સહજ રીતે થાય એ બંનેમાં એક મોટો પાયાનો ભેદ છે. જ્યારે હઠપૂર્વક આપણે કાર્ય કરીએ ત્યારે તેમાં મૂળભૂત રીતે અહંકારનું પ્રાધાન્ય આવી જાય છે. એમાં હું આ કરી રહ્યો છું અને હું જ આ અવશ્ય કરીને રહીશ, એવા અહંકારથી આપણે કામ કરવા લાગીએ છીએ. બીજી બાજુએ, જ્યારે સહજ રીતે કોઈ પણ કાર્ય થાય ત્યારે એમાં કોઈ વિશેષ આયાસ સિવાય આપણાં મન, બુદ્ધિ અને શરીરની શક્તિઓ જોડાય છે. એક સ્વાભાવિક પ્રવાહમાં અનાયાસે કાર્ય થવા લાગે છે. આ સમયે હઠપૂર્વક કામ કરવામાં જે તાણ ઊભી થાય છે તે રહેતી નથી. આ કારણે કાર્ય તો એનું એ જ હોય છે, પણ એ કરવામાં આપણી શક્તિ ઘણી ઓછી વપરાય છે.

અહીંયાં બીજો પણ એક મજાનો પ્રશ્ન ઊભો થાય છે. આપણે આગળ વાત કરી ગયા તે પ્રમાણે પુરુષાર્થ પર, વળી એટલું જ નહીં, પરંતુ તીવ્ર પુરુષાર્થ પર બાપા ઘણો ભાર મૂકતા. પછી એક બાજુએ તીવ્ર પુરુષાર્થ કરવો અને બીજી બાજુએ શરીરને અને મનને શ્રમ ન થાય એમ કરવું, શું આ બંને વાતો એકબીજાથી વિરોધાભાસી નથી? તો એમાં વાત એવી છે કે શ્રમ તો કરવાનો જ છે, ઉચ્ચ ધ્યેય માટે સાધના તો કરવાની જ છે, પરંતુ શરીર અને અંતઃકરણની એ સમયે જે મર્યાદા હોય એનાથી વધારે પડતું ન થઈ જાય. આમ, આ વિશેનું યોગ્ય સંતુલન જાળવવાની કલાને હસ્તગત કરવાની છે.

ખરેખર તો દેહ અથવા અંતઃકરણની શક્તિઓની કોઈ મર્યાદા નથી. આપણે એવાં અનેક ઉદાહરણો જોઈએ છીએ જેમાં શરીર તથા અંતઃકરણ એ બંને અદ્ભુત કાર્ય કરતાં હોય છે. રમતવીરોની સિદ્ધિઓ જોઈએ અથવા જિમ્નેસ્ટિક કરતાં છોકરાઓ તથા

છોકરીઓને અદ્‌ભુત રીતે શરીર વાળતાં જોઈએ ત્યારે આ શરીર કેવું અને કેટલું કરી શકે છે તેની કંઈક કલ્પના આવે છે. આવી જ રીતે મન, બુદ્ધિ અને અંતઃકરણ પણ અદ્‌ભુત સિદ્ધિઓ દેખાડી શકે છે. તેનો એક દાખલો તે શતાવધાનના પ્રયોગો.

પરંતુ અહીંયાં મહત્ત્વની અને મૂળ વાત એ છે કે આવી શરીરની અથવા તો મનની કોઈ સિદ્ધિઓ રાતોરાત પ્રાપ્ત થતી નથી. સતત કાર્યમાં અને અભ્યાસમાં લાગ્યા રહેવાથી ક્રમે-ક્રમે આવી દેહ તથા મનની શક્તિઓ પ્રાપ્ત થાય છે, પણ તેમાં હઠપૂર્વક શરીરને વાળવાનું નથી અથવા હઠપૂર્વક બુદ્ધિનાં કાર્યો પણ થતાં નથી. કોઈ પણ ચોક્કસ સમયે તો શરીર અને બુદ્ધિની જે કોઈ મર્યાદા હોય તેની અંદર રહીને જ કાર્ય કરવાનું હોય છે. એ સાવધાનીપૂર્વક કરીએ અને એ મર્યાદાને જાળવીએ એટલે પછી આપણી અંદરની આ શક્તિઓ આપમેળે વિકસતી જાય છે.

વળી કાર્ય કરતી વખતે મનની પ્રસન્નતા તથા સંતોષ પણ ઉત્પન્ન થતાં જાય છે. આ પ્રકારે બાપાએ કહ્યું તે પ્રમાણેની સાધના સહજ રીતે સાધ્ય સુધી અને સિદ્ધિ સુધી પહોંચી જાય છે. ભગવદ્ ગીતામાં 'યોગઃ કર્મસુ કૌશલમ્', એવી જે વાત કરી છે તેનું આ જ રહસ્ય છે. દેહ, અંતઃકરણ તથા બ્રહ્માંડનાં સઘળાં પરિબળોને સાથે લઈને કાર્ય કરતા જવાની કળા તેને જ યોગ કહ્યો છે.

બીજી બાજુએ, જો આવી રીતે કાર્ય ન કરીએ અને બળપૂર્વક, હઠપૂર્વક અને જડતાથી કામ કરીએ તો તેનાં ખરાબ પરિણામો વેઠવાનાં રહે છે. એના દાખલા પણ આપણી નજર સામે વારંવાર આવતા હોય છે. અદ્‌ભુત અને સુંદર શરીર હોય, બળપૂર્વક કાર્ય કરી શકતો હોય, પરંતુ ઝડપી અને ઉતાવળી સિદ્ધિઓ પ્રાપ્ત કરી લેવા માટે જુદાં-જુદાં ઉત્તેજક પીણાં કે ડ્રગ વગેરે લઈને સ્પર્ધામાં ઊતરતા રમતવીરો છેવટે પોતાના શરીરનો ખુરદો બોલાવી દે છે તે આપણે ઘણી વાર જોયું છે. આવી જ રીતે પોતાની બુદ્ધિની કેવળ ચમત્કૃતીઓ દેખાડીને લોકોને જીતવાના પ્રયત્ન કરનાર પંડિતો કે નેતાઓ પણ છેવટે ધૂળ ચાટતા થઈ જાય છે એ પણ આપણને ખબર છે.

આ રીતે બાપાનું કહેવાનું એવું હતું કે સાધના અને સિદ્ધિઓ તે અવશ્ય કરવાનાં છે, પુરુષાર્થ પણ અવશ્ય કરવાનો છે, પરંતુ તે હંમેશાં પોતાના શરીર તથા મનની શક્તિઓને ધ્યાનમાં રાખીને સહજ અને સતત રીતે કરવાનો છે. આમ કરતાં ક્રમે-ક્રમે શક્તિઓનો વિકાસ થઈને છેવટે સાધના સિદ્ધિમાં પરિણમે છે. આપણે ત્યાં કહેવત છે, 'ધીરે-ધીરે ખાટીએ!' તો અંગ્રેજીમાં પણ કહ્યું છે કે 'મેક હેસ્ટ સ્લોલી!' કોઈ પણ

કાર્ય અને તેની સિદ્ધિમાં સાતત્ય અને પૂરતો સમય આપવાનું અતિમહત્ત્વનું છે. આપણા સાંઈ મકરન્દ કહેતા, 'હરિ સે લાગી રહો મેરે ભાઈ, તેરી બનત બનત બન જાઈ!'

૩૫. દેહ અને દેહનું આરોગ્ય:

સાધનાના ક્રમ વિષે, તેના વિકાસ વિષે બાપા સાથે અવારનવાર વાતચીત થયા કરતી. એકવાર એમણે આહાર વિશે સુંદર સમજણ આપી.

મેં તેમને કહ્યું, ''સર્વ પ્રથમ તો મિતાહાર - એકસાથે વિશેષ ખાવાને બદલે આવશ્યકતા પ્રમાણે વધુ વાર, પરંતુ ઓછું - વજન વધી ન જાય એમ ખાઉં છું.'' તેઓ આ વિષયે કહેવા લાગ્યા, ''અંદર અગ્નિરૂપે ચૈતન્ય તત્ત્વ અથવા પરમાત્મા રહેલો છે. એને આવશ્યકતા પ્રમાણે આહુતિ આપવી, એ ભાવના સાથે આહાર લેવો, એ જ મિતાહાર.'' ત્યારે મેં પૂછ્યું, ''આ આહુતિ કેટલી આપવી તે કેમ ખબર પડે?'' એમાં મારું કહેવાનું કંઈક એવું હતું કે સુંદર અને સ્વાદિષ્ટ વાનગીઓ બની હોય તો આ 'આહુતિ' વિશેષ પ્રમાણમાં પણ અપાઈ જાય અને મિતાહારને બદલે અત્યાહાર થઈ જાય!

એમણે કહ્યું, ''એ તો અંદર રહેલો અગ્નિ જ જણાવી દે.'' મુખ્ય આવશ્યકતા એ જ કે દેહનું કર્ષણ થવું ન જોઈએ. એટલે કે ભૂખ દ્વારા દેહનું શોષણ થવું ન જોઈએ. આ તો યજ્ઞ છે, ભારતીય પુરુષે યજ્ઞ તો કરવા જોઈએ! અને યજ્ઞભાવે કર્મ કરતાં મળતો આનંદ અનન્ય છે! ચાલો, આ બધી ઘણી સુંદર, ઊંચી અવસ્થાઓ છે. એમ નહિ કહું કે, ''આવા કોઈ નથી, પરંતુ ઘણા ઓછા, કોઈક જ આ કક્ષાએ પ્રયત્ન કરીને આવે છે.'' ભારતીય પરંપરામાં યજ્ઞની વ્યાખ્યા જે એક વિશાળ અર્થમાં અપાઈ છે તે પરત્વે તેમનો આ અંગુલિનિર્દેશ હતો.

મેં આગળ વાત કરતાં કહ્યું, ''અધ્યયન, અભ્યાસ, સાધના દિવસે પણ થાય, રાત્રે પણ થાય. એમાં એવો ક્રમ ઘણી વાર ગોઠવાય છે, જે રાત્રે આઠેક વાગ્યે સ્થિર થઈ અભ્યાસમાં પ્રવૃત્ત થવું, પછી ત્રણ-ચાર કલાક કાર્ય થયા કરે. એમણે કહ્યું, ''બસ એવું થાય તો તેને આસનસિદ્ધ થયું કહેવાય, ત્રણેક કલાક એક આસને બેસી શકાય તે આસનસિદ્ધિ.''

મેં વાત ચાલુ રાખી, ''પછી આવશ્યકતા પ્રમાણે નિદ્રા - વળી અભ્યાસ, આમ સવાર સુધી ચાલ્યા કરે. હવે રાત્રે દસ વાગ્યે જ સૂઈ જવું અને સવારે પાંચ વાગ્યે ઊઠવું વગેરે કંઈ નિયમ રાખ્યો નથી, પછી ઓછા કલાકની નિદ્રા પણ થાય.''

એમણે કહ્યું, ''બરાબર છે, અને તેમ છતાંય એ એવો ને એવો જ સ્ફૂર્તિ, પ્રસન્નતાવાળો હોય, આઠ કલાક સૂતો હોય તેનાથીયે વિશેષ પ્રસન્નતા હોય!

તેને નિદ્રાના કલાકો સાથે પછી શો સંબંધ? મૂળ વાત એ જ કે હઠ થવો ન જોઈએ - તો જ ઉત્તમ સાધના કહેવાય.''

મેં કહ્યું, ''તમે હઠ કોને કહો છો?''

એમણે કહ્યું, ''દેહને થાક લાગે, ત્રાસ થાય છતાં બેસી રહેવું તેનું નામ હઠ. એ કરવાનું નથી, એ ભૂલ છે. સમજ્યા વગરની ક્રિયા છે. પેલા મહાશંકરભાઈને થયું હતું તેમ દેહને નુકસાન છે.''

કોઈ અન્ય પ્રસંગે આ વિષે મેં કહ્યું, ''રાત્રે દસ વાગ્યે સૂવું - સવારે પાંચ વાગ્યે ઊઠવું વગેરે નિયમો હવે તોડી નાખ્યા છે.''

ત્યારે શાસ્ત્રીજીએ તરત મને અટકાવીને કહ્યું, ''તોડી નાખ્યા, એ શબ્દ ખોટો છે - એ હઠ છે, તૂટી ગયા છે આપમેળે - તો જ એ વાસ્તવિક સાધના છે.''

આમ કોઈ પણ પ્રકારની હઠ - અકુદરતી પ્રક્રિયાઓ વિષે તેઓ પહેલેથી જ સાવધાન કરતા રહ્યા છે.

આપણા યોગશાસ્ત્રમાં વિવિધ આસનોની વાત આવે છે. જુદાં-જુદાં આસનોના થતા ફાયદાઓ વિષે પણ વિગતે વર્ણન છે. મેં બાપાને એક વાર પૂછ્યું, ''પદ્માસન અને સિદ્ધાસન એ બંનેમાં શું ઉત્તમ?'' એમણે કહ્યું, ''જેને જે ફાવી ગયું છે તે તેને માટે ઉત્તમ છે. બ્રહ્મસૂત્રમાં પણ કહ્યું છે કે બેસીને આ અભ્યાસ કરવાનો છે, ઊભા રહીને કે ચાલતાં તે થતું નથી.''

એક અન્ય પ્રસંગે એમણે કહ્યું, ''આજકાલ ઊભાં-ઊભાં કે ચાલતાં ખાવાની ફૅશન થઈ છે, પણ તેનાથી હોજરીને નુકસાન થાય છે તેની લોકોને ખબર નથી!''

વળી એક વાર વાત થઈ, ''ઊનનું કે એવું આસન રાખીને બેસવું જરૂરી ખરું?'' એમણે કહ્યું, ''એમાં ભૂમિના કંઈક દોષ હોય તો તેની અસર ન થાય, પરંતુ એ બધી પ્રાથમિક બાબતો છે અને તેનું ખાસ મહત્ત્વ નથી.'' મેં કહ્યું, ''પરંતુ કંઈક વિદ્યુત ચાલી જાય અને તેવું વાંચ્યું છે.'' એમણે કહ્યું, ''આપણો સંબંધ છે તે વિદ્યુત તો અંદર જન્મ લેનારી અને અત્યંત શાંતિ તથા શીતળતા આપનારી છે. તેને આવી બાબતો સાથે સંબંધ નથી. હા, આસન વધુ પડતું ઊંચું ન હોવું જોઈએ એવી વિગતો કહી છે.''

બપોરની નિદ્રા વિષે પૂછ્યું, ''બપોરે નિંદ્રા ન લેવી તેવું ખરું?'' એમણે કહ્યું, ''હા, એમ ખરું, પણ કોઈ સામાન્ય નિયમ નથી. વ્યક્તિ પર તેનો આધાર છે. મને તો હવે બપોરની નિદ્રા રહી જ નથી. મુખ્ય નિયમ એ છે કે પ્રમાદ થવો જોઈએ નહિ. મને યાદ છે કે વર્ષો પહેલાં હું બપોરે સૂતો ત્યારે શરીર ગારા જેવું થઈ જતું.''

એક વાર રાજુલા પહોંચતાં તેમના આરોગ્ય વિષે ખબર પૂછ્યા. એમને એ સમયે ૮૮ વર્ષ થયાં હતાં, પણ

ઘણું સુંદર સ્વાસ્થ્ય હતું. એમણે કહ્યું, ''કોઈ તકલીફ નથી, પરંતુ હવે બહાર નીકળવાનું બંધ કર્યું છે, પણ તેમાંય આનંદ જ છે. બહાર નીકળવાની ઇચ્છાને નિવૃત્ત કરી દીધી પછી શી ઉપાધિ રહી?''

કેવી સુંદર વાત છે! છેવટે તો વિવિધ ઇચ્છાઓ જ માણસને દરેક રીતે દોડાવે છે ને? પરંતુ આ પ્રમાણે ઇચ્છાઓની નિવૃત્તિ કરી દેવાની શક્તિ દરેક માણસ પાસે હોતી નથી. ઇચ્છાઓ આપણા કબજામાં હોવાને બદલે તેઓ આપણો કબજો કરી લે છે, આપણા પર તેમનું રાજ્ય ચાલે છે! આમાંથી જ પછી સુખ-દુઃખનું ચક્ર શરૂ થાય છે. કોઈ એક ઇચ્છા કરી, જેમ કે ગાડી ખરીદવી કે વિદેશ જવું વગેરે, તો તેની પૂર્તિ થઈ તો થોડું સુખ મળશે અને વળી તેમાં કંઈ પણ વિક્ષેપ થતાં તરત દુઃખ અને અસંતોષ ઉત્પન્ન થવાનાં.

એ સમયે મારે યોગનાં કેટલાંક પુસ્તકોનું વાંચન ચાલ્યા કરતું. એમાં આસન - પ્રાણાયામાદિ, સૂર્યચક્રવેધ નામની ક્રિયા વગેરેનો ઉલ્લેખ આવેલો. તેની વાત કરતાં શાસ્ત્રીજીએ પોતાનો અભિપ્રાય એવો કહ્યો, ''એ બધું હઠયોગ છે; એમાં બહુ ઊંડા ન ઊતરવું, એની આપણે જરૂર નથી. હા, તે પણ ઉપયોગી છે, પરંતુ તે એવા જડ હોય તેને માટે.'' મેં કહ્યું, ''એવા થોડા અભ્યાસથી જરા વિશેષ જાગૃતિ રહે.'' એમણે કહ્યું, ''હા, એ તો બરાબર, એ પછી થોડું વ્યક્તિગત છે.'' મેં કહ્યું, ''પરંતુ થોડો સમય એમાં અપાય તો કશો વિરોધ નથી ને?'' એમણે કહ્યું, ''ના રે! એમાં સમય પણ કેટલો જવાનો?''

અહીંયાં મઝાની વાત એ હતી કે એમને પોતાને આવી સઘળી બાબતમાં વિશેષ રસ હતો નહિ, પરંતુ આ સાથે જ મારી વાતનો કોઈ વિરોધ પણ નહોતો. 'વ્યક્તિગત' છે, એમ કરીને એમણે વાત છોડી! હું કહું તેમ જ કરો, મારા મત પ્રમાણે જ ચાલો, આવો કોઈ આગ્રહ ક્યારેય એમને નહોતો.

નિત્યક્રમ વિષે મેં એક વાર કહ્યું, ''સવારે ઊઠવા માટે ઘડિયાળ રાખતો નથી, સ્વાભાવિક રીતે જ સંકલ્પબળે જાગ્રત થવાય.'' એમણે તેને અનુમોદન આપ્યું અને કહ્યું કે બરાબર છે, બાહ્ય પરાધીનતાની જરૂર નથી, અંદર જ ઘડિયાળ ચાલે છે, આપમેળે જાગ્રત થઈ જવાય!''

વળી લોકો ઘણી વાર અખાડાઓમાં કે પછી જિમમાં જાય અને અનેકવિધ વ્યાયામ વગેરે કરતા હોય છે. આવી કસરતોની વાત કરીએ તો એમાં પણ શાસ્ત્રીજીનું સૂચન એવું હતું કે જો સૂક્ષ્મ રીતે સમજીએ તો વાસ્તવિક અંતર વિકાસ માટેની દિશામાં, શરીર માટેની વધુ પડતી સખત અથવા ભારે કસરતોની આવશ્યકતા છે નહિ. શાસ્ત્રીજી સમજાવતા કે વાસ્તવમાં તો

પ્રાણ એ સર્વોચ્ચ શક્તિ છે. તેથી વ્યાયામ દ્વારા જે કંઈ પ્રાપ્ત થવાનું છે, તે પ્રાણ પર ધ્યાન કેન્દ્રિત કરીને પ્રાકૃતિક અને સૂક્ષ્મ રીતે પ્રાપ્ત થાય જ છે. એમાં સ્નાયુઓને પણ જરૂરી કસરતો મળી જાય છે.

શાસ્ત્રીજી સાથે 'સ્થૂળ' અને 'સૂક્ષ્મ' વિશેની અનેક પ્રકારે વિવિધ ચર્ચાઓ ઘણી વાર થયા કરતી. શાસ્ત્રીજી ફરી-ફરીને સમજાવતા કે વાસ્તવમાં સ્થૂળની તુલનામાં સૂક્ષ્મ અનેકગણું વધુ શક્તિશાળી છે. તેથી જ્યારે દંડ-બેઠક અને એવી કસરતોની વાત હું કરું ત્યારે તેઓ મારા પર હસતા રહેતા અને કહેતા કે જેઓ સૂક્ષ્મ અને ઉત્તમ રહસ્યોને સમજી શકતા નથી, તેમને ભારે શારીરિક કસરત કરવા દો! જેમને આપણા આ સુંદર વિશ્વની સ્પષ્ટ સમજ છે, તેમની પાસે તો ધ્યેય પ્રાપ્ત કરવા માટે અન્ય ઘણા અદ્ભુત માર્ગ છે!

વ્યાયામ વિષે એમની સાથે અગત્યની વાત થયેલી. મેં એમને કહ્યું, ''બાપુજી, શારીરિક તંદુરસ્તી માટે કેટલોક વ્યાયામ આવશ્યક અને જરૂરી લાગે છે, તમે કહ્યું તે પ્રમાણે ભારે કસરતો તો છોડી દીધી છે.'' એમણે કહ્યું, '' અરે આપણી ધારણા અથવા પ્રાણાયામ છે તે શું છે? વ્યાયામ છૂટ્યો ન માન; વ્યાયામ છૂટ્યો નથી. પ્રાણવાયુ તો સમગ્ર દેહમાં વ્યાપ્ત છે અને ધારણા દ્વારા સૂક્ષ્મ રીતે જ અંદરથી વ્યાયામનો હેતુ સિદ્ધ થઈ જાય છે.''

મેં કહ્યુ, ''એ તો ખરું, પણ સ્નાયુઓને પણ કંઈક કાર્ય આવશ્યક નહિ?''

એમણે કહ્યું, ''હા, સ્નાયુઓને પણ અંદરથી જ કાર્ય મળી રહે છે. જેમને આ સૂક્ષ્મ બાબતો ન આવડતી હોય તેઓ ભલે સ્થૂળ વ્યાયામ કરતા, આપણે એની આવશ્યકતા નથી હવે!'' આવી રીતે પ્રેમપૂર્વક આગળ જવાનું પ્રોત્સાહન આપ્યા કરતા.

[ક્રમશઃ]



આજની નિસબત, આજની વાત

એક સમય એવો હતો કે આપણી ભાષામાં આવતાં સાહિત્યનાં સામયિકોની સંખ્યા ઘણી હતી. મારા ઘરમાં પણ 'નવનીત સમર્પણ' અને 'અખંડ આનંદ' નિયમિત આવતાં, એ સમયે સાહિત્યમાં ઝાઝી ખબર પડતી નહોતી, પરંતુ 'નવનીત સમર્પણ'ના મુખપૃષ્ઠનું આકર્ષણ વિશેષ રહેતું.

'માતૃભાષા અભિયાન' ગુજરાતી ભાષાનું સંવર્ધન અને સંરક્ષણ કરતું જાહેર ટ્રસ્ટ છે, જેમાં સાહિત્ય અને ભાષા માટે વિવિધ પ્રકલ્પો કાર્યરત છે, જે પ્રકલ્પોથી પ્રેરાઈને હું 'માતૃભાષા અભિયાન'માં જોડાયો. પછી સાહિત્યનો કોઈ કાર્યક્રમ હોય, પુસ્તકમેળો હોય અથવા GLF (ગુજરાત લિટરેચર ફેસ્ટિવલ) હોય, 'માતૃભાષા અભિયાન' અંતર્ગત સાહિત્યિક સામયિક લોકો સુધી સરળતાથી પહોંચે તેવી વ્યવસ્થા કરવા માટેના પ્રયાસો કરવામાં સફળતા મળી.

'માતૃભાષા અભિયાન'ના ટ્રસ્ટી શ્રી રાજેન્દ્ર પટેલે તો એમની દીકરીનાં લગ્નમાં 'પુસ્તક પરબ' અને 'સાહિત્યિક

સામયિક લવાજમ સ્વીકાર કેન્દ્ર'નું આયોજન કર્યું હતું. વળી, ચાંલ્લા કે ભેટ સ્વીકારવાની જગ્યાએ આવેલા મહેમાનોને ગુજરાતીનાં સાહિત્યિક સામયિકોનાં લવાજમ ભરવાની વિનંતી કરવામાં આવી હતી. ખાસી એવી રકમ જે તે સામયિકોને પહોંચાડી હતી.

આ વખતના GLF (૨૦૨૨)માં પણ આશરે રૂ. ૧૧,૦૦૦ જેટલી રકમ લવાજમ પેટે મળી. આ રકમ કોઈ પણ કમિશન વગર અમે જે તે સામયિકના પ્રકાશકને પહોંચાડીશું. આજ સુધી આશરે બે લાખનું લવાજમ આ પ્રકલ્પ અન્વયે એકઠું કરી જે તે સામયિકોને પહોંચાડ્યું છે.

'માતૃભાષા અભિયાન'નો શિરમોર પ્રકલ્પ 'પુસ્તક પરબ' છે, જેમાં પણ વંચાયેલાં સામયિકો એકઠાં કરી, ફરીથી વાચક સુધી વિનામૂલ્યે પહોંચાડવામાં આવે છે. આજે ગુજરાતભરમાં 'પુસ્તક પરબ'નાં ૧૭૫થી વધુ કેન્દ્રો છે. આ પ્રકલ્પ અંતર્ગત આજ સુધી આશરે ૧૦ લાખ પુસ્તકો યોગ્ય વાચક સુધી નિ:શુલ્ક પહોંચ્યાં છે. આ ઉપરાંત સેંકડોની સંખ્યામાં વંચાયેલાં સામયિકો સેંકડો વાચકો સુધી પહોચ્યાં છે.

અમારા અનુભવથી એમ પણ લાગે છે કે પોસ્ટમાં વાચકને સામયિકો મોડાં મળે છે કે ક્યારેક મળતાં નથી. પોસ્ટની જગ્યાએ કુરિયરથી જો સામયિક મોકલવામાં આવે તો વાચક અને સામયિકના પ્રકાશક બંને નિશ્ચિંત રહી શકે. લવાજમની રકમમાં આ જ કુરિયરનો ચાર્જ ઉમેરવામાં આવે તો આ શક્ય બને, પરંતુ આ વાતના સ્વીકાર માટે સામયિકના વાચક અને પ્રકાશક બંનેની તૈયારી જોઈએ.

જ્યાં-જ્યાં આપણા ગુજરાતીઓ વસે છે અને સાહિત્યિક કાર્યક્રમ થાય છે ત્યાં 'પુસ્તક પરબ' અને 'સાહિત્ય સામયિક લવાજમ સ્વીકાર કેન્દ્ર'નું આયોજન થવું જોઈએ. સ્થાનિક વ્યક્તિઓની લોકભાગીદારીથી આ કામ સરળ બને એમ છે. વંચાઈ ગયેલાં પુસ્તકો અને સામયિકો 'પુસ્તક પરબ'માં આપી શકાય ઉપરાંત હૉસ્પિટલ વગેરે સ્થળો પર પણ મૂકી શકાય.

માતૃભાષા અભિયાનના કાર્યવાહક તરીકે મારો એ પણ અનુભવ રહ્યો છે કે દાદા-દાદી બાળસામયિકોનાં લવાજમ ભરવા માટે વધુ ઉત્સુક હોય છે. પોતાનાં પૌત્ર, પૌત્રી, દોહિત્ર કે દોહિત્રીને સૂતી વેળાએ બાળવાર્તા કહેવા માટે પણ લોકો લવાજમ ભરે છે.

માતૃભાષા અભિયાન, લેખક અને વાચક વચ્ચે, પ્રકાશક અને વાચક વચ્ચે તથા સાહિત્ય અને સમાજ વચ્ચે સેતુ બનવા માગે છે. આ અંગે વ્હૉટ્સઍપથી પણ સંપર્ક કરી શકો છો.

માતૃભાષા અભિયાન કાર્યવાહક,
ભાવિન શેઠ - ૯૧૭૩૬૫૦૦૨૬

અક્ષરની ઓળખાણ

❑ ઋષભ પરમાર
❑ અવની સોલંકી



ચલ મન મુંબઈ નગરી (મુંબઈ અંતર્ગત માહિતીપૂર્ણ લેખોનો સંચય) - દીપક મહેતા - પ્રથમ આવૃત્તિ : ૨૦૨૨, પૃષ્ઠ : ૩૭૬, કિં. રૂ. ૫૦૦/- પ્રકાશક : નવજીવન સાંપ્રત, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોનઃ ૦૭૯-૨૭૫૪૦૬૩૫, ૨૭૫૪૨૬૩૪. Email: sales@navajivantrust.org

દીપક મહેતા માટે મુંબઈ નગરી માત્ર પુચ્છ વિનાની મગરી નથી, પણ ‘સ્વર્ગાદપિ ગરીયસી’ જન્મભૂમિ મા છે. આ લેખોમાં માત્ર સૂકી માહિતી નથી પણ મુંબઈના ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ સાહિત્યના નકશા સાથે ભાવનાત્મક જીવંત અનુબંધ પણ છે. સાત ટાપુના શહેરથી લઈને અલવિદા મુંબઈ સુધીનું ૭૪ પ્રકરણોનું આ પુસ્તક માત્ર મુંબઈગરાઓ માટે જ નહિ, પણ કોઈ પણ રસિક જાગરૂક વ્યક્તિનો મુંબઈ શહેરીની આકંઠ અનુભૂતિ કરાવે એવી શાબ્દિક અને ફોટોગ્રાફિક ડૉક્યુમેન્ટરી છે. મુંબઈ કઈ રીતે સાંસ્કૃતિક, ભૌગોલિક, આર્થિક, કળાત્મક, વ્યાવસાયિક સંદર્ભે વિકસતું ગયું એની પ્રમાણભૂત ગાથા અહીં રજૂ થઈ છે. અનેક સંદર્ભસૂચક છબિઓ સાથે પુસ્તકનું મુદ્રણ ઊડીને આંખે વળગે એવું છે.

આ લેખમાળા અગાઉ ગુજરાતી અખબાર ‘મિડ-ડે’માં પ્રગટ થયેલી છે. એમાંથી ચૂંટેલા લેખોનો આ સંગ્રહ મુંબઈને સમજવાની એક સર્વગ્રાહી બારી ખોલી આપે છે.

❑

નરસિંહ મહેતાની કવિતામાં આધ્યાત્મિકતા (મહાનિબંધ) - જવાહર બક્ષી - પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯, પૃષ્ઠ : ૪૭૮, કિં. રૂ. ૫૦૦/- પ્રકાશક : રૂપાયતન ગિરિ તળેટી, ભવનાથ, જૂનાગઢ, પ્રાપ્તિસ્થાન : મીડિયા પબ્લિકેશન, ૧૦૩-મંગલમૂર્તિ, કાળવા ચોક, જૂનાગઢ, ફોન : ૦૨૮૫-૨૬૫૦૫૦૫, ૯૮૨૫૨૬૮૬૪૫. Email: media.publications@gmail.com.

નરસિંહ મહેતાની આધ્યાત્મિકતાનો તંતુ કવિ જવાહર બક્ષી સાથે બંને રીતે જોડાયેલો છે વંશપરંપરાગત રીતે અને સર્જનાત્મક રીતે. નરસિંહને

અનેક વિદ્વાનોએ પોતાની કલમથી ખેડ્યા છે, પણ એમની આધ્યાત્મિકતાને નરવી નજરથી જોવાનું અને પ્રતિપાદિત કરવાનું ગજું પામવા માત્ર શબ્દસાધના પૂરતી નથી. નરસિંહનું આર્ષદર્શન જોવા અને પામવા માટે અધ્યાત્મસાધના પણ આવશ્યક બને. આવી બંને સાધના માટે સક્ષમ સવ્યસાચી જવાહર બક્ષી શબ્દની શલ્યાને અનુભૂતિના સ્પર્શથી જીવંત કરી આપે છે. એટલે જ નરસિંહના શબ્દોના પ્રાણ સુધી એ પહોંચે છે અને પોતાને લાધેલો પ્રકાશ આ શોધનિબંધ દ્વારા પ્રસાદ રૂપે વહેંચે છે. પ્રસ્તુત પુસ્તકમાં કુલ સાત મુખ્ય પ્રકરણો છે. એમાં નરસિંહની વ્યક્તિમત્તા, એના પહેલાંની ભાષા, સાહિત્ય અને પરંપરા, આત્મચરિત્રાત્મક પદો, જ્ઞાનનાં પદો, ભક્તિ તથા કૃષ્ણલીલાનાં પદો, શૃંગારનાં પદોમાં વ્યક્ત થતી આધ્યાત્મિકતાને ખૂબ ઝીણવટથી ઉજાગર કરે છે. સાધનાની મૌલિક દૃષ્ટિને લીધે આ પદોનાં સાવ નવતર ભાષ્યો પણ એમાંથી પ્રાપ્ત થાય છે. જુદી-જુદી સાધનપરંપરાનાં લક્ષણો પદોમાં કઈ રીતે સંયોજાયાં છે એનું પણ સટીક વર્ણન અહીં જોવા મળે છે. ગ્રંથ, ભક્તો, સાધકો અને સંશોધકો સર્વે માટે ઉપયુક્ત માહિતી અને મૌલિક દર્શન પૂરાં પાડે છે.



❑

કલાસંહિતા (વિવિધ ભારતીય કલા અન્વયે લેખસંગ્રહ)- ગ્રંથ ૩ - નિસર્ગ આહીર - પ્રથમ આવૃત્તિ : ૨૦૨૨, પૃષ્ઠ: ૨૫૦, કિં. રૂ. અમૂલ્ય, પ્રકાશક : કલાતીર્થ, 'રંગ', ૧૮, રાજાનન સોસાયટી વિભાગ-૩, ગજેરા સ્કૂલની સામે, કતારગામ, સુરત-૩૯૫૦૦૪, મો. ૯૮૨૫૬૬૪૧૬૧. Email: kalatirth2021@gmail.com, rammnikgkp@gmail.com.



નિસર્ગ આહીરના કલાવિષયક લેખોથી 'નવનીત સમર્પણ'ના વાચકો સુપરિચિત છે. સતત અભિવૃદ્ધિ પામતાં છીછરાં મનોરંજક કલાવિધાનો સામે ભારતીય સંસ્કૃતિની પ્રાચીન પરંપરામાં જળવાયેલાં શાશ્વત સૌંદર્યાત્મક પરિમાણોને ઉજાગર કરવાનું એક ઉમદા કાર્ય તેઓ વર્ષોથી કરી રહ્યા છે. કલાના વિવિધ સૌંદર્યાભિમુખ આયામોને એમણે સચિત્ર રજૂ કર્યા છે એટલું જ નહિ, પણ એની પાછળની સર્જનાત્મક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિભાવનાનો પરિચય સુધ્ધાં એમણે કરાવ્યો છે. પ્રસ્તુત ગ્રંથમાં કલામાં રેખાવિધાન, વર્ણવિધાન, સંયોજન,

આકારમીમાંસા જેવા વિષયો સાથે તંત્રમાં કલારૂપો, શૃંગારિક કલા, લોકચિત્રો, લઘુચિત્રશૈલી જેવી વિવિધ વિભાવનાઓનો તલસ્પર્શી અભ્યાસ આલેખાયો છે. વિવિધ સામયિકોમાં પ્રગટ થયેલા આ લેખો એકસાથે જોવાથી નિસર્ગની ઊંડી કલાનિસ્બતનો પરિચય થાય છે.

❑



કલાઐશ્વર્ય (ભારતીય કલા અંતર્ગત લેખનો સંચય) - ગ્રંથ ૪ - નિસર્ગ આહીર - પ્રથમ આવૃત્તિ : ૨૦૨૨, પૃષ્ઠ : ૨૪૬, કિં. રૂ. અમૂલ્ય, પ્રકાશક : કલાતીર્થ, 'રંગ', ૧૮, રાજાનન સોસાયટી વિભાગ-૩, ગજેરા સ્કૂલની સામે, કતારગામ, સુરત - ૩૯૫૦૦૪, મો. ૯૮૨૫૬૬૪૧૬૧ Email: kalatirth2021@gmail.com, rammnikgkp@gmail.com.


ગુજરાતી ભાષામાં સાહિત્યનાં પુસ્તકો જેટલું મહત્ત્વ કલાનાં પુસ્તકોને ભાગ્યે જ મળ્યું છે. એવી સ્થિતિમાં કલાતીર્થ દ્વારા કલા-સંશોધન અને દસ્તાવેજીકરણનો મહાયજ્ઞ આવાં પુસ્તકોના પ્રાગટ્ય રૂપે થઈ રહ્યો છે. નિસર્ગ આહીર છેલ્લાં કેટલાંક વર્ષોથી કલા અને કલાકારો સંદર્ભે ખાસું કામ કરે છે. આ પુસ્તકમાં કલા ઉપરના એમના પંદર લેખોનો સમાવેશ થયો છે. ભારતીય ચિત્રકલાની શતાબ્દી, લઘુચિત્રશૈલીની સુદૃઢ સ્થાપના, પિછવાઈ, રાગમાલા, થાન-કા, સ્ટેઇન્ડ ગ્લાસ, લલિતકલાઓમાં પ્રકૃતિ-આલેખન, જૈનમૂર્તિકલા, નાથદ્વારા શૈલી, રંગોળી જેવાં વિવિધ કલાસ્વરૂપોનો સર્વાંગી સચિત્ર પરિચય આપવાનો અભિગમ રહ્યો છે. કલાનાં વિવિધ સ્વરૂપોને યોગ્ય શબ્દો દ્વારા રજૂ કરવાની એમની પાસે શબ્દશક્તિ પણ છે. તેઓ કહે છે, 'કોઈ પણ કલાના સંપર્ક-સંસર્ગમાં આવ્યા પછી માણસ એનો એ રહી ન શકે. માણસને પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે પ્રભાવિત કરીને આનંદયાત્રી કરવાનું કામ કલા કરતી હોય છે.' પોતાને કલાના ભાવક- ચાહક ગણતા લેખક ખરેખર તો કલાના આરાધક છે એવું એમનાં પ્રસ્તુત પુસ્તકોથી અવશ્ય કહી શકાય.

❑

રાજા રવિ વર્મા (જીવનચરિત્ર) - ભરત ખેની - પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧, પૃષ્ઠ: ૨૩૬, કિં. રૂ. ૫૦૦, પ્રકાશક : ભરત વી. ખેની, બસસ્ટેન્ડ સામે, પરવડી, તા.

ગારિયાધાર, જિ. ભાવનગર-૩૬૪૨૭૫, મો. ૯૯૨૫૬૬૦૬૪૬.

ઓગણીસમી સદીમાં ભારતીય હિન્દુ કળાનું પુનરુત્થાન થયું એમાં રવિ વર્મા અગ્રેસર છે. ભારતીય સંસ્કૃતિમાં ઊછરેલા અને એનું યથાયોગ્ય સંવર્ધન કરનારા ચિત્રકાર તરીકે તેઓ હંમેશાં યાદ રખાશે. પુરાણકથાઓ, રામાયણ, ભાગવત, મહાભારતનાં પાત્રો અને પ્રસંગોને એમની પીંછીએ જીવંત કરી દીધાં. અત્યાર સુધી મંદિરમાં કેદ અવતારોને એમણે ચિત્ર રૂપે ઘર-ઘરમાં પગલાં પાડતા કરી દીધા. એમનાં ચિત્રોમાં ભારતીય સંસ્કૃતિ અને પશ્ચિમી સૌંદર્યશાસ્ત્રનો સુભગ સમન્વય હતો. આવા અપૂર્વ ચિત્રકારના જીવન અને કાર્ય વિશે ખૂબ ઊંડાણપૂર્વક, સંશોધન કરી સાહજિક રસાળ ભાષામાં લખવું એ દુષ્કર છે, પણ આ કામ ભરત ખેનીએ નિષ્ઠાપૂર્વક કરી બતાવ્યું છે. પુસ્તકના આવરણથી લઈને દરેક પાનાની પૃષ્ઠસજ્જા એક કળાપુસ્તકને શોભાવે એવી છે. એમાં ૧૬ રંગીન પ્લેટ અને અસંખ્ય ચિત્રોની પ્રતિકૃતિ મુકાઈ છે. ગુજરાતીમાં સાહિત્યેતર લલિતકલાઓ વિશે પ્રમાણમાં ઘણું જ ઓછું નહિવત્ કહો તો ચાલે-લખાયું છે એવી નુક્તેચીની હસુ યાજ્ઞિક કરતાં, આવા મહત્ત્વનાં કાર્ય માટે નવયુવાન અધ્યાપક, કવિ-વિવેચક ભરત ખેનીને સહર્ષ આવકારે છે. આપણે સૌ એમાં સામેલ છીએ.



❑

કહ્યા વગર જ! – વિજય શાસ્ત્રી (વાર્તાસંગ્રહ) – પ્રથમ આવૃત્તિ: ૨૦૨૧, પૃષ્ઠ : ૧૨૮, કિં. રૂ. ૧૫૦/- પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – ૩૮૦૦૦૧. ફોન: ૦૭૯-૨૨૧૪૪૬૬૩, ૦૯૨૨૭૦૫૫૭૭૭ Email : goorjar@yahoo.com



માનવીય લાગણીઓનું ઊંડી તીવ્રતાથી વર્ણન કરનાર ગુજરાતી સાહિત્યના પ્રાયોગિક વાર્તાકાર વિજય શાસ્ત્રીએ ૨૦૦થી વધુ ટૂંકીવાર્તાઓ લખી છે. ‘કહ્યા વગર જ!’ ઘણુંબધું કહી દેવાનું સામર્થ્ય ધરાવતો તેમનો આ વાર્તાસંગ્રહ ૧૯ વાર્તાઓનો અર્ક છે. જેમાં વિવિધ સામયિકોમાં પ્રગટ થયેલી વાર્તાઓ તો છે જ, ઉપરાંત અપ્રાપ્ય એવા પૂર્વ વાર્તાસંચાયોમાંની આઠેક વાર્તાઓ પણ અહીં ગ્રંથસ્થ થઈ છે.

અહીં, લગ્નના પ્રથમ અને જીવનના છેલ્લા દાયકામાં સંતાનપ્રેમ માટે ઝઝૂમતા

પિતાનો 'ચકરાવો' રામનારાયણ વિ. પાઠકની વાર્તા 'મુકુન્દરાય'ની પૂરક બને છે. નાયકના જીવનમાં અનેક ઘટનાઓ 'કહ્યા વગર જ!' બનતી હોવાનું પરિણામ કહ્યા વગર જ આવેલા તેમના મૃત્યુમાં પરિણમે છે. આ સાથે સામાન્ય જીવનમાં બનતા અસામાન્ય પ્રસંગોમાં અનુભવાતો એકલતાનો ડંખ, પ્રણયની ભીનાશ, યૌવનની મુગ્ધતા, પાછલી વયનો ઝુરાપો વગેરે જેવા વિષયોને અત્યંત સાહજિક રીતે અહીં વણી લીધા છે. માનવીય સંવેદનાઓને પુસ્તકદેહ રૂપે ઉઘાડ આપવા બદલ લેખકને અઢળક અભિનંદન.

સાભાર સ્વીકાર

* સાહિત્ય સંકુલ (ચૌટાબજાર, સુરત - ૩૯૫ ૦૦૩. ફોન: ૦૨૬૧-૨૫૯૧૪૪૯) : * સંગીત દ્વારા સારવાર : ડો. પ્રફુલ્લ દેસાઈ, પૃ. ૧૯૨, કિં. રૂ. ૧૮૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૬. * આત્મઝરમર (લાંબું જીવન, ટૂંકો સંતોષ) : પ્રા. રમણ પાઠક, પૃ. ૨૦૦, કિં. રૂ. ૧૪૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪. * સધુ-હદુ અને સધુ સભ્યતા એક અલગ દૃષ્ટિકોણ : સંકલન : ભવસુખ શિલુ, પૃ. ૨૦૫, કિં. રૂ. ૨૦૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪. * જીવન એક ઉત્સવ : જનક નાયક, પૃ. ૯૬, કિં. રૂ. ૭૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૬. * હું સુખનું સરનામું : જનક નાયક, પૃ. ૧૯૨, કિં. રૂ. ૧૨૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૬. * 'સત્યના પ્રયોગો'માં મહાત્મા ગાંધી : નાનુભાઈ નાયક, પૃ. ૫૬, કિં. રૂ. ૨૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૬. * વૈશ્વિક લોકશાહીની અવદશા કોણે કરી? : નાનુભાઈ નાયક, પૃ. ૮૮, કિં. રૂ. ૫૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૬. * અપહરણ : નાનુભાઈ નાયક, પૃ. ૧૭૨, કિં. રૂ. ૧૬૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૬. * તમે તો સાવ ઊલટા : જનક નાયક, પૃ. ૧૦૪, કિં. રૂ. ૯૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૬. * પાના નંબર બસો સત્તાવન : ચિરાગ ઝા, પૃ. ૧૬૮ કિં. રૂ. ૧૫૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૭.

* પ્રકાશક: મનીષા જોષી (૩૩, અજંટાનગર, સિદ્ધનાથનગર રેલવે લાઈન સામે, ભરૂચ-૩૯૨ ૦૦૧.) * વાતો ગુલાબની : હેમાંગ જોષી, પૃ. ૮૦, કિં. રૂ. ૧૦૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૬ (ગઝલસંગ્રહ).

* પ્રત્યક્ષ પ્રકાશન (૧૮, હેમદીપ સોસાયટી, દીવાળીપુરા, વડોદરા-૧૫.) : * અવતરણ : સં. રમણ સોની, પૃ. ૧૧૨, કિં. રૂ. ૮૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૬.

* પ્રકાશક: બુક શેલ્ફ (૧૬, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯) * ગુજરાતી ગઝલમાં સૂફીરંગ : ડો. સુરેશ મકવાણા, પૃ. ૧૮૪, કિં. રૂ. ૨૦૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૯.

તમારી દૃષ્ટિએ

ચોથી જાગીર?

'નવનીત સમર્પણ'ના જુલાઈ, ૨૦૨૨ના અંકમાં 'તમારી દૃષ્ટિ'માં શ્રી ઉપેન્દ્ર ધોળકિયા લખે છે કે, 'લોકશાહીમાં વર્તમાનપત્ર, રેડિયો, ટીવી અને પ્રસારણ માધ્યમની બહુવિધ સુવિધાઓને 'ચોથી જાગીર' તરીકે ઓળખવામાં આવે છે.' આ સંદર્ભે જણાવવાનું કે વર્ષોથી લેખકો અને વક્તાઓ અંગ્રેજીમાં પ્રચલિત Forth estate શબ્દોનો ગુજરાતી અર્થ 'ચોથી જાગીર' કરતા આવ્યા છે. પરંતુ માહિતી પ્રચાર-પ્રસારણ વિષયના કેન્દ્રમાં 'Estate' શબ્દનો અર્થ 'જાગીર' જરા પણ બંધબેસતો નથી. Estateનો એક અર્થ 'સ્થાવર-જંગલ મિલકત' થાય છે અને આવી મિલકતને 'જાગીર' કહેવાય છે એ ખરું, પણ ઉપરોક્ત માહિતી પ્રચાર-પ્રસારણ માધ્યમોના સંદર્ભમાં તો તેનો બીજો અને ખરો અર્થ 'રાજ્ય કે રાષ્ટ્રનો અંગભૂત વર્ગ, અંશ કે સ્તંભ' જ થાય છે, નહીં કે 'જાગીર.' વિશેષ, વર્તમાનપત્રોને મળેલ Forth estateના દરજ્જાનો પ્રાચીન ઇતિહાસ તપાસીએ તો, લાંબા સમયથી ઇંગ્લૅન્ડના રાજ્યતંત્રમાં ત્રણ વર્ગો, અંશો કે સ્તંભો-Clergy (પાદરીઓ), Barons and Knights (ઉમરાવો તેમ જ ઉચ્ચ સૈનિક પદ ધરાવનાર ખાનદાન કુટુંબની વ્યક્તિઓ) અને Commons (આમજનતા) મુખ્ય ગણાતા. પછીના સમયમાં આમજનતાના વિચારો અને પ્રશ્નો રજૂ કરવામાં વર્તમાનપત્રોની મહત્ત્વની ભૂમિકા અને લોક-પ્રતિનિધિ તરીકે તેનો પ્રભાવ વધવાથી, વર્તમાનપત્રોને રાજ્યતંત્રનો ચોથો વર્ગ, અંશ કે સ્તંભ (Forth estate) ગણવાની પ્રથા ચાલુ થઈ. જોકે વર્તમાનપત્રોને Forth estateની સર્વપ્રથમ ઓળખ આપનાર બ્રિટિશ રાજનીતિજ્ઞ ઍડમન્ડ બર્કે (૧૭૨૯-૧૭૯૭) હતાં. પ્રસ્તુત વિષયના સંદર્ભે બ્રિટિશ ઇતિહાસકાર કાર્લાયેલ (૧૭૯૫-૧૮૮૧) તેમનું પુસ્તક On Heroes, Hero-Worship and the Heroic in History (૧૮૪૧)માં લખે છે: "ઍડમન્ડ બર્કે 'રાજનીતિ' વિષય પરની એક ચર્ચામાં કહેલું કે, બ્રિટિશ પાર્લામેન્ટમાં રાજ્યતંત્રની Three estate હતી, પણ રિપૉર્ટર્સ ગૅલેરીમાં Forth estate બેસી છે, જે અગાઉની Three estate કરતાં વધુ મહત્ત્વની છે." આપણે ત્યાં પણ રાજ્યતંત્રના ત્રણ વર્ગો, અંશો કે સ્તંભો-સંસદ, કારોબારી અને ન્યાયતંત્ર પછી, વર્તમાનપત્રોને ચોથો વર્ગ, અંશ કે સ્તંભ ગણવાની પ્રથા છે, ઉપરામણમાં અહીં રેડિયો, ટીવી અને પ્રસારણ માધ્યમનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે, જે આવકાર્ય અને સ્વીકાર્ય છે. જોકે લોકશાહીના ચોથા વર્ગ, અંશ કે સ્તંભમાં સમાવિષ્ટ આ સર્વ મુદ્રણ, શ્રવણ અને દૃશ્ય માધ્યમો હાલમાં લોકશાહીનું રખોપું

કરવા બાબતે ઘણાં ઊણાં ઊતર્યાં છે અને તે બાબતે શંકાસ્પદ સ્થિતિમાં પણ છે.

કૅનડા - પ્રા. જે. આર. વઘાશિયા

* * *

ગુજરાતી મૅગેઝિનમાં કોઈ લેખનું શીર્ષક 'ઓમ નમો ભગવતે શ્રી રામકૃષ્ણાય' પણ હોઈ શકે એ કેટલા આનંદની વાત છે. વળી જૂન અંકમાં લેખનો આઠમો હપતો બેનમૂન લખાયો છે. કૂપમંડૂકસાહેબ સામે બેસીને શ્રી રામકૃષ્ણની વાતો કરતા હોય એવો અનુભવ થયો. અંકની તમામ વાર્તાઓ, કવિતાઓ બાજુએ મૂકી ફક્ત આ એકમાત્ર લેખથી વાંચન શરૂ થાય છે અને વાંચતાંવેંત દિલ છલકાઈ જાય છે. કૂપમંડૂકસાહેબને વંદન.

-પરાગ જ્ઞાની

* * *

જૂન ૨૦૨૨ના અંકમાં 'સેવા રૂરલ યજ્ઞનાં હોતા ડૉ. લતાબહેન દેસાઈને પદ્મશ્રી – એક મુલાકાત' આરાધના ભટ્ટનો લેખ ખૂબ જ સુંદર રહ્યો છે. સોસાયટી ફૉર એજ્યુકેશન વેલ્ફેર ઍન્ડ ઍક્શન – રૂરલની સ્થાપના કરી રાષ્ટ્રપતિને હાથે પદ્મશ્રી તેમ જ - WHOએ પણ તેની કામગીરીની નોંધ લીધી અને તેમણે ક્રેડિટ કાર્યકરોને આપી.

મીઠાપુર - મુકેશ ટી. ચંદારાણા

* * *

મે ૨૦૨૨ના અંકમાં આરાધના ભટ્ટનો પત્રકાર શ્રી રાજ ગોસ્વામીની મુલાકાતનો લેખ રસપ્રદ લાગ્યો. સાહિત્યપ્રેમી અને અનુવાદક શ્રી રાજ ગોસ્વામી એટલે એક નિષ્ઠાવાન અને અભ્યાસી પત્રકાર. આ અંકમાં શ્રી નટવર પંડ્યા લિખિત હાસ્યલેખ 'કાનખજૂરા ફાઈલ્સ' મનોરંજનથી સભર છે. અક્ષરની ઓળખાણમાં પુસ્તકોનો વિસ્તૃત પરિચય વાંચીને આનંદ મળે છે.

જૂન ૨૦૨૨ના અંકમાં આરાધના ભટ્ટે લીધેલ ડૉ. લતાબહેન દેસાઈ સાથેની મુલાકાતની પ્રશ્નોત્તરી વાંચીને ખુશ થયો છું. લતાબહેનની આદિવાસી સમાજની સેવાભાવના અને સમર્પણ ખરેખર પ્રેરણાદાયક છે. અશિક્ષિત અને ગરીબો પ્રત્યેની લતાબહેનની નિષ્ઠાને વંદન. આ અંકમાં રાઘવજી માધડ લિખિત વાર્તા 'બાઈમા'ણા' ગ્રામ્ય જીવનને લગતી રસપ્રદ અને ભાવવાહી કૃતિ છે. ધન્યવાદ. કાવ્ય વિભાગમાંની રચનાઓ આસ્વાદ્ય અને ઉત્તમ છે.

અમદાવાદ - આઇ. બી. પરમાર

* * *

જુલાઈ-૨૨ના 'નવનીત-સમર્પણ'માં મોના જોશીની વાર્તા 'બૂમ' સબળ વાર્તાતત્ત્વ ધરાવે છે. આ વાર્તાનો પ્રસંગ જુદો છે, આવા નાના મોટા પ્રસંગો અનેક બને છે પરંતુ 'હૃદય પરિવર્તન' તેનું એક જ પરિણામ છે. જેને મોના જોશીએ વાર્તામાં ઉજાગર કરીને મૂક્યું છે. શિક્ષકનો વિદ્યાર્થી પરનો પ્રભાવ સરસ પરિણામ લાવે છે. મોનાબહેનને અભિનંદન.

ગાંધીનગર - ડૉ. ભાલચન્દ્ર હ. હાથી



ભવન્સ-વૃત્ત

કાલિકટ કેન્દ્ર : ફૂટબૉલ તાલીમ કેન્દ્ર



ભારતીય વિદ્યાભવનના અધ્યક્ષ આચાર્યશ્રી એ. કે. બી. નાયર અને એમ.એસ.આર.એફ.ના અધ્યક્ષ શ્રી વિજયન્ બાલકૃષ્ણન્ સમજૂતીકરાર (એમ.ઓ.યુ.)ના વિનિમય સમયે

મલબાર સ્પૉર્ટ્સ ઍન્ડ રિક્રિયેશન ફાઉન્ડેશન (એમ.એસ.આર.એફ.) 'કૅચ ધેમ યંગ' યુવાવયે એમને આવકારો અંતર્ગત યુવાપ્રતિભા વિકાસહેતુ કાલિકટ ખાતે વિશ્વકક્ષાની ફૂટબૉલ ઍકેડેમીની સ્થાપના કરવાનું આયોજન કરી રહ્યું છે. જેથી યુવાનો પોતાનાં જ્ઞાન ઉપરાંત વિશ્વની શ્રેષ્ઠ ફૂટબૉલ ઍકેડેમી દ્વારા વ્યાવસાયિક તાલીમ પણ મેળવી શકે.

એમ.એસ.આર.એફે ભવન-કાલિકટ કેન્દ્રને, ભવન્સની શાળા પેરુન્થુરુથીના રમતગમત મેદાનમાં આ તાલીમનું સંચાલન કરવા આમંત્રણ આપ્યું.

ભારતીય વિદ્યાભવનના અધ્યક્ષ, આચાર્યશ્રી એ. કે. બી. નાયર અને એમ.એસ.આર.એફ.ના અધ્યક્ષ, ગોવાના ભૂતપૂર્વ સચિવ શ્રી વિજયન્ બાલકૃષ્ણન્ વચ્ચે એપ્રિલમાં એક સમજૂતીકરાર (એમ.ઓ.યુ.) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રના અધિકારીઓ, ભવનની શાળાઓના આચાર્યો અને ગ્વાટેમાલાના ભૂતપૂર્વ રાજદૂત શ્રી સજીવ બાબુ ઉપસ્થિત રહ્યા હતા.

નીલગિરિ કેન્દ્ર : કુલપતિ મુનશી પુરસ્કાર

ભારતીય વિદ્યાભવનના નીલગિરિ કેન્દ્રે કુન્નુરનાં નાગરિક રાધિકા શાસ્ત્રીને કુલપતિ મુનશી પુરસ્કાર એનાયત કર્યો. આ પુરસ્કાર એમને કોવિડ મહામારી દરમિયાન જિલ્લામાં આરોગ્યસેવાની સુવિધામાં સુધારો લાવવાના અમૂલ્ય યોગદાન માટે આપવામાં આવ્યો.

તેના કૅફે ડાયમ ભોજનાલયના સમર્થકો અને સ્થાનિક રહેવાસીઓના સંપૂર્ણ સહયોગથી એમણે જિલ્લાનાં વિવિધ તબીબી કેન્દ્રોમાં ૪૦ ઑક્સિજન કૉન્સેન્ટ્રેટરના



વિતરણની પહેલ કરી. ઉપરાંત ACT મંજૂરી સાથે કુન્નુરની સરકારી લૉલી હૉસ્પિટલમાં ઑક્સિજન પ્લાન્ટ સ્થાપવામાં મદદ કરી. એમણે જિલ્લાની જમીનને અનુરૂપ છ AmbuRX ઍમ્બ્યુલન્સ ઉપલબ્ધ કરાવી. જે કુન્નુર, કેટ્ટી અને કોટાગિરિની વિવિધ હૉસ્પિટલોમાં સેવારત છે. એમણે લૉલી હૉસ્પિટલ, કુન્નુરમાં નવા અકસ્માત વૉર્ડ, ICU અને સૌપ્રથમ સરકારી બાળરોગ વૉર્ડના નિર્માણનો કાર્યભાર સંભાળ્યો. યુનાઇટેડ વે, ચેન્નાઈ થકી કેટરપિલર દ્વારા પ્રાયોજિત ૨૦૦૦ રસીઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આગામી રસીકરણ અભિયાનને પણ એમણે પ્રોત્સાહન આપ્યું હતું.

વડા પ્રધાન શ્રી. નરેન્દ્ર મોદીએ આ અમૂલ્ય યોગદાનને આવકારી એમના કાર્યક્રમ ‘મન કી બાત’માં શ્રીમતી રાધિકા શાસ્ત્રીની પ્રશંસા કરી હતી.

કુન્નુર ક્લબ ખાતે આયોજિત સમારોહમાં, ભારતીય વિદ્યાભવન, નીલગિરિ કેન્દ્રના અધ્યક્ષ એમ. આર. શ્રીનિવાસન્ દ્વારા સુશ્રી શાસ્ત્રીને ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. સ્વીકૃતિ સમયે એમણે પોતાની ટીમ અને લૉલી હૉસ્પિટલના ડૉક્ટરો તેમજ કૅફે ડાયમના સેવાભાવી ગ્રાહકો દ્વારા આપવામાં આવેલા સહયોગની પ્રશંસા કરી હતી. એમણે જિલ્લાનો વિકાસ સાધવા માટે લોકભાગીદારીની જરૂરિયાત ઉપર પણ ભાર મૂક્યો હતો.

નાગપુર કેન્દ્ર : શ્રદ્ધાંજલિ

ભવન નાગપુર કેન્દ્રના આધારસ્તંભોમાંના એક એવા વરિષ્ઠ વકીલ શ્રી કૃષ્ણરાવ હરિહરરાવ દેશપાંડે ૨૫ માર્ચ, ૨૦૨૨ના રોજ ૯૪ વર્ષની વયે સ્વર્ગસ્થ થયા.

પ્રખ્યાત કાનૂની વિદ્વાન શ્રી દેશપાંડેએ ૧૯૫૩માં અકોલા ખાતે કાયદાની તાલીમ શરૂ કરી હતી. થોડાં વર્ષો પછી, તેઓ અમરાવતી અને ત્યાર બાદ નાગપુર ગયા, પછીથી બૉમ્બે હાઈ કોર્ટમાં તાલીમ લેવાની શરૂ કરી. ૧૯૭૭માં બૉમ્બે હાઈ કોર્ટ દ્વારા

એમને વરિષ્ઠ વકીલની પદવી એનાયત થઈ. એમને નાગપુર કમિટીના 'ભીષ્મ પિતામહ' તરીકે ઓળખવામાં આવતા હતા. સતેજ યાદશક્તિ, વિનોદવૃત્તિ, કાનૂની સૂક્ષ્મદષ્ટિ, કાયદાનું યોગ્ય અર્થઘટન કરવાની ક્ષમતા અને કોઈ પણ જટિલ પરિસ્થિતિને સરળતાથી પહોંચી વળવાનું સામર્થ્ય સહજ રૂપે મળ્યું હતું.


કૃષ્ણરાવ હરિહરરાવ દેશપાંડે

ભારતીય વિદ્યાભવન, નાગપુર કેન્દ્રના કેન્દ્રીય સમિતિના વરિષ્ઠ સભ્ય, શ્રી દેશપાંડે છેલ્લા ચાર દાયકાથી ભવન સાથે સંકળાયેલા હતા. ભારતીય વિદ્યા ભવન, નાગપુર કેન્દ્રના સુચારુ વિકાસને લગતી કાયદાકીય મૂલ્યવંત સલાહ દ્વારા તેઓ હંમેશાં ખડેપગે રહેતા.

શ્રી દેશપાંડેએ સ્વાતંત્ર્યસંગ્રામમમાં પણ ભાગ લીધો હતો. તેઓ કૉન્ગ્રેસના સક્રિય કાર્યકર હતા અને બ્રિટિશરો વિરુદ્ધ ભારત છોડો ચળવળ સંબંધિત સાહિત્યનું વિતરણ કરવા બદલ જૂન ૧૯૪૨માં એમની ધરપકડ કરવામાં આવી હતી.

તેઓ વરિષ્ઠ કાનૂની વિદ્વાન હતા અને એમણે ભગવદ્‌ગીતા અને ઉપનિષદો પર ભાષ્યો અને ‘શ્રી ગીતાર્થબોધ', 'ચંદદેવ ચાલીસી અને દક્ષિણામૂર્તિ' નામનાં કેટલાંક આધ્યાત્મિક પુસ્તકો લખ્યાં હતાં. એમને કવિ કુલગુરુ કાલિદાસ સંસ્કૃત યુનિવર્સિટી, રામટેક દ્વારા તત્ત્વજ્ઞાન વિભૂષણની પદવીથી નવાજવામાં આવ્યા હતા.

વરિષ્ઠ વકીલ કે. એચ. દેશપાંડેના પરિવારમાં એમનાં પત્ની ઉષાબહેન, પુત્રો - (નિવૃત્ત ન્યાયાધીશ) રવિ કે. દેશપાંડે અને (સી.એ.) રાજીવ દેશપાંડે, પુત્રી સ્નેહા પાંગારકર અને પૌત્રો છે. ભગવાન એમના પરિવારને આ ન પુરાય એવી ખોટ સહન કરવાની શક્તિ અને સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ આપે.

લંડન કેન્દ્ર : શ્રદ્ધાંજલિ

ડૉ. જ્હોન માર


ડૉ. જ્હોન માર

ભવનના સ્થાપક ટ્રસ્ટીઓમાંના એક એવા પદ્મશ્રી ડૉ. જ્હોન મારના નિધનની જાણ કરતાં ખૂબ જ દુ:ખની લાગણી થાય છે. બ્રિટિશ ડૉ. માર ભારતીય પુરાવિદ્યાના જાણકાર, લેખક અને લંડનની સ્કૂલ ઑફ ઑરિએન્ટલ ઍન્ડ આફ્રિકન સ્ટડીઝ વિદ્યાશાખાના ભૂતપૂર્વ સભ્ય હતા. કર્ણાટક સંગીત અને તામિલ સાહિત્યના નિષ્ણાત ડૉ. મારની શિક્ષણ માટેની ધખના, ભારતીય સંસ્કૃતિની ઊંડી જાણકારી તેમજ યુવા વિદ્યાર્થીઓ માટેનાં અપાર સ્નેહ અને સમર્થન, ભવનના બહુવિધ ડિપ્લોમા અભ્યાક્રમોને માન્યતા મળવાનું મૂળભૂત કારણ હતું.



ભવન ખાતે કેન્ટના ડ્યુકની મુલાકાત દરમિયાન

ડૉ. મારનું લંડન કેન્દ્ર માટે અમૂલ્ય યોગદાન રહ્યું. તેઓ મહાન ભવનાઇટ હતા. ડૉ. મારના મતે, દરેક આદાનપ્રદાનમાં વ્યક્તિ હંમેશાં કંઈક નવું શીખે છે. ભારતીય સંગીતમાં સૂરતાલની સૂક્ષ્મતાથી લઈને ભારતીય મંદિરોના શિલ્પસ્થાપત્ય, વિવિધ ભારતીય નૃત્ય સ્વરૂપોના પ્રલંબ ઇતિહાસમાં ડૉ. માર હંમેશાં પોતાની તાજગીસભર આંતરસૂઝથી એનું અંતઃસત્ત્વ દર્શાવી આપતા. એની સાથે અમુક ઉત્કૃષ્ટ પુરાણકથાઓનો સંદર્ભ આવે. એમાં ક્યારેક 4000 માઈલનો પુષ્પાચ્છાદિત માર્ગનો રાજદૂત અથવા કોઈ પ્રતિષ્ઠિત ભારતીય કલાકારના સપરિવાર પ્રવાસનું વર્ણન સામેલ હોય, જે એક સાધારણ મુસાફર માટે અકલ્પનીય હોય. એમની ઉપસ્થિતિમાં કોઈને પણ એવો અહેસાસ થાય કે યોગ્ય જ્ઞાન, સારા મિત્રો અને સંકલ્પ માટે ધગશથી ફાળવેલા છ મહિના કોઈ પણ કાર્યને સફળ બનાવે છે.

ડૉ. મારને શિક્ષણમાં એમના યોગદાન બદલ ભારત સરકાર દ્વારા ૨૦૦૯માં પદ્મશ્રી નાગરિક સન્માનથી નવાજવામાં આવ્યા હતા. ભવનમાં જેમને પણ એમની સાથે કામ કરવાનો, મળવાનો અને શીખવાનો લાભ મળ્યો છે, તેઓ એમના યોગદાન બદલ ડૉ. મારને હંમેશાં યાદ રાખશે. એમના અનુપમ આત્મબળ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની અસીમ અભિલાષા આ સંસ્થાના પાયામાં છે, જે સંસ્થા હવે તેનાં ૫૦મા વર્ષમાં પ્રવેશી છે.

વિશ્વભરથી ભવન કેન્દ્રોના સભ્યો ઈશ્વરને પ્રાર્થના કરે છે કે દિવંગત આત્માને શાશ્વત શાંતિ આપે અને તેમના શોકગ્રસ્ત પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે.

કોઇમ્બતુર કેન્દ્ર : સ્વામી પરમાર્થાનંદનાં વ્યાખ્યાનો

એપ્રિલના છેલ્લા સપ્તાહ દરમિયાન, પૂજ્ય સ્વામીશ્રી પરમાર્થાનંદે ભારતીય વિદ્યાભવન કોઇમ્બતુર ખાતે 'ઉદ્ધવગીતા' વિષય પર સાત દિવસ સુધી શ્રેણીબદ્ધ વ્યાખ્યાન આપ્યાં. આ શ્રેણી આમ તો થોડાં વર્ષ પૂર્વે શરૂ કરાયેલી વ્યાખ્યાન શ્રેણીના અનુસંધાનમાં જ હતી.

ભગવાન શ્રીકૃષ્ણ ભૌતિક શરીરનો ત્યાગ કરીને એમના દિવ્યધામમાં પાછા

જતાં પહેલાં આપેલ ઉપદેશ એ ‘ઉદ્ધવગીતા’ છે. એમાં ભગવાન શ્રીકૃષ્ણના ગાઢ મિત્ર અને પરમ ભક્ત ઉદ્ધવને આપવામાં આવેલ ઉપદેશ છે. ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ તરફથી તેમના સારા મિત્ર અને પિતરાઈ ભાઈ અર્જુનને આપવામાં



આવેલ ઉપદેશ સાથે ‘ઉદ્ધવગીતા’ ઘણી સામ્યતા દર્શાવે છે. સ્વામીજીએ ઉદ્ધવગીતાનાં આ મુખ્ય પાસાઓ તરફ ધ્યાન દોર્યું અને કોરોના પહેલાંનાં વર્ષોમાં ઉદ્ધવગીતા પર અપાયેલાં વ્યાખ્યાનોનું પુનરાવર્તન કરીને પાંચમા અધ્યયનથી શ્રેણીની શરૂઆત કરી. વિષયના પ્રભાવ અને સ્વામીજીના આધ્યાત્મિક તેજને કારણે નિઃશંકપણે વ્યાખ્યાનો દરમિયાન શ્રોતાઓએ આધ્યાત્મિક અને સૌમ્ય આંદોલનોનો અનુભવ કર્યો હશે.

શ્રદ્ધાંજલિ : સ્થાપક અધ્યક્ષ શ્રી કુલવંત સિંહજી ભારતીય વિદ્યા ભવન, પંચકુલા



ભવન વિદ્યાલય, પંચકુલાના સ્થાપક અધ્યક્ષ સરદાર કુલવંત સિંહજી મહાન સ્વપ્નદ્રષ્ટા હતા. એમનો જન્મ ૨૧ ડિસેમ્બર, ૧૯૩૩ના રોજ દિલ્હીમાં થયો હતો. ત્યાંની પ્રતિષ્ઠિત હિંદુ કૉલેજમાં અભ્યાસ કર્યો હતો. તેઓ ૧૯૫૮માં ભારતીય વહીવટી સેવાઓમાં સામેલ થયા અને હરિયાણા સરકારમાં મુખ્ય સચિવ બન્યા. નિવૃત્તિ પછીનું જીવન એમણે શિક્ષણના પ્રચાર માટે સમર્પિત કર્યું. એમના અથાક પ્રયાસોના પરિણામ રૂપે ૧૯૯૪માં ભવન વિદ્યાલય, પંચકુલાની સ્થાપના કરવામાં આવી હતી.

એમનું સ્પષ્ટ માનવું હતું કે સારી શિક્ષણ પ્રથાનો હેતુ વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે હોવો જોઈએ જેથી જીવનમાં હંમેશાં સુખ અને શાંતિ મળી રહે. વ્યક્તિ પોતાનાં મન, શરીર અને આત્માની સંપૂર્ણ ક્ષમતાને ઓળખીને સ્વયં અને સામાજિક ક્ષેત્રે એની સુવાસ ફેલાવી શકે એવું સંસ્કારી મન શિક્ષણ દ્વારા વિકસવું જોઈએ. અસાધારણ નેતૃત્વશક્તિ, શ્રેષ્ઠતા માટે અખૂટ પ્રતિબદ્ધતા અને ગતિશીલતા માટે એમને હંમેશાં યાદ કરવામા આવશે. એમનો દૃઢ અભિગમ, ધૈર્ય, અથાક જુસ્સો અને સાચા નિર્ણયો લેવાની ક્ષમતાને લીધે શાળાને દેશમાં સી.બી.એસ.ઈ.ની સર્વોચ્ચ શાળાઓમાં સ્થાન મળ્યું છે.

આવા આદરણીય અને મહાન અધ્યક્ષ એસ. કુલવંત સિંહજીનું ૧ જુલાઈ ૨૦૨૨ના રોજ અવસાન થયું છે. આ ઉમદા આત્માને આદરપૂર્વક નમન. ઓમ શાંતિ!!!!!

આ અંકના લેખકો

સુભાષ ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364002. મો. 9173470085
હેમન્ત દવે: રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com
કૂપમંડૂક: ફોન : 022 23630786
ચંદ્રકાન્ત શાહ: email: chandu420@gmail.com
અનિલ ચાવડા: સી/303, અર્જુનવિલા, આનંદ પાર્ટી પ્લોટની બાજુમાં, રાણીપ, અમદાવાદ-382480.
યોગેશ વૈદ્ય: હૃદયકુંજ, યોગેશ્વર સોસાયટી, ૬૦ ફૂટ રોડ, રાજ ડેરી પાસે, વેરાવળ-૩૬૨૨૬૫, ગીર-સોમનાથ, મો.: ૯૦૯૯૦૯૩૦૨૩
ભાવેશ ભટ્ટ: એચ-503, સ્વામિનારાયણ કેસલ-1, અર્જુન-આશ્રમની પાસે, ગ્રીનસિટી રોડ, નિર્ણયનગર, અમદાવાદ-382481
ચંદ્રેશ મકવાણા: 202, મહાદેવ કોમ્પલેક્ષ, નવા વાડાજ ભાજી માર્કેટ, અમદાવાદ-380 013.
ડૉ. ભરત ગોહેલ: 'ભરત', સહજાનંદ નગર, રેલવે સ્ટેશન પાછળ, ગોંડલ, જિ. રાજકોટ. પિન-360311.
ગૌતમ હરીશભાઈ જાની: ભટ્ટફળી, મેઈન બજાર, હળવદ.-૩૬૩૩૩૦. મો. ૬૩૫૫૪૬૫૦૭૫
શૈલેશ ગઢવી: આંબાવાડી પ્લૉટ, વડલીચોક, મઘીમા મંદિર પાસે, મેંદરડા. પિન- 362260. તા. મેંદરડા, જિ - જૂનાગઢ, મો- 6351903873
હેમંત ધોરડા: 5, યશવંત નગર, એસ.વી.રોડ., અંધેરી (વેસ્ટ), મુંબઈ-400 058
ઉષા શેઠ: દેવ-ઈન, 7મો માળ, 511, એડનવાલા રોડ, માટુંગા-400 019. ફોન. 24168105
મેધા ત્રિવેદી: એ/302, આરાધના, ગુલમહોર ક્રોસ રોડ નં. 12, જે.વી.પી.ડી. એક્સ, મુંબઈ-400 049. મો. 9322955140
અશોક વાજપેયી: ashokvajpeyi12@gmail.com
કિશોર પટેલ: બી/૧૦૪, બ્લ્યુ બેલ એનેકસ સોસાયટી, આનંદ નગર, લિંક રોડ, દહીંસર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૬૮ મો.: ૯૮૬૯૭૧૭૦૧૦; ઈમેઇલ: keyshorpatel@gmail.com
ડૉ. ભાલચન્દ્ર હ. હાથી: ૬૭૭, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર - ૨૧, ગાંધીનગર. પીન : 380 021
આરાધના ભટ્ટ: aradhanabhatt@yahoo.com.au
પન્ના ત્રિવેદી: આસિ. પ્રોફેસર, ગુજ. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. ઉધના, મગદલ્લા રોડ, સુરત-395 007.
ધ્રુવ ભટ્ટ: 1, ગોપાલ નગર, સ્ટેશન રોડ, કરમસદ-388325.
ગિરિમા ઘારેખાન: ૧૦, ઇશાન બંગલોઝ, સૂરધારા-સતાધાર રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૪.
હસમુખ અબોટી 'ચંદન': હરિનગર-1, ફોરેસ્ટ ઓફિસની સામે, નલિયા રોડ, માંડવી-કચ્છ, 370465, મો. 94285 67900
ચંદ્રિકા લોડાયા: ૧૯, ક્લોવર પાર્ક, ૪૯, વિમાન નગર, પુણે-૪૧૧૦૧૪, ફોન:૯૮૯૦૧૭૭૦૯૯
વિક્રમ ચૌધરી: ગુજરાતી વિભાગ, પી. આર. બી. આર્ટ્સ અને પી. જી. આર. કૉમર્સ કૉલેજ, બારડોલી. જિ. સુરત - 394601. મો. ૯૪૨૮૫ ૭૮૬૯૯
અભિજિત વ્યાસ: એ-403, ગાર્ડન બોપલ-1, ગાલા જિમખાના રોડ, શ્યામવીલા 1 બંગ્લોઝની બાજુમાં, ચીતાવન, સાઉથ બોપલ, અમદાવાદ-380 058.
અલકા ત્રિવેદી: શ્રી અંબિકા સોસાયટી, પ્રકાશ નગર, જવાહર ચોક, ચાર રસ્તા, મણીનગર, અમદાવાદ-380 008. મો. 9879609314
ડૉ. પંકજ જોશી: psjcosmos@gmail.com
શરીફા વીજળીવાળા: બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009



વોટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

એક જમાનો હતો જ્યારે મે'માન આવતા કે કોઈના ઘેર મે'માન થઈને જતા તો આખાય ઘરનાં છોકરાં પગે લાગતાં. હવે તો ક્યાંય જઈએ ને સામેના ઘરનાં છોકરાં કે મોટાં જો મોબાઇલ મૂકી દ્યે હેઠો તોય બહુમાન મળ્યું હોય એવું લાગે છે.

☺ ☺ ☺

ભાઈ – બાપા, તમે અમારી પેઢીની ટ્રૅજેડી નંઈ સમજો... અમે નાના હતા ત્યારે ટીવીનો રિમોટ બાપાના હાથમાં રે'તો એટલે નાનપણમાં જ દેશ-દુનિયાની ચિંતા કરતા થઈ ગયા, સમાચાર સાંભળી-સાંભળીને... ને હવે જ્યારે ખરેખર સમાચાર જોવા હોય છે ત્યારે મારા બેટા ઘરનાં બાળકો રિમોટ પકડીને બેઠાં છે! ધરાર જુઓ કાર્ટૂન!!

☺ ☺ ☺

મગન : અલ્યા કાળુ, ધાર કે આજે અચાનક ભગવાન તારી સામે આવી જાય તો તું શું કરે?

કાળુ : જો મગના, અચાનક એવું થાય ને તો રાજી નંઈ થઈ જાવાનું... પે'લા તો ઈ કન્ફર્મ કરવાનું કે ભગવાન આપણી સામે આવ્યા છે કે આપણે ભગવાન પાસે આવી ગયા છીએ?

☺ ☺ ☺

હજીયે ઘણા પ્રદેશની પત્ની પતિનું નામ નથી લેતી.

એવી બે સ્ત્રીઓ વાત કરતી હતી : એક સ્ત્રીના પતિનું નામ ધનિયા હતું. બંને હિંદીભાષી હતી. પહેલીએ પૂછ્યું : આજ ખાને મેં ક્યા બનાયા હૈ તુને?

બીજીએ જવાબ આપ્યો : દાલ-ચાવલ, સબ્જી ઔર રામુ કે બાપ કી ચટની.

હાસ્યેન સમાપયેત

પતિ : ''તને દેખાવડો માણસ ગમે કે બુદ્ધિશાળી?''
પત્ની : ''બેમાંથી એકેય નહીં. મને તો તમે જ ગમો.''

☺ ☺ ☺

પત્ની : ''તમે કેટલા સારા છો! મને અહીં ખૂબ ગરમી લાગે છે. મને કાશ્મીર મોકલો ને! હું ત્યાં દરરોજ રાતે તમને સપનામાં જોઈશ.''
પતિ : ''ભલે પણ એમાં થોડા ફેરફારની જરૂર છે. તું અહીં રહીને દરરોજ રાતે કાશ્મીરનાં સપનાં કેમ નથી જોતી?''

☺ ☺ ☺

બાળકને બાલવાડીમાં ભણવા મૂકવા ગયા, ત્યાં શિક્ષકે એક મિનિટમાં પાંચ પ્રાણીનાં નામ બોલવા કહ્યું.
બાળક : ''ત્રણ બિલાડી અને બે કૂતરા.''

☺ ☺ ☺

શેઠ : ''આમ કામ છોડીને વચ્ચે તમે બહાર ક્યાં ગયા હતા.''
નોકર : ''સાહેબ વાળ કપાવવા.''
શેઠ : ''નોકરી દરમિયાન વાળ કપાવવા જવાતું હશે? આ બધું ઘરે હો ત્યારે કરવાનું.''
નોકર : ''સાહેબ નોકરી દરમિયાન જેટલા વાળ વધ્યા હતા એટલા જ કપાવ્યા છે.''

☺ ☺ ☺

દરદી : ''ખૂબ ખૂબ આભાર ડૉક્ટરસાહેબ. તમે મને બચાવી લીધો.''
ડૉક્ટર : ''મેં કશું નથી કર્યું. ભગવાને તમને બચાવ્યા છે.''
દરદીએ ચાલતી પકડી, ત્યારે ડૉક્ટરે કહ્યું, ‘‘તમારું બિલ બાકી છે!’’
દરદી : ''મને એમ કે મારે ભગવાનને જ ધરાવવાના છે!''

Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.

Editor : Deepak Doshi

Total Pages 140

Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2021-2023 Posted on Mumbai Patrika
Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.